હાલના આર્ય-સંસારનું આબેહુબ ચીત્ર દર્શાવતી-

સસ્તી સામાજીક-નવલકથા

શૈલબાળા

અર્થાત

આદર્શ પત્ની.

પ્રત્યેક ગુજરાતીને !

વાંચનનો શોખ કેટલો ઉપયોગી અને વખાણવા લાયક છે તે હવે સારી રીતે જાણીતું છે, પરંતુ દરેક ચીજને હમેશાં કાળી અને ધોળી બે બાજુ હોય છે, તે નિયમનુસાર લોકોમાં આ શોખ વધતો જોઇ સારે માર્ગે વાળવાનો, તો કેટલાકે પ્રજાના ભોગે તેમાંથી પોતાનો સ્વાર્થ સાધી લેવાનો પ્રયત્ન કર્યો અને હલકી વૃત્તિને ઉશ્કેરનારૂં સાહિત્ય પ્રકટ કરીને આ શોખને કેટલેક સ્થળે નિંધ બનાવ્યો છે. હાલ બહાર પડતાં પુસ્તકો મોટા ભાગે વૃત્તિને ઉશ્કેરનારા અને નિર્માલ્ય છે એવી કડવી ફરીયાદો આપણે સાંભળીએ છીએ. સ્ત્રીઓ માટે, બાળકો માટે તેમજ રાષ્ટ્રિય ભાવનાને પોષતા ગ્રંથોની ઉણપ છે. પુસ્તકોની ભાષા માટે ફરીઆદ ચાલુજ છે. સાહિત્યમાં ઉપયોગીતા વાદને સ્થાન અપાવુ જોઇએ એવી અમારી મજબુત માન્યતા હોવાથી તેમજ લોકોની આગ્રહભરી ચાલુ માગણીને લઇ વાંચનના શોખને ઉત્તેજન આપવા તેમજ સારે રસ્તે દોરવા અમે "સાહિત્યકુંજ ગ્રંથમાળાની શરૂઆત કરી છે."

આખી દુનિયામાં હિંદ જેવો ગરીબ દેશ બીજો એક પણ નથી. તેથી પ્રજાને સસ્તામાં સસ્તી કિંમતે વાંચન પુરૂં પાડવા અઢી રૂપીઆના વાર્ષિક લવાજમમાં બારસો પાનાનુ વાંચન અમે આપીશું. ગ્રાહક તરીકે દાખલ થવાની પ્રવેશ ફી રાખી નથી, તેમજ પુસ્તકો બહાર પડે, ત્યારે અડધી, પોણી, કે એવી કોઇ કિંમત આપવી પડતી નથી. બજારમાં અઢી રૂપીઆમાં તમને

આરસો પાનાંયે પુસ્તકો નહિ મળી શકે. તે વિષે તમારી ઇચ્છા હોય, તો તપાસ કરી જોજો. જાતજાતની વાની પીરસાતી હોય, તો હહેજતથી તેનો ઉપયોગ થાય તે સર્વમાન્ય વાત છે, તેમજ એક માણસ નવલકથા, વાર્તા, નાટક, કાવ્ય, જીવનચરિત્ર વગેરે માટે જૂદા લવાજમ ભરી શકે નહી તે દીવાની જોત જેવી સ્પષ્ટ વાત હોવાથી અમે એકલા લવાજમમાં વાર્તા, નવલકથા, નાટક, જીવનચરિત્ર, કાવ્ય વગેરે આપીશું. ગુજરાતી ભાષા બોલનાર એકલા હિંદુજ નહિ, પણ મુસલમાન અને પારસી ત્રણે કોમના સાધારણ લખી વાંચી શકતા માણસો સમજી શકે તેવી સાદી ઘરગથ્થુ પણ સુંદર અને સચોટ ભાષામાં પુસ્તકો આપશે. અમુક વર્ગ માટે લખાએલા પુસ્તકો અમે કદી પણ પસંદ કરીશું નહિ. ત્રણે કોમની જરૂરીઆત અને પસંદગી ઉપર ધ્યાન આપી બધાને એક સરખી રીતે ઉપયોગી થઇ રહે તેવા પુસ્તકો અમે આપીશું. સારામાં સારા, પણ સ્હેલાઇથી સમજી શકાય તેવા પુસ્તકોના ભાષાન્તરો તેમજ જાણીતા વિદ્વાન લેખકોના સ્વતંત્ર પુસ્તકો અમે આપીશું. ઉપયોગી, સ્ત્રીઓ માટેના તેમજ વર્તમાન સમયને જરૂરી પુસ્તકો આપવા એવો અમે દૃઢ નિશ્ચય કર્યો છે.

પ્રજાની સેવાના આ કાર્યમાં હિંદુ મુસલમાન, પારસી ખિરાદરો અમને દિલોજાનીથી મદદ કરશે અને ગ્રાહક તરીકે મુબારક નામ નોંધાવશે એમ અમે મજબુત ભલામણ કરીએ છીએ.

સાહિત્યકુંજ ગ્રંથમાળા.　　　　　　　　પુસ્તક ૧૧ મું.

પ્રફુલ્લ.

બંગાળાના સુપ્રસિદ્ધ પ્રતિભાશાળી નાટ્યાચાર્ય
મહાકવિ ગિરિશચંદ્ર ઘોષના પ્રફુલ્લ નામના
સર્વોત્તમ સામાજીક નાટક ઉપરથી.

ગુજરાતીમાં લખનાર--

વેણીલાલ આર. પટેલ.

સનત્કુમાર, પૂર્ણિમા, દેશબંધુ દાસ, કમનસીબ
આસામ, લગ્ન કે જીંદગીની જેલ ? હૃદયેશ્વરી
વગેરેના લેખક અને તંત્રી સાહિત્યકુંજ ગ્રંથમાળા.

પ્રકાશક
અંબાઈદાસ બાબરભાઈ પટેલ
ઠે સાહિત્યકુંજ ગ્રંથમાળા
આશ્રમ-નડીઆદ.

મુદ્રક:
સોમાલાલ મંગળદાસ શાહ
ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસ,
પાંચકુવા, રીચીરોડ-અમદાવાદ.

ઈ. સ. ૧૯૨૫.　　　　　　સંવત ૧૯૮૧.

મૂલ્ય: ગ્લેઝ આવૃત્તિ ચૌદ આના.
,, રફ આવૃત્તિ બાર આના.

નાટકનાં પાત્રો.

પુરૂષ.

યોગેશ–એક ધનાઢ્ય પુરૂષ.
રમેશ–યોગેશનો નાનો ભાઈ, વકીલ.
સુરેશ–યોગેશનો સૌથી નાનો ભાઇ.
યાદવ–યોગેશનો છોકરો.
પીતાંબર–યોગેશનો મુનીમ.
કાળીદાસ–એક ડૉકટર.
શિવશંકર–સુરેશનો મિત્ર.
મદન૦–પરણવાની લ્હાયમાં ચક્રમ થઈ ગયેલો બુઢ્ઢો.
પોપટ–કાળીદાસનો ભાણેજ.
ઓનરરી મેજીસ્ટ્રેટ, કેશીઅર, મારવાડી, ઇન્સ્પેકટર, જમાદાર, પહેરેગીરો, વકીલ, કેદીઓ, જેલનો ડૉકટર, વેપારીઓ, દારૂવાળા, દારૂડીઓ, મજુર, નોકર ચાકર, વગેરે.

સ્ત્રી.

ઉમા૦–યોગેશની મા.
જ્ઞાનદા૦–યોગેશની પત્ની.
પ્રફુલ્લ–રમેશની પત્ની.
જગમણિ–કાળીદાસની સ્ત્રી.
વેશ્યાઓ, ઘરવાળી, દાસીઓ વગેરે.

——(૦)——

નાટ્યાચાર્ય.

ગિરિશચંદ્રના પિતાનું નામ નીલકમલ ઘોષ હતું. કલકત્તામાં બાગ બજાર વસુ પાડામાં તેમનું ઘર હતું. ગિરિશ તેમનો વચલો છોકરો થાય. બંગાળી સંવત ૧૨૫૦ ના ફાગણ સુદ આઠમને સોમવારે ગિરિશ બાબુનો જન્મ થયો હતો. તેના પિતા જબરા હિસાબી ગણાતા. એક સામટી કેટલીક છોકરી થયા પછી આઠમા પુત્ર તરીકે ગિરિશનો જન્મ થયો, તેથી તે માબાપને બહુ લાડવાયો છોકરો હતો. બાલ્યાવસ્થામાં સાત વર્ષની ઉમરે ભણવું પુરૂં કરી ગૌરમોહન આઢયની સ્કુલમાં તે દાખલ થયા. ગિરિશને આઠ વર્ષની વયે મોટા ભાઈના અગીઆર વર્ષની ઉંમરે સ્નેહમયી માતાના અને ચૌદ વર્ષની ઉંમરે પિતાના મૃત્યુના કારી ઘા સહેવા પડયા. માબાપના મરણ પછી તેની મોટી બેને ઘર સંસાર ઉપાડી લીધો અને માતાની પેઠે લાડથી ગિરિશને ઉછેર્યો. કોઇ દિવસ તેણે ગિરિશને કટુ શબ્દ પ્રહાર પણ કર્યો નથી.

આ પ્રમાણે માથે કોઇ મોટું નહિ રહેવાથી માત્ર એન્ટ્રન્સ સુધી ભણીને સત્તર વર્ષની અંદર ભણવાને રામરામ કરવા પડયા, તેમ છતાંયે પોતાના મિત્રોના કહેવાથી અને ખાસ કરીને સ્વ. સબજજ વ્રજવિહારી સોમબાબુના ઉત્તેજનથી ઘેર બેઠાં અભ્યાસ કરવા માંડયો. લગભગ ચાર વર્ષ સુધી ઘરમાં રહીને સાર. સારા

પુસ્તકોનો અભ્યાસ કર્યો, ચાર વર્ષ સુધી પુસ્તકજ એના મુખ્ય અને વ્હાલા સાથી તરીકે રહ્યા. જ્યારે વાંચવાનો કંટાળો આવતો ત્યારે અંગ્રેજી કાવ્યોને બંગાળીમાં ઉતારવા ચિત્ત દોડાવતા પુષ્કળ પુસ્તકો ખરીદ કરીને વાંચવાથી તેમજ "કલકત્તા પબ્લીક લાયબ્રેરી"ના મેમ્બર થઇ તેના પુસ્તકોના કાળજીપૂર્વક વાંચનથી અંગ્રેજી સાહિત્યનું સારૂં જ્ઞાન થયું અને એમ કહેવાય છે કે વાંચવાનો આ શોખ છેક મરણ પર્યંત રહ્યો. કલકત્તાની દરેક જાણીતી લાયબ્રેરીના મેમ્બર થવા છતાંયે વાંચવા માટે પુસ્તકો પુરતાં લાગતાં નહિ. મરવાના થોડા વર્ષ પહેલાં 'એશિયાટીક સોસાયટી' ના મેમ્બર તરીકે તેમણે નામ નોંધાવ્યું હતું.

છેક નાનપણમાં ગિરિશબાબુએ મહાભારત, રામાયણ, ભાગવત વગેરેની પુરાણકથાઓ સાંભળી હતી. એ સાંભળવામાં બાળહૃદયને બહુ રસ પડતો. એક દહાડો તેણે સાંભળ્યું "કૃષ્ણ વૃજ છોડીને મથુરા ચાલ્યા ગયા?" ગિરિશે પૂછ્યું "પાછા વૃજમાં આવ્યા કે નહિ?" જવાબ મળ્યો "ના." ગિરિશે આગ્રહ પૂર્વક પૂછ્યું "શું પાછા ન જ આવ્યા?" "ના." ત્રણવાર ઉથલાવી ઉથલાવીને પૂછ્યું પણ ના, નો ના જ જવાબ મળ્યો, આથી તેના બાળહૃદય ઉપર આઘાત થયો અને રડતો રડતો ઉઠીને ચાલ્યો ગયો અને ત્રણ દિવસ લગી કથા સાંભળવા ન ગયો. આ પ્રમાણે છેક નાનપણથી ગિરિશબાબુમાં ભાવનાનો વિકાસ જણાઇ આવે છે. તેના હૃદયમાં એની એવી તો સચોટ છાપ પડી હતી કે પાછળથી પુષ્કળ ગ્રંથો વાંચ્યા હતા, પણ કદી મથુરાલીલા વાંચી નહિ.

આ કથાઓ સાંભળવાનું પરિણામ એ આવ્યું કે તેના હૃદયમાં ધર્મના પુસ્તકો વાંચવાનો ઉમંગ વધતો ગયો. આસપાસ શહેરમાં કથા થતી, તો ત્યાં એ જરૂર જઇ પહોંચતા; એમને વૈષ્ણવ સાધુઓના ભજન સાંભળવાનો ભારી શોખ હતો. નિશાળમાં ભણવા તરફ વધારે લક્ષ નહિ રખાયું હશે, પણ કૃત્તિવાસ કૃત બંગાળી રામાયણ અને કાશીદાસનું મહાભારત કંઠસ્થ કરી લીધું હતું. અને છેક ઘડપણ સુધી એ કથાઓના ભાગ મોંઢેથી ગાઇ સંભળાવતા હતા. ગિરિશબાબુનાં હૃદયમાં કાવ્યરસના વિકાસનો સૂત્રપાત આ સમયે થયો એમ કહી શકાય, જોકે કવિ થવાની ઇચ્છા કયારે અને શી રીતે થઇ તે નીચેના પ્રસંગ ઉપરથી સમજાશે.

બાગબજારમાં એક દહાડો સ્વ. ભગવતીચરણ ગંગોપાધ્યાયના ઘરમાં કવિતા સંબંધી એક ઉત્સવ થયો, તે વખતે બધા પ્રતિષ્ઠિત ધનવાન ગૃહસ્થોની એટલી બધી ભીડ થઇ કે અંદર જવું મહામુશ્કેલ થઇ પડયું હતું, આ વખતે સાદા કપડાં પહેરેલો એક ભલો માણસ બારણા આગળ આવીને ઉભો રહ્યો. તેને જોતાંજ લોકના ટોળામાં અપૂર્વ ઉત્સાહ ફેલાઇ ગયો અને લોકોએ પોતાની મેળે તેને જવાનો રસ્તો કરી આપવા માંડયો. સેંકડો લોક તેને સામે લેવા આવ્યા બંગાળાના પ્રખ્યાત કવિવર ઇશ્વરચંદ્ર ગુપ્ત તે એજ વ્યક્તિ. કવિવરનું આ સન્માન જોઇને ગિરિશને પણ કવિ થવાનું મન થઇ આવ્યું, અને ઇશ્વરચંદ્રના સંપાદકપણા હેઠળના પ્રભાકરના ગ્રાહક તરીકે નામ નોંધાવ્યું. એ વખતે સ્વ. ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર મહાશયના વૈતાળ પચીસી

વગેરે પુસ્તકો વાંચવાથી બંગાળી ભાષા ઉપર તેમનો પ્રેમ વધ્યો. મનમાંને મનમાં ઈશ્વરચંદ્ર ગુપ્તને ગુરૂ માનીને તેમનો આદર્શ લઈને કવિતા રચવા માંડી. જે કવિતા સારી લાગતી તે ભાઈ બંધ દોસ્તોમાં બતાવતા; અને જે સારી નહિ લાગતી તેને ફાડીને ફેંકી દેતા. એ અરસામાં લખાએલી કવિતાઓનો તેમણે સંગ્રહ કરવા કાળજી રાખી નહિ.

મિનર્વા થીએટરમાં વાર્ષિક ઉત્સવની સભામાં સ્ટાર થીએટરના હાલના અધ્યક્ષ શ્રી. અમૃતલાલ બસુજીએ કહ્યું હતું કે "જો ગિરિશબાબુએ શરૂઆતમાં લખેલી કવિતાઓનો નાશ ન કર્યો હોત, અને સાચવી રાખી હોત, તો ક્યારનાએ કવિ થઇ ચૂકયા હોત."

ગિરિશબાબુએ ૨૨ વર્ષની ઉમરે એટકીન્સન ટીલ્ટન કંપનીમાં નોકરી લીધી. પછીથી અર્જેન્સી સીલીજી કંપનીમાં આસિસ્ટંટ બુકકીપર તરીકે જોડાયા. ગિરિશબાબુએ પણ પોતાના પિતાની પેઠે હિસાબી કામકાજમાં તેમના જેવુંજ નામ મેળવ્યું હતું.

ઇસ્વીસન ૧૮૬૭ માં કેટલાક મિત્રોએ ભેગા મળીને એક યાત્રા-સંપ્રદાય સ્થાપ્યો. અને કંઇ પણ લીધા વગર નાટક જેવુંજ ભજવી બતાવવા માંડયું. પહેલવહેલા પ્રયોગ તરીકે માઇકલ મધુસુદન દત્તના લખેલા શર્મિષ્ટા નાટકને પસંદ કર્યો. નાટકમાં ગાવાલાયક ગાયનો બનાવવાની જરૂર પડી. આથી બધા મળીને ગીત રચવામાં નિપુણ ગણાએલા પ્રિયમાધવ મલ્લિકની પાસે ગયા. ઘણીવાર જવા છતાંયે એક પણ ગીત

નહિ લખી આપવાથી ગિરિશબાબુને ખોટું લાગ્યું. તેમણે પોતાના મિત્ર ઉમેશચંદ્ર ચૌધરીને કહ્યું, "આટલી બધી ખુશામત શા માટે? ચાલો આપણે બંને મળીને ગીતો રચીએ." ગિરિશબાબુના પહેલવહેલા ગીતો લોકોએ આ પ્રમાણે સાંભળ્યા.

પાઇકપાડાના રાજભવનમાં જે વખતે ધામધુમની સાથે રત્નાવલી, શર્મિષ્ઠા વગેરે નાટકો ભજવાતા, ત્યારે મોટામોટા માણસો જોવાને આવતા હતા. અને પોતાને જગા મળી તે મોટું નસીબ એમ સમજતા, પણ જુવાન વયના ગિરિશના મનમાં નાટક જોવાને બદલે થીએટર ઉભું કરવાની લાલસા થઇ. અને તે ઇચ્છાને બર આણવા સુયોગ શોધતા રહ્યા. અને બેલી મંડળી સ્થપાવાથી તે મનોરથ પાર પડયો, અને કેટલાક મિત્રોની મદદ લઇને એક ગૃહસ્થના મકાનમાં "સધવાની એકાદશી" નામનો નાટક ભજવવાને એક મંડળી ઉભી કરી. અને તે મંડળીમાં શીખવવાનું તેમજ તેના સંચાલનનું બધું કામ ગિરિશે માથે લીધું. એ નાટકેજ આજની નાટકશાળાઓનો પાયો નાખ્યો એમ જો કહીએ તો વધારે પડતું નથી.

ખેલ બહાર પડતી વખતે શ્રી૦ અર્ધેન્દુશેખર નામના જાણીતા એકટર પણ તેમની સાથે જોડાયા. ગિરિશબાબુએ નીમચંદનો પાઠ લીધો હતો અને સ્ટેજ ઉપર પહેલીવાર આ રીતે દેખાવ દીધો. એ પાર્ટ કરનારને અંગ્રેજીમાં ઘણું બોલવાનું હતું. અને તે સાધારણ એકટર માટે મુશ્કેલ હતું, પણ ગિરિશબાબુની અંગ્રેજી કવિતાઓ વગેરે સાંભળી પ્રેક્ષક વર્ગને સાશ્ચર્ય આનંદનો અનુભવ થયો. અને ઘણા વિદ્વાન પુરુષો અને લેખ-

કોએ તેના વખાણ કર્યા. એ નાટકના જરૂરી ગીતો ગિરિશબાબુએ રચી લીધા હતા. દીનબંધુ બાબુનો લીલાવતી નાટક ભજવવા માટે તૈયારીઓ ચાલી રહી હતી, તેવામાં સાંભળ્યું કે બંગાળાના સાહિત્ય સમ્રાટ સ્વ. બંકિમચંદ્ર અને અક્ષયચંદ્ર સરકારની સલાહ મુજબ થોડોક ભાગ છોડી દઇને તેમજ કેટલોક ફેરફાર કરીને એ નાટક બીજે ઠેકાણે ભજવાયો હતો. આ સાંભળીને ગિરિશબાબુએ બધાને કહ્યું કે "આપણે નાટકકારનો એક શબ્દ પણ બદલ્યા કે કાઢયા વગર ભજવીશું." અને તે મંડળી કરતાં સરસાઇ મેળવવા ખુબ ખંતથી રિહર્સલ કરીને શામબજારમાં શ્રી૦ રાજેન્દ્રનાથ પાલના ઘરમાં કાયમનું સ્ટેજ બનાવીને લીલાવતી નાટકનો પહેલો પ્રયોગ ભજવી બતાવ્યો. પ્રથમ પ્રયોગ વખતે ઘણા પ્રતિષ્ઠિત ગૃહસ્થો અને કવિ જાતે પણ હાજર હતા. ગિરિશબાબુએ લલિતનો પાર્ટ લીધો હતો. અને તે બહુ સરસ રીતે ભજવી બતાવ્યો હતો. આ પ્રમાણે બે પ્રયોગોમાં અપૂર્વ સફળતા મળવાથી કંપની બહુ જાણીતી થઇ. અને સેંકડો માણસો જોવા આવતા. અને પુષ્કળ માણસોને જગા નહિ મળવાથી પાછું જવું પડતું. આથી મફત ટીકીટ વહેંચવા માંડી, પણ ટીકીટ માટે એટલી બધી માંગણી વધી પડી અને ભીડ થવા માંડી કે દરેકને ટીકીટ આપવાનું માંડી વાળી એ વિષયમાં રસ લઇ ખુબી ખોડ સમજી શકતા હોય તેનેજ આપવાનું ઠરાવ્યું. તેથી ઘણા લોક પોતાની લાયકાતનુ સર્ટીફીકેટ લઇને નાટક ભજવવાના ત્રણ ચાર દિવસ પહેલાંથી આવવા માંડયા. ત્યાર પછી નીલદર્પ નું રિહર્સલ શરૂ

થયું. નાટક ભજવતી વખતે અસાધારણ દરોડો પડે તેવી વકી હોવાથી કંપનીએ ઠરાવ કર્યો કે નેશનલ થીએટરના નામથી અમુક કિંમત લઇને ટીકીટો વેચાતી આપવી. પણ ગિરિશબાબુને તે ગમ્યું નહિં તેમને કંપનીના કામથી, સ્ટેજથી, સીનેરી, સામાનથી પુરતો સંતોષ થયો નહિ તેથી પૈસા લઇને ટીકીટ આપવાનું સાહસ ગમ્યું નહિ. પણ તે વખતના ઉમંગ અને ઉત્સાહમાં જેની કાળજીભરી દેખરેખ અને કેળવણીથી મંડળી આટલી બધી જાણીતી થઈ હતી, અને જેની કાર્યકુશળતાને લઇને આ નવો નાટક ભજવવાને તૈયાર થયા હતા તેનું માનવા તે લોક ના પાડી. ગિરિશબાબુ સ્વતંત્ર ખોપરીના માણુસ હતા તેથી પોતે ઘણી મહેનત લઇને તૈયાર કરેલા નાટ્ય પ્રયોગ માટે લોક શું મત આપે છે તે જોવા કે વિચારવા નહિ રહેતાં છૂટા થઇ ગયા.

ઇ. સ. ૧૮૬૨ ના ડિસેમ્બરની સાતમીએ નીલદર્પણ ભજવાયો. ગિરિશબાબુએ તો એટકીન્સન કંપનીમાં નામાની નોકરી લઇ લીધી હતી. આ બાજુ મંડળીએ જુદા જુદા પ્રયોગ ભજવવા માંડયા. ત્યાર પછી કૃષ્ણાકુમારી ભજવવા માટે પસંદ કર્યો. પણ ભીમસિંહના પાર્ટ કરનારની ખોટ પડી. છેવટે બધાનું ધ્યાન ગિરિશબાબુપર દોડયું. અને તેમની પાસે ગયા. નાનપણના મિત્રોની માંગણીને ના નહિ પાડી શકવાથી વગર પગારે કામ કરવા માંડયું. ઓફિસની નોકરી તો સાથે સાથે ચાલુજ હતી. ગિરિશબાબુએ પોતાનુ નામ જાહેર કરવા ના પાડી હતી તેથી બોર્ડ ઉપર લખાયું હતું કે ભીમસિંહ એક જાણીતો ખેલાડી.

કૃષ્ણકુમારી નાટકના પ્રયોગ વખતે એક દહાડા નાટોરના મહારાજા ચંદ્રનાથરાય બહાદુરે પોતાને હાથે રાજવંશી પોશાક અને ઘરેણા પહેરાવી ગિરિશને ભીમસિંહ બનાવ્યો. આવું સન્માન નાટયજગતમાં કોઇકનેજ મળ્યું હશે. નેશનલ થીએટરને પણ સારી કમાણી થવા લાગી. સારી રીતે કામ ચલાવવાને ગિરિશબાબુ, અમૃતબજાર પત્રિકાના સ્વ. સંપાદક શિશિરકુમારઘોષ અને દેવેન્દ્રનાથ બેનરજી એમ ત્રણ જણને ડાયરેકટર નીમ્યા, પણ પાછળથી ટંટો થવાથી બે ભાગલા પડી ગયા. થોડા વખત પછી પાછા બે ભાગલા સંધાઇ ગયા અને મિનર્વા થીએટરની જમીન ખરીદાઇ, અને તેના ઉપર ગ્રેટનેશનલ થીએટર નામનું થીએટર બંધાયું. ગિરિશબાબુ એ કંપનીમાં ન્હોતા, પણ પાછળથી કોઇ કોઈવાર પાર્ટ કરતા. આ અરસામાં બંકિમબાબુની મૃણાલિની નામની નવલકથાનું નાટકમાં રૂપાંતર ગિરિશબાબુએ કર્યું

ગિરિશબાબુનું ધ્યાન આ વખતે હોમિઓપેથિક ચિકિત્સા તરફ વધી ગયું. જાણીતા ડૅાકટરોના પુસ્તકો વાંચીને તેમજ પાડપડોશી તેમજ ગરીબગુરબાંને મફત દવા આપીને સાજાં કરવાથી ગિરિશબાબુનું નામ બહુ પ્રખ્યાત થયું, મરવા પડેલ માણસને પણ ગિરિશબાબુની દવાથી આરામ થતો. લોકને એમની ચિકિત્સા ઉપર દ્રઢ વિશ્વાસ બેસી ગયો. ગિરિશબાબુ દવા આપતી વખતે કહેતા કે રોગીને આરામ થયો કે કેમ તે કહેવડાવજો. કેટલીકવાર તો ઓફિસમાં રોગીની તબીયત કેમ છે તે જાણવા વ્યગ્ર થઇને બેસી રહેતા, તો કોઇ કોઇવાર આખી રાતના અખંડ ઉજાગરા કરતા, પણ દોરંગી દુનીઆના ઢંગથી

કંટાળી પાછળથી ગિરિશબાબુએ દવા કરવી છોડી દીધી હતી, પણ છેક મરતાં પહેલાં સાત આઠ વરસ પહેલાં પાછી દવા આપવી શરૂ કરી હતી–અને ઘણા ગરીબ દરદીઓને પથ્યાદિ માટે પૈસાની પણ મદદ કરી હતી. રોગીને સાજો કરવા ગિરિશબાબુ બહુ આતુર રહેતા ઓફિસના વડા મી. એટીકન્સન ગિરિશબાબુ ઉપર બહુ મમતા રાખતા હતા ગિરિશબાબુને નોકરી કરતાં કરતાં છ વરસ થયા, ત્યારે એ સાહેબ વિલાયત ચાલ્યા ગયા. પાછીથી ઓફિસમાં નહિ બનવાથી ગિરિશે નોકરી છોડી દીધી અને ઇંડીઅન લીગના હેડકલાર્ક તરીકે કામ કરવા માંડયું. ભુવનમોહન નિયોગીએ માલીકી છોડી દેતાં ગ્રેટ નેશનલ થીએ-ટરને સ્ટેજ ભાડે મળ્યું ત્યારે ગિરિશબાબુને પાછું સુકાન હાથમાં લેવું પડયું.

આ વખતે ગિરિશબાબુએ મેઘનાદવધ, પ્લાસીનું યુદ્ધ, વિષવૃક્ષ, દુર્ગેશનંદિની વગેરે સિદ્ધ કાવ્ય અને નવલકથાઓ ઉપરથી નાટકો રચ્યા. વળી આગમની, અકાલબોધન, દોલલીલા વગેરે પણ રચ્યા. મેઘનાદ, રામ, કલાઇવ, નગેન્દ્રનાથ, જગત-સિંહ, પશુપતિ વગેરેના પાર્ટમાંનું આબેહુબ એકટીંગ જોઇને મોટા મોટા વિદ્વાનો પણ મુગ્ધ બન્યાં. મેઘનાદવધમાં મેઘનાદ અને રામ એમ બે પાર્ટ ભજવતા. આમ વિરોધી ભાવના બંને પાત્રને પુરતો ઇન્સાફ આપવાની શક્તિથી લોકો વાહવાહ પુકારી ઉઠતા, સુરસિક સાહિત્ય સેવક શ્રી૦ ઇન્દ્રનાથ બેનરજીએ લખ્યું હતું કે “ બંગાળાના ગિરિશ કરતાં ચઢીઆતો એકટર કોઇ પણ દેશમાં થયો નથી એમ હું ધારૂં છું ”

થોડા વખત પહેલાંજ ગિરિશની પત્નીનો દેહાંત થયો હતો. તેની શરૂઆતમાં કંઇ બહુ અસર દેખાઇ નહિ, પણ ધીમે ધીમે એ શોક એટલો બધો વધતો ગયો કે બધાયે કામકાજમાંથી દિલ ઉઠી ગયું. પહેલાંના રચેલાં બહાર નહિ પડેલ એવા કાવ્યો પુસ્તકો વગેરે તથા વાંચવા માટે મોંઘાદાટ કિંમત આપીને ખરી દેલા પુસ્તકોનો પણ નાશ કરી નાખ્યો. તબીયત ઠેકાણે આવતાં નામાની નોકરી લઇને ભાગલપુર ચાલ્યા ગયા. ત્યાં અવકાશના વખતમાં અંધકાર, ચાતક, શૈશવબાંધવ, હલદિઘાટનું યુદ્ધ વગેરે કાવ્યો રચ્યા. એ કવિતાઓ ગિરિશબાબુના હૃદયમાં થએલા શોકના પ્રતિબિંબરૂપ છે. એ કવિતાઓ નલિની માસિકમાં પ્રકટ થઇ હતી. હલદિઘાટનું યુદ્ધ એ કાવ્ય એવું તો શોકરસ પૂર્ણ હતું કે અક્ષયબાબુએ પોતાના પત્રમાં ફરીથી આખી કવિતા છાપતાં નોંધ કરી કે બંગાળી સાહિત્યમાં આવી શોકરસ પૂર્ણ કવિતા કોઇકજ છે.

ભાગલપુરથી પાછા આવીને પાર્કર કંપનીમાં નોકરી લીધી થોડો સમય વીત્યા પછી પ્રતાપચંદ્ર ઝવેરીએ ગ્રેટ નેશનલ થીએટર વેચાતું લીધું અને ગિરિશબાબુને મેનેજર થવા વિનંતિ કરી. નાટકપર પ્રેમ હોવાને લીધે દોઢસો રૂપીઆની નોકરી છોડી ને સો રૂપીઆની નોકરી લીધી નાટકનું કામ પૈસા લઇને ગિરિશબાબુએ પહેલ વહેલું આ વખતે કર્યું. આ વખતે ફરી પાછા ગિરિશબાબુના લખેલા આયાતરૂ, મોહિની પ્રતિમા, અલાઉદ્દીન, આનંદ રહો, રાવણવધ સીતાવનવાસ, સીતાહરણ, લક્ષ્મણવજન, મલિનમાલા, વોટમંગલ, વ્રજ વિહાર વગેરે નાટકો

અને સંગીત નાટકો ભજવાયા. રાવણ વધ, ગિરિશબાબુનો પહેલો નાટક હતો. આજ થીએટરમાં માધવી કંકણુનો નાટક રચાયો અને ભજવાયો, એ નાટકમાં સાત જુદા જુદા પાટ ભજવી બતાવીને ગિરિશબાબુએ અભિનય કુશળતાની પરા કાષ્ટા દેખાડી. થોડાવખત પછી એકટરોના પગાર વધારવા સંબંધી બોલાચાલી થવાથી મન ઉંચા થતાં નોકરી છોડી દીધી.

ગિરિશબાબુએ ગુરૂમુખરાયની માલીકી હેઠળ બીડનસ્ટ્રીટમાં સ્ટાર થીએટર નામની કંપની ચાલુ કરી ત્યાં દક્ષયજ્ઞ, ધ્રુવ ચરિત્ર અને નળ દમયંતી ભજવાયા. દક્ષયજ્ઞમાં મહા દેવીઓનો આવિર્ભાવ અને નળ દમયંતીમાં કમળની કળીમાંથી પરીઓના નીકળવાના દશ્યો બતાવીને દેશી રંગભૂમિમાં નવિનતા આણી. ગુરૂમુખરાયને સામાજીક બંધનોને લઈને ફરજીઆત નાટક સાથે નો છોડવો પડયો ત્યારે સ્ટાર થીએટરના હાલના માલેકોએ ગિરિશબાબુની સલાહથી તે ખરીદી લીધું. અને શ્રીવત્સ ચિંતા, કમલે કામિની, વૃષકેતુ ચૈતન્યલીલા, નિમાઇ સંન્યાસ, પ્રલ્હાદ ચરિત્ર, પ્રભાસ યજ્ઞ, હિરાર ફુલ, બુદ્ધદેવ ચરિત્ર, બિલ્વમંગળ ઠાકુર, બેલ્લિક બજાર, રૂપ સનાતન વગેરે નાટકો ભજવાયા. આ રીતે બંગાળી રંગભૂમિ પર ભકિતપ્રાધાન્ય નાટકો ભજવાવા માંડયા અને લોકોની લાગણી નાટક તરફ વિશેષ ખેંચાઇ, ચૈતન્ય લીલાના નાટકથી આખા બંગાળામાં ભક્તિરસની રેલછેલ ઉછળી રહી.

ચૈતન્યલીલા ગિરિશબાબુએ કોઇ શુભ ચોઘડીએજ લખ્યું હશે, કારણ કે વખતે ધર્મ સંબંધી વિચારો ફર્યા હતા. જુવા-

નીમાં હિંદુ ધર્મ ઉપર એટલીબધી આસ્થા ન હતી. ચૈતન્ય લીલાનો નાટક જોવાને શ્રી રામકૃષ્ણ પરમહંસ પધાર્યા હતા. તેમની કૃપાથી ગિરિશબાબુના મનમાં રહી ગએલી બધીએ નાસ્તિકતા અને સંદેહ જતા રહ્યા અને પુરા આસ્તિક થયા, ત્યારપછીના નિમાઇ સંન્યાસ, બુદ્ધદેવ અને બિલ્વમંગળના પ્રયોગમાં તેની વધારે સચોટ અસર જણાઇ, નિમાઇ સંન્યાસનું અભિનય ચાતુર્ય જોઇને શ્રીરામકૃષ્ણ પરમહંસ એટલા બધા ખુશ થઈ ગયા કે દોડીને ગિરિશબાબુને ભેટી પડયા. સર એડવીન આર્નોલ્ડે બુદ્ધદેવનો નાટય પ્રયોગ જોઇને લખ્યું કે " ગિરિશબાબુએ બંગાળી નાટય શિલ્પની ઉન્નતિ માટે યથેષ્ટ પ્રયત્ન કર્યો છે. વળી નાટયકળામાં ઉંડી સમજ પણ ધરાવે છે." તેમણે આગળ ચાલતાં લખ્યું છે કે 'અહીંની સીન સીનેરી જોઇને કદાચ યુરોપના કંપનીવાળા હસી કાઢે પણ એકટીંગની સ્વાભાવિકતા અને ચાતુર્ય જોઇને તો દાંતમાં આંગળા પકડયા વિના નહિ રહે.' બુદ્ધદેવનો નાટક જોઇને કેટલાયે લોકે દુર્ગા ઉત્સવની હિંસા બંધ કરી દીધી હતી. સ્વામી વિવેકાનંદે બિલ્વમંગળ વાંચીને કહ્યું કે "આવું ઉચ્ચ ભાવપૂર્ણ નાટક મેં વાંચ્યું નથી" લેડી ડફરીને પણ ગિરિશબાબુની નાટયજગતની સેવાની નોંધ પોતાના હેવાલમાં લીધી છે.

સામાજીક દૃષ્ટિએ બેલ્લિક બજાર પહેલો પ્રયોગ હતો. બેલ્લિક બજાર પ્રહસન છે, તે નવીન ઢબે ગિરિશબાબુએ લખ્યું હતું. હાલના નાટકોના પ્રહસનો તેના અનુકરણે લખાય છે અને ભજવાય છે.

સ્ટાર થીએટરની મંડળીએ નવા થીએટર માટે જમીન ખરીદી હતી. થીએટર બંધાતું હતું તે વખતે ગોપાલલાલે મેનેજર તરીકે કામ કરવા ગિરિશબાબુને કહ્યું અને રૂપીઆ ૨૦,૦૦૦ બોનસ તરીકે આપવા જણાવ્યું. ગિરિશબાબુના હાથ નીચે કેળવાઇને તેમના શિષ્યો કામ ચલાવે તેવા થઇ ગયા હતા; અને એ રૂપીઆ જો મળે, તો થીએટરનું કામ સારી રીતે ચાલે તેમ હતું, તેથી તેમણે નોકરી સ્વીકારી લીધી. જો નોકરી નહિ સ્વીકારી લેતે, તો ગોપાલબાબુ એ વીસહજાર લડાવીને સ્ટાર થીએટર મંડળીને હેરાન હેરાન કરવામાં પાછા પડતે નહિ. એ પણ એક મોટો ભય હતો.

આમ ધર્મસંકટ ઉભું થવાથી સાડીત્રણુસોનો પગાર અને વીસહજાર બોનસ નક્કી કરીને ગિરિશબાબુએ ગોપાલબાબુની નોકરી લીધી. ગિરિશબાબુએ એ વીસ હજારમાંથી સોળ હજાર રૂપીઆ સ્ટાર થીએટરને આપી દીધા અને તે વડે થીએટર બંધાઇ ગયું.

એમર્લ્ડ થીએટરમાં ગિરિશબાબુના પૂર્ણચંદ્ર અને વિષાદ નામના બે નાટકો ભજવાયા. પૂર્ણચંદ્રમાં ગિરિશબાબુનું કામ જોઇને એક પત્રકારે લખ્યું કે "માત્ર એ નાટકમાંજ માલેકે વીસ હજારથીએ વધારે વસુલ કરી લીધા છે." બે વરસ પછી ગોપાલ બાબુનો શોખ ઠંડો પડી ગયો અને એક્ટરોને કંપની ભાડે આપી દીધી, એટલે ગિરિશબાબુ પાછા પોતાની માનીતી સ્ટાર થીએટર મંડળીમાં જોડાઇ ગયા. ત્યાં દાખલ થયા પછી વિજ્ઞાન તરફ વધારે પ્રેમ થવાથી ડોકટર મહેન્દ્રલાલ સરકારની વિજ્ઞાન

સભામાં મેમ્બર તરીકે દાખલ થયા. ત્યાં જે કાળજી અને ઉલટ થી ભાગ લઈ શીખ્યા તેના ફળ તરીકે એ વિષય સંબંધી લેખો માસિકોમાં બહાર પડયા.

ગિરિશબાબુએ આ વખતે સ્ટાર થીએટર માટે પ્રફુલ્લ નાટક લખ્યું. એ નાટકની પ્રશંસા બધાએ કરી. એ નાટકની સમાલોચના લાગલાગટ ત્રણ દિવસ સુધી સ્ટેટમેનમાં છપાઈ. કોઇ પણ દેશી ભાષાના પુસ્તકની આવી સમાલોચના આ રીતે પ્રકટ થઇ નથી. ત્યાર પછી હીરાનિધિ, ચંડ, મહાનિધિ વગરે ભજવાયા.

થોડા વખતમાં ગિરિશબાબુની બે પુત્રીઓ મૃત્યુને વશ થઇ. થોડા દિવસ પછી બીજી પત્ની પણ ગુજરી ગઇ. આથી થીએટર માં આવવાનું અનિયંત્રિત થઇ ગયું. તેમાં વળી પુત્ર માંદો પડયો. અને ગિરિશબાબુ પોતે પણ મહા મુશ્કેલીએ માંદગીના બિછાનેથી ઉઠયા. આ વખતે નવકુમાર રાહા નામનો એક માણસ સેક્રેટરી તરીકે સ્ટાર થીએટરમાં કામ કરતો હતો, તેની ભંભેરણીથી ગિરિશબાબુને છુટા કરવામાં આવ્યા. એટલે પોતાના માંદા પુત્રને લઈને ગિરિશ બાબુ હવાફેર માટે મધુપુર ચાલ્યા ગયા. ત્યાં સાંભળ્યું કે સ્ટાર થીએટરના માલીકો હાઈકોર્ટમાં તેમની સામે દાવો માંડનાર છે, એટલે તરત કલકત્તા પાછા આવ્યા. થોડા દિવસ પછી પુત્રનો પણ દેહાંત થયો. આમ આધિ વ્યાધિ અને ઉપાધિ ઉપરાછાપરી ગિરિશબાબુ ઉપર આવી પડી, મધુપુરથી પાછા આવ્યા પછી મિનર્વા થીએટરમાં જોડાઇને મેકબેથનું

બંગાળી નાટક રચીને ભજવ્યું. એ નાટકની ડાકિની ભાષાનો અનુવાદ કરવો એ અશક્ય છે એમ ઘણા કેળવાયેલા માણસો માનતા. આથીજ અનુવાદ કરવાનું હાથ ઉપર લીધું. પણ તે એટલો તો સફળ થયો કે વિદ્વાનોમાં પણ અંગ્રેજીના સારા જાણકાર તરીકે તેમની ગણત્રી થવા માંડી. મેકબેથ નાટકના દરેક પાત્રમાં ખાસ કરીને લેડી મેકબેથના પાત્રમાં ગિરિશબાબુની અદ્‌ભુત અનુવાદશક્તિ, આશ્ચર્ય શિક્ષા પ્રણાલિ અને અભિનય કુશળતા જોઇને શત્રુ અને મિત્ર બંને પક્ષે વાહવાહ પોકારી.

મેકબેથ ભજવતી વખતે રંગભૂમિની પણ ઠીક ખીલવણી કરી હતી; પ્રસિદ્ધ ચિત્રકાર વિલિયર્ડ પાસે બધા પડદા બનાવ્યા હતા. મિનર્વાના ડ્રોપસીન જેવો ડ્રોપસીન ભાગ્યેજ બીજે હશે મેકબેથ તરફ શિક્ષિત વર્ગનું બહુ સારૂ ધ્યાન ખેંચાયું, પણ સાધારણ જનસમુહને તેમાં રસ નહિ પડવાથી ધીમે ધીમે જોવા આવનાર ઘટયા એટલે ખેલ ભજવવો બંધ કર્યો. સાથે સાથે ગિરિશબાબુની ઇચ્છા-શેકસપીઅરના બધા નાટકોનું બંગાળી ભાષાંતર કરવાની ઇચ્છા-મનમાંજ રહી. આ પરિસ્થિતિ એ દેશનું હજીયે દુર્ભાગ્યજ છે, કે જનસમાજની રૂચિને જોઇનેજ નાટકો લખવા પડે છે. ગિરિશબાબુના "આબુહુસેન" નામનો સાધારણ નાટયપ્રયોગ જયારે ભજવાતો, ત્યારે ઓડિયન્સ ચિકાર થતું અને લોક ખુશાલીના પોકારથી વધાવી લેતા. આ જોઇને મેકબેથના અનુવાદક ગિરિશબાબુ આબુહુસેનના લેખક હોવા છતાંયે જનસમાજની અભિરૂચિ માટે ખેદ પ્રદર્શિત કરતા હતા મુકુલમંજરી વગેરે પ્રયોગોથી કમાણી વધવા માંડી, ત્યાર પછી

સપ્તમીમાં વિસર્જન, સ્વપ્નફુલ, કરામતખાઇ, સભ્યતાના પંડા, ફણીની મણી, પંચકન્યા વગેરે નાટકો રચ્યા. અવનવી જાતના સીનો બતાવીને લોકને ગિરિશબાબુએ છક કર્યા. પણ માલીકનો આંધળો આડો અવળો ખર્ચ જોઇને કંપની તૂટી જશે એ ભય લાગવાથી હિસાબ કિતાબ હાથમાં લીધા. આથી નગેન્દ્રબાબુએ નારાજ થઇને તેમને નોકરી ઉપરથી છૂટા કર્યા.

આ ખબર મળતાંજ સ્ટાર થીએટરનો માલીક તેમને ઘેર દોડી પહોંચ્યો અને મોટી શ્રદ્ધા અને ભક્તિ સાથે પોતાની મંડળીમાં નાટયાચાર્ય તરીકે રાખવાની ઇચ્છા જણાવી ત્યારથી ગિરિશ બાબુ નાટયાચાર્ય કહેવાવા લાગ્યા. ત્યાં તેમણે કાળો પહાડ, પારસ્ય પ્રસૂન, હિરક જુબિલી, માયાવસાન લખ્યા વળી દિલદાર અને પાંડવ ગૌરવ, સીતારામ, મણિહરણ, નંદદુલાલ, અશ્રુધારા, શાંતિઅભિશાપ, ભ્રાંતિ, આઇના, સતનામ, કપાલકુંડલા, મૃણાલિની હરગૌરી, સિરાજુદ્દોલ્લા, મિરકાસિમ વગેરે ઘણા નાટકો જુદી જુદી કંપની માટે રચ્યા અને ભજવી બતાવ્યા છે. વરવિક્રયની રૂઢી સામે પોકાર ઉઠાવવા બલિદાન નામનું નાટક ભજવ્યું

સિરાજુદ્દોલ્લા અને મિરકાસિમ એ બે ગિરિશબાબુના શેષ જીવનની અમૂલ્ય સંપતિ રત્ન છે. સાહિત્ય, ઇતિહાસ અને નાટક એ ત્રણેનો સંયોગ બીજા કશામાં દેખાયા નથી. અંગ્રેજોએ લખેલા ઇતિહાસમાં સિરાજુદ્દોલ્લાનું ચરિત્ર, વિકૃત કરી નાખ્યું છે. ગિરિશ બાબુએ તેને સાચા સ્વરૂપમાં રજુ કર્યો છે.

સિરાજુદ્દૌલામાં જે ઘટનાઓના અંકુર જણાય છે તેનો પૂર્ણવિકાસ મિરકાસમમાં થયો છે. ગિરિશબાબુએ પોતાની પ્રવીણઅવસ્થાના બધાં શક્તિ અને આગ્રહ, ઉત્સાહ અને અનન્ય સાધારણ રચના કૌશલ્ય ખરચીને પોતાના કીર્તિસ્તંભ સમાન મિરકાસિમ નાટક રચ્યો છે. એમાં ઠેઠ સુધી સ્વદેશ પ્રેમની ભાવના ઝળહળી રહી છે.

આ પ્રમાણે લગભગ સાઠ વર્ષ સુધી સાહિત્ય સાથે સંબંધ રાખીને ગિરિશબાબુએ દેહ છોડયો તેમનો છેલ્લો નાટયગ્રંથ શંકરાચાર્ય છે. અને તેનો મોટો ભાગ કાશીમાં લખાયો હતો. ગિરિશ બાબુ જેવા તેજસ્વી અને પ્રતિભાશાળી હતા તેવીજ પોતાની કૃતિઓ પોતાની પાછળ મૂકી ગયા છે. બીજા નાટકકારો કરતાં એક વિશેષતા એ હતી કે, જાતે ઉચ્ચ કોટીના એક્ટર હતા. રંગભૂમિ સભ્યસમાજનું એક અંગ છે. આપણા શરીરમાં કોઇ અંગની ખોડ હોય, તો તે સંપૂર્ણ નહિ ગણાય, તેમ જાતીય રંગભૂમિના અભાવથી વિરાટ-સમાજ શરીર પણ અધુરૂં જ રહે છે. ઉચ્ચ જાતિના નાટકો એ ઉચ્ચ જાતિનું જીવન છે, અને તેથી જ બંગાળી સમાજ ગિરિશ બાબુનું ઋણી છે.

જરૂરી ખુલાસો.

એક ગ્રંથમાળાનું કામ એકલે હાથે ચલાવવું કેવું મુસીબતોથી ભરેલું છે તે તો અનુભવી સારી રીતે જાણે છે, છતાંયે બીન અનુભવીઓ હાડમારીઓનો ખ્યાલ કર્યા વિના બચ્ચાના ખેલ હોય તેમ સમજીને ટિકા કરવા બેસી જાય છે કે આ બરાબર નથી અને આમ થવું જોઇએ જ્યારે પોતે સળી ભાંગીને બે ટુકડા કરવા જેટલી શક્તિ પણ એ વિષયમાં ધરાવતા હોતા નથી. છતાંયે જે કોઇ હાથમાં લે છે, તે થોડાજ વખતમાં સમજી લે છે કે, આતો "લક્કડકા લાડુ" જેવો ખેલ છે. અમારા ગ્રાહકો અનિયમિતતા માટે બૂમ પાડે, તો તે અમે સમજી શકીએ છીએ કે તે બિચારા પુસ્તક આવે તે વંચાઇ રહે કે ત્યાર પછીના પુસ્તકની રાહ જોવા માંડે છે અને જ્યારે વધારે ઢીલ થાય છે ત્યારે કાગળો લખે છે; અકળાય છે હવે જે ગ્રાહકો ટિકિટ બીડે છે યા રીપ્લાઇ પત્ર લખે છે તેમને અમો જવાબ આપીએ છીએ બીજાને જવાબ આપતા નથી, કારણ કે જે ભારે ખોટ આ ગ્રંથમાળા ચલાવતાં અમને જાય છે તેમાં એવો ટપાલખર્ચ કરવો પરવડે તેમ નથી પરંતુ પોતાના પ્રયત્નમાં નિષ્ફળ નીવડેલા નામ ધારી બડેખાં પેટમાં દુઃખે અને માથુ કુટે તેમ આ ટગુમગુ ચાલતી પણ સારા પાયા ઉપર ધીમે ધીમે આવતી ઉગતી સંસ્થા ઉપર નીચ હુમલાઓ કરવામાં પાછી પાની રાખી નથીઅને લોકોની આંખે અંધારા પીછોડા ઓરાઢવા હદબહારનું જુઠાણું ચલાવ્યું છે. એતો સૌ કોઈ જાણે છે કે ગ્રંથમાળાઓ માસિકો, પુસ્તકો વગેરેના લવાજમનાં નાણાં તો પહેલેથીજ વસુલ થાય છે વળી આ ગ્રંથમાળાનું એક લવાજમ વસુલ કર્યુ એટલે બારસો

પાનાના પાંચથી છ પુસ્તકો આપવાના હોય તેમાં લગભગ ૬૦૦ પૃષ્ટ આપી ચૂકયા છીએ અને બીજાનું કામ ચાલુ હોય છતાં કોઇ એમ લખે કે લવાજમ શરૂઆતમાંજ વસુલ કરી બેસી ગયા અને હવે ગ્રાહકો પોક મુકી રડે છે તથા કોઇ એમ લખે કે ફક્ત બેજ ચોપડી કાઢીને લવાજમ આખા વરસનું લઈ લીધું તો તેનો અમારા વાંચકોએજ વિચાર કરી લેવો કારણ કે આ કંઇ દૈનિક નથી કે દરરોજ બહાર પડવુંજ જોઇએ. આ કંઇ અઠવાડિક નથી કે બે અંક આપ્યા પછી પચાસ અંકની ગાપચી મારી ગયા કે માસિક નથી કે એક બે અંક આપીને દશ અંક નું લવાજમ પાણીમાં ગયું. આમાં તો ૫૦૦-૬૦૦ પૃષ્ટનું એટલે લગભગ અર્ધું વાચન તો અપાઈ ચૂકયુંજ હતું અને બાકીની તૈયારી ચાલતી હતી એટલે ગ્રાહકો પોક મૂકીને રડે છે એમ લખવું રજનું ગજ કરવા બરાબર છે એવા ઉપરથી શાહુકાર પણ મનના મેલા શરીફ બદમાશોની અવળે રસ્તે દોરનારી ટિકાઓથી ચેતીને ચાલવું

ઢીલનું કારણ—

આ વખતે ધીરજનાં કાવ્યો, બગમ કે બલા ? ગૌરી વગેરે પુસ્તકો બહાર પાડતાં ઘણીજ ઢીલ થઇ છે અને પ્રફુલ નાટક પ્રેસમાં ૧૯૨૪ ના એપ્રિલથી ચાલુ હતું છતાંયે તે જલદીથી પુરૂ નહિ કરી શકાયું તે શોકજનક છે પુસ્તકના લખનારને પોતાના શાકભાજીની દલાલીના ધંધાના બહોળી રોકાણ હોવાને લીધે તે તરફ પુરતું ધ્યાન આપી શકયા નહિ અને પ્રકાશક અઠવાડિકની ધમાલમાં પડી જવાથી બન્ને કામપર ધ્યાન આપવાની સ્થિતિમાં

ન રહ્યા પાછળથી માંદગીને બિછાને પકટાઈ પડયા એટલે વધારેને વધારે ઢીલ થતી ગઇ અને ગ્રાહકોની ફરીઆદ ચાલુજ રહી.

હવે ?

હવે મહમંદ પેગંબર અને લગ્ન કે જીંદગીની જેલ ! છપાઇ તૈયાર થવા આવ્યા છે અમો તેને ગ્રાહકોની સેવામાં તાકીદે રજુ કરવાની ઉમેદ રાખીએ થીએ ઇશ્વરકૃપા હશે અને અડચણ નહિ નડે તો ઘણાજ ટુંકા વખતમાં બાકીના બે પુસ્તકો બહાર પડશે. અમે ફરીફરીથી જણાવીએ છીએ કે અમારા ગ્રાહકોએ પુરેપુરી ખાત્રી રાખવી કે મોડા કે વખતસર પણ અમે લીધેલા લવાજમનું પુરેપુરૂ વાંચન આપીશું. બહારથી સખત ઉશ્કેરણીનું કારણ મળ્યા છતાંયે જે ગ્રાહકોએ મમતાભરી નજર રાખી અમારામાં અખંડ વિશ્વાસ મૂકયો છે અને અમારો અતિશય વિલંબ ગણકાર્યો નથી તેનો અમે આભાર માનવાની રજા લઇએ છીએ.

વાંચકો ગ્રાહકો—

અમારી સેવાની કદર બુઝશે અને કંઈ નહિ તો એકેક ગ્રાહક કરી આપીને મદદ કરવા પાછી પાની નહિજ કરે. તમારી થોડી મહેનતથી અમારૂં મોટું કામ સત્વરે પાર પડી અમોને બે વરસમાં ગયેલા ગંજાવર નુકસાનમાં કંઇક રાહત મળશે તેનો બદલો પ્રભુ દરેકને આપ્યા શિવાય નહિજ રહે તેમ અમોને ગ્રાહકો ઇત્યાદીકમાં મદદ કરનાર ગ્રાહક બંધુઓના સુવર્ણનામો માળાના પુસ્તકમાં છાપી અમર કરીશું.

ધંધાધારીઓને—

અમારી ગ્રંથમાળાના રસિક અને ઉપયોગી પુસ્તકોમાં 'જાહેર ખબર' આપી પોતાના માલ જલદિ ખપે છે એવી આકાંક્ષાએ આપેલી જાહેરાત તરફથી કેવા ફાયદા માલૂમ પડયા હશે તે વહેપારી બંધુઓને 'ગૌરી' અને 'પ્રફુલ્લ નાટક' માંહેની જાહેર-ખબરોથી પુરવાર થઇ ચૂકયું હશે—આ નાટક જરા મોડું પ્રકટ કરવા બદલ સર્વે વહેપારી બન્ધુઓની અમો ક્ષમા માંગીએ છીએ અને વિનંતી પૂર્વક કહેશું કે-લોક સેવા બજાવતા આ પરોપકારી ખાતાના પુસ્તકોમાં તમારા ધંધાની જા. ખ. આપો છો તેજ મુજબ આપી આપ સર્વેના અમોને ચીરકાળ ઋણી બનાવશોજ.

છેવટે જગત પિતા પ્રભુનો અને અમારા રસિકડા કદરદાન ગ્રાહકો વાંચકો, સહાયકો અને ધંધાપારી બંધુઓએ સર્વેનો એકવાર ફરીથી આભાર માનવાની ફરજ સમજું છું.

લી. સાહિત્યનો નમ્ર સેવક

અંબાઇદાસ બાબરભાઈ પટેલ

મંત્રી સાહિત્યકુંજ ગ્રંથમાળા આશ્રમ

તંત્રીનું નિવેદન.

પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી અમારૂં આ પ્રફુલ્લ નાટકનું પુસ્તક લગભગ સવા વરસે છપાઇને તૈયાર થઈ અમારા કદરદાન વાંચકોના કરકમળમાં રજુ કરવા શક્તિમાન થયા છીએ. બેગમ કે બલા? બહાર પાડયા પછી તરતજ ગૌરી અને પ્રફુલ્લ બંને સાથે બહાર પાડવા ઈરાદો હતો અને તે માટેનું કામ ધમધોકાર ચાલતું હતું પરંતુ માણુસ ધારે છે કંઇ અને ઇશ્વર કરે છે કંઇ એ ન્યાયે છેવટે પ્રફુલ્લ નાટક તૈયાર થતાં વાર લાગશે એમ જોઇને અમારે ગૌરીનું પુસ્તક રવાના કરવું પડયું તે વખતે પ્રફુલ્લ નાટકનું પુસ્તક અડધું ઉપરાંત છપાઇ ગયું હતું. બાણુાવળીની શરૂઆતના કામમાં પડવાથી કામ સ્હેજ ખોરંબે પડેલું. પછીથી પ્રકાશકની સંગ્રહણીની માંદગી વગેરે અનેક પ્રતિકૂળતાઓને લઇને કામ લટકતુંજ રહ્યું. લેખકે મુંબઇ છોડયા પછી પોતે સુરતમાં પોતાના શાકભાજીના દલાલીના ધંધામાં જોડાવાથી કામનું દબાણ વધી પડયું અને પ્રકાશકને માથેજ બધું કામ રહેલું એટલે ધણી વગરના ઢોર સૂનાં એ ન્યાયે બધું જેમનું તેમ પડી રહ્યું.

આમ લેખક પોતાના ધંધામાં રોકાઇ ગયા, બીજી બાજુ પ્રકાશકને એકલે હાથે ગ્રંથમાળા અને બાણુાવળી બંનેનું કામ કરવાનું રહ્યું તેમાં તબીયત લથડી એટલે બધું એ કામ પડતું રહ્યું. એમ મુશ્કેલીઓ વધેલી હતી તેનો ગેરલાભ કેટલાક પેટના બળતાએ ગામ બાળીને લીધો અને એવી વાતો ફેલાવવા માંડી

કે ગ્રંથમાળા બંધ થઇ ગઈ છે. આવી અફવા ફેલાવવા માટે તેમની પાસે સાધન પુરતા હતા. વળી જરા આગળ પડતો ભાગ લીધેલો હોવાથી જીલ્લામાં અને ઇલાકામાં પણ લગભગ પહોંચેલો હતો, એટલે હોહાકાર મચાવી મૂકવાનું સુગમ થઇ પડયું અને ચારે બાજુથી હુમલાઓ શરૂ કરી કરાવી મુશ્કેલીમાં મુશ્કેલી વધારી. હવે કેટલાક ભોળા ગ્રાહકો આ ચળવળથી દોરવઇ જઇને ગભરાઇ ઉઠયા હોય, તે બનવા જોગ છે. અને તે ગભરાટમાં તેમણે જે કંઇ ઉતાવળા અભિપ્રાયો બાંધ્યા હોય, તે અમારા સ્પષ્ટ ખુલાસા અને નીતિ જાહેર કર્યા પછી બદલાશે એમ અમે ખાત્રી રાખીએ છીએ.

અમે અમારા ગ્રાહકોને જણાવતાજ આવેલા છીએ કે ૧૨૦૦ પાનાનું વાંચન આપી રહીશું, ત્યારેજ નવા લવાજમની માંગણી કરીશું. અમુક મુદતમાંજ તે વાંચન પુરૂં પાડવું એ અમારે માટે શકય નથી. વળી ગ્રાહકનું લવાજમ આવ્યું હોય, અને પુસ્તકની નકલ શિલકમાં નહિ હોય, તો બીજા વરસના લવાજમમાં વળતર આપીએ છીએ તે પણ અમારા ગ્રાહકો સારી પેઠે જાણે છે. પુસ્તકો વહેલા આપી દેવા માટે અમે બબે ત્રણ પ્રેસમાં કામ આપીએ છીએ, છતાંયે કંઇને કંઇ અડચણોને લીધે વિલંબ થાય છે. આથી ફરીફરીથી જણાવવાનું કે અમારા ગ્રાહકોએ પુરી ખાત્રી રાખવી કે લીધેલા લવાજમનું તો પુરેપુરૂં વાંચન અમે આપીશું જ. અમે અમારાથી બનતું કરીએ છીએ અને કરીશું પછી જશ અપજશ દેવો એ હરિને હાથ છે. પરોણાને પરોણો નહિ ગમે, કુતરો કુતરાને જોઇને ભસે, અને ભિખારી ભિખારીને

જોઇને ઘુરકવા માંડે, તેમ સાહિત્ય સેવકોમાંયે છે. અને તેમાંયે એકજ જાતના બે પ્રકાશન મંદિરોના વ્યવસ્થાપકમાંનો કોઇ નિષ્ફળ નિવડયો હોય, તો તેને તો વધારે ઘુરકવાનું મન થાય છે એ સ્પષ્ટ છે. છતાંયે હાથી પાછળ કુતરા ભસે તેથી કંઇ હાથી ગભરાતો નથી, સુરજ ઉપર ધુળ ઉડાડવાથી સુરજ ઝાંખો પડતો નથી, પણ ઉડાડનારનાજ મોઢા ઉપર પડે છે તેમ અમારી ગ્રંથમાળા સંબંધી ઇર્ષાળુ ટિકાખોરોએ અવળે માર્ગે દોરવનારી કરેલી ટિકાઓથી બહુ સંભાળથી ચેતીને ચાલવું. ગ્રાહકને કોઈપણ જાતની પુછપરછની જરૂર પડે, તો મહેરબાની કરી ટિકિટ કે રિપ્લાઇ કાર્ડ મોકલવો કે વગર વિલંબે પુરતો ખુલાસો કરવામાં આવશે. ટિકિટ કે રિપ્લાઇ કાર્ડ વગર જવાબ આપી શકાશે નહિ.

સાહિત્યકુંજ ગ્રંથમાળાનું કામ જેમ ચાલુ હતું તેમ ચાલુજ છે અને ચાલુ સાલના બાકીના પુસ્તકો તૈયાર થાય છે. મહુમંદ પેગંબર લગભગ છપાઇ રહેવા આવ્યું છે અને લગ્ન કે જીંદગાની જેલ ? નુ કામ પણ પ્રેસમાં અપાઇ ચુક્યું છે.

અગત્યની સૂચનાઓ.

(૧) આ વર્ષમાં દરેક ગ્રાહકે થોડા થોડા ગ્રાહકો વધારી આપવા મહેરબાની કરવી. ગ્રાહકોની થોડી મહેનતથી માળાના ઘણા ગ્રાહકો વધી શકશે. ગ્રાહકો વધારવા માટે જેમને હેન્ડ-બીલો ઇ. ની જરૂર હોય, તેમને અમારા ખર્ચે જોઇતા હેન્ડબીલ વગેરે પુરા પાડવા અમે ખુશી થઇશું. આ સસ્તા પુસ્તકોનો પ્રચાર કરવામાં તમે જેટલી મદદ કરશો તેટલી દેશસેવા બજાવી ગણાશે. ગ્રાહકો વધારનારા સજ્જનોના નામ હવે પછીના પુસ્તકો-માં જાહેર કરવામાં આવશે.

(૨) ઠેકાણું બદલાયું હોય કે પુસ્તક નહિ મળ્યું હોય વગેરે સંબંધમાં કાગળ લખતાં હમેશાં રિપ્લાઈ કાર્ડ કે ટીકીટ બીડવા મહેરબાની કરવી. તે સિવાય જવાબ વાળવાનું બની શકશે નહિ.

(૩) કેટલાક ગ્રાહકોની ખાસ ઈચ્છાથી આ વર્ષે ઉંચા કાગળો ઉપર પુસ્તકો છપાવવા માંડયા છે તેનું લવાજમ રૂ. ૩-૮-૦ તથા પરદેશ માટે રૂ. ૫-૦-૦ રાખેલું છે. ચાલુ એડીશનના ગ્રાહકો વધારાના પૈસા મોકલશે તો ઉંચા કાગળોવાળા પુસ્તકો મોકલાશે.

(૪) પ્રથમ વર્ષના સેટ ખલાસ થયા છે માત્ર નૂરજહાં નાટક અને નવવલ્લરીની થોડી નકલ વધેલી છે.

મેનેજર.

અંક પહેલો.

સ્થપાયું. { # સાહિત્યકુંજ ગ્રંથમાળા } સં. ૧૯૭૭
ઈ.સ. ૧૯૨૦

આશ્રમ—નડીઆદ.

ઉદ્દેશ જુદી જુદી કોમ વચ્ચે એકતાનો પ્રચાર કરવા અને ટકાવી રાખવા બધી કોમને એકસરખી રીતે ઉપયોગી થઇ પડે તેવી જાતનું વાંચન સસ્તામાં સસ્તી કિંમતે બહાર પાડવું.

પુસ્તકો રાષ્ટ્રીય, રાજકિય, સાંસારિક, ધાર્મિક, ઐતિહાસિક, ડિટેકટીવ, સ્ત્રીઉપયોગી ઇ. વિષયો ઉપર નવલકથા, નાટકો, કાવ્યો, જીવનચરિત્રો, વાર્તાઓના પુસ્તકો સાદી, સરળ, સુંદર અને સચોટ ભાષામાં જોરદાર શૈલીમાં લખાયલાં હોય છે.

લોકમત દેશનાયકો, વિદ્વાનો, રાજામહારાજાઓ, વર્તમાનપત્રો, માસિકો, લેખકો, કવિઓ અને સંખ્યાબંધ વાંચકોએ ગ્રંથમાળાની અને પુસ્તકોની મુક્ત કંઠે પ્રશંસા કરી છે.

નિમંત્રણ આશ્રમના કાર્યને એકવાર જોવા માટે ગ્રંથમાળાના તેમજ બાળાવળી અઠવાડિકના ગ્રાહક થવા, પુસ્તકો અને અઠવાડિકમાં જાહેરાત આપવા ખાસ ભલામણ છે. આ સેવાધર્મ બજાવતાં આશ્રમને સખ્ત નુકસાન ખમવું પડયું છે તમે ગ્રાહક થઇ અને કરી આપી તેમજ બીજી રીતે બનતી દરેક મદદ કરી કરાવી પુણ્ય સંચય કરશો ?

ઑન. તંત્રી,
વેણીલાલ પટેલ
વિઠ્ઠલભુવન, સુરત નં. ૧૭

મંત્રી,
અંબાઇદાસ બાબરભાઈ શામોલકર
નડીઆદ.

પ્રવેશ પહેલો.

યોગેશના ઘરની અંદરનો ભાગ.

ઉમાસુંદરી અને જ્ઞાનદા

ઉમાસુંદરી—વહુ ! અત્યાર સુધી કુળદેવી મહાલક્ષ્મીનો દબ્બો મારી પાસે હતો, આજે તે તને સોંપુ છું. સંભાળીને રાખજે. માતા લક્ષ્મી ઘરમાં અચળ થઇને રહેશે. અત્યાર સુધી તું વહુ હતી આજે હવે ઘરની વડીલ થઇ. બંને દીકરોને પેટના પુત્ર જેવા ગણજે, જેવો તારો જદુ તેવાજ રમેશ અને સુરેશ ને જાણજે. વચલી વહુને જોજે, સૌના સ્નેહની તે ભુખી છે, જો તું તેને ચ્હાશે, તો તે તને મા સમાણી ગણશે. અને હર હંમેશ અને વાર તહેવારે થતા તહેવાર પર્વ જેમ થતા આવ્યા છે, તેમ કરતી રહેજે. હવે તું વડીલ થઈ. દરેક કામ જોઇ વિચારીને કરજે, ચારે બાજુ નજર પહોંચાડીને કરજે, કોઈના બે બોલ ગળી જવા, પણ કોઈ ને કડવો શુકન પણ કહેવો નહિ, કોઇને દુઃખ દેવું નહિ. સૌનું મન રાજી રાખવાનો પ્રયત્ન કરજે. અને વધારે શું કહું ! સો વર્ષ સુધી અખંડ સૌભાગ્ય ભોગવજે અને છોકરાના છોકરાને રમાડી સુખરૂપ ઘર સંસાર ચલાવજે !

જ્ઞાનદા—તો શું માજી ! તમે વૃંદાવનથી પાછા નહિજ ફરો ?

ઉમા૦—હું કેવી રીતે શકું ? શું ભગવાન પોતાના ચરણકમલમાં મને સ્થાન આપવાની કૃપા કરશે ?

જ્ઞાન૦—નહિ, નહિ, તમે જરૂર પાછા આવજો. તમારા જવાથી ઘર ખાવા ધાશે. અને તમારી પેઠે શું હું ઘરને સારી રીતે ચલાવી શકીશ ! હું તો તમારી લાડવાઇ વહુ હતી. મેં કંઈ કામકાજ કર્યું નથી. હું દુનીઆદારીમાં શું સમજું ?

ઉમા૦—તું તો મારી ગૃહલક્ષ્મી છે. જયારથી તારા પગલાં મારા ઘરમાં થયા છે, ત્યારથી મારા યોગેશની ચઢતી થઇ છે. નાનપણથી તને જેમ ફેરવી તેમ તું ફરી છે. મેં તને જે કરવાનું કહ્યું, તે તેં કર્યું છે. વહુ ! તું આ જમાનાની વહુ જેવી નથી. તને મારા આશીર્વાદ છે તું મારા કુટુંબ વ્યવહારને બહુ સારી રીતે સંભાળી શકશે.

(પ્રફુલ્લનો પ્રવેશ)

પ્રફુલ્લ—"સાસુજી ! તમે અહીં બેઠા છો ? હું ધુપેલ લઇને તમને શોધવા આખું ઘર ઢુંઢી વળી. રોજ તમને વાર લાગે છે. રોજજ મોડું થાય છે, હું જમવાનું ઢાંકીને આવી છું. તમારૂં એઠું આરોગીને પછી જમીશ, પણ તમે તો હજી ન્હાયા નથી ! ચાલો, ન્હાઈ લો.

ઉમા૦—મારૂં એઠું ખાઇને હજી તું નથી ધરાઇ !

પ્રફુલ્લ—પણ તમે ખાવા કયાં દો છો ? જયારે ખાવા માગું છું ત્યારે તમે કહો છો કે થયું હવે, જે એક દિવસ ખાધું તેવું બધા દહાડા. શું તમે વૃંદાવન જાવ છો ? જો તમે જશો તો હું પણ સાથે આવીશ.

ઉમા૦—પહેલાં છોકરાછૈયા તો થવા દે, પછી આવજે.

પ્રફુલ્લ—મને નહિ લઈ જાવ, તો તમને તેલ કોણ ઘસી આપશે? વાસણ કોણ માંજી આપશે? ચુલો કોણ સળગાવી આપશે? પથારી કોણ પાથરશે? તમે એમ સમજતા હશો કે બધું કામ દાસી કરશે, પણ દાસીથી તમારાં મનપસંદ નહિ થાય. એનાથી વાસણમાં ડાઘ રહી જશે તે તમને કેમ ગમશે? તેથીજ કહું છું કે મને સાથે લઇ લો.

જ્ઞાન૦—જદુને મૂકીને તું આવી શકશે?

પ્રફુલ્લ—શું તમે જદુને પણ સાથે નથી લઇ જવાના? શું તમે એટલા બધા નિષ્ઠુર થઇ ગયા છો?

ઉમા૦—વહુ! એકવાર ઘર બહાર તો નીકળવા દે. ઘર બહાર પગ મૂકવોજ મુશ્કેલ થઇ પડયો છે.

પ્રફુલ્લ—ચાલો, તમે જલદી ન્હાઇ લો. ભાઇજી આવતા હશે તેમનો અવાજ સંભળાય છે.

ઉમા૦—વહુ! તું જઇને જમી લે. પછી એઠું જુઠું પણ ખાજે. યોગેશ સાથે બે વાત કરીને હું હમણાં આવું છું.

પ્રફુલ્લ—ના, તમે જલદી આવો. હું ધુપેલ લઇને તમારી રાહ જોતી બેસી રહીશ.

(પ્રફુલ્લનું પ્રસ્થાન)

(યોગેશનો પ્રવેશ.)

યોગેશ—આ! ગાડીનું નક્કી કરી આવ્યો છું. એક કંપાર્ટમેન્ટ રીઝર્વ કરાવ્યો છે. તમે બૈરાના ડબ્બામાં બેસો અને હું જુદા મરદના ડબ્બામાં બેસું એમ કરીએ તો બહુ જંજાળ વેઠવી પડે. હવે આપણે એકજ ડબ્બામાં બેસી શકીશું.

ઉમા૦—શું તું હજી જમ્યો નથી !

યોગેશ—નહિ સ્હેજ કામ હતું.

ઉમા૦—ખાઇ પીને પરવાર્યા પછી જરા મારી પાસે આવજે. હું મારૂં દેવુંલ્હેણું પતાવીને જવા માંગુ છું. હું એમ કહેવાની હતી કે ભવાનીશંકરનો છુટકો કરીને જાઉં. મેં તેની પાસેથી બહુ વ્યાજ લીધું તેની જે ચીજ આપણે ત્યાં ગીરો મૂકેલી છે તે એને પાછી આપી દો.

યોગેશ—એ તો સારી વાત છે.

ઉમા૦—અને બેને ભાઈ! આપણી પડોશમાં ગંગાડોશીને વૃંદાવન જવાનું બહુ મન છે, પણ તેની પાસે પેસા ટકા નથી જો મારી સાથે એકાદ બ્રાહ્મણી હોય—

યોગેશ—બા ! તમે આમ કેમ કહો છો ? જેને સાથે લઇ લેવા હોય, તેને લઇ લો. જેમ કરવું હોય, તેમ કરો. પિતાજીની કશી પણ સેવા હું નથી કરી શકયો. તમે પણ મને કદી કશું કામ સોંપ્યું નથી. તમે "જો" થી વાત કરો છો તેથી મને ખોટું લાગે છે.

ઉમા૦—બેટા ! મેં તને જન્મ તો જરૂર આપ્યો છે, પણ તારૂં મન સાચવી શકી નથી, કોઇ દહાડો કાંઇ સારી ચીજ લાવીને ખવડાવી શકી નથી; ઉલટું તેં મને બનતું દરેક સુખ આપ્યું છે. જે કોઇને કંઇ આપવું હતું તે મેં આપ્યું, હવે મને કશી ઇચ્છા તૃષ્ણા રહી નથી. જે જે લોકો મારા દેણદાર છે તેમને હું ઋણમુક્ત કરી શકું તો બહુ સારૂં, એવી મારી ઇચ્છા છે. ભાઈ! મેં એવું સાંભળ્યું

છે કે દેવું ચુકવવા માટે તેમજ લ્હેણું વસુલ કરવા માટે ફરી જન્મ લેવો પડે છે હું તો ભગવાન પાસે માગું છું કે તમને બંનેને મૂકીને જાઉં અને ફરી આ સંસારમાં મારે આવવું નહિ પડે! વળી લ્હેણું પણ કંઇ બહુ નથી. બધું મળી હજારેક હશે.

યોગેશ—તેની તમારે જે વ્યવસ્થા કરવી હોય તે કરો.

ઉમા૦—તેજ કરૂં છું તું બહુ સપુત દીકરો છે. તને પૂછ્યા વિના હું કંઇપણ કરવા નથી માગતી. ઠીક, ત્યારે હું બધા લેણ-દારોને જઇને કહી દઉં છું. અને તેમની ચીજો પાછી સોંપી દઉં છું.

યોગેશ—બા! પેલો ચક્રમ મદન ફરી પાછો આવ્યો છે.

ઉમા૦—ક્યાં છે! ક્યાં છે!

યોગેશ—એને રહેવા માટે મેં બહાર એક ઓરડો આપ્યો છે તે ત્યારના જેવોજ બેજાગેપ છે.

ઉમા૦—ભાઇ! તે ચક્રમ નથી! કોઇ સિદ્ધપુરૂષ છે. આમ દિવા-નાપણું દેખાડતા ફર્યા કરે છે. એવા લોક હંમેશાં પોતાની જાતને છુપાવતા ફરે છે.

(મદનનો પ્રવેશ.)

મદન—લો. અહીં તો યોગેશની મા અને યોગેશ બંને છે.

ઉમા૦—મહારાજ! પગે લાગું છું!

મદન—હું કહું છું કે વંશ નાશ પામે છે. ગમે તેમ કરી લગ્ન નહિ કરાવી દો? કન્યા ગમે તેવી હો! એક પુત્રની ઇચ્છા છે! મેં સાંભળ્યું છે કે તમારા નાના પુત્રના લગ્નની

ગોઠવણ કરો છો, તો સાથેસાથે મારા લગ્નનું પણ ચોકઠું બેસાડી દોને! હજીયે મારી ઉંમર કંઇ બહુ વધારે નથી.

યોગેશ—કાકા! તમારે માટે કન્યા ઘડવા સોંપી છે.

મદન—તને તો મશ્કરી સુઝે છે પણ અહીં તો વંશનાશ થાય છે!

ઉમા૦—મહારાજ! એનાં કહેવા સામું ન જોશો. આવો, તમારી વહુઓને આશીર્વાદ આપો! વચલી વહુને હજી સુધી કંઇ છોકરૂંછૈયું નથી થયું. તેને વળી એક તાવીજ આપવું પડશે.

મદન—શું છોકરા નથી થયા? આ શું? ચાલો. ચાલો.

ઉમા૦—(યોગેશને) ત્યારે તું ગીરોની ચીજો બહાર કઢી રાખ.

યોગેશ—વારૂ.

(ઉમા અને મદનનું પ્રસ્થાન.)

જ્ઞાન૦—સાસુજીને આ ચક્રમમાં બહુ શ્રદ્ધા છે. કોઈ એને ગાંડો કહે છે તો એ બહુ ગુસ્સે થઈ જાય છે.

યોગેશ—એણે એકવાર બાને તાવીજ બનાવી આપ્યું હતું. ત્યાર પછી અમે ત્રણે ભાઇઓ જનમ્યા.

જ્ઞાન૦—વાહરે! તમે તો પાછા કાગળપત્ર લઇને બેસી ગયાને! ન્હાશો ધોશો કે નહિ?

યોગેશ—ચાલ, હમણાં આવું છું. આ કુંચી લે. બાએ લોકાની જે ચીજો ગીરો રાખી છે, તે પેલી નાની પેટીમાં છે તે કાઢી લાવ અને બાને આપ.

જ્ઞાન૦—તમને કેટલા દિવસ લાગશે?

યોગેશ—બાને મૂકીનેજ ચાલ્યો આવીશ. ત્યાર પછી જે થાય તે-

જ્ઞાન૦—જે થાય તે શું? તમને બે ઘડી વાત કરવાની પણ નવરાશ નથી મળતી. કામધંધો તો રોજનો છેજને. ન્હાઇ ધોઇ લો. જમી લો. પછી મન પરોવીને કાગળપત્ર વાંચ્યા કરજો.

યોગેશ—બાને વૃંદાવન પહોંચાડી આવી થોડા દિવસ રખડી આવું એમ મનમાં થાય છે. તું આવશે? આવે તો સાથે લઇ જાઉં.

જ્ઞાન૦—એટલી તૈયારીની જરૂર નથી. બાને પહોંચાડીને રખડવા જવાના છે! આજ સાત વર્ષ થયા રોજ તમે પ્રવાસે જવાની વાત કર્યા કરો છો અને સાથે વળી મને લઇ જવાની વાત કરો છો!

યોગેશ—નહિ! હવે તો જરૂર પ્રવાસે નીકળીશું.

જ્ઞાન૦—ઠીક પણ જમી પરવારીને જશોને? ચાલો ન્હાઇ લો. આખો દહાડો કામ, કામ, ને કામ! તમને જરાયે કશી વાતનો શોખ રહ્યો નથી.

યોગેશ—શોખ શું કરૂં? શોખ કરવાના દિવસજ ન્હોતા. તને ખબર નથી કે બે દુધમલ નાના ભાઇઓ સાથે મેં કેવી રીતે સંસાર ચલાવ્યો? પિતાજીના મરણ પછી શાહુકારે મકાન પર ટાંચ લાવી કબજે લીધું. બે ભાઇઓ સાથે બાને લઇને ભાડાના ઘરમાં રહેવું પડયું. એ દિવસોયે વહી ગયા. હવે ઇશ્વરની ઇચ્છાથી કેટલાયે ઘર આપણા થયા છે. ખાવાપીવાની પણ લ્હેર છે. એક દુખ એ રહી ગયું કે સુરેશ કશા કામનો નહિ નીકળ્યો. લાખ પ્રયત્ન કર્યા, પણ એ

નહિ સુધર્યો. ભગવાન માણસને સંપૂર્ણ સુખ નથી આપતો. જરા પેલો શીશો લાવતો.

માન૦—તમે તમારે હાથે લઈ લ્યો. મેં હજી સુધી સેવાપૂજા નથી કરી. તમે બધા ગુણથી ભરેલા છો પણ શા માટે એને પીઓ છો? પહેલાં દહાડે તમે નહોતા પીતા. હવે દિવસે પણ પીવા માંડયું. એને જો ન પીઓ, તો કંઈ અડચણ છે?

રામશા—દારૂડીઆ થવા માટે તો નથી પીતો. આખો દહાડો તન તોડીને મહેનત કરૂં છું, તેથી હાથપગ દુઃખવા માંડે છે અને પીવાથી જરા તાકાત આવે છે. ઊંઘ આવે છે. તું એને ઝેર કહે છે! નહિ, નહિ, એને અમૃત કહે! અમૃત!!

માન૦—એટલી બધી તન તોડીને મહેનત કરવાનું શું કામ છે? જરા ઓછું કામ કરો. થાક ઉતારવા માટે દારૂ પીવો ઠીક નહિ. એ ટેવ રોજરોજ વધતી જાય છે એમ મેં સાંભળ્યું છે.

રામશા—તું તો ગાંડી છે!

માન૦—ગાંડી કેમ? જુઓને! પહેલાં દહાડે પીતા નહોતા, હવે દહાડે પણ પીવા માંડયું છે.

રામશા—ચિંતાને લીધે કેટલા દહાડાથી ભુખ લાગતી નથી. તેથી થોડી થોડી પીઉં છું.

(રૂપિયાનો પ્રવેશ.)

રામશા—કંઈ કામમાં છે?

રૂપિયા—નાજી.

યોગેશ—કૉર્ટમાં નથી જવાનો ?

રમેશ—આજે અદાલત બંધ છે, તેથી જવાનો નથી.

યોગેશ—જરૂર જા. અદાલત બંધ હોય કે ગમે તેમ હોય, પણ જવું સારૂં છે. સાંભળ, એક વાત કહું. મને બાપનો કંઇ વારસો મળ્યો નથી. પણ તમે બે ભાઇઓ મળ્યા હતા. નહિ તો હું આટલા ઉત્સાહથી કામ નહિ કરતે. ત્યારે તમને સુતેલા જોઇને મારો ઉત્સાહ બમણો થતો. એજ ઉત્સાહ મારા અભ્યુદયનું મૂળ છે. મારી જે સંપત્તિ છે, તેમાં તમારા બંનેનો સરખો હિસ્સો છે. આ કાગળ જો. એક ઘર મેં મારી પત્નીને નામે કર્યું છે, કોણ જાણે, આગળ ઉપર જો છોકરાઓ સાથે નહિ બને, તો એ મકાનના ભાડાથી વ્રત ધર્મદાન કરી શકે. બાના નામે પણ બેંકમાં રૂપીઆ જમે કરાવ્યા છે. અને તેનુ વ્યાજ દર મહિને વૃંદાવન પહોંચાડવાની વ્યવસ્થા કરી છે. બાકી રહેલી મીલકતના ત્રણ સરખા ભાગ કર્યા છે. આ કાગળ જોઇને તું બધું સમજી શકશે. તું તો મુખત્યાર થયો છે. વકીલોના મહોલ્લામાં જે ઘર છે, તે તારા ભાગમાં રાખ્યું છે. આ કાગળ વાંચી લે. જે હિસ્સો તારે લેવો હોય, તે કહે, હું તને તે આપીશ. હાં, પણ સુરેશ માટે શું કરવું ? તે તો મીલકત મળતાંની સાથેજ ઉડાવી મૂકશે. એવો કોઇ ઉપાય શોધી કાઢ, કે જેથી અત્યારે એના હિસ્સામાંથી એને કંઇ પણ નહિ મળી શકે.

રમેશ—મોટાભાઇ ? શું તમે અમને જુદા કરો છો ?

યોગેશ—ના ભાઇ ! ઉદ્દેશ એવો નથી. અત્યાર સુધી બા ઘેર હતી. હવે કોણ જાણે ઘરમાં સ્ત્રીઓને બન્યું કે ન બન્યું. આગળ ઉપર તનેજ લાગશે કે મીલ્કતની વહેંચણી થઈ ગઈ એ ઠીક થયું. હવે મારો જે હિસ્સો છે તેનાથી મારૂં કામ ચાલશે. એક પુત્ર છે. હવે હું કામકાજ કરવાનો નથી. ઇશ્વરની ઈચ્છાથી તમારી ચઢતી થાઓ ! જદુની સંભાળ લેજે. હું થોડા દહાડા બહારગામ જઇ આવું. આપણે બધા એક ઘરમાંજ રહીશું. માત્ર મીલ્કતની વહેંચણીનો બખેડો મટી જાય છે. વેપારીઓને ચૂકવ્યા પછી જે રોકડ શીલક રહે, તેના ત્રણ સરખા ભાગ કરી નાખવા મેં બેંકના મેનેજરને લખી દીધું છે.

રમેશ—મોટાભાઇ ! તમારે સુરેશને જે આપવું હોય તે આપો. બધી મીલ્કત તમારી કમાઇની છે. તમને સંતાન છે મને પાળી પોષીને તમે આવડો મોટો કર્યો, ભણાવ્યો ગણાવ્યો, હવે કમાઇને મારે તમને ખવડાવવું જોઇએ. મને ભાગની જરૂર નથી, પરંતુ જયારે તમે તમારી પોતાની રાજીખુશીથી આપી રહ્યા છો, ત્યારે તમને નાખુશ નહિજ કરૂં.

યોગેશ—કમાઇને ખવડાવવા વિચાર હોય, તો તેમ કરો, તારો ભત્રીજો છે, પણ હું જે તને આપું છું તે લેવા માટે સંકોચ રાખતો નહિ. વળી તને એક બીજી વાત કહેવાની છે. મારા જાણવાં પ્રમાણે મુંબઇમાં ઘણા ગૃહસ્થ કુટુંબના લોક દુઃખી છે. જેને પેલા મહોલ્લામાં લોકો નોકરી ચાકરી કરી ગુજરાન કરે છે પણ જેવી એક આદમીની આપ

મીંથાઈ કે તેના બાળબચ્ચાં અનાથ થયા. તમને પેટ ભરીને ખાવાની સ્થિતિ પણ રહી નહી હોય. એ લોકોની અવસ્થા સંબંધી શું કહું? ભાઈ! મને એ લોકોની દશાનો પુરેપુરો ખ્યાલ છે. એ મહોલ્લામાં મેં જે વિશાળ ઘર ધર્માદામાં આપ્યું છે તે ધર્મશાળા નથી. ત્યાં એવા અનાથ કુટુંબ રહેશે. અને મેં જે પચાસ હજાર રૂપિઆ જમા કરાવ્યા છે તેના વ્યાજમાંથી એ કુટુંબોનું ગુજરાન ચાલશે. એનો તું ટ્રસ્ટી થજે. એ સંબંધી લખાણ તું તૈયાર કરજે. હું તે ઉપર સહી કરી આપીશ. હવે થોરા દહાડા હું બહાર ગામ જવા માંગુ છું. ત્રીસ વરસ થયાં સતત પરિશ્રમ કરૂં છું, એક દહાડો આરામ લીધો નથી. તબીયત ઠીક નથી રહેતી.

રમેશ—તો એ કામની એટલી ઉતાવળ પણ શી છે? તમારે બહારગામ જવું છે તો જઇ આવો.

યોગેશ—ના, બધી ગોઠવણ કર્યા પછીજ બહાર નીકળવું સારૂં. આખા હિંદુસ્તાનમાં હું ફરી આવીશ. કોણ જાણે આ દેહનો ભરોસો શો?

રમેશ—ત્યારે જેવી તમારી મરજી, ત્યારે ઘરમાં જ હું મુસદ્દો લખીને તૈયાર કરૂં છું.

(રમેશનુ પ્રસ્થાન)

જ્ઞાન૦—કેમ હજી શું વિચારમાં છો?

યોગેશ—આજે બહુ આનંદનો દિવસ છે.

જ્ઞાન—આવો છો, ન્હાવું છે ને?

(દાસીનો પ્રવેશ)

દાસી—શેઠ ! મુનીમ વચલા ખંડમાં ઉભા ઉભા રડી રહ્યા છે. મને કહ્યું કે શેઠને ખબર આપ,

યોગેશ—કોણુ પીતાંબર ! રડે છે શા માટે ?

દાસી—તે તો હું જાણુતી નથી. મને તો આ ખબર આપવા જણાવ્યું છે.

યોગેશ—એમને અહીં મોકલ.

(દાસીનું પ્રસ્થાન.)

યોગેશ—(જ્ઞાનદાને) તું જરા અંદર જા.

(જ્ઞાનદાનું પ્રસ્થાન)

યોગેશ—મુનીમજીના ચેરથી શું કંઇ માઠી ખબર-

(પીતાંબરનો પ્રવેશ)

યોગેશ—કેમ પીતાંબર ?

પીતાં૦—શેઠ ! સત્યાનાશ વળી ગયું ! બેંકે દેવાળું કાઢયું !

યોગેશ—ગં ? શું ? શું ? કઇ બેંક ?

પીતાં:—નેશનલ બેંક. તમે વેપારીઓને જે ચેકો આપ્યા હતા તે પાછા વાળવામાં આવ્યા છે.

યોગેશ—હેં ! હેં ! મારૂં તો સર્વસ્વ હતું ! આજે ખરો ગમતનો દહાડો છે ! ખરેખરી ગમત ! વળી પાછો ફકીર બની ગયો ?

પીતાં૦—શેઠ ! શેઠ ! સો રૂડાવાના થઈ રહેશે. ગભરાશો નહિ !

યોગેશ—(દારૂપીને) નહિ, નહિ, હું ગભરાતો નથી. જાઓ, પીતાંબર ! જાઓ. જઇને ચોપડા તૈયાર કરો. કોર્ટમાં નાદારી નોંધાવવી પડશે. હું હવે જેલ જાત્રાએ જઇશ.

પીતાં૦—તમેજ લક્ષ્મી પેદા કરી હતી, જવાદો. ફરી પેદા કરજો.

યોગેશ—હા, હા, તમે જાઓ. હું બધું સમજું છું. પીતાંબર! બધું છે, પણ હવે તે અવસ્થા નથી, તે ઉત્સાહ નથી. ત્રીસ વરસ લગી ઉજાગરા વેઠીને, ખાવા પીવાનું ભૂલીને આટલી લક્ષ્મી પેદા કરી હતી. ગઇ! એકજ દિવસમાં ગઈ! દારૂખાનું ઘડી ભરમાં ફુટી ગયું!! (દારૂ પીએ છે).

પીતાં૦—શેઠ! શેઠ! તમે શું કરો છો? સત્યાનાશ તો વળી ગયું છે અને હવે તે ઉપર વધારે-

યોગેશ—નહિં, નહિ, જા-તું જા. પીતાંબર! ઉભો શા માટે રહ્યો છે? કોની પાસે ઉભો રહ્યો છે? ગઇ કાલે હું તારો શેઠ હતો, આજે રસ્તાનો રખડતો ભીખારી છું.

(દારૂ પીએ છે.)

પીતાં૦—મોટી વહુ! આવો, શેઠને રોકો.

(પીતાંબરનું પ્રસ્થાન)

(જ્ઞાનદાનો પ્રવેશ)

યોગેશ—આજે ખરેખરો ગમતનો દહાડો છે! આજથી મને નવરાશ છે. હવેથી આખો દહાડો ને રાત કામધંધા વગર બેસી રહી શકીશ. હવે મને કશું કામ નથી. મારૂં સર્વસ્વ જતું રહ્યું.

જ્ઞાન૦—ગયું તો જવા દો. સૌ મળી રહેશે. એમાં ચિંતા શા માટે?

યોગેશ—ચિંતા શા માટે? બહુ ચિંતા છે. ચિંતાને માટે હું છું ચિંતાને માટે તું છે, ચિંતાને માટે આપણો જદુ છે. પણ

હવે બહુ ફીકરચિંતા રાખી, હવે વધારે કરવાનો નથી. બધું ખલાસ! ફરી મળી રહેશે! ત્રીસ વરસ લાગ્યા હતા! જોત જોતામાં નાશ પામ્યું. થઇ રહેશે તો! થઇ રહેશે તો? થઈ રહેશે! વાહ! વાહ! કેવું બોલવાનું છે! કંઇ પરવા નહિ. દારૂ લાવ! બધું પરવારી રહ્યું. (શીશો પટકે છે.) દારૂ લઇ આવ, દારૂ લઈ આવ. વાહ! વાહ! કેવી ગમતનો દિવસ છે!! કેવો રૂડો દિવસ છે! હું દારૂ લેવા જાઉં છું.

(પ્રસ્થાન)

જ્ઞાનદ—દીએરજી! દીએરજી! જલદી આવો સત્યાનાશ વળી ગયું!

(પ્રસ્થાન.)

પ્રવેશ બીજો.

[સ્થળઃ—કાળીદાસનું દવાખાનુ]

(સુરેશ અને જગમણિ)

સુરેશ—કેમ બહુરૂપી વિદ્યાધરી ! વિદ્યાધર ક્યાં છે ?

જગ૦—આમ બહુ ચાલાકી બતાવે છે, પણ કામકાજમાં તો કંઇ હોશિયારી જણાતી નથી. જો એટલી અક્કલ હોત, તો તું ગાડીઘોડે ફરતો હોત.

સુરેશ—ચાલાકી કંઇ એકકે દિવસે આવી જાય ખરી ? તમારા વિદ્યાધર પાસે બેસતો ઉઠતો રહીશ, તો ઘણી શીખી લઇશ. એક ચલમ ભરો. બહુવાર સુધી નહિ બેસી રહું. રોકડા પેસા લો. બે ચલમ ભરીને પીવડાવો અને વિદ્યાધરને બોલાવો.

જગ૦—તે તો હમણાં પૂજા કરવા બેઠા છે. બેસો. તમાકુ પીઓ.

સુરેશ—તમારા વિદ્યાધરને પૂજામાં બહુ ભારી ભક્તિ જણાય છે ! પૂજાનો મંત્ર શું છે ? **कस्य गला काटितम्** (કોને ગળે છરી ફેરવું ?)

જગ૦—અમે તો બધાને ગળે છરી ફેરવવાજ બેઠા છીએને ? જા. એકદમ ઘરમાંથી બહાર નીકળ.

સુરેશ—પણ હું જલદી જવાનો નથી તો. ઇંદ્રસભામાં તમે કયો પોશાક પહેરીને નાચ કરવા જાવ છે તે જોયા વિના

હું જવાનો નથી. તે દિવસે તેં ચપરાસીનો વેશ લીધો હતો. વાહરે વિદ્યાધરી ! કેવો સરસ વેશ !

જગ૦—હુક્કો પીવો હોય. તો પી લે. નકામો લવારો શું કર્યા કરે છે !

સુરેશ—ઠીક. ચપરાસીના વેશમાં બીલ ચૂકવો છો, નોકરના વેશમાં હુક્કો ભરી આપો છો, વિદ્યાધરીના વેશે રૂપીઆ ઉધાર આપોછો. કહો, કહો, વિદ્યાધરી બીજા કેટલા વેશ છે ?

" લક્ષ્મી પતિ ઓ દેવ, નારાયણ, લ્યો મન ભ્રમ હરી,
" કહી દો તમારી કોણ છે લક્ષ્મી રૂપી એ સુંદરી ?
" ખીલી સુગંધિત છે સરોજીની કે પ્રિયા એ રૂક્મિણી
" જલદી હરો આ વ્યગ્ર ચિંતા ચિત્તની ચિંતામણિ "

જગ૦—ચુપ રહે ! સ્ટુપિડ !

સુરેશ—વન્સમોર, વિદ્યાધરી ! વન્સમોર. તારી આ અંગ્રેજી વાણીથી તો કલેજે ઠંડક વળે છે.

જગ૦—એઈ ગદ્ધા ! સાંભળ તને કહું છું તે સાંભળ. રોજરોજ બેચાર રૂપીઆ શા માટે ઉછીના લઇ જાય છે. હવે ચારના ચાળીશ લખાવ્યા વિના હું તને રાતી દમડી પણ નહિ આપું. વ્યાજ બ્યાજ બધું તારા ભાઇનેજ ચૂકવવાનું છે ને ! આના કરતાં તો તું તારો ભાગલાગ લઇ જુદો પડી જાય એજ ઠીક છે. એમ શા માટે કરતો નથી !

સુરેશ—વાહ વાહ ! બહુરૂપી વિદ્યાધરી ! વાહ વાહ ! શાબાશ ! હવે દુકાન ઉંચી મૂકીને વકીલાત કરવા માંડો. હું તમને પાઘડી અંગરખું અને ખેશ આપીશ.

(નેપથ્યમાં કાલીદાસ) જગમણિ! કોની સાથે વાત કરી રહી છે!

સુરેશ—કાકા! એ તો હું છું. વિદ્યાધરીનું ભાષણ સાંભળું છું અને હુક્કો પીઉં છું.

(કાલીદાસનો પ્રવેશ.)

કાલી૦—કોણ! સુરેશ! ક્યારે આવ્યો દીકરા! ક્યારનો આવ્યો છે!

જગ૦—હું કહેતી હતી કે બબ્બે ચચ્ચાર કરીને શું કરવા છીના લે છે! ભાગલાગ લઇને જુદો થઇજા. વકીલ પાસે નોટિસ અપાવ. મુકદ્દમાનો ખર્ચ અમે આપીશું." તેને એ હસવામાં ઉડાવી દે છે.

કાલી૦—હારે હા. એ તો સૌ ધીમે ધીમે સમજમાં ઉતરશે. ધીમે ધીમે સમજાશે કેમ ભાઇ! કેમ આવવું પડયું?

સુરેશ—તમે બને વિદ્યાધર અને વિદ્યાધરીના દર્શન કરવા અને થોડા રૂપીઆ ઉધાર લેવા માટે.

જગ૦—સો રૂપીઆ?

સુરેશ—સુંદરી! એટલાજ.

જગ૦—પણ આજે એટલા બધા બની શકે તેમ નથી. હા. જો સોના ચારસો લખી આપે, તો વળી કંઇ ગોઠવણ કરીએ.

સુરેશ—વિદ્યાધરી! એટલા બધા!

(નેપથ્યમાં) કાલીદાસભાઈ ઘરમાં છે કે?

કાલી૦—કોણ છે એ? જુના નામે કોણ બોલાવે છે! હું તો હરદેવ ડૉકટર છું. જગમણિ કહી દે કે આતો હરદેવ ડૉકટરનું દવાખાનું છે. કાલીદાસનું ઘર આ ન્હોય!

સુરેશ—વિદ્યાધરી ! મને પાછલે રસ્તે બહાર કાઢ. રમેશભાઇ આવ્યા છે ! !

જગ૦—જા. ઘરની અંદર થઇને ચાલ્યો જા. રસોડા પાછળનું બારણું તૂટેલું છે. ત્યાંથી બહાર નીકળાશે.

(નેપથ્યમાં) ઘરમાં કોઇ છે કે ? કાલીદાસભાઇ ઘરમાં છે ?

જગ૦—આ કાલીદાસનું ઘર નથી. હુરદેવ ડૉક્ટરનું દવાખાનું છે.

(નેપથ્યમાં) ઠીક. હુરદેવ ડૉક્ટર ! હુરદેવ ડૉક્ટર તો હુરદેવ ડૉક્ટર.

કાલી૦—હું છુપાઇ જાઉં છું. જલદીજ વિદાય કરજે.

(કાલીદાસનું પ્રસ્થાન.)

(જગમણિ દરવાજો ઉઘાડે છે. રમેશનો પ્રવેશ.)

જગ૦—તમારે કોનું કામ છે ?

રમેશ—ડૉક્ટર સાહેબનું.

જગ૦—જે કહેવું હોય, તે મને કહી જાવ. હું એમને ત્યાં કંપાઉંડરનું કામ કરૂં છું.

રમેશ—તમે તો સ્ત્રી છો ? તમે કંપાઉંડરનું કામ કરો છો ?

જગ૦—એ બધું ઠીકે ઠીક છે.

રમેશ—ઠીકે ઠીક છે એટલે ?

જગ૦—હું ઘરમાં કામકાજ કરનારી દાસી છું. ડૉક્ટર સાહેબ ઘરમાં નથી.

રમેશ—ઘરમાં નથી ? તમે કંપાઉંડર અને દાસી પણ છો, તો ડૉક્ટર સાહેબને બોલાવી લાવો. એક જરૂરનું કામ છે. કંઇ બીવાનું કારણ નથી. એમને કહો કે લાભની વાત છે.

(નેપથ્યમાં કાલીદાસ) કોણ છેરે દાસી ? કોણ છે ?

(કાલીદાસનો પ્રવેશ.)

કાલી૦—હું હમણાંજ દરદીને જોઇને પાછલે રસ્તેથી આવ્યો છું.

રમેશ—બેસો. બેસો. કાલીદાસભાઈ કહું કે ડૉકટર હરદેવ કહું ? જે નામથી તમે પરિચય આપવા માંગતા હો, તેમાં મને કંઇ વાંધો નથી.

કાલી૦—તમારૂં નામ રમેશચંદ્ર છે ને !

રમેશ—હા, હું હમણાંજ મુખત્યાર થયો છું. તમે સુરતમાંથી એક સ્ત્રીને દગો દઇને તેના રૂપીઆ દબ્બો ગુલ કરી લાવ્યા છો. તેના ભત્રીજાએ મને આ કાગળ પત્ર આપ્યો છે. તમારા ઉપર વિશ્વાસઘાત કરવા માટે વૉરંટ કઢાવવાને આવ્યો છું.

કાલી૦—શું એક ગૃહસ્થના ઘરમાંજ બેસીને તમે તેનું અપમાન કરો છો ? ચપરાસી–

રમેશ—આપનો ચપરાસી તો આ સ્ત્રી છે અને તે તો અહીં મોજુદ છે. તમે આટલા બધા ગભરાવ નહિ. હું જે કહેવા આવ્યો છું તે સાંભળો. એ કાગળ પત્રો જોઇને હું સમજી ચૂકયો છું કે તમે એક અદ્વિતિય ચતુર પુરૂષ છો. તપાસ ચલાવતાં ધીમે ધીમે ખબર મળી કે અમદાવાદમાં તમે એક વકીલને ત્યાં કલાર્કનુંયે કામ કરેલું છે. હું હમણાં નવોસવો છુ. મને તમારા જેવા એક ખેલાડી આદમીની જરૂર છે. ગભરાશો નહિ. મેં તે સ્ત્રીના ભત્રીજાને હાંકી મેલ્યો છે. હવે એના ઉપર પાકા કાગળો પણ મોકલનાર

નથી તેને મેં કહ્યું છે કે ચારસો રૂપીઆ લઇ આવ. અત્યારે એ એની ચિંતામાં પડેલો છે. જુઓ એ કાગળો મારી પાસે છે.

કાલી૦—ક્યાં છે જોઉં? ક્યાં છે જોઉં?

રમેશ—આ રહ્યા, જુઓ, તમે તો ઓળખી પણ લીધા હશે. પણ એ કાગળો મારી પાસે રહેશે. તમારા હાથમાં નહિ આપું. હું નવો વકીલ છું એ વાત ખરી, પણ રેંજીપેંજી નથી. પાંચવાર નાપાસ થયા પછી પરીક્ષા પસાર કરી છે! તમે મારા ક્લાર્ક થશો એટલે મારી ઘણી પોલ તમારી નજરે પડશે. એટલે તમારી જડ પણ મારા હાથમાં રહેવી જોઇએ ને? આજકાલ ભાઇબંધીનો એજ નિયમ છે.

જગ૦—એ વાત તો ખરી, ભાઇ એ વાત તો ખરી! બુડથલ જેવો! ઓળખતો નથી? એમની સાથે વાતચીત કર, તારૂં તકદીર ખુલી જશે. એમણે કેવી મીઠી મીઠી વાતો કરી જાણે ભાગવતનો પાઠ! કહો, ભાઇ! શું કરવાનું છે? તમે જે કહેશો, તે આ અળુચકનો કાન આમળીને હું એની પાસે કરાવીશ.

રમેશ—વાહ! સુંદરી વાહ! તમારૂં નામ શું? તમે તો સાક્ષાત્ બુદ્ધિના અવતાર જણાવ છો!

જગ૦—મને વિદ્યાધરી કહો, જગમણિ કહો, માસી કહો કાકી કહો તમારી મોજ ફાવે તે કહો. હવે કામની વાત કરો.

રમેશ—સુરેશ નામનો છોકરો તમારે ત્યાં આવે છે ને?

કાલી૦—કયો સુરેશ !

જગ૦—અંહઃ કેવો ગમાર છે ! ઘરડો થયો પણ કોનો વિશ્વાસ કરવો અને કોનો નહિ તે પણ નથી જાણતો ? આવે છે, ભાઈ ! આવે છે.

રમેશ—તમારી પાસેથી ઉછીના રૂપીઆ લઇ જાય છે કે !

જગ૦—હા.

રમેશ—તેના હાથની લખેલી તમામ ચીઠ્ઠીઓ હું ખરીદી લઇશ. પણ તમારે એક કામ કરવું પડશે. જયારે એ આવે ત્યારે એક કાગળ ઉપર એની સહી કરાવી લેવી પડશે તેને કહેજો કે પાંચસો રૂપીઆ મળશે. તમારી પાસે થોડી પ્રોમીસરી નોટ રહેશે તે ઉપર એન્ડોર્સ (સહી) કરાવી લેજો. મુદ્દાની વાત એ છે કે હું તેના ભાગનો હક ખરીદી લેવા માગું છું.

કાલી૦—સમજયો. સમજયો.

રમેશ—સમજી ગયા ને ?

જગ૦—સમજી જવાથી શું વળ્યું ? તેને સમજાવવો બહુ કપરો છે. એને આજ છ મહીના થયા સમજાવ્યા કરૂં છું કે તારો હિસ્સો લઇ લે. એ કહે છે કે મોટાભાઈ ઉપર હું કૉર્ટમાં દાવો નહિ માંડું.

રમેશ—એના હાથની ચીઠ્ઠીઓ કેટલા રૂપીઆની છે ?

કાલી૦—ચારસો પાંચસો રૂપીઆની હશે.

રમેશ—એને દમ ભરાવો કે હું ફરીઆદ કરીશ.

જગ૦—એમ થાય તો તો એ રાજીજ છે ને ! કહે છે કે મોટાભાઇ મને જેલ જવા દેશે ? મોટાભાઈ નહિ આપશે, તો જ્ઞાનદાભાભી ચુકવી આપશે. એટલે શું કરીએ

રમેશ—ઠીક છે ! આગળ ઉપર જોઇ લેવાશે. તમે મારા કલાર્ક તરીકે કામ કરશો ? કાલથી આવજો. પગાર નહિ મળે. તમે જે કેસ લાવશો તેમાં દશઆની અને છઆની ભાગ વહેંચી લઇશું. એ છઆની ભાગ તમારા પગારપેટે સમજજો.

કાલીદ—ના ભાઈ ! મારા હાથે કેસ આવવા જરા મુશ્કેલ છે. એકવાર મારૂં નામ બદનામ થયું હતું, ત્યારનો હું અહીંથી ચાલ્યો પણ ગયો હતો. પગાર વગર કામ નહિ ચાલે. દવાખાનું ખોલ્યું છે. ગોલા ઘાંચી મોચીના મહોલ્લામાં આંટા મારી આવું છું એટલે આઠ આના રોજ પડી રહે છે. વળી બીજું થોડુંક કામ છે તેમાંથીયે મળી રહે છે. વીસ રૂપીઆ મહીને આપજો. તમે છઆની ભાગ કહો છો તો હું કહું છું કે ચારઆની ભાગ આપજો. બસ !

રમેસ—ઠીક. એમ રાખો ત્યારે.

જગ૦—તમારે કોઇ ચપરાસીની જરૂર પડશે ને ?

રમેશ—તે તો હું શોધીને ગમે તે કોઇને રાખી લઇશ.

જગ૦—શું કરવા નવો માણસ શોધવા જાવ છો ? મનેજ રાખી લ્યોને. હુંજ કાગળ પત્ર લઈ જઈશ.

રમેશ—એ તો હું જાણું છું કે તમે “સખ બંદરકાં વેપારી” છો. પરંતુ અહીં પણ તમારે દવાખાનું ચલાવવાનું છે ને ? વળી બીજાં પણ કામ છે તે હું તમને સોંપીશ.

જગ૦—દવાખાનું પણ ચાલુ રહેશે !

રમેશ—કેમ ચાલુ નહિ રહે ? સવાર, સાંજ કાકા જઇને પોતાના જુના દરદીઓને જોઈ આવશે. દિવસે તમે દવા આપ્યા કરજો.

જગ૦—જીવતા રહો! ભાઇ જીવતા રહો! જોયું ગમાર! આદમીને ઓળખતો નથી!

રમેશ—ચાલો ત્યારે, હવે હું જઇશ કાલથી આવજો હું તમને મારી સાથે રાખીશ. કાકી! જાઉં છું.

કાળી૦—અગીઆર વાગે આવીશ તો ચાલશે ને?

રમેશ—હા, ચાલશે.

(પ્રસ્થાન)

કાળી૦—જગમણિ! આપણું નશીબ ઉઘડી ગયું કે શું? વળી પાછો એક વકીલ હાથ ઉપર ચઢયો છે. હવે કંઇ ફીકર કરવા જેવું નથી. આ પડોશની જમીન પેલી સાળીને શીશામાં ઉતારીને સો દોઢસો રૂપીઆમાં પડાવી લઇશ. ધના મીસ્રી પાસે એક ગાડી તૈયાર કરાવી લઇશ અને બે અરબી ઘોડા મંગાવીશ અને બાગ તો બનાવવો જોઇએને? ફળફુલ શાકની પંચાતી મટી જાય, જગમણિ! આમ મુગી કેમ ઉભી છે? બોલતી કેમ નથી?

જગ૦—કહી દે, કહીદે, જોઉં તો ખરી કે તારી અક્કલ કયાં સુધી પહોંચે છે! તું તો જેવો હતો તેવોજ ભોથડ રહ્યો. દેખાવે તો એ છોકરો છે, પણ ભલભલાના કાન આમળે તેવો છે, હું કહું છું કે ગમે તેમ કરી સુરેશને સકંજામાં રાખ. એ કુટુંબમાં ફૂટફાટ પડી છે. મુકદમા–તૈયાર કર. સુરેશને લઇને કોઇ વકીલને ત્યાં જા. એ પૈસા બધા વસુલ થઇ જશે.

કાળી૦—અરે વાહરે તારી અક્કલ! પછી વિશ્વાસઘાત માટે મારા ઉપર રમેશ કેસ ચલાવે તો? મને જેલજાત્રા નહિ મોકલે? પેલી સ્રીના બધા કાગળપત્ર એની પાસે છે ને!

જગ૦—મેં તો મારી નજરે જોયા છે, એમાં તું શું કહેવાનો છે? શું તું આજે કેસ માંડી શકશે? અરે બે વર્ષે દાવો કરી શકે તો ધનભાગ્ય! એ વકીલ છે. હજાર જાતના પથરા ફેંકશે. અને મારી આ વાત ધ્યાનમાં રહે કે કોઇને જરૂર એ ઝેર દેવડાવવા માગે છે. આથીજ દવાખાનું બંધ નહિ કરવા જણાવ્યું છે. બે દહાડામાં એને રમાડી દઈશ અને બધો હૈયાનો ગળ જાણી લઇશ.

(સુરેશનો ફરીથી પ્રવેશ)

સુરેશ—વિદ્યાધરી! રમેશભાઈ અહીં શા માટે આવ્યા હતા?

જગ૦—અરે, તારૂં તો નસીબ ઉઘડી ગયું! તારૂં તો નસીબ ઉઘડી ગયું (પોતાની ચરણુરજ તેના મસ્તકે ચઢાવે છે.)

સુરેશ—અરેરે! મારા વાળ બગડશે.

જગ૦—પાંચસો રૂપીઆ! માત્ર એક સહી કરવી પડશે. બસ!

સુરેશ—મારે પાંચસો નથી જોઇતા. મને તો બસ દશ રૂપીઆ આપો. જુઓ આ ટીકીટ મારેલી ચીઠ્ઠી લાવ્યો છું.

જગ૦—લક્ષ્મી ચાંલ્લો કરવા આવી છે, ત્યારે મોં ધોવા ન જા.

કાળી૦—એ ખરૂં કહે છે. તું આટલો બધો ભોટ કેમ છે?

સુરેશ—જુઓ કાકા! વિદ્યાધરી! સાંભળો. આજે પાંચ દશ રૂપીઆ લઉં છું તે ચુકવી આપતાં મોટાભાઇને કંઈ ખટકશે નહિ અને ચુકવી પણ આપશે. પાંચસો રૂપીઆ આપવા માંગો છો, ત્યારે પચાસ હજાર લખાવી લેવાની મતલબ હશે. ખરૂંને? તમે એમ માનતા હશો કે રૂપીઆની લાલચમાં આ ભોળીઆ રાજા સહી કરી આપશે. જો મારા રૂપીઆ હોતે કની, તો આમ ઠગાવામાં હરકત નાહ, પણ આવી રીતે તમે મોટાભાઈનું સત્યાનાશ નહિ વાળી શકો.

જન્મથી હું મોટાભાઇનું અન્ન ખાઉં છું એવા તો કોઇના યે મોટાભાઇ નહિ હોય!

જગ૦—હવે હું એક પાઇ પણ નહિ આપું. જે રૂપીઆ લીધા છે તે પાછા આપી દે, નહિ તો ફરીઆદ કરીશ.

સુરેશ—તેમ કરવા તો હું રોજ સવારસાંજ તમારી પ્રાર્થના કરૂં છું. વિદ્યાધરી! જજજ સાહેબ પણ ઇંદ્રની અપ્સરાને જોશે અને મારૂં દેવું પણ પતી જશે. વળી શરાફોના બજારમાં મારૂં નામ જાણીતું થશે અને કાકાને બેચાર ઘરાક મળી જશે તમારા આ ચંદ્રવદનના જેટલા થોડા દર્શન થાય તેટલા સારા. સમજયાં! કહો! રૂપીઆ આપવા છે કે નહિ?

જગ૦—નહિ, મારી પાસે રૂપીઆ નથી.

સુરેશ—ત્યારે તો જાઉં છું, સાહેબજી, કાકા! દશ રૂપીઆ લઇને પચાસ લખાવી લેનાર નો બહુયે ધીરનાર મળી રહેશે.

(સુરેશનું પ્રસ્થાન)

જગ૦—મુશ્કેલ! જોયું! આમ સીધી રીતે એ નહિ માને. એને તો અટંપટં સમજાવીને શીશામાં ઉતારવો પડશે. જો કોઈ રીતે એના મનમાં એમ ઠસાવી શકાય કે સહી કરી આપવાથી મોટાભાઈના ઉપર ઉપકાર થશે, તો એ તરત ખત પત્ર ઉપર સહી કરી આપે.

કાળી૦—કેવી રીતે? કેવી રીતે?

જગ૦—ઉભા રહો, હું જરા વિચાર કરી લઉં, ચાલો પહેલાં જમી લઇએ.

(બંનેનું પ્રસ્થાન)

પ્રવેશ ત્રીજો.

ઘરની અંદરનો ઓરડો.

[પ્રફુલ્લ અને સુરેશ.]

સુરેશ—શું ભાભી ! મોટાભાઇની તબીયત ખરેખર બહુ બગડી હતી ?

પ્રફુલ્લ—ભાઇ ! મારા તો હાથપગ કંપે છે. માજી રડે છે. ભાઇજીને કોઇએ કંઇ પીવડાવી દીધું છે.

સુરેશ—મોટાભાઇ હમણાં કયાં છે ?

પ્રફુલ્લ—હમણા તબીયત જરા સુધારા ઉપર છે. સુતેલા છે. જલદીથી તમને શોધી લાવવા માટે દાસીને મોકલી હતી. જો તમે તે વખતે ભાઇજીનો આર્તનાદ સાંભળ્યો હોત ! ડૉક્ટર આવ્યા, માથે પાણી રેડયું ત્યારે તબીયત સ્હેજ સુધરી. જદુ જેટલો રડતો હતો તેટલીજ હું પણ રડતી હતી. એવી સત્યાનાશી ચીજ કોઇ પીતું હશે ! ભાભીજીને લાત મારી, જદુને તમાચો ચોઢી દીધો. માજીને ગાળો દીધી.

સુરેશ—મોટાભાઇએ કંઈ ખાધું પીધું કે નહિ ?

પ્રફુલ્લ—ડૉકટરે કાંજી પીવા કહ્યું હતું તે ચાર ઘુંટડા પીધી છે. હવે મગની ખીચડી ખાશે. ભાઇ! એવી રીતે ફરી કોઈ પીવડાવી દે તો ! માજી કહે છે કે ચારે બાજુ દુશ્મનો છે. અને આવું જોઇને તે લોક હસે છે.

સુરેશ—હમણાં તો તબીયત ઠીક છે ને?

પ્રફુલ્લ—મહેતાજીને બોલાવીને કંઈ કામ સોંપ્યું તો છે-ચીઠ્ઠી લખી આપી છે, પણ જો કંઈ ખવડાવી પીવડાવી દે તો? મને તો ભાઈ, રડવું આવી જાય છે.

સુરેશ—હું પણ તેનોજ વિચાર કરૂં છું. હાથમાં પૈસાટકા કંઇ નથી, નહિ તો એક તાવીજ બનાવડાવી લાવતે. જો એ તાવીજ પહેરવામાં આવે, તો પછી વાંકો વાળ પણ નહિ થઈ શકે.

પ્રફુલ્લ—હેં! હેં! એવું તાવીજ છે?

સુરેશ—અરે એનાં શું વખાણ કરૂં? મહેતાજીને ત્યાં પણ એવુંજ હતું એને ત્યાંની વહુએ જયારથી તાવીજ પહેર્યું, ત્યારથી કોઈ કંઈ ખવડાવીપીવડાવી શકતું નથી. શું પીવડાવ્યું છે તે જાણો છો? મંત્રેલું લાલપાણી! એ તો એમ સમજો કે સારે નશીબે શૂળીનું વિઘ્ન કાંટેથી ગયું. એનાથી તો લોક ગાંડા પણ થઇ જાય છે, એ મંત્રેલું પાણી એવું આવે છે. કે જો તમે પીઓ તો થેઈ થેઈ કરી નાચવા માંડો.

પ્રફુલ્લ—બસ, બસ. એવાજ હાલ હતા. ત્યારે તમે એ તાવીજ નહિ લાવો? હમણાં હું ભાભીજી પાસેથી રૂપીઆ લઈ આવું છું.

સુરેશ—એમ ચાલતું હોત, તો પછી ફીકરજ શાની! પણ મોટી ભાભીના પૈસાથી આણેલા તાવીજથી કંઈ ફાયદો નહિ થાય.

પ્રફુલ્લ—ત્યારે કેમ કરીએ? મારી પાસે તો આઠ આનાના પૈસા છે.

સુરેશ—અને પેલાં વાળીઓ તો તમે હવે પહેરતા નથી.
પ્રફુલ્લ—હા, તે તો મેં ઉતારીને મૂકી છાંડી છે.
સુરેશ—જો એ મળી જાય તો કામ પાર પડી જાય.
પ્રફુલ્લ—ત્યારે લો. બે તાવીજ બનાવી લાવજો. હું પણ એક છાનુંછપનું પહેરી મુકીશ કે એમને પણ કાંઈ કરી નહિ મૂકે.

(પ્રફુલ્લનું પ્રસ્થાન.)

સુરેશ—જોઉં છું કે કેમ પાર ઉતરે છે (લખે છે) રમેશભાઇ. પ્રફુલ્લભાભીની વાળીઓ સ્વરૂપચંદને ત્યાં દશ રૂપીએ ગીરો મૂકી છે, ભાઇ તો વાંચીનેજ ખુશ ખુશ થઇ જશે. કહેશે કે ખુબ કરી! કેમરે જદુ! કેમ રડે છે?

(યાદવનો પ્રવેશ)

યાદવ—કાકા! બાપાજીની તબીયત બગડી છે.
સુરેશ—બગડી હતી એ વાત ખરી, પણ હવે તો સુધરી ગઈ છે. જા, જઇને જો. રડે છે શા માટે? તારી તો તબીયત સારી છે ને?
યાદવ—બાપાજી મને રોજ બોલાવતા હતા, આજે નહિ બોલાવ્યો.
સુરેશ—તું એમની પાસે તો જા-બોલાવશે.
યાદવ—પણ તમે બહાર નહિ જતા હોં કે! વખતે તબીયત ફરી બગડે.
સુરેશ—નહિ હવે તબીયત નહિ બગડે.

(પ્રફુલ્લનો પ્રવેશ.)

પ્રફુલ્લ—લો ભાઇ! (વાળીઓ આપે છે.)

સુરેશ—ભાભી ! જદુને મોટા ભાઇના ઓરડામાં લઇ જાવ. અને આ ચીઠ્ઠી રમેશ ભાઇને આપજો. (ચીઠ્ઠી આપે છે)

યાદવ—કાકી ! મને રડવું આવે છે. ફરીથી તો તબીયત નહિ બગડે ને ?

પ્રફુલ્લ—ના ભાઈ ! હવે તબીયત નહિ બગડે. ચાલ તને લઈ જાઉં

સુરેશ—જદુ ! જા. રડતો નહિ હોં. હું તને એક ફક્કડ દડો અને બેટ અપાવીશ. અને કાલે હું તને કિલ્લાના મેદાનમાં રમવા તેડી જઈશ. (યાદવને લઇને પ્રફુલ્લ જાય છે)

રમેશ—ભાઇ તો સામેથીજ આવતા જણાય છે ને ? મજુરને માથે દારૂની બાટલીઓની પેટી માલમ પડે છે, એમને માટે પણ તાવીજ બનાવવું પડશે. મોટાભાઇ જયારે રેડી રેડીને પીએ છે ત્યારે દૂર ઉભો ઉભો હું બધો તમાસો જોઉં છું. હું ગમે તે કરીશ, પણ દારૂને તો હાથ પણ નહિ લગાડું.

(રમેશનો પ્રવેશ.)

રમેશ—સુરેશ અહીં ઉભો રહીને શું કરે છે !

સુરેશ—તમારા ઉપર એક ચીઠ્ઠી આવી હતી તે આપવા આવ્યો છું.

રમેશ—ક્યાં છે ? લાવ.

સુરેશ—પ્રફુલ્લભાભીને આપી છે.

રમેશ—તારા હાથમાં શું છે ?

સુરેશ—પાન. પેલા મજુરને માથે શું છે ?

રમેશ—એતો સાહેબને બક્ષીસ મોકલવાની છે.

સુરેશ—હં.

રમેશ—(હેલકરીને) અરે એય ! આ ખધું અહીં મૂક અને પેટી પેલે ઠેકાણે મૂક.

(હેલકરી આવીને પેટી મૂકી જાય છે.)

રમેશ—જેનાથી બીજાને નુકસાન છે તેનાથીજ મને લાભ છે. ભાઈ કરતાં વધારે નુકસાન કરનાર બીજું કોણ છે? પહેલો મામાં ભાગ વળી બાપની મીલકત્તમાં હિસ્સો ! ભાઇના કરતાં બીજો કોઈ મોટો દુશ્મન નથી ઇતિહાસની સાક્ષી ! મહાભારત વાંચો ! ઔરંગઝેબના હાલ જુઓ. આ દારૂ મોટાભાઇને સાટે હાનિકારક છે, તો મને લાભ કારક છે. આ મીલકતનું લેણદારો લીલામ કરાવશે અને શું હું ઉભો ઉભો જોયા કરીશ? મારેથી કેમ જોયું જાય? મોટાભાઇનેયે થાપ આપવી જોઇએ અને લ્હેણદારોને પણ સુઠનો સવાદ ચખાડવો જોઇએ. દારૂ પીવાની લત છે એટલે સહી કરાવી લેવામાં કંઈ મુશ્કેલી નથી પડવાની. આજે કે કાલે ભાગલાગના દસ્તાવેજ ઉપર સહી કરાવી લઉં. રજીસ્ટર કરાવવાની ચિંતા શું, પણ તેતો જોઇ લેવાશે. શરાબ મારો મદદગાર છે. એટલે મામલો ઠંડો પડવા ન દેવા જોઇએ. આજેજ મોટાભાઇને દારૂ પાઈશ. ચાલ જરા ત્યાં તો જાઉં.

(પ્રસ્થાન.)

પ્રવેશ ચોથો.

યોગેશનું ઘર.

યોગેશ અને જ્ઞાનદા

જ્ઞાનદા—જદુને તમે થપ્પડ મારીની. તે અહીંતહીં રડતો ફરે છે. જરા એને પાસે તો બોલાવો.

યોગે૦—શું બોલાવું ? મારા બચ્ચાંને પણ મોઢું બતાવતાં મને શરમ લાગે છે. એ કેવી સત્યાનાશ વાળનારી લતમાં હું પડયો ? સત્યાનાશની ઉપર મારે હાથેથી આ વધારાનું સત્યાનાશ !

જ્ઞાન૦—હવે એ વાતોનો ખ્યાલ છોડીદો. હવે એને હાથ પણ ન લગાડશો.

યોગે૦—પછી ?

જ્ઞાન૦—જરા જદુને બોલાવો.

યોગે૦—જદુ ! અહીં આવ બેટા !

(યાદવનો પ્રવેશ)

યોગે૦—કેમ રડે છે ? રડતો નહિ. મેં તને માર્યો' તો ? બહુ સખત વાગ્યું ?

યાદવ—ના પિતાજી ! તમારી તબીયત બગડી આવી હતી ?

યોગેશ—બગડી હતી ખરી, પણ હવે તો સારૂં થઇ ગયું.

યાદવ—હવે તો પાછી નહિ બગડેને ?

યોગેશ—નહિ, હવે તબીયત નહિ બગડે. હવે શું કરવા રડે છે?

યાદવ—પિતાજી! હવે તબીયત નહિ બગડેને? મા રડતી હતી, મોટીબા રડતા હતા કાકી રડતા હતા.

યોગેશ—નહિ, હવે તબીયત નહીં બગડે, તું મોટી બા પાસે જઇને વાર્તા સાંભળ.

યાદવ—નહિ, પિતાજી! મારે વાર્તા સાંભળવી નથી. તમારી પાસે બેસીશ.

જ્ઞાનદા—જા. જઇને વાર્તા સાંભળ, અથવા સુઇ જા. (યોગેશને) હા, પણ તમે શું જમશો? મગની ખીચડી કરી આપું?

યોગેશ—નહિ નહિ, આ બળયા મોંઢામાં આજે કંઇ નહિ પેસે.

જ્ઞાનદા—ત્યારે જરા સુઇ રહો.

યોગેશ—સુઇ રહીશ. રમેશને એકવાત કહેવા બોલાવ્યો છે. તેને કહીને સુઈ જઈશ.

જ્ઞાનદા—ચાલ, જદુ! તું જમશે ને?

યાદવ—બા! બાપુજીની તબીયત ફરીથી બગડે તો?

જ્ઞાનદા—હવે નહિ બગડે.

(યાદવને લઇને જ્ઞાનદાનું પ્રસ્થાન)

યોગેશ—એકજ દિવસમાં કેવો અનર્થ થઈ ગયો! દારૂની કેવી બુરી અસર છે! હજી હમણાં શરાબ પીને તોફાન કરી ચુકયો છું, તોયે જીવ થાય છે કે પી લઉં તો ઠીક. આટલું બધું સત્યાનાશ વળી ગયું છે, પણ સ્વપ્નમાં જેવું જણાય છે! શું અંતે દેવાળીઆ થવું પડશે? બાળબચ્ચા અને સ્ત્રીઓ તો રસ્તાના ભિખારી થઇ ગયા છે. ઓહો એમ

થાય છે કે વળી પાછો દારૂ પીને બેભાન થાઉં! આઃ શું મનુષ્યનું આટલું બધું સત્યાનાશ વળી જાય છે?

(રમેશનો પ્રવેશ)

યોગેશ—ભાઇ! બધું સાંભળ્યું!

રમેશ—જી, કેમ સાંભળ્યું ન હોય?

યોગેશ—દારૂ પીને મેં ઉત્પાત માંડયો'તો.

રમેશ—હશે. એકાએક આવા માઠા સમાચાર સાભળી લોક કુવોહવાડો પુરે છે. તમે બહુજ ઠીક કર્યું; નહિતો અણધાર્યો આઘાતથી કંઇ વિપત્તિઓ ઝઝૂમતે.

યોગેશ—અરે શું ઠીક કર્યું? ધૂળ! માએ અન્નનો દાણો સરખો નથી ખાધો. જદુને થપ્પડ મારી. ઘરમાં રડારોળ મચી રહી દુશ્મનોને હસાવ્યા.

રમેશ—નહિ, નહિ, તમે સમજયા નહિ, આવા સંજોગમાં બહુ સખત બિમારીના ભોગ થઇ પડવું અસંભવિત નહોતું.

યોગેશ—ખેર, થવાનું તે થઇ ગયું. ઢોળાએલા દુધ ઉપર વિલાપ કરવાથી શું વળે? કારભાર બંધ કર્યો છે. વેપારીઓનું લગભગ દોઢ લાખ રૂપીઆનું દેવું છે. મીલકત વેચી દેવું પતાવ્યા વિના ચાલે તેમ નથી આથી લેણદારો પાસે મુદત માંગી લઈ દલાલ શોધી મૂકું છું.

રમેશ—મા કંઇ કહેતા હતાને? તે એમ કહે છે કે હમણાં વેચવાથી શું કિંમત ઉપજશે? પાણીને મૂલે મીલ્કત જતી રહેશે; એથી એવી સલાહ આપે છે કે બધી માલ મીલકત મોટી ભાભીને નામે ચઢાવી દેવી પછી ધીમે ધીમે વેચીને બધું દેવું ચુકવવું.

યોગેશ—છટ ! તે તો સ્ત્રી છે તેથી એમ કહે છે, પણ તું પણ આવી વાત કરે છે ? નામ રહેશે, તો મહેનત મજુરી કરવાથી પણ પેટ પુરતું મળી રહેશે. ફરી ખાવાનું મળે કે ન મળે ! લેણદારોએ મારામાં વિશ્વાસ મૂકીને બધી મીલ્કત રહેવા દીધી છે શું હું વિશ્વાસઘાત કરૂં ?

રમેશ—હા એમ તો ખરૂં, એમ તો ખરૂં, પણ એક વાત છે કે એ વાજબી ભાવે મીલ્કત નહિ વેચાય, તો બધું દેવું નહિ પતાવાય

યોગેશ—હું બધા લેણદારોને બોલાવી કહું છું કે મારી આ સ્થિતિ છે. તમે જાત આ મીલ્કત વેચીને વસુલ કરીલો એમ કરવા છતાં પણ નહિ રાજી થાય, તો જેલ ભોગવીને પણ એમનું દેવું ચુકવીશ, હવે મારી મીલકત વેપારીઓની છે. તેમની જે મરજી હશે, તેમ થશે. મારૂં સત્યાનાશ તો જરૂર વળી ગયું છે, પણ હું ભારદઇને કહી શકું છું, કે મેં કોઇને પણ દગો નથી દીધો, જે લોક દગાખાજ છે, તે કદી પણ વેપારી થઇ શકતા નથી. વિશ્વાસ એ વેપારની જડ છે, જોતો નથી આપણે હિંદીઓની જાત એવી છે કે આપણે એક બીજા ઉપર વિશ્વાસ રાખતા નથી. રોજગારમાં જણાય છે કે તેથી લોકની ચડતી થતી નથી. મેં લોકનો વિશ્વાસ મેળવ્યો હતો એ વિશ્વાસને આધારે મેં જે કરવું હતું તે કર્યું. એ વિશ્વાસને હું કદી પણ ડગવા નહિ દઉં. એને માટે જોઇએ, તો જેલજાત્રા કરવી પડે, મારી જોઇએ

તો બીજાને ત્યાં રાંધી વાસણ માંજીને પેટ ભરે, ભુખનો માર્યો મારો જદુ જોઈએ તો મરી જાય, તોયે તે બહેતર છે.

રમેશ—હું પણ તેમજ કહું છું. પણ માજીએ કહ્યું હતું તેથી જણાવ્યું.

યોગેશ—માજી ભલે કહે, અધર્મ પ્રમાણે ચાલવાને સલાહ આપનાર ચાહે મા હોકે બાપ, પણ તેની વાત સાંભળવી ન જોઇએ. આજે રાતેજ તું લેણદારોને બોલાવ, હું કંઇ ગોઠવણ કરૂં. એમ કર્યા વિના ચાલશે નહિ.

રમેશ—કાલે સવારે બોલાવીશ. મોટા ભાઇ ! એક ગરીબ છોકરાને કોલેરા થયો છે. થોડી બ્રાંડી પીવડાવું ? એનાથી કંઇ ફાયદો થશે ? તે છોકરાનો બાપ મારી પાસે દવા લેવા આવ્યો હતો. તમે મને બોલાવ્યો, એટલે હું અહીં ચાલ્યો આવ્યો.

યોગેશ—ત્યારે આપણા ડોકટરનેજ મોકલને ?

રમેશ—ડોકટર સાહેબ આવી તપાસી ગયા હતા અને થોડી બ્રાન્ડી આપવા જણાવી ગયા છે.

યોગેશ—ત્યારે દવાખાનેથી મંગાવીલે.

રમેશ—મંગાવવાની કંઇ જરૂર નથી. મારી પાસે છે. ઘરમાં બિમારીઓ વખતે જરૂર પડે છે એટલે એક બાટલી મંગાવી રાખી છે. હું જઇને આપી આવું ?

યોગેશ—જલદી પાછો આવજે, મારા ચિત્તની વ્યગ્રતા મટતી નથી. ગમે તેમ કરી આજે રાતે લેણદારોને સમજાવવા

ગોઠવણ કરવી જોઇએ.

(રમેશનું પ્રસ્થાન)

યોગેશ—મોઢે મોઢે જુદી જુદી વાત છે. શું કરૂં? માજીની સલાહ પણ નહિં અણઠારવી મુશ્કેલ છે.

(દિનેશનો પ્રવેશ)

દિનેશ—મોટાભાઈ! આટલી આપું કે થોડી?

યોગેશ—વધારે નહિ આપતો.

દિનેશ—મોટાભાઈ! હું આજે વેપારીઓને ખબર આપી દઉં છું. કાલે સવારે સૌ આવી પહોંચશે મને ખબર મળી છે કે તે લોક હિસાબ કિતાબ તૈયાર કરી રહ્યા છે. આજે બધા આવી શકશે નહિ.

(દારૂની બાટલી મૂકીને રમેશનું પ્રસ્થાન.)

(યાદવનો પ્રવેશ)

યોગેશ—કેમરે જદુ! પાછો કેમ આવ્યો?

યાદવ—પિતાજી! મોટીબા રડે છે.

યોગેશ—કેમ?

યાદવ—સુરેશ કાકાએ પ્રફુલ્લ કાકીની વાળીઓ ચોરી લીધી.

યોગેશ—અરે? આ શું? આ શું સત્યાનાશના સમાચાર! અંતે મારે આ બધું જોવા વારો આવ્યો મનમાંને મનમાં મને એમ લાગતું કે પ્રયત્નથી બધું થઇ રહે છે, પણ આજે મારૂં એ ઘમંડ ઉતરી ગયું. પુરૂષાર્થ કરવાથી એંક દેવાળું કાઢતાં ન અટકી, ગરીબ થતાં ન બચ્યો; વૃદ્ધ માતાને વૃંદાવન નહિ મોકલી શક્યો, પુરૂષાર્થથી કંઇ

થઈ શકતું નથી. મેં જન્મસુધી પુરૂષાર્થ કર્યો, પરિણામ શું આવ્યું ? ચિંતા ! ચિંતા ! ચિંતામાંજ આખી જીંદગી વીતી !!

યાદવ—પિતાજી ! શું કહી રહ્યા છો ! મને બીક લાગે છે !

યોગેશ—બીક લાગે છે ! મારૂં શું ? હવે કશી વાતની પરવા નહિ કરૂં, જે થવાનું હોય, તે થાય. આજથી હું પુરૂષાર્થ કરવો છોડી દઉં છું. આ મદિરાદેવી છે ! (શીશો ઉપાડે છે.) જ્યારે કૃપા કરીને તમારી મેળેજ આવ્યા છો, ત્યારે હું તમને છોડી શકતો નથી. આજથી હું તમારો દાસ થયો.

(શરાબ પીએ છે.)

યાદવ—પિતાજી ! આ શું કરો છો ? મને બીક લાગે છે. તમે ન પીઓ.

યોગેશ—તું જા. હું તારો બાપ નથી બસ ! વિસ્મૃતિ વિસ્મૃતિ ! મને ભૂલી જવા દો !

યાદવ—પિતાજી ! તમારી તબીયત બગડશે ! મોટીબા કહેતા હતા કે દારૂ પીવાથી તમારી તબીયત બગડી હતી. પિતાજી હવે બસ કરો !

યોગેશ—જા ! તું જા ! આજથી કામકાજ છોડીને મેં મારી જાતને મદિરા દેવીને અર્પણ કરી. જેની મરજીમાં ફાવે તે કહે. લોકનિંદા થવાની હોય, તે થાય ! હશે શો ભો' રહ્યો છે ?

(દારૂ પીએ છે.)

(સુરેશનો પ્રવેશ)

સુરેશ—મોટાભાઇ! આશું કરી રહ્યા છો?

યોગેશ—કોણ, સુરેશ? જેમ ફાવે તેમ કરજે ભાઇ! હવે હું તને કંઇ નહિ કહું. ગમે ત્યાં ભટકતો ફર, મજા કરતો ફર, કંઈ પણ કામ ધંધો નહિ કર. મેં બહુ ઉદ્યોગ ધંધો કરી જોયો, કંઇ સાર નથી! કંઈ સાર નથી! છેતરાઇને શીખ્યો છું. હવે વિચાર કરવો વ્યર્થ છે. શેનો વિચાર કરૂં? જે થવાનું છે તે થશે. ચારે બાજુ અંધકારજ નજરે પડે છે. બસ! ખુબ અંધાધુંધ દારૂ પીવાદે.

સુરેશ—ઓ માજી! જલદી આવો. મોટાભાઈ ફરી પાછા દારૂ પીએ છે.

યોગેશ—માજીને બોલાવે છે? બોલાવ, હું બીતો નથી. હવે માજીનો ભય રહ્યો નથી. સંકોચ નથી. મર્યાદા નથી. હું અભાગીઓ છું. અભાગીઆને સંકોચ શો? અને મર્યાદા શી? કંઇ ડર નથી! બસ! જા, આ અંગુઠી લઇ જા. બે બાટલી દારૂ લઇ આવ. એક બાટલી તું લે અને બીજી મને આપ.

(ઉમાસુંદરીનો પ્રવેશ)

ઉમા૦—ભાઇ! વળી પાછો આ શો ઉત્પાત માંડયો?

યોગેશ—કંઈ નહિ. માજી તમે જાવ, ઉંઘ આવવાની દવા પી રહયો છું.

(દારૂ પીએ છે)

ઉમા૦—ઓ સુરેશ! ઉભો ઉભો જોઈ શું રહ્યો છે? છીનવી લે.

યોગેશ—ખબરદાર ! મારી નાખીશ.

(રમેશનો ફરી પ્રવેશ.)

ઉમા૦—આ રમેશ ? જો મોટાભાઇ શું સત્યાનાશ વાળવા બેઠા છે ?

રમેશ—માજી ! તમે જતા રહો, જતા રહો, જેમ જેમ તમે ના પાડશો, તેમ તેમ એ પીતા જશે. દારૂડીઆની આવીજ હાલત થાય છે.

યોગેશ—પીવાનોજ તો, હવે કોનો ભય છે ? ત્રીસ વરસ સુધી લોકલાજથી બીને ચાલ્યો શું ફળ મળ્યું ?

રમેશ—આ સુરેશ, માજીને લઇજા. હું મોટાભાઇને શાંત કરૂં છું. જેમ જેમ તમે કહેશો તેમ તેમ એની હઠ વધતી જશે. જદુને પણ લઇજા.

સુરેશ—ચાલ જદુ, માજી ? ચાલો,

ઉમા૦—હાય ! મારૂં સત્યાનાશ વળી ગયું રે ! !

રમેશ—માજી ! રડો નહિ, ચારે બાજુ દુશ્મનો હસી રહેલ છે.

સુરેશ—માજી ! ચાલો. રમેશ ભાઇ હમણાં શાંત કરી દેશે !

રમેશ—જાવ. શામાટે ઉભા રહ્યા છો ? કેમ જતા નથી !

(સુરેશ, યાદવ, અને ઉમાનું પ્રસ્થાન)

રમેશ—મોટાભાઇ ! તમે ખુબ પી શકો છો ?

યોગેશ—હા, વીસ બાટલી પીશ. જા, બીજી બે બાટલી લઇ આવ.

રમેશ—પીને હોશમાં રહો ત્યારે તો......

યોગેશ—હું સાવધ જ છું. સાવધ રહીશ. તું જાણે છે હું શા-

માટે પીઉં છું ? મારૂં સત્યાનાશ વળી ગયું—હૈયું જેવું સુનું સુનું લાગે છે, તેથી પીઉં છું. મને દારૂડીઆ સમજતા નહિ.

રમેશ—દારૂડીઆ નથી થઇ ગયા ત્યારે શું છો ?

યોગેશ—ચુપ રહે !

રમેશ—ચુપ રહે, એમ ! હોંશિયારીમાં છો, ત્યારે લખો તો ખરા.

યોગેશ—ઠીક લાવ ખડીઆ કલમ.

રમેશ—એમ લખવાનું નથી. ખરાબર સહી કરી શકો, ત્યારે હું જાણું.

(રમેશ કાગળ, કલમ, અને ખડીઓ આપે છે.)

યોગેશ—(સહી કરીને) વાહ ! વાહ ! કેવી સરસ સહી થઇ છે ! બસ સહીજ કરાવવી હતી ? સીલ મહોર કરી આપું ? લાવ.

રમેશ—કરો તો ખરા.

(યોગેશ મહોર કરી આપે છે.)

રમેશ—(સ્વાગત) એક કામ તો પત્યું. હવે રજીસ્ટર શી રીતે કરાવવું ? ઠીક છે, જોઈ લેવાશે.

યોગેશ—શું ? શું ? શું વિચાર કરે છે ? હું જાણું છું કે તેં તારૂં કામ કાઢી લીધું છે. હવે તેમ કર. મને દારૂ આપ.

(ઉમાનો પ્રવેશ)

ઉમા૦—ઓ રમેશ ! હજીસુધી મોટાભાઇનો મિજાસ ઠંડો નથી પડયો !

રમેશ—વળી પાછી આવી પહોચી; તમને ફાવે તેમ કરો, હું જાઉં છું.

(રમેશનું પ્રસ્થાન)

યોગેશ—માજી! તમે મનાઇ કરવા આવ્યા છો? હવે દારૂ નહિ પીઉં? શા માટે ન પીઉં? આ ત્રીસ વરસ સુધી મહેનત કરી કરીને મર્યો. શામાટે? મેં શું કામ કર્યું? તમે જન્મારાથી ઘરડે ઘડપણ ગુલામડીની પેઠે કામકાજ કર્યા કર્યું. મેં તમારી શી સેવા કરી? તમારે માટે શું કર્યું? જે પારકી જણીને પરણીને આપણે ઘેર લઇ આવ્યો, એણે ગુલામડીથી પણ ખરાબ દશામાં રહીને ઘર સંસાર નીભાવ્યો તેને માટે શું કર્યું? એક પુત્ર હતો, તેને માટે શું સાચવી મૂક્યું? ભાઇ ચોર નીવડ્યો તેને શું સુધારી શક્યો? મને બેનમાં સમજીને રમેશ સહી કરાવી ગયો, કોણ જાણે એની શી મતલબ હશે? પુરૂષાર્થ કરીને જાણી જોઇને તો એ બધું કર્યું. તમે એમ સમજો છો કે હું નશો કરવા દારૂ પીઉં છું? નહિ, મનમાં જ્યારે આગ પુરજોશથી સળગી રહે છે ત્યારે તેને બુઝાવવા માટે પાણી પીઉં છું. (શરાબ પીએ છે) માજી! મને કશું કહેશો નહિ! તમારો યોગેશ આજે મરી ગયો. એમ તમે સમજો.

(યોગેશનું પ્રસ્થાન)

ઉમા૦—ભાઈ, ક્યાં જાય છે? ઓ ભાઈ! ક્યાં છે! ઓ સુરેશ મોટાભાઇને જો.

[પ્રસ્થાન]

અંક બીજો.

પ્રવેશ પહેલો.

યોગેશના ઘરની બહારની બેઠક.

(બેંકનો કેશીઅર અને રમેશ.)

કેશીઅર—રમેશભાઇ! તમારા મોટા ભાઈ ક્યાં છે?

રમેશ—એમની તબીયત બહુ બગડેલી છે; સુતેલા છે.

કેશીઅર—બોલાવો, બોલાવો, સાંભળતાંજ તબીયત સુધરી જશે. હું બહુ સારા સમાચાર લાવ્યો છું!

રમેશ—જગાડી શકતો નથી. ડોકટર સાહેબે વારે ઘડીએ ઉઠાડવાની મનાઇ કરી છે. વળી કોઇ ખબરથી મનની લાગણીઓ ઉશ્કેરાઇ ન જાય તેની ખાસ સંભાળ લેવા જણાવ્યું છે.

કેશીઅર—હા, એ વાત તો ખરી છે. બહુ સખ્ત આઘાત લાગ્યો છે. ખેર અત્યારે હું તમને કહી જાઉં છું. તમે નિરાશ ન થશો. ગઇ કાલે બેંકના એજન્ટ પાસે ખાનગી તાર આવ્યો છે. તેમાં એવી ખબર છે કે બેંકને દેવાળું કાઢવું નહિ પડે. પંદર દિવસમાંજ બેંક ફરીથી લેવડ દેવડ શરૂ કરી શકશે, આ વાતની કોઇને જાણ થઇ નથી. બેંકના સેક્રેટરીએ અને તમે જાણ્યું છે. તમારા મોટાભાઇ મારા પરમ મિત્ર છે. આ સાંભળી તેમની છાતી ઉપરથી મોટો બોજો ઓછો થઇ જશે. એમ સમજી વધામણીના સમાચાર કહેવા આવ્યો હતો.

રમેશ—અત્યારે તો આ ખબર એમને નહિ આપી શકાય. સાંભ-

ભળીને કદાચ ઉન્માદ વધે ! એમનું હૈયું નબળું પડી ગયું છે.

કેશીયર—કંઇ ફીકર નહિ. તમને તો ખબર મળી છે. પંદર દિવસમાં કંઇ નવું પગલું ભરતા નહિ ! આ ખબર ચોક્કસ છે કે બેંક તૂટવાની નથી.

રમેશ—આ ખબર પહોંચાડવા માટે હું તમારો હૃદયપૂર્વક આભાર માનું છું.

કેશીયર—મને બીજા ઘણાં જરૂરી કામ છે એટલે જઇશ ! સાહેબજી !

(કેશીયરનું પ્રસ્થાન)

રમેશ—સાહેબજી ! જો આજે પેલા ફોર્મને રજીસ્ટર નહિ કરાવી શકયો, તો કર્યા કારવ્યાપર પાણી ફરશે. કેશીયર અને મોટા ભાઇની મુલાકાત થતાંજ બધી બાજી બગડી જશે. આજે હું રજીસ્ટર નહિ કરાવી શકું અને જો બેંક રૂપીઆ ચુકવવા માંડે તો પણ સુરેશનો ત્રીજા હિસ્સાનો ભાગ તો લઈ લેવોજ પડશે. જો મોટાભાઇને ખબર પડી જાય ? ખબર પડે, તો પડવા દે. મારો ભાગ કોણ અટકાવનાર છે ? આ સંયુક્ત હિંદુ કુટુંબ છે, મેં વાળીની ચોરી થવાની ખબર આપી હતી. હવે એનો પણ ઉપયોગ કરી શકાશે. સુરેશ પાસે સહી કરાવી લેવામાં ઠીક સુગમ થઈ પડશે. જેલ જાત્રાની બીકે તે જરૂર સહી કરી આપશે. સહી કરી આપે કે નહિ, પણ પ્રયત્ન તો જરૂર કરવોજ જોઇએ. પેલા કાળીદાસ આવતા જણાય છેને !

(કાળીદાસનો પ્રવેશ.)

કાળી૦—મને કેમ બોલાવવો પડયો ?

રમેશ—જુઓ વાળીની ચોરી થઇ છે એવો રિપોર્ટ મેં પોલીસમાં કર્યો છે. કોણે ચોરી કરી છે, શી રીતે થઇ, ઇત્યાદિ કશું જણાવ્યું નથી. તું હમણાં જઇને પોલીસ ગેટ ઉપર ખબર આપ કે એ વીંટી સ્વરૂપચંદ મારવાડીને ત્યાં છે, પોલીસ તપાસ કરીને તરત માલ જપ્તીમાં લેશે. સ્વરૂપચંદ મારવાડી પણ સુરેશનું નામ તરત જણાવી દેશે. આજે જગમણિની મદદથી સુરેશને તમારે ત્યાં રોકી રાખજો.

કાળી૦—મીલ્કત ટ્રાન્સફર કરવાના ફોર્મ ઉપર તો તમે મોટા-ભાઈ પાસેથી સહી કરાવી લીધી હશે; ત્યારે સુરેશને રોકી રાખવાની શી જરૂર છે? એ ફોર્મ રજીસ્ટર થઇ ગયા પછી સુરેશનો ભાગલાગ તો રહેશે નહિ. એટલે ધમકાવી ફોસલાવી લખાવી લેવાનો નથીને?

રમેશ—ના, પણ લખાવી લીધો હોય તો ઠીક.

કાળી૦—કદાચ એ ફોર્મ બનાવટી ઠરે તો?

રમેશ—પણ એ ટ્રાન્સફર કંઇ મારા નામે નથી કરાવ્યું તો?

કાળી૦—ત્યારે કોના નામ ઉપર છે?

રમેશ—તમારી અક્કલ કોઇ કોઇ વાર ચરવા જાય છે તો, એક આદમી શોધી રાખવા મેં તમને જણાવેલું ને? આ બધી ખટપટ મટી જાય એટલે કોઈ માણસને શાલ ઓઢા-ડીને રજીસ્ટર કરાવવા લઇ જઇશું.

કાળી૦—કોના નામે ટ્રાન્સફર કરાવ્યું છે અને રજીસ્ટર કોની પાસે કરાવવા ધાર્યું છે?

રમેશ—એટલું પણ સમજી શકતા નથી! વડોદરાના કોઇ

ચંદ્રકાન્ત નામના શખસને નામે ચઢાવ્યું છે. કોઇને કંઇ લાલચ આપી ચંદ્રકાન્ત બનાવીશું. આજે ગમે તે પ્રકારે રજીસ્ટર થવું જોઇએ.

કાળી૦—તમે ઠીક તોડ કાઢયો. મારો એક ભાણેજ છે, હજી હમણાં હમણાંજ અહીં આવી રહ્યો છે, તેનજ વડોદરાના ચંદ્રકાન્ત તરીકે ઓળખાવી લઇશું પણ તેને થોડા ઘણા રૂપીઆ ચાંપવા પડશે.

રમેશ—એ તો સૌ થઇ રહેશે, પહેલાં જઇને ચોરીનો માલ સ્વરૂપચંદ શેઠને ત્યાં છે એમ જાહેર કર.

કાળી૦—ઠીક છે,

(કાળીદાસનું પ્રસ્થાન)

રમેશ—કોઇ પણ પ્રકારે પીતાંબર હાથમાં ચઢી જાય, તો બેડો પાર થઇ જાય.

(પીતાંબરનો પ્રવેશ)

પીતાં૦—છી છી છી! કેવી અક્કલ છે! ભાઇ! તમારે ઘરની એબ છુપાવવી જોઇએ કે વેપારીને એમ જણાવવું જોઇએ કે મોટાભાઈ દારૂ પીને પડેલા છે.

રમેશ—એમ ન કહેત તો વેપારી લોક સમજુતિ કરવા તૈયાર થાત ખરા કે? લેણદારો એમ જાણે કે મોટાભાઈ ઘરબાર વેચીને દેવું ચુકવવા રાજી છે, તો એક પાઇ પણ ઓછી લે નહિ. પેલું ફોર્મ જોઇને પણ એ લોકો ઢીલા નહિ પડે તો. તમે તો જાણતા નથી એ લોકો તો કહે છે કે રૂપીઆ આપી દો, નહિં તો મોટા ભાઇને જેલમાં બેસાડીશું.

મોટા ભાઈ તો બધી મીલ્કત વેંચી નાખતે. એમ નહિ કરતે તો પાસે શું બચતે?

પીતાં૦—આમ કરીને તમે આખા શહેરમાં શેઠની આબરૂનું લિલામ કર્યું ને? એ મીલ્કત શા વીસાતમાં છે? જો મીલ્કત રહી તો નામ બદનામ થશે લોક દગલખોર કહી અપમાન કરશે તો પછી શું રહ્યું? હું જઈને શેઠને જગાડું છું અને તમે જે પગલાં લો છો તે જણાવું છું.

રમેશ—મોટા ભાઈનો જીવ લીધા વિના તમે નહિ સમજવાના કે? તમે નથી જાણતા કે રૂપીઆની હાયને લીધેજ મોટા-ભાઈ દારૂ પીએ છે? શું હું મારી રાજીખુશીથી મીલ્કત બચાવું છું? આજે તમે આ જોઇ રહ્યા છો, પણ જે દિવસે ઘરબાર વેચીને ભાડાના મકાનમાં રહેવા જશે તે દહાડે ફાંસી ખાઇને આપઘાત કરશે. બધું ફરીથી આવી મળશે, પણ જીવ આવી મળવાનો નથી. પીતાંબર! તમે શું જાણો? તમારા તો એ સગાભાઈ નથી? તમારી નોકરી જશે, તો બીજી મળશે ધર્મપૂર્વક તમેજ કહો કે મોટાભાઇની આવી કફોડી દશા તમે કદી જોઇ હતી? એ રૂપીઆની હાય નહિ તો બીજું શું?

પીતાં૦—લેણદારોના દેખતાં તમે એમને દારૂડીઆ શા માટે કહ્યા?

રમેશ—મનોવ્યથાને લીધે મોઢેથી નીકળી ગયું? આ દિવસોમાં મારૂં મન કંઇ મારે કબજે છે? હું જાણે મનમાં ને મનમાં મરી રહયો છું, તમને કહું છું કે, મારી વાત સાંભળો.

મોટાભાઇ પૂછશે, ત્યારે હું કહીશ કે સઘળા વેપારીઓ ઓછે પતાવવા રાજી છે, તમે પણ હા કહેજો.

પીતાં૦—આજે તો હું કહી દઇશ, પણ પછી?

રમેશ—આજે કહો તો ખરા, પછી હું લેણદારોનું મન મનાવી લઇશ, તમે શું કરવા ફીકર કરો છો?

પીતાં૦—જેમ ઠીક લાગે તેમ કરો. દોઢ લાખ રૂપીઆ દેવા પડે છે. તમે માત્ર પાંચ હજાર રૂપીઆ આપી પતાવવા માંગો છો? મને તો એમ લાગે છે કે એ લોક રાજી નહિં થાય.

રમેશ—પીતાંબર! તમારી પાસે ભિક્ષા માંગી લઉં છું કે હું કહું છું તે સાંભળો! મોટાભાઇને બચાવો! મોટાભાઇનો જીવ ઉગરશે તો બધું બચશે.

પીતાં૦—હા, એ વાત ખરી છે રૂપીઆની હાયને લીધેજ એમણે દારૂ પીવા માંડયો છે. પણ ભાઇ! એ વાત તમે વેપારીઓને નહિં કરી હોત તો, ઠીક થાત. હવે સૌ એમ માનવાના કે શેઠ તો દારૂડીઆ અને દગાબાજ છે.

રમેશ—જે થઇ ગયું તે થઇ ગયું. હવે માત્ર એક ઉપકાર કરો માજી પેલા ચક્રમ મદનનું કહેવું ઉથાપતાં નથી. એની પાસે માજીને કહેવડાવો કે તે મોટાભાઇની મીલ્કત રજીસ્ટર કરાવે. રજીસ્ટર થઇ ગયા પછી જોઉં છું કે વેપારી લોક કેમ મનાતા નથી?

પીતાં૦—હું કહેવડાવવાનો પ્રયત્ન કરીશ, પણ મારી ખાત્રી છે કે, મોટી શેઠાણી કે જ્ઞાનદા શેઠાણીના કહેવા છતાંયે શેઠ એમ કરવાને તૈયાર નહિં થાય.

રમેશ—પણ પ્રયત્ન તો કરવો જોઇએ.

(પીતાંબરનું પ્રસ્થાન)

રમેશ—ભાભી ! ભાભી !

(જ્ઞાનદાનો પ્રવેશ)

જ્ઞાનદા૦—કેમ ?

રમેશ—જરા આમ આવો.

જ્ઞાનદા૦—શું કહો છો ? ત્યાં આવવાથી વળી પાછા એ લવારા ઉપર ચઢશે ?

રમેશ—અહીં કોઈ નથી. સાંભળો, ભાભી ! બધી મિલ્કત જવાની હોય તો ભલે જાય, તેની મને પરવા નથી, ઘરસંસાર ચલાવવાની પણ મને ચિંતા નથી. હું મહેનત મજુરી કરીને ઘરનો ખર્ચ નીભાવીશ ! મને તો એજ ચિંતા છે કે મોટાભાઇને કેવી રીતે બચાવું ? જુઓ તો છો ? મોટા ભાઇ તો સાક્ષાત્ ભોળા શંભુના અવતાર જેવા હતા ! રૂપીઆની હાયમાં દારૂ પીવા લાગ્યા અને તેના કેફમાં કહે છે કે ઘરબાર વેચી દેવું પતાવો પણ ભાભી ! ઘર વેચ્યુ કે મોટાભાઇને બચાવવા મુશ્કેલ થઇ પડશે. એ ફટકો જીવલેણ થશે.

જ્ઞાનદા—તો ભાઇ ! કહો હું શું કરૂં ? મારા તો હાથપગ જાણે થરથર ધ્રુજે છે.

રમેશ—નહિ ! તમે ધીરજ ધરો. જો તમે આમ ગભરાઇ જશો, તો અમારા બધાની શી દશા ?

જ્ઞાનદા—તો ભાઇ! કહો હું શું કરૂં? ભાઇ મને તો જાણે એમ થાય છે કે જાણે ખૂબ મોટી પોક મુકીને રડું. કાલે રાત ભરમાં સહેજ ઉંઘ પણ નથી આવી. જદુ આખી રાત ધ્રુસ્કે ધ્રુસ્કે રડતો હતો અને ભાઇ! તમે એનું રડવું કકળવું જોયું હોત! બસ પાણી આપો જીવ નીકળી જાય છે એજ ધુન લાગી હતી. સવારનો એક ગ્લાસ પાણી પીને સુઈ રહ્યા છે!

રમેશ—એક ઉપાય છે, જો પેલા દસ્તાવેજને રજીસ્ટર કરાવવા મોટા ભાઇને સમજાવો તો પછી કાંઈ ફીકર નહીં.

જ્ઞાનદા—શેનું રજીસ્ટર કરાવવાનું છે?

રમેશ—મોટાભાઇની બધી મીલકત બીજાના નામ ઉપર ચઢાવી દઉં છું. અને તેના ફોર્મ ઉપર સહી પણ કરી ચુકયા છે પણ રજીષ્ટર કરાવવાની વાત આવે છે કે નારાજ થઇ જાય છે. રજીસ્ટરથી લખાણ પઢાણ પાકું થાય છે. એમ નહિ થાય તો જેના રૂપીઆ બાકી છે તે લોક મીલકત લિલામ કરીને વસુલ કરશે.

જ્ઞાનદા—ત્યારે દેવું શી રીતે પતે?

રમેશ—ધીમે ધીમે બધો બંદોબસ્ત કરીશ. જુઓ આ નવો રસ્તો કાઢવાનો છે. એમાં ઘણા ઘર તોડી પડાવવાના છે. ઘરની કીંમત ત્રણ ગણી મળશે બે ઘર આપવાથી બધું પતાવી શકાશે.

જ્ઞાનદા૦—પણ દેવું માથે ઉભું રાખવા એ રાજી નહિ થાય તો!

રમેશ—ભાઈ કહે છે કે રૂપીઆ જતા રહેવાના શોકને લીધે

દારૂ પીઉં છું. ઘર વેચાઇ જશે તો ગળે ફાંસો ખાઈ આપ ઘાત કરશે.

જ્ઞાનદા૦—ભાઇ! હવે વધુ ન કહેશો, હવે કંઈ ન કહેશો.

રમેશ—એમ પ્રભુજી ઉઠવાથી શું વળશે? ઘર વેચવાથી કંઇને કંઇ અનર્થ થશે. માજી કહે, તમે કહો, હું કહું—

જ્ઞાનદા૦—માજી પાસેજ કહેવડાવીશ. હું કહેવા જાઉં તો મને ધુતકારી કાઢે.

રમેશ—માજી કહે ત્યારે તમે પણ હાજર રહેજો. જાઓ, માજીને સમજાવીને કહો, મોટાભાઇ ઉઠે ત્યારે તેમને સમજાવીને માજી પાસે લઈ જજો. હું પણ ત્યાં હાજર રહીશ.

(જ્ઞાનદાનું પ્રસ્થાન)

(નેપથ્યમાં)—રમેશભાઈ! રમેશભાઇ!

રમેશ—કોણ, ઇન્સ્પેકટર મી. કર્ણિક, આમ આવો.

(જમાદાર અને ઈન્સ્પેકટર મી. કર્ણિકનો પ્રવેશ.)

રમેશ—કેમ સાહેબ! વાળીનો કંઇ પત્તો લાગ્યો!

ઇન્સ્પે૦—બહુ માઠું થયું!

રમેશ—શું!

ઈન્સ્પે૦—સ્વરૂપચંદ શેઠની દુકાનેથી વાળીઓ મળી આવી છે, તેને પૂછતાં જણાયું કે તમારાજ પનોતા ભાઇ સુરેશે ચોરી કરી છે!

રમેશ—કેવી વિચિત્ર વાત! શું સુરેશે ચોરી કરી છે?

ઇન્સ્પે૦—આતો સાપે છછુંદર ગળ્યા જેવું થયું. કહો હવે શું કરૂં? સ્વરૂપચંદને છોડી મૂકીશ તો તે કમિશ્નર સાહેબને રિપોર્ટ કરશે.

રમેશ—અરે કેવી તરકટી વાત! સુરેશે ચોરી કરી! એ સાળા સ્વરૂપચંદની પોકળ દમદાટી છે.

ઇન્સ્પે૦—નહિ સાહેબ! દમદાટી નથી. આ જમાદારના દેખતાં તમારો ભાઈ એને ત્યાં ગીરો મૂકી આવ્યો હતો. એ આજે બહારગામથી પાછો ફર્યો છે. આ ચોરીના રિપો-ર્ટની વાત એને ખબર નહોતી સાંભળતાંજ કહ્યું કેઃ સુરેશે ગીરો મુકેલી છે. જો સુરેશને બદલે બીજો કોઇ હોત તો તરતજ તેને ગીરફતાર કરત. પહેરા ઉપર એણે ઉભા ઉભા સુરેશને બોલતાં કાનેકાન સાંભળ્યું છે કે આ વાળીઓ ભાઇની છે. ભાભીને બનાવીને લઇ આવ્યો છું.

જમાદાર—હા, સાહેબ! બધું સાચું છે, મેં મારે કાને સાંભળ્યું છે.

રમેશ—હેં! સત્યાનાશની ઉપરથી સત્યાનાશ! સુરેશ ચોર બન્યો!

ઇન્સ્પે૦—હવે થોડો ઘણો ખર્ચ કરવો પડશે રમણ નામનો એક બદમાશ ચોર છે તેને ચારસો પાંચસો રૂપીઆ આપવાથી તે પોતાને માથે ચોરીનો આરોપ વ્હોરી લેશે. કહો તો એ સાળાને પકડી લાઉં ને મુકદ્દમો ચલાવું અને સુરેશને બચાઉં.

રમેશ—આ શું કહો છો ? ઇન્સ્પેકટર સાહેબ ! શું મારે હાથે કોઇ નિર્દોષ માણસને સજા કરાવીશ ? જયાં સુધી દેહમાં જીવ છે ત્યાં લગી એવું નહિ બને. હું ઇમાનદારી ઉપર છરી ફેરવી શકતો નથી.

ઇન્સ્પે૦—ત્યારે હવે બીજો ઉપાય શો ?

રમેશ—મને એ વિષે કાંઇ પૂછતા નહિ. જે ઠીક લાગે તે કરો

ઇન્સ્પે૦—આ શું કહો છો ? તમારા ભાઇને જેલ જવું પડશે ?

રમેશ—હું અન્યાય નહિ કરૂં ઇશ્વર મારો મદદગાર છે. ઓહ !

જમાદાર—સાહેબ ! થોડો ખર્ચ કરવાથી અમે લોક પણ તમારા મદદગાર થઇ જઇશું.

ઇન્સ્પે૦—ત્યારે સાહેબજી !

રમેશ—હું બીજું શું કરૂં ? ઓહ ! ઓહ !

જમાદાર—ખરેખરો છે !

(એક બાજુએથી ઇન્સ્પેકટર અને જમાદાર અને બીજી બાજુએથી રમેશ જાય છે.)

પ્રવેશ બીજો.

યોગેશનું ઘર.

(જ્ઞાનદા અને યોગેશ.)

જ્ઞાન૦—તબીયત ખરાબ છે, સુઇ રહો. ઉઠીને કેમ બેઠા?

(રમેશનો પ્રવેશ)

રમેશ—ભાઇ ! તમે બહુ ઓઢયું છે. શું ટાઢ વાય છે?

યોગેશ—કોણ જાણે ભાઇ! ઝેબ વળે છે અને ટાઢ પણ વાય છે

રમેશ—આ શું ? હું ડૉકટરને બોલાવી લાઉં છું.

યોગેશ—ઉભો રહે, ઉભો રહે, વેપારીઓનો શું બંદોબસ્ત કર્યો?

રમેશ—બધું બરાબર છે. હું હમણાં આવું છું. પણ ઝરી છુટે છે અને ધ્રુજારી પણ આવે છે એ શું ?

(રમેશનું પ્રસ્થાન)

યોગેશ—મારી પાસે આવો મને ભય લાગે છે, જાણે કોઇ આજુ બાજુ ફરી રહ્યું છે!

જ્ઞાન૦—કોઈ તો નથી એ તો ખાલી ભ્રમણા છે.

યોગેશ—હા, કોઇ નથી. કોઈક કાનમાં ગુસપુસ કરી રહ્યું છે, એ બધું શું ? શું હજી સુધી ઘેન ચઢેલું છે? મગજ ઘુમે છે. કલેજું ધડક ધડક થાય છે. છાતી ઉપર જરા

હાથ મૂક-શું ગઈ કાલે મેં કંઈ તોફાન કર્યું હતું? કાંઇ યાદ નથી.

જ્ઞાન૦—ના, તમે કંઇ કર્યું નથી સુઇ રહો.

યોગેશ--નહિ, આંખો મીંચવાથી ભય લાગે છે. હું બેસી રહીશ આખું શરીર જાણે કમકમી રહ્યું છે.

(નેપથ્યમાં) ભાભી જરા દૂર જાવ ડોકટર સાહેબ આવે છે.

(જ્ઞાનદાનું પ્રસ્થાન)

(કાળીદાસને લઇ રમેશનો પ્રવેશ.)

યોગેશ--અરે! આ કોણ છે?

રમેશ—મોટા ભાઇ! હું ડોકટરને લઇને આવ્યો છું. સાહેબ! જુઓ ટાઢ પણ વાય છે અને ઝરી પણ છુટે છે.

કાળી૦—શું દરદી આલ્કોહોલનો ઉપયોગ કરે છે?

રમેશ—હાજી સ્હેજસાજ.

કાળી૦—તેનુંજ આ પરિણામ છે પણ કાંઇ ધાસ્તી જેવું નથી. જે ગભરામણથી તમે મારી પાસે આવ્યા હતા તે બેઇ હું તો સમજયો કે એપોપ્લેકસી થયું છે! રીએકશન થયું છે એટલે થોડાજ રમ દારૂમાં દવા આપજો.

યોગેશ—નહિ હવે હું દારૂને નહિ અડકું.

કાળી૦—હા. દારૂ તો તમારે તદ્દન છોડવોજ પડશે.

રમેશ—ભાઇ! ઘરમાં કિવનાઇન હોય તો પોર્ટવાઈન સાથે થોડું થોડું આપજો. રીએકશન બહુ જોરમાં છે-કેમ ભાઇ! કંઇ ભય જેવું લાગે છે કે?

યોગેશ—હાજી ! આખું શરીર કમકમી રહે છે અને સ્હેજસાજ બીક પણ લાગે છે.

કાળીo—હા, આથી કોલાપ્સ થવાનો સંભવ રહે છે. એક કામ કરજો, બાર આંઉસ પોર્ટવાઇન, ત્રણ ગ્રેઇન કિવનાઈનની સાથે સોડા વોટરમાં થોડી થોડી વારે આપજો બહુ રીએકશન થયું છે ગભરાશો નહિ. સારૂં થઇ જશે પણ હવેથી સોગંદ ખાવ કે દારૂને હાથ પણ નહિ અડાડો.

રમેશ—ત્યારે દવા તમારાં દવાખાનાથીજ મોકલાવજોને ?

કાળીo—ઠીક ત્યારે તમારા માણસને મોકલજો.

રમેશ—ચાલો.

(રમેશ અને કાળીદાસનું પ્રસ્થાન)

યોગેશ—એમ જણાય છે કે થોડો પોર્ટવાઇન પીવાથી ફાયદો થશે શરીરમાં જાણે કશો દમ રહયો નથી. એક ડોઝ પીને સુઇ રહીશ. ડોકટર હોંશિયાર આદમી છે. રોગની પરીક્ષા સારી કરી.

(જ્ઞાનદાનો પ્રવેશ)

જ્ઞાનદા—કેમ ? ડોકટરે શું કહ્યું ?

યોગેશ—દવા મોકલવાનું જણાવી ગયા છે.

જ્ઞાનદા—કંઇ ડર તો નથી ને ?

યોગેશ—ના.

(રમેશનો પ્રવેશ)

રમેશ—મોટા ભાઇ ! મારી પાસે પોર્ટવાઇન છે. થોડી કિવનાઈન અને સોડા સાથે પીઓ. બે ભાગ થશે પછીથી બજા-

રમાંથી મંગાવી લઇશ (જ્ઞાનદાને ઇશારાથી) ભાભી! માજીને બોલાવી લાવો.

યોગેશ—શું કહે છે?

રમેશ—એમ કહું છું કે ભય જેવું કંઈ નથી.

(જ્ઞાનદાનું પ્રસ્થાન)

યોગેશ—કેમ ભાઇ! આમાં તો બ્રાન્ડીની ગંધ આવે છે.

રમેશ—અહીં મળી શકતો સૌથી સારામાં સારો પોર્ટ વાઇન એ છે જાણતા નથી? રંગમાં પણ થોડો ફેર છે ને? એડ-વોકેટ જનરલને માટે ફ્રાન્સથી મંગાવ્યો હતો. હું થોડોક લઇ આવ્યો. બેએક જણ માંગીને થોડો લઇ ગયા. હવે થોડો રહ્યો છે.

યોગેશ—પીવાથી સ્હેજ નિશો પણ જણાય છે, પણ તબીયત કંઇક ઠીક જણાય છે. એનો સ્વાદ પણ બ્રાંડી જેવોજ છે.

રમેશ—બ્રાંડીનો રંગ કંઇ આના જેવો હોય છે?

(એક નોકર દવા આપીને જાય છે)

યોગેશ—કેવી રીતે પીવાનું જણાવ્યું છે?

રમેશ—થોડી થોડીવારે જરા જરા પીજો. આ બે શીશીઓ છે. જુઓ! મારા પોર્ટવાઇન અને દવાનો એક સરખો રંગ છે તે? આ દવા હમણાં પીઓ.

યોગેશ—વેપારીઓ માટે શું કર્યું?

રમેશ—આજે એ વાત પૂછશો નહિ. સાંભળીને વળી તબીયત વધારે બગડશે.

યોગેશ—નહિ, એ વાત નહિ સાંભળવાથી મારી તબીયત વધારે બગડશે.

રમેશ—વેપારીઓને તો રૂપીઆજ જોઇએ છે. તમારી તબીયત ખરાબ છે. અમે એ સંબંધી ઘરમાં કંઇ વિચાર કરી જોયો નથી; એટલે કંઈ જણાવ્યું નથી.

યોગેશ—વળી વિચાર શેનો કરવાનો હતો? બધું વેચી સાટીને દેવું ચુકવવાનું. આમ કરવા માટે વેપારીઓ પાસે થોડો વખત માંગી લો.

(જ્ઞાનદા અને ઉમાનો પ્રવેશ)

રમેશ—જુઓ મોટાભાઇ કહે છે કે બધું વેચી સાટીને વેપારીઓનું લ્હેણું ચુકવી આપો, પણ જો બે મહીના પછી વેચીએ તો બમણા ત્રમણા પૈસા મળે. માત્ર બે ઘર વેચવાથીજ બધું દેવું પતી જાય. પણ એ તો વેચવાજ માંગે છે હવે હું શું કરૂં?

જ્ઞાનદા—તો એટલી ઉતાવળ શું છે? બે દિવસ વધારે થોભી જાવ. આમ ધાડધાડ કરીને શું ઘરના માણસો પાસે ભીખ મંગાવવી છે?

ઉમા૦—ભાઇ યોગેશ! મારી પણ એવી સલાહ છે કે જરા ધીરજથી વેચો. છોકરો છે. બે નાના ભાઇ છે, વળી હું ઘરડી મા છું. આપણે ભાડાનું મકાન લઇ કયાં રહેવા જઇશું?

યોગેશ—માજી! તમે પણ આજ વાત કરો છો?

ઉમા૦—ભાઈ આમ કહેવામાં મને કંઈ સુખ કે હરખ થાય છે? ચાર દહાડા પછી વધુ કિંમત ઉપજે અને રહેવાનું ઘર બચી જાય, તો શું હરકત છે? બહુ થશે, તો વેપારી લોક એટલી મુદતનું વ્યાજ લેશે.

રમેશ—હું એમને બે ટકાનું વ્યાજ આપીશ.

યોગેશ—રમેશ! તારી પણ એજ સલાહ છે?

રમેશ—મોટાભાઇ! આમ કરવામાં મને કાંઇ સ્વાર્થ છે? કહો આપણે કયાં જઇએ? ઘરડી માને લઇને કોને બારણે જઉં? જદુનું શું? સુરેશની શી દશા થાય? હું કોઇને દગો દેવા કે ફસાવવા તો નથી માંગતો? બે દિવસ વહેલા કે મોડા બધાના રૂપીઆ ચુકવી દઇશ.

યોગેશ—વેપારી લોક સમજશે?

રમેશ—ગમે તેમ કરી સમજાવવા પડશે.

યોગેશ—શું કરશો? ચોકખે ચોકખી વાત કરંઅે સમજી જાય તો ઠીક છે, કંઇ ચાલાકી કરવા હું માંગતો નથી.

રમેશ—બતાવો બા! હું શું કરૂં? વેપારીઓને જો એમ ખબર પડે કે મોટાભાઇ બધું વેચી સાટીને પોતાનું ઋણ અદા કરવા માંગે છે તો તો એ લોક આજેજ વેચવાનો તગાદો કરેને? અને જો મોટાભાઇ વેચવાજ માંગતા હોય, તો કંઇ એક દહાડામાં એ બધું કામ થઇ જવાનું છે? કોઈ વળી ખોટાઇ કરીને દાવો પણ માંડે તેને સમજાવો ફોસલાવો. પાઘડી ઉતારો, નહિંતો વળી તે કોર્ટમાંથી ડીક્રી કરાવી લઇ પાણીને મૂલે મીલ્કત લિલામ કરાવી નાખશે.

યોગેશ—કહે ત્યારે તું શું કરવા માંગે છે?

રમેશ—મેં પીતાંબર સાથે વિચાર કરી જોયો છે. તેણે ઠીક ઉપાય બતાવ્યો છે. કહે છે કે મીલ્કત બીજાના નામે ચઢાવી દો.

યોગેશ—શું? બીજાને નામે ચઢાવી દઉં? આ તો દગલબાજી કહેવાય?

રમેશ—મોટાભાઈ! જો ખરેખર દગલબાજી કરતા નહિ હોઇએ, તો દગો નહિ કહેવાય. તમે ભાભીને નામે એક ઘર લખી આપ્યું છે ભાભીએ શું તેના રૂપીઆ તમને આપ્યા છે? તમે તમારી કમાઇના રૂપીઆથીજ તે ખરીદ્યુ હતું કહોની કે એ પણ દગોજ કહેવાય. તમે કહેશો કે મારી કમાઇ-માંથી મકાન ખરીદીને એને આપ્યું છે. જો સુરેશ એમ કહે કે અમે બધા એક ઘરમાં છીએ, મોટાભાઇએ બધાને છેતરવા માટે એક ઘરમાં ભેગા રાખ્યા છે. હવે તમેજ કહો; તમે આટલા દહાડા અમને ખવડાવ્યું, પીવડાવ્યું, પહેરાવ્યું ઓઢાડયું તે દગાબાજી કરી છે?

યોગેશ—હં! (દારૂ પીએ છે)

ઉમા૦—આ શું પીએ છે?

રમેશ—એ તો દવા છે. મોટાભાઇ! તમારે જોઇએ તો મને કેદમાં મોકલો, હું આ દુર્દશા નથી જોઇ શકતો સર્વસ્વ જતું રહેશે, જદુ કંગાળ થઇ જશે, બીજાને ત્યાં રાંધી સીધીને ભાભીને પેટનો ખાડો પુરવો પડશે માને પીએર

મોકલવા પડશે, મારા જીવતાં જીવત એ નહિ બને. હું કહું છું કે ગઈ કાલે ટ્રાન્સફરના ફોર્મ ઉપર મેં સહી કરાવી છે. હું રજીસ્ટ્રારને બોલાવી લાઉં? તમે તેને કહી દેજો કે આ બધો દગો છે. એટલે મને પકડી જશે. બધી પંચાતી મટી જશે. કાળેપાણી ચાલ્યો જઇશ. એટલે મારે આ દેખવું યે નહિ અને દાઝવુંયે નહિ. મને કંઇ કહેવાનું યે નહિ. જોયું, મા! બે દહાડા માટે ધીરજ નથી રખાતી! તમે કહો છો, ભાભી કહે છે, જુનો નોકર પીતાંબર કહે છે પણ નથી માનતા. આમ કરવાથી લાખના બાર હજારને ભાવે મીલકત જતી રહેશે અને દેવાદારના દેવાદાર રહેવાના.

યોગેશ—રમેશ! રમેશ! શું મેં સહી કરી આપી છે?

રમેશ—જી! તમે ક્યાં કરી આપી છે? હું તો કહું છું ને કે મેં કરાવી લીધી છે?

યોગેશ—શું ત્યારે હું દગલબાજ થઇ ચુક્યો?

ઉમા૦—ભાઇ મારૂં કહેવું માન. રમેશ જે કહે છે તે સાંભળ. તારૂં ભલું થશે. જો ભાઈ! રૂપીઆની હાયને લીધે તો તેં દારૂ પીવા માંડયો છે, પછી જયારે ઘર વેચાઈ જશે, ત્યારે જીવ હાથમાં રહેશે? દેવાથી હું કેટલી ડરૂં છું તે તો તું જાણે છેને? હું તારા ભલાને માટે કહું છું, વ્યાજ અને મુદ્દલની પઇએ પઈ ચુકવી આપજે. આજ આપવા માટે મરજી છે, નહિ અપાય તો ચાર દહાડા રહીને આપજે.

રમેશ—મા! આજે વેચવાથી દેવું ક્યાં પતી જાય છે? એમ થતું હોત, તો હું એમ સમજત કે ઠીક છે મહેનત મજુરી કરીને ઘરસંસાર ચલાવીશું.

યોગેશ--પેલો દસ્તાવેજ તેં વેપારીઓને બતાવ્યો છે?

રમેશ--બતાવ્યો કેમ નથી? બતાવ્યો નહોત, તો આજ સુધીમાં સાત આઠ જણાની નોટિસ આવતે નહિ?

યોગેશ—ત્યારે તો ભાઇ! તું બહુ આગળ વધ્યો છે. ભાઇ! લોકો "જીવનના કોયડા" કહ્યા કરતા હતા હું તેનો અર્થ સમજતો ન હતો. આજે સમજ્યો કે જીવનના કોયડા તે આવા હોય! આજે હું એ આંટીઘુંટીના ચક્કરમાં સપડાયો છું. મા કાલાવાલા કરે છે, પત્ની આજીજી કરે છે. કાં તો ભાઇ દગાબાજ છે કે હું બેઇમાન છું. ખેર! એકને કલંકિત થવા દો. બદનામી થવામાં વાર લાગતી નથી. દારૂડીઆ તરીકે તો બદનામ થયોજ છું; તો હવે દગાબાજ પણ કહેવાઉં, તો ભલે! મા! તું જાણે છે કે નાનપણથી મેં બહુ વેઠયું છે, તો આજે આ પણ ભોગવી લઇશ. મા! આજે એ પણ બહુ કમર કસીને આવીને ઉભી છે–શું દગાબાજી કરીને મીલકત બચાવશે? એમજ છે, તો ભલે! હું નહિ વચ્ચે પડું. મારૂં સર્વસ્વ ગયું! જયારે નામ ગયું, ત્યારે સર્વસ્વ ગયું. હવે શા માટે ખેંચાણ કરૂં? હવે એ લોલુપતા શા માટે? ભાઇ તો રજીસ્ટર કરાવવા માટે ઉભેલોજ છે. ચાલો ત્યારે શુભસ્ય શીઘ્રમ્ હું કપડાં બદલી આવું. રજીસ્ટ્રાર આગળ શું કહેવાનું છે તે રસ્તામાં શીખવી દેજે! મા! દેવની બાધા રાખવાથી તને પુત્ર થયા હતા ને? બહુ સારી બાધા રાખી, એક દારૂડીઓ થયો, બીજો દગાબાજ નીવડયો અને ત્રીજો ચોર!

રમેશ—મોટા ભાઈ! મોટા ભાઈ! તમે શું કહો છો?

યોગેશ—હવે મોટા ભાઇ! મોટા ભાઇ! નહિ કર. હવે કંઇ ફીકર નથી. હવે હું મારો વિચાર બદલવાનો નથી. રજીસ્ટર કરાવી દઈશ. કંઈ ફીકર નથી. સાંભળે છે ને? મેં તને કહ્યું હતું કે નિશ્ચિંત થવું છે? તેમાં અડચણ નડતી હતી, પણ આજે તેં મને ઉતાવળે નિશ્ચિંત બનાવ્યો.

જ્ઞાન૦—આમ શું કરવા કહો છો? તમારે ફાવે તો વેચી નાખો.

યોગેશ—હવે માથું વાઢીને પાઘડી બંધાવવાથી શું વળે? નામ ગયું! નામ ગયું! જીંદગીની મહેનત બરબાદ! પિતાના મરણથી ગરીબ બન્યો હતો, પણ નેકનામનો પારસમણી પાસે હતો. એ પારસમણીથી બધે સોનું સોનું થઈ રહેતું હતું, આજે એ મણી મારી પાસે નથી. ચાલ, રમેશ! તૈયાર થઇ જા.

(યોગેશનું પ્રસ્થાન)

ઉમા૦—નહિ, ભાઈ રમેશ! એને વેચવા દે.

જ્ઞાન૦—જ્યારે એ આટલા બધા દુઃખી થાય છે, ત્યારે—

રમેશ—મા! મોટાભાઇનું સત્યાનાશ કાઢયા વિના તમે નહિ જંપો? તમારી મરજી એવી છે કે બધું વેચી સાટીને પછી આપઘાત કરે? જાઓ! તમારૂં કહ્યું હું નહિ સાંભળું. જદુને હું રસ્તાનો ભિખારી નહિ થવા દઉં. મેં ઘણીવાર મોટાભાઇને કહ્યું હતું કે એ બેંકમાં રૂપીઆ જમે ન કરાવો, પણ ન માન્યું. શું હમણાં તે કંઇ સુધસાનમાં

છે કે તેમનું કહેવું સાંભળીયે? રૂપીઆ પેદા કરતાં કેવા નવનેજા પાણી ઉતરે છે તે કંઈ ખબર છે? જો તમને ખબર હોત કે કેટલી વીસે સો થાય છે, તો એમની મનોવ્યથા સમજી શકતે. હમણાંજ ડોકટર કહી ગયા છે કે સ્થિતિ એવી કફોડી છે કે અણધાર્યો ગમે તે વખતે અનર્થ થઇ જાય. શું તમારી મરજી એવી છે કે બધું ગુમાવી દે, જેલ જાય અને વળી પાછું માથે દેવું તો ઉભું ને ઉભુંજ રહે! હાય! મારૂં મોત કેમ નથી આવતું?

ઉમા૦—ભાઈ! ગુસ્સે ન થા! ગુસ્સે ન થા!

જ્ઞાન૦—ભાઇ! જોજે! એ બહુ વટવાળા છેજો!

રમેશ—હું પણ તેજ કહું છું ને! ઉંચું માથું નીચું નમી જશે, ચાર જણ હસશે, તો પછી શું રહેશે?

(સૌનું પ્રસ્થાન)

પ્રવેશ ત્રીજો.

સ્થળ: કાળીદાસના ઘરના દરવાજા આગળનો ભાગ.

(સુરેશ, શિવનાથ અને જગમાણુ.)

સુરેશ—વિદ્યાધરી! વિદ્યાધરી! બારણું ઉઘાડો!

જગ૦—કોણ, સુરેશ? (બારણું ઉઘાડીને) સુરેશ! હું હમણાંજ બીલ ચુકવીને રૂપીઆ લઇ આવી છું. લે, આ પાંચ રૂપીઆની નોટ.

શિવ૦—ભાઇ! આ તમારા કયા શરાફ છે? તમે લક્ષ્મી છો? અપ્સરા છો કે કિન્નર કામિની? વાહરે વાહ? વાહરે તમારો વેશ! અંગરખાનો કેવો બ્હાર છે! વાહ! વાહ! જરા પાઘડી તો પ્હેરી લો જોઉં તો ખરે કે કેવું સરસ દેખાય છે! સુરેશ આ મરદ જેવી સ્ત્રી તારા હાથ ઉપર કયાંથી ચઢી ગઇ!

સુરેશ—ચાલો, ચાલો. મજા પડશે. પેલો ચક્રમ પણ આવેલો છે.

જગ૦—તે તો ઘણો વખત થયો બેઠલો છે.

સુરેશ—શું પેલી રંડીઓ પાછળ રહી ગઇ?

શિવ૦—પાછળ કેમ રહી જાય? જો પેલો એનો નોકર આવતો જણાય છે. પણ ભાઇ તેં આ પેટંટ સ્ત્રીને એવી શોધી કાઢી છે કે જાણે વારી વારી જાઉં!

જગ૦—શું કહો છો ? આજે હું જાણતીજ હતી કે નાચ ગંમત થનાર છે.

સુરેશ—વિદ્યાધરી ! આજે શું છે ? વગર માંગ્યે રૂપીઆ હાજર થઇ ગયા. વગર કહે તમે પાર્ટીની ગોઠવણ કરી રાખી. આજે ગરદન ઉપર છરી ફેરવશો કે કેદ કરાવશો ?

જગ૦—ચુપ સુવર !

શિવ૦—વાહ ! વાહ ! આતો ચુલબુલી વાત પણ કરે છે !

જગ૦—આ સ્ટુપિડ કોણ છે ?

શિવ૦—વાહરે બુલબુલ ! જાતજાતની બોલીઓ બોલે છે ને !

જગ૦—ચુપ ! કાન અમળાવીશ જે !

શિવ૦—ભાઈ ! આ કોણ છે ? દિવસે ઘોડી અને રાત્રે સ્ત્રી !

(બે વેશ્યાઓનો પ્રવેશ)

શિવ૦—જુઓ ! તમે સમજતા હશો કે અમારાજ ચ્હેરા ખુબસુરત છે ? આ કેવી સુંદર મરદાનગીભરી—

જગ૦—જા, જા. ઘરમાં જઇને દિલ બહેલાવ.

શિવ૦—પણ તમારા વગર કંઈ ખરી રંગત આવે ?

જગ૦—તમે જાઓ, હું આવું છું. મારે જરા કામ છે.

શિવ૦—આવજો હોં ! મારા સમ ! તમારા વિના એમાં ખરો ટેસ્ટ નહિ આવે તો !

સુરેશ—અરે ચાલને ! એનાથીયે વધારે ગંમત પડશે ! ચાલ.

શિવ૦—અરે તું શું બકે છે ? આનાથી તે વધારે ગંમત હોઇ શકે ? અર્ધા કલાકથી તાકી તાકીને જોઇ રહ્યો છું પણ

એની અદા સમજી શકતો નથી જાણે કામરૂ દેશની હુંડબા! તમને ઝાડ ચલાવતા આવડે છે?

સુરેશ—ચાલતો નથી! વળી બીજી મુરત બતાવું. ચાલતો ખરો.

શિવ૦—જા ભાઈ! આથીયે વધુ કરમાશી મુરતિ હોય, તો ખરેખર તું તો "બુલબુલે હિંદ" છે! બધું થઈ શકે ઇંદ્રની ઇંદ્રાણીને પણ લાવી શકાય.

સુરેશ—ચાલ તો ખરો, મજા પડશે

શિવ૦—સુંદરી! ભૂલી જતા નહિ! તમારા વિના મજા નહિ પડે! તમારો નાચ જોઇશું! ચાલોને?

એક વેશ્યા—હા યાર! એણે શું દાઢી મૂછ મુડાવી નાખ્યા છે?

શિવ૦—આ મારા મિત્રને પૂછો. મને તો કંઈ સમજાણુ પડતી નથી!

(જગમણિ સિવાય બધાનું પ્રસ્થાન)

જગ૦—બધા કોણ જાણે ક્યાં મરી ગયા છે? કોઈ જણાતુંયે નથી. આ બધા અક્કડ અને છેલ્લુ જુવાનીઆ છે. જો અહીં જીવ ન ચોંટ્યો, અને ચાલ્યા ગયા, તો બધું કર્યું કારવ્યું ધૂળ. કામ કરે છે, પણ તેનો ખ્યાલ રાખતા નથી.

(એક દરવાનનો પ્રવેશ)

જગ૦—કોણ છે?

દર૦—શેઠ ઘરમાં છે?

જગ૦—કેમ?

દર૦—શેઠને મળવું છે એક વાત કહેવાની છે.

જગ૦—શું કામ છે! મનેજ કહો.

દર૦—અરે ! તું તો કુલ્લુના પદાર્થ જેવો જણાય છે. તું તો નોકર છે. તને શું કહે ?

જગ૦—નોકર છું તેથી શું થયું ? કોનું કામ છે?

દર૦—જગમણિ શેઠનું.

જગ૦—હુંજ જગમણિ છું.

દર૦—અરે એજ પેલી સ્ત્રી અપરાધી !

જગ૦—સુરેશ અહીં આવ્યા છે કે નહિ તેની ખબર કાઢવા આવ્યો છે કેમ ?

દર૦—અરે ! આ તો ખરેખરો તમાસો છે ! સ્ત્રી પુરૂષ બની ગઇ. ઠીક સલામ ! જાઉં છું.

જગ૦—પણ હું જે પૂછું છું તેનો જવાબ કેમ નથી આપતો ?

દર૦—હા, હા, એ વાત પૂછવાની હતી.

જગ૦—તો જા અને ડોકટરને કહે કે જલદીથી પોલીસને લઇને આવે.

દર૦—સાહેબજી !

(દરવાનનું પ્રસ્થાન)

(મદન, સુરેશ, શિવનાથ અને બંને વેશ્યાઓનો પ્રવેશ)

શિવ૦—છીઃ વિદ્યાધરી ! આવી ઠંડી હવાની જગા મૂકી અમને અંદર શું કરવા મોકલ્યા !

જગ૦—ત્યારે અહીં બેસો, હું આવું છું સ્હેજ કામ છે, તે પતાવીને આવું.

શિવ૦—જહેલા આવજો હાં ! અમે અનાથ થઇ જઇશું ! અનાથ થઇ જઇશું !

જગદ—અરે, હમણાં આવી એમ સમજોને !

(જગમણિનું પ્રસ્થાન)

સુરેશ—મદન કાકા ! આ બે છોકરીઓ આણી છે, એમાંથી ગમે તેને પસંદ કરી લો.

મદન૦—કંઇ ? કંઇ ? ઠીક, ભાઇ ! ઠીક ! તું નહિ કરે તો બીજું કોણ કરશે ? ગમે તે હોય, એકની સાથે લગ્ન કરાવી દેને. વંશવૃદ્ધિ માટે ! વંશ વૃદ્ધિ માટે !

સુરેશ—મદનકાકા ! બેની સાથે લગ્ન કરી લોને ! કોણ જાણે એક વખતે વાંઝણી નીકળી તો ?

મદન—ત્યારે તો ભાઇ તું જાણે ! મરજીમાં ફાવે તેમ કર. મને "ના" નથી.

સુરેશ—જુઓ ! કાકાને કંઇ છોકરૂં છૈયું નથી !

૧. લી વેશ્યા—અમારૂં નસીબ.

મદન—હેં ભાઇ ! આજે લગ્ન નહિ થઇ શકે ?

સુરેશ—અરે આજે શું ? હમણાંજ. ગોરને બોલાવી મંગાવું છું.

શિવ૦—સુરેશ ! સુરેશ ! વિદ્યાધરીને બોલાવ. એ જુગલ જોડીને સામે રાખીને આંખોનું સુખ તો મેળવું.

મદન—ભાઇ ! એ તો ખુબ બની ઠણીને આવી છે ને ? વેશ્યા તો નથી ને ?

સુરેશ—વાહ ! એ તો ચૌદ પેઢીથી કુલીન છે. હું સારી પેઠે જાણું છું.

મદન—હું તેજ કહું છું, ભાઇ મુંબઇમાં કોઈ મશ્કરીખોરાએ

એક રામજણી સાથે મારા લગ્ન કરાવી આપ્યા. પછી મહામહેનતે ન્યાતમાં દાખલ થઈ શકયો.

સુરેશ—કાકા! એ છોકરીઓનું ગાયન તો સાંભળો!

મદન—શું આ છોકરીઓ ગાશે?

સુરેશ—કેમ નહિ ગાય? આ કંઇ જેવી તેવી છોકરીઓ છે! એ તો રાતની રાણી છે! ગાઓ!

ઇસ ખુસટકે મારે ઘરમેં રહના કઠિન હમારા હૈ;
આંખે દોનો બંદરકી સી, લટકા ઓઠ પનારા હૈ.
ટેઢીમેઢી ચિપટી ફૈલી નિકલી નાક નિરાલી હૈ;
હરદમ બલગમ કાઢી ઉસસે છૂટે વિકટ ફુહારા હૈ.
દાઢી મુછ બની જ્યોં સનકી, વાહવાહ કયા કહના હૈ?
બૂચે કાન, ગાલમેં ગઢે, સુરતસે ભઠિયારા હૈ.
સિર હૈ કદ્દુ, ખુદ હૈ લદ્દુ, લોડે ચપત લગાતે હૈ;
વિધનાને કયા ખૂબ બનાયા, અપને હાથ સંવારા હૈ.

સુરેશ—કાકા! તમે વાહવાહ નહિ બોલ્યા! મુગા બેઠા બેઠા શેના વિચારમાં પડયા છો?

મદન—હેં! ભાઇ! હેં, ભાઇ—

શિવ૦—શું કહો છો?

મદન—હું એમ કહું છું કે એ તરગાળાના તો છોકરા નથીને?

શિવ૦—રામ રામ!

મદન—હું તેજ કહું છું. એકવાર થોડાક માણસોએ મળી તરગાળાના છોકરા સાથે મારા લગ્ન કરાવ્યા હતા. એમને પૂછો.

(જગમણિનો પ્રવેશ)

શિવ૦—નહિ, કંઇ જરૂર નથી. જો તમને વહેમ આવતો હોય તો આ કન્યા સાથે લગન કરો.

મદન—એ કોણ? અરે! એ તો ચપરાસી છે.

શિવ૦—શું? ચપરાસી કેવો?

મદન—તો શું એ કોઇ બહુરૂપી છે?

શિવ૦—બહુરૂપી કોણ કહે? જોતા નથી! કેવી સુંદર છે!

૨ વેશ્યા—તમારૂં નસીબ ખુલ્યું! તમારૂં નસીબ ખુલ્યું!

શિવ૦—ગાલ પર હાથ ટેકવીને શું વિચાર્યા કરો છો?

મદન—તું શું જાણે ભાઈ! મને તો વહેમ પડે છે, કદાચ દાઢી મુછ મુંડાવીને કોઈ મરદ સ્રીનો વેશ લઇ તો નથી આવ્યું?

શિવ૦—ચાલ! સુરેશ! ચાલ! ભાઇ! મદનકાકાને તો કોઇ કન્યા પસંદ નહિ પડે.

સુરેશ—એમજ જણાય છે. આવી વિદ્યાધરી લાવીને રજુ કરી તોપણ—

મદન—પસંદ કેમ નહિ પડે? પસંદ કેમ નહિ પડે? ગમે તેવી કન્યા હોય, આપણને તો લગનથી કામ. બસ! લગન થયું એટલે પત્યું. તને ખબર છે! વંશ રક્ષા! વંશરક્ષા!

સુરેશ—આવો વિદ્યાધરી! કાકાની પાસે આવો.

જગ૦—(સ્વાગત) મુઆના ધોળામાં ધુળ પડે!

સુરેશ—કેમ વિદ્યાધરી! ચુપ કેમ થઇ ગયા? સુરતીઓ પસંદ પડતો નથી?

જગ૦—(સ્વગત) મુઓ એ.

શિવ૦—કેમ! કંઇ મુગા મુંગા મંત્ર ભણવા માંડયા છે કે શું?

સુરેશ—કાકા! કન્યા સાથે વાતચીત તો કરો.

મદન—ભાઈ! આ તો બધું થયું, પણ પેલી વાતનું--

સુરેશ—તે હમણાં કેવી રીતે બને? પહેલાં લગ્ન તો થઇ જવાદો.

મદન—ત્યારે તો ગોરને બોલાવો.

સુરેશ—કન્યા તો પસંદ છે ને?

મદન—હા. હા વંશરક્ષા! વંશરક્ષા!

સુરેશ—(શિવશંકરને) ભાઇ! મંત્રાચ્ચાર કરો.

શિવ૦—अग्निदग्धाश्च ये जीवा येऽप्यदग्धाः कुले मम—"

સુરેશ—બોલો રામરામ બરાબર છે.

(બંને વેશ્યાઓ ખડખડાટ હસી પડે છે)

(કાળીદાસનો પ્રવેશ)

કાળી૦—જગમણિ! સત્યાનાશ વાળ્યું! ઘરમાં ચોરને બેસાડયો છે. પોલીસે ઘર ઘેરી લીધું છે.

જગ૦—હેં! હેં! શું થયુ?

કાળી૦--એ! એ! પોલીસના માણસો આવે છે,

(ઇન્સ્પેકટર, જમાદાર અને સિપાઇઓનો પ્રવેશ.)

ઇન્સ્પે૦—સુરેશ! આ વાળીઓ કોની છે?

સુરેશ—એ પ્રફુલ્લ ભાભીની છે.

ઇન્સ્પે૦--તમને તે કયાંથી શી રીતે મળી?

સુરેશ--હું એને બહાનુ બતાવીને લઈ આવ્યો છું.

ઇન્સ્પે૦--બહાનુ કરીને કે બોકસ તોડીને?

જમાદાર—(બંને વેશ્યાને) અબે રંડી! તમે પણ ઉભી રહો.

ઈન્સ્પે—કેમ? બોક્સ તોડીને લાવ્યો છે ને?

જમાદાર—તમે મુકદમો કોર્ટમાં રજુ કરો, એની ભાભી જેમ કહેશે (ઇન્સ્પેક્ટરના કાનમાં) આ રીતે ચોરીમેરી મળશે અને ખીસું તર થશે.

સુરેશ—શું ભાભીને કોર્ટમાં આવવું પડશે?

જમાદાર—નહિ તો શું? બધાને કોર્ટમાં ઘસડાવું પડશે.

સુરેશ—ત્યારે તો હું કહું છુ. ભાભીને કંઇ ખબર નથી. હું બોક્સ તોડીને ચોરી લાવ્યો છું.

જમાદાર—તું તારી પોતાની મેળે કબુલ કરે છે?

ઇન્સ્પે૦—સુરેશ! સાચે સાચું બોલ! સાચું બોલવાથી તારા લાભમાં ઉતરશે. સાંભળ! આ વાતમાં તું તારી ભોજાઇને પણ સંડોવી લે. આમ કરવાથી તું છુટી જશે.

સુરેશ—અરે ઈન્સ્પેક્ટર સાહેબ! તમે શું કહો છો? મારો જીવ જાય, તો યે મને કબુલ છે. શું મારા ઘરની સ્ત્રીઓને હું કોર્ટના બારણા દેખાડું? હું કબુલ કરૂં છું તમે લખી લો. રમેશભાઈની બોક્સ બહાર ખંડમાં પડેલી હતી તે તોડીને મેં આ ચોરી કરી છે.

જમાદાર—અરે નાદાન છોકરા! શું કામ જાણી જોઇને તું તારી જાતને ફસાવે છે,

સુરેશ—ફસાઇશ તો ભલે, એ વાત ખરી કે હું કામધંધો નહિ કરતાં રખડી ભટકીને મઝા કરૂં છું, પણ હું એટલો બધો નીચ નથી. મને જો કાળાપાણીની સજા થાય, તોપણ હું

આમજ કહું. હુંજ મારા કુળમાં અંગારો ઉઠયો છું. મારૂં કુટુંબ કેવું છે તે તમે જાણો છો? મારે ત્યાં સાત સાત પેઢી થયા જુઠું બોલવું એ શી ચીજ છે તે કોઇ જાણતું નથી.

ઇન્સ્પે૦—તું તારી ભાભીને બચાવવાનો પ્રયત્ન કરે છે, પણ હજી તું નાદાન છે, અણસમજુ છે તારી ભાભી અને ભાઇએજ આ બધું તરકટ કરીને તને ફસાવ્યો છે. જો તું કહે, તો હું લખી લઉં, કે તારી ભાભીએ એ વાળીઓ ગીરો મૂકવા માટે તને આપી હતી.

સુરેશ—શું રમેશભાઈ મને ફસાવી દેશે? જુઠું! ભાઇ તો મને ધમકાવવા ડરાવવા પણ જાય છે, પણ ભાભી તો સાક્ષાત્ લક્ષ્મીનો અવતાર છે. તેનું મોઢું જોવાથી હૈયું શીતળ થાય છે. તેની વાતો સાંભળવાથી મારૂં મન પણ નરમ થઇ જાય છે. તે એવી તો સીધી છે કે તેના જેવી સીધી કોઇ સ્ત્રી નહિ હોય. ઈન્સ્પેકટર સાહેબ! તમે એ સ્વર્ગીય મૂતને જોઇ નથી, તેથીજ તમે આમ કહો છો. એવી વાત હવે ફરીથી ન કરશો. મહાપાપ લાગશે.

કાળી૦—હેં! મારા આ પરબીડીઆમાંથી પાંચ રૂપીઆની નોટ કોણે કાઢી લીધી? (શિવશંકરને પકડીને) જોઉં? તારા હાથમાં શું છે? આજ મારી નોટ. આ જુઓ! બંને ટુકડા સાંધેલા છે. ઇન્સ્પેકટર સાહેબ! પકડો આને! ચોર છે.

સુરેશ—વિદ્યાધરી, આ શુ? ચુપ કેમ ઉભી છે? કહેતી કેમ નથી કે એ નોટ મેં ઉધાર આપી છે.

કાળી૦—આપી કેમ નથી? ચોરી ઉપર સિરજોરી! આ જુઓ જમાદાર સાહેબ! મારા ભત્રીજા ઉપર મોકલવા કાગળની સાથે આ નોટ મૂકી હતી. પરબીડીઉં બંધ પણ કર્યું હતું. પરબીડીઉં ફાડીને નોટ કાઢી લેવામાં આવી છે.

સુરેશ—ભાઇ! તું ગભરાઇશ નહિ. હું તો ડુબ્યો. મને ફસાવવા માટે ભયંકર તરકટ રચાયું હોય, તેમ જણાય છે! જમાદાર સાહેબ! મારા મિત્રનો એમાં હાથ નથી. બધો વાંક મારો છે. હુંજ એને અહીં તેડી લાવ્યો છું.

જમાદાર—ઠીક, ત્યારે તમે બહાર ગયા, ત્યારે પરબીડીઉં સાથે કેમ ન લઇ ગયા? ટપાલમાં નાખવા ન લઇ જતાં ઘેર શા માટે મૂકી ગયા?

કાળી૦—મારા કંપાઉંડરને ટપાલમાં નાંખવાનું સોંપીને હું બહાર ગયો હતો.

જમાદાર—ઠીક છે, તમે રિપોર્ટ કરો; અમે મુકદમો માંડીશું. (ઇન્સ્પેક્ટરને) કેમ સાહેબ, લઇ લઇએને!

સુરેશ—ઇન્સ્પેક્ટર સાહેબ! હું સાચુંજ કહું છું. આમાં મારા દોસ્તનો કંઇજ અપરાધ નથી. આ સ્ત્રીએ એ નોટ મને આપી છે, અને તે મેં એને પાસે રાખવા સોંપી છે. બસ આ વાત છે. નોટની ચોરી થઇ નથી. જો એ ચોરી થઇ છે એમ કહેવા માગે છે, તો એ અપરાધ હું માથે લઉં છું. મારા મિત્રને છોડી મુકો. એ તો આવતો ન હતો. હું એને ખેંચી લાવ્યો છું. ઇન્સ્પેક્ટર સાહેબ! એ સારા માણસનો છોકરો છે. અપમાન કરશો નહિ. ચોર પકડવાનો

તો તમારો ધંધો છે. તમે સહેજ સમજી શકશો કે હું સાચું બોલું છું કે જુઠું ? હું તમને પગે લાગું છું મહેરબાની કરીને એને છોડો ! બંને ચોરી માટે મારા ઉપર કામ ચલાવો.

ઇન્સ્પે૦—ડોકટર સાહેબ તમે કેસ ઉભો તો કર્યો છે. પણ કોર્ટમાં નહિ ટકે.

કાળી૦—(ઇન્સ્પેકટરના કાનમાં) સાહેબ, આ છોકરાની મા પાસે બહુ પૈસા છે. કંઇ માંડવાળ ન કરતા. એકવાર એના ઘર આગળ થઇને તમારી સાથે લઇ જાઓ, એટલે પત્યું. તમે મુકદ્દમો ચલાવવાની ના પાડો છો, તો હું પણ કંઇ દબાણ કરવા માગતો નથી.

ઇન્સ્પે૦—ચાલો, આ લોકોને લઈ લો. એ રંડીઓને છોડી દો.

મદન—ભાઇ હું આ ઝઘડામાં નથી. હું નથી. મને તો લગ્ન કરાવવા આ લોક લઇ આવ્યા હતા.

સુરેશ—હાય ! હું કેટલા બધાને લઇને ડુબ્યો. દોસ્તને ડુબાડયો આ બુઢ્ઢા ચક્રમને પણ સંડોવ્યો. અરે કમબખ્ત ! તું આટલા માટે વળગેલો રહ્યા હતો ! તમે બંને શેતાન એક દહાડો મારા આવા હાલ કરશો એવી મને ખબર નહોતી ! અરે કાકા ! ભલા માણસના છોકરાઓને શા માટે ફસાવો છો ! એને છોડાવો અને જો તેથી નાખુશ હો, તો મનેજ ફસાવીને તમારૂં કલેજું ટાઢું કરો. ભાઇ ! તું ગભરાતો નહિ. મેજીસ્ટ્રેટ સાહેબ આગળ હું બધી વાત કહી દઇશ.

મદન—હાય! હાય! પરણવા આવ્યો હતો!

શિવ૦--અરે! આ કોણ છે? એને છોડી મૂકો.

જમાદાર—શિવશંકરભાઇ! ઇન્સ્પેકટર સાહેબને કંઇ ચહા પાણીનું આપીને તમે પણ ઘેર જાઓ.

શિવ૦—તમે કહો તે હું મારી મા પાસેથી લઇ આવું.

જમાદાર—ઠીક. તું પણ સાથે ચાલ. રિપોર્ટ લખવો પડશે.

(જગમણિ અને કાળીદાસ શિવાય બન્નાનું પ્રસ્થાન)

જગ૦—અરે! તું તો મોટો ગધેડો છે. સુરેશને ફસાવવાની વાત હતી. નાહક શિવશંકરને શું કામ સંડોવ્યો?

કાળી૦—અરે! તું તો કંઈ જાણતી નથી. એ છોકરો બહુ પાજી છે અને એની માની પાસે ખુબ પૈસા છે. એક દિવસે મેં એને કહ્યું કે આ ચીઠી ઉપર સહી કરી આપ. ત્યારે એ મને હથેલીમાં ચાંદ બતાવીને ચાલ્યો ગયો.

જગ૦—અરે તું તો ઉલ્લુનો સરદાર છે. જયારે તું કહે છે કે એની મા પાસે સારો જીવ છે તો તુંજ કહેને, એને આમ નારાજ કરવો જોઇએ? આજે અહીં આવ્યો હતો. મારી સાથે જરા દિલ મળ્યું હતું. બહુજ સહેલાઈથી હું તેને રમાડી દેતે. એટલો ગુસ્સો સહન ન થયો ત્યારે શું થવાનું છે? જા ટળ અહીંથી. રમેશભાઇને જઇને બધી વાત કર. હું રસોઇ કરવા માંડુ છું. (બન્નેનું પ્રસ્થાન).

પ્રવેશ ચોથો.

(યોગેશ અને પીતાંબર.)

પીતાં—શેઠ! શેઠ! સત્યાનાશ વળી ગયું! સુરેશભાઇને ચોરીના ગુન્હા માટે પકડવામાં આવ્યા છે. જામીન ઉપર છોડવા ના પાડી. રમેશભાઇને બહુ શોધ્યા, પણ તેમનો પત્તો નથી. શું થશે? શું કરૂં? શેઠજી! શેઠજી!

યોગેશ—કેમ? કોને બોલાવે છે?

પીતા૦—જી.

યોગેશ—મને? મને શું કહેવા આવ્યા છો? જાવ. રમેશભાઈની પાસે જાવ. જાવ માની પાસે જાવ, જાવા મારી પત્ની પાસે જાવ. જે લોક માલમીલ્કતને રક્ષવા માગે છે, તેની પાસે જાવ, રજીસ્ટ્રારની ઓફિસમાં એકજ કલમને ગોદે માલ મીલકત, માનમર્યાદા બધું રમેશભાઇને સોંપી આવ્યો છું. બસ માત્ર પ્રાણ બાકી રહ્યા છે. તેની આ દવા છે. (શીશો બતાવે છે)

પીતા૦—જી! સુરેશભાઇ ચોરીના ગુન્હા હેઠળ પકડાયા છે.

યોગેશ—સાંભળ્યું તો ખરૂં. એમાં અજાયબ થવા જેવું શું છે? ચોરી, દગાબાજી, બેઇમાનીપણાનો સડો ઘરમાં પેસે, તે ઘર માંથી કોઈનું કેદમાં જવું એ શું નવાઇ જેવું છે? હવે મને કંઈ કહેશો નહિ. હવે મારી પાસે કોઇ આવશો નહિ મારે કંઈ સાંભળવું નથી. એટલા માટે તો શરાબ પીઉં

છું. બધું ભુલી જવા તો આ શરાબ પીઉં છું. પ્રાણ પંખી ઉડી જાય, તેટલા માટે તો શરાબ પીઉં છું. હવે મારો શેઠ કલાલ છે, મારો વેપાર દારૂ ખરીદવાનો છે, અને નફામાં બેહોશ થવાનું છે. આ પ્રમાણે જયાં સુધી જીંદગી ટકશે, ત્યાં સુધી ચાલશે. જયારે મરીજાઉં, ત્યારે મરજીમાં ફાવે તેમ ઘસડીને ફુંકી દેજો. જાવ, જયાં સુધી જીવતો છું ત્યાં સુધી મારી પાસે કોઇ આવશો નહિ !

(જ્ઞાનદા અને ઉમાસુંદરીનો પ્રવેશ).

ઉમા૦—ભાઇ ! સુરેશને સિપાઇ પકડી ગયા.

યોગેશ—હા, સાંભળ્યું છે ખરૂં. ફરી સંભળાવવા માંગો છો, તો સંભળાવો (જ્ઞાનદાને) તમારે સંભળાવવાની ઇચ્છા હોય, તો તમે પણ કહી સંભળાવો. બધા મળીને કહો કે સુરેશ પકડાયો ! સુરેશ પકડાયો ! મારો જવાબ સાંભળવો છે ? હું શું કરૂં ! હું શું કરૂં ? મા, જે દિવસે એક શબ્દ માત્રથી લાખ રૂપીઆ આવતા અને જતા, ખુની પણ મારા જામીન થવાથી છુટતા એ દિવસો હવે વહી ગયા. એ દિવસોયે હતા કે જયારે જજ, મેજીસ્ટ્રેટ, કલેકટર વગેરે અમલદારો મારૂં કહ્યું માનતા, એ દિવસ પણ હતા કે જયારે હું સત્યવાદી હતો, હું હિંદી ભલા આદમીઓનો આદર્શ હતો, લોક મને નેક ચાલચલગતના નમુના રૂપ માનતા. આજે એ દિવસો નથી. આજે તો દારૂનો શીશો

ઉમા૦—બેટા ! સુરેશના ભાગ્યમાં લખ્યું હશે, તે થશે; પણ તું દારૂ પીવાનું મૂકી દે. હું તારી મા છું મને ઘરડેઘડપણ ન સંતાપ

યોગેશ—તું મારી મા છે? ઠીક, તારૂં ઋણ તો મેં ચુકવી દીધું ! બધી મીલ્કત બીજાને નામે ચઢાવી રજીસ્ટર પણ કરાવી. હવે શું છે? જે કોઇ નહિ કરી શકતે, તે મેં કરી બતાવ્યું, માતૃઋણ પણ ચુકાવ્યું !

ઉમા૦—મારૂં મોત કયાં છુપાયું છે! શું જમદેવ મને ભુલીજ ગયા છે? યોગેશ ! તેં મને આ વાત કહી ! તારા ઉપર તો મારો બધો આધાર છે !

યોગેશ—મા ! દારૂડીઆ ઉપર આધાર રાખોછો? દગાબાજ પાસે આશા રાખો છો? વિશ્વાસઘાતી પાસે આશા રાખો છો? હવે મારી આશા રાખશો નહિ ! જાવ. રમેશની પાસે જાવ. તે મીલ્કત બચાવી રહ્યો છે, તે બધાને બચાવશે. મા ! મારા હૈયામાં અથાગ દુઃખ ભરેલું છે. દુઃખનોમાર્યોજ તમને કહું છું. મા ! યાદ કરો ! જયારે હું કામકાજ કરીને સાંજે લોથપોથ થઇને ઘેર આવતો હતો, ત્યારે મન ઉત્સાહ અને ઉમંગથી ભરપુર રહેતું. ઘેર જઇને માને પ્રણામ કરીશ, ભાઇઓને જોઈશ, સ્ત્રી સાથે વાતચીત કરીશ જદુને રમાડીશ એવા વિચારમાં હું રહેતો દિવસભર કામકાજમાં ગુંથાએલો રહેતો, પાછા ફરતી વખતેજ મને સમજાતું કે જાણે ઉડીને ઘેર પહોંચું. સ્હેજ મોડું થતું તો મને યુગ વીત્યા જેટલું લાગતું. ગાડીમાંથી ઉતરીને જદુને

જોતો, ઉપર આવી ભાઇઓને મળતો, ઘરની અંદર તમને બધાને જોતો. ઘેર આવતાં મને જાણે સ્વર્ગ મળતું. આજે એજ ઘર મને નર્ક સમાન ભાસે છે. આ ઘર મારૂં નથી રહ્યું. બેઇમાની કરીને, દગાબાજી કરીને હું આ ઘરમાં રહ્યો છું. મા મને ચ્હાતી નથી, પણ મારી મીલ્કતને ચ્હાય છે, સ્ત્રી મને જોતી નથી, પણ મારી મીલ્કતને જુએ છે. મારો સગો ભાઇ મીલ્કત ઓળવવા માટે દગો રમી રહ્યા છે. વાહ ! કેવું સુખી ગૃહજીવન ! કોને બચાવવાનું મને કહે છે? મારામાં હવે શક્તિજ કયાં રહી છે? હું દગાબાજ છું દગાબાજ છું ! દગાબાજ શું ! મા ! હું દગાબાજ શું ! છી ! છી ! છી !

ઉમા૦—બેટા, તું મારા ઉપર શામાટે નારાજ થયો છે? હું તારી મીલ્કતની ભુખી નથી, હું તને ચાહું છું. તારો પ્રાણ બચાવવા માટેજ મેં એ કાલાવાલા કર્યા હતા. રૂપીઆની હાયને લીધે તો તેં દારૂ પીવા માંડયો છે અને જો રહેવાનુ મકાન પણ વેચાઇ ગયું, તો શોકનો માર્યો તું આપઘાત કરી બેસશે." એમ બધાએ કહ્યું.

યોગેશ—મારા પ્રાણ માટે? આ તુચ્છ પ્રાણ જતો રહે તે તો શું થઇ જતે? મા! કંચન મુકીને કથીરની કદર કરી! નામ મૂકી જીવ બચાવવાનો પ્રયત્ન કર્યો, બધું વેચવા છતાંયે જો હું દેણદાર રહેતે, જેલમાં જતે, અથવા રૂપીઆની ગમગીનીમાં હું મરી જતે, તોપણ મને એટલું તો આશ્વાસન રહેતે, કે જીવતાં જીવત મં કોઇને દગો નથી દીધો, એ શાંતિ આજે મેં ગુમાવી છે. હવે ફરી નહિ મળે.

વિશ્વાસઘાત કરીને મેં શાંતિને ચાલ્યા જવાનું દ્વાર ખુલ્લું મૂક્યું છે.

પીતાં૦—શેઠ! તમે મારા પાલણહાર અને અન્નદાતા છો! તમને જવાબ આપતાં હું ગભરાઉં છું, તમે જાતે બધું સમજો છો. વિચાર કરજો. સાથે સાથે કુટુંબને ડુબાડશો નહિ.

યોગેશ—કુટુંબ! કુટુંબ! ન ડુબે એટલા માટે તો રજીસ્ટર કરાવ્યું છે. કુટુંબનું રક્ષણ થવાદો. મને છોડી દો. નામ ધુળમાંજ મળી ગયું. ધુળમાં મળી ગયું. સમજ્યા, પીતાંબર! કપાળે કાળી ટીલી ચોંટી ચુકી.

જ્ઞાનદા—તમારે જે કરવું હોય, તે મને મારી નાખીને પછી કરો.

યોગેશ—કેમ? હવે મને શું પડી છે? મરવાની ઇચ્છા થાય, તો બે પૈસાનું ઝેર લાવીને પી લો. કુવો ટાંકુ છે, ડુબી મરો. દેવતા છે બળી મરો, છરી છે, ગળે ફેરવી દો, મને શામાટે કહો છો! હું મારૂં ફોડી રહ્યો છું, તું તારૂં ફોડી લે.

પીતાં૦—શેઠ! જરા શાંત થાવ. બધું થઈ રહેશે. બધું મળી રહેશે.

યોગેશ—શું કરી થઇ રહેશે? હા, એ વાત ખરી કે રૂપીઆ ફરીથી મળી શકે, પણ આ કલંક તો કદી નહિં ભુંસાય. કોઇનુંયે કલંક મટ્યું નથી સત્યવાદી રાજા યુધિષ્ઠરને પણ લોક હજી એકવાર જુઠું બોલ્યા હતા એમ કહે છે. આ દુઃખભર્યો સંસારમા ભગવાન એક રત્ન આપે છે. એ રત્ન જેની પાસે છે, તેને ધન્ય છે! એ રત્ન તે નેકનામ!

રાજમુગટ કરતાંયે તેની શોભા અધિક છે. દીન અને દરિદ્ર પણ એ રત્નના પ્રભાવથી મોટા મોટા ધનવાનો કરતાં વધુ ઉંચા ગણાય છે. એજ એમના વિજયની પતાકા છે. એ રત્નના પ્રભાવથી મુર્ખ પુરૂષ પણ મોટા મોટા વિદ્વાન કરતાં વધુ પૂજ્ય ગણાય છે. એ રત્ન આજે મારી પાસે નથી. મેં મેળવીને ગુમાવ્યું ! હવે માત્ર રહ્યો આ દારૂ !

(યોગેશ અને તેની પુંઠળ જ્ઞાનદાનું પ્રસ્થાન)

ઉમા૦—હાય ! મારૂં કેવું સત્યાનાશ વળી ગયું રે !

પીતાં૦—માજી ! રડવાને તો બહુ વખત મળશે. એક વાત કહું તે સાંભળો. ગેટ ઉપર મેં સાંભળ્યું છે કે રમેશભાઇએ જ એને કેદ કરાવ્યો છે.

ઉમા૦—હેં ! શું કહો છો ! રમેશ ક્યાં છે ? એને બોલાવો.

પીતાં૦—હું તો એને બધે શોધી વળ્યો, પણ ક્યાંયે મળ્યા નહિ.

ઉમા૦—જુઓ, શોધો, એને જલદી મારી પાસે લઈ આવો. ભગવાન ! વળી આ શું સાંભળી રહી છું !

(પીતાંબરનુ પ્રસ્થાન)

પ્રફુલ્લ—સાસુજી ! દીએરજીને તેડાવવા કોઇને જલદી મોકલો. હું તમને પગે લાગું છું. જલદી કોઇને મોકલો.

ઉમા૦—વહુ ! દાઝયા ઉપર ડહામ નહિ દે.

પ્રફુલ્લ—સાસુજી ! હું તમારે ચરણે માથુ મૂકું છું. ભાઇજીને મોકલી દીએરજીને બોલાવો. દીએરજી જમ્યા વિના જ બહાર

ગયા છે. બોલાવવા મોકલો! માજી બોલાવવા મોકલો, નહિ તો હું નહિ જીવું.

ઉમા૦—તેડી લાવવા મોકલ્યું છે. તું મુંગી રહે.

પ્રફુલ્લ—સાસુજી! મને બનાવશો નહિ. તમે લોકે દીએરજીને સુધારવા માટે આમ કર્યું છે. હું ફોસલાઇ જાઉં તેમ નથી. હું અહીંજ બેસીશ. કંઇ નહિ જમું, હું કંઈ નહિ જમું.

ઉમા૦—જાઉં છું. વળી પાછી યોગેશ પાસે જાઉં છું. જોઉં તે શું ઉપાય કરે છે? તું ચાલ, એકલી બેસીને શું કરશે?

પ્રફુલ્લ—ના, હું નહિ આવું. દીએરજીને જોયા વિના હું અહીંથી નહિ ઉઠું. મારી વાળીને માટે એમને પોલીસે પકડયા છે. મેં બધા દાગીના ઉતારીને બોક્સમાં મૂકયા છે. જો દીએરજી પાછા નહિ આવશે, તો ઘરેણાંઓને બોક્સ સાથે કુવામાં નાખી દઇશ અને હું પણ અંદર ભુસ્કા મારીશ.

(ઉમાનું પ્રસ્થાન)

(રમેશનો પ્રવેશ)

રમેશ—અરે! તું અહીં કેમ બેઠી છે?

પ્રફુલ્લ—દીએરજીને સિપાઇઓ પકડી ગયા. જલદી જઇને છોડાવી લાવો.

રમેશ—સાંભળ! હું ત્યાંથીજ ચાલ્યો આવું છું. કાલે કોઈ સાહેબ પૂછવા આવે—

પ્રફુલ્લ—ઓ બાપરે! સાહેબ શું કરવા આવે? સાહેબની આગળ હું કેવી રીતે જઈશ?

રમેશ—દરવાજાની પાછળ રહીને વાત કરવી પડશે.

પ્રફુલ્લ—બાપરે! એમ તો મારાથી નહિ થાય.

રમેશ—સાંભળ! બહુ બક નહિ. તને પૂછશે કે સુરેશને તેં વાળી આપી હતી? ત્યારે જવાબ દેવો કે ના. એ પેટી તોડીને લઇ ગયા છે.

પ્રફુલ્લ—નહિ એમ નથી. મેં તાવીજ લઇ આવવા વાળી આપી હતી.

રમેશ—પણ તું તારે કહેજેને કે પેટી તોડીને લઇ ગયો છે.

પ્રફુલ્લ—પણ હું જુઠું કેવી રીતે બોલું?

રમેશ—કેવી રીતે શું વળી? જેમ વાત કરે છે તેમ કરજે. આટલું નહિ કહી શકે?

પ્રફુલ્લ—ના, મારાથી નહિ કહેવાય.

રમેશ—નહિ કહે? ત્યારે સાહેબ તને પકડીને લઈ જશે.

પ્રફુલ્લ—હું સાસુજીને બોલાવું છું. હું એમની પાસે જાઉં છું.

રમેશ—સાંભળ, સાંભળ, જો તું એમ નહિ કહે, તો સુરેશને કેદ કરશે. સ્ત્રીને ઠગીને લઇ ગયો એમ સાંભળશે, તો સાહેબ બહુ ખીજવાશે અને કેદની સજા કરશે.

પ્રફુલ્લ—મારા બધા દાગીના આપવા પડે, તો તે આપીને દીએર જીને છોડાવો! દીએરજીને જેવા માટે મારો જીવ તલપાપડ થાય છે. હું જુઠું નહિ બોલી શકું. સાસુજી કહે છે, ભાભીજી કહે છે કે જુઠું બોલવાથી માણસને નર્કવાસ ભોગવવો પડે છે.

રમેશ—ત્યારે સુરેશને ભલે જેલ જવું પડે એમજને ?

પ્રફુલ્લ—નહિ, તમે એને છોડાવી લાવોને !

રમેશ—મારૂં કહ્યું નહિ સાંભળે ? હું તારો પતિ છું. માએ તને શું શીખવ્યું છે ? માએ તને એમ નથી કહ્યું કે સ્વામી એ સ્ત્રીનો ગુરૂ છે ? સ્ત્રીએ સ્વામીના કહ્યા પ્રમાણે ચાલવું જોઇએ ?

પ્રફુલ્લ—હું સાસુજીને પૂછી જોઉં ?

રમેશ—ખબરદાર ! કાપીને કકડા કરી નાખીશ ! ઘર બહાર કાઢી મૂકીશ, સાંભળ ! મેં જે કહેવા કહ્યું છે તેજ કહેજે, કહેવું હોય, તો કહેજે, નહિ તો જીંદગી સુધી તારૂં મોઢું નહિ જોઉં.

પ્રફુલ્લ—ઠીક, મને પેટ ભરીને રડવા દો. જાઓ.

(યાદવનો પ્રવેશ)

જદુ—કાકા ! તમે સુરેશકાકાને કેમ પકડાવી દીધા ? કાકાને પકડાવશો નહિ.

રમેશ—ચુપ !

જદુ—નહિ, કાકા ! હવે નહિ કહું, કાકા ભુલ થઇ—ઓ કાકી ! સુરેશ કાકાને છોડાવવા માટે તમે કાકાને નહિ કહો ?

રમેશ—જદુ ! અહીંથી જા !

જદુ—જાઉં છું ! કાકા ! જાઉં છું !

(જદુ અને પ્રફુલ્લનું પ્રસ્થાન)

(યોગેશનો પ્રવેશ)

યોગેશ—વાહરે ભાઇ! વાહ! તમને પાંચ પાંચ વાર વકીલાતની પરીક્ષામાં નાપાસ કર્યો! કેવી ભૂલ! ઘોર અન્યાય થયો! અત્યાર સુધીમાં કયારનો તું ઘરને સ્મશાન બનાવી મૂકતે. જેમ ફાવે તેમ કર. સુરેશને જેલ મોકલ, જદુનું ગળું રેંસી નાખ. તેને મારી નાખ, મારી ચિંતા કરતો નહિ. હું તો બસ દારૂ પીને પડી રહીશ.

રમેશ—શું પેસ્તનજી બોલે છે કે?

યોગેશ—શાબાશ! શાબાશ! વકીલની બુદ્ધિ પણ કેવી છે! બસ હવે કોની રાહ જોવાય છે! શુભ કાર્યમાં ઢીલ કરવી સારી નહિ. જદુનું ગળું દાબી દે, ઘરડી માને ઘર બહાર કાઢી મૂક. વાહ! મારી મા ખરેખર રત્નગર્ભા છે! એક દારૂડીઓ છે! બીજો વકીલ છે! ત્રીજો ચોર છે!

રમેશ—દારૂનો બકવાટ કરવા બીજી કોઇ જગા નથી જડતી!

(રમેશનું પ્રસ્થાન)

યોગેશ—જદુ! પકડ, પકડ, તારા કાકાને પકડ.

(યોગેશનું પ્રસ્થાન)

પ્રવેશ પાંચમો.

સ્થળઃ—યોગેશના ઘરની સામેનો રસ્તો.

(મદન.)

મદન—કિસ્મત ! કિસ્મત ! કન્યાનું પણ ચોક્કસ થયું હતું, બધું થયું હતું પણ વંશ રક્ષા ન થઈ શકી. હવે શું કરૂં? દિવસપર દિવસ જુવાની જતી રહે છે. શું કરૂં ? તકદીર ! તકદીર ! અરે ! બાપરે ! વળી પાછો પેલો ચપરાસી આવે છે ! હું નહિ, હું નહિ.

(જગમણિ અને કાળીદાસનો પ્રવેશ.)

જગ૦—કેમ વરરાજા ! મને નથી ઓળખતા ! ગભરાઓ છો શા માટે ? હું તો તમારી વિવાહિતા કન્યા છું.

મદન—તું તે કન્યા છે કે ચપરાસી ? તારી સાથે આ કોણ છે? એ પણ શું કુંવારી કન્યા છે ?

જગ૦—એ કન્યા ક્યાંથી ? એ તો પુરૂષ છે. એ તો મારી–મારા...

મદન—એ શું તારી મોટી બહેન છે ?

જગ૦—હા, એક વાત સાંભળ.

મદન—તમે લોકો ક્યાંના રહેવાસી છો ? તમારે ત્યાં શું સ્ત્રીઓને પણ દાઢી મૂછ ઉગે છે ?

જગ૦—સ્ત્રીઓને વળી દાઢી મૂછ ઉગતી હશે ? સાંભળો તો–

મદન—ત્યારે તમારી મોટી બ્હેનને કેમ દાઢી મૂછ જણાય છે ?

જગ૦—અરે એ મારી બ્હેન ક્યાં છે? એ તો મારા મસીઆઇ ભાઇ છે.

મદન—મસીઆઈ ભાઇ છે કે ભાણુંજો છે?

જગ૦—હશે, મારી વાત સાંભળો નહિ તો હું ચાલી જઇશ.

મદન—નહિ, જતા નહિ, જતા નહિ. બસ. વંશ વૃદ્ધિ! વંશ વૃદ્ધિ!

કાળી૦—તારા બાપનો પિંડ! (જગમણિને) સાંભળ, શું કહે છે!

મદન—હા; હા પિતૃ પિંડ! વંશ રક્ષા! વંશ રક્ષા!

જગ૦—જો તમારે કન્યા જોઈતી હોય, તો એક કામ કરવું પડશે એટલુંજ કહેજો કે તે વખતે તમે હાજર હતા, અને તેણે પરબીડીઉં ફાડીને નોટ લીધેલી. બસ, સાહેબ જ્યારે તમને પૂછે, ત્યારે એટલુંજ કહેવાનું.

મદન—બાપરે! સાહેબ પાસે જવું પડશે!

જગ૦—હા, હા, તમને હમણાં લઇ જવા માટે સિપાઇ આવશે.

મદન—(ધ્રુજતો ધ્રુજતો) બાપરે! હું નહિ, હું નહિ!

જગ૦—અરે સાંભળો છો કે! આમ જુવાન માણસ થઇને ગભરાઓ છો શું?

મદન—બમ્મા સરકારને? હું નહિ, હું નહિ.

(મદનનું પ્રસ્થાન)

કાળી—જગમણિ! તું પોતાને બહુ ડાહી ચતુર માને છે! ચક્રમને સાક્ષી બનાવવા આવી હતી. જોતો ખરી! અહીં આવવાથી કેટલું મોટું અપમાન થયું. તને પોતાની વહુ અને મને તારો ભાણેજ કહી ગયો.

જગ૦—તારા જેવો સુવર ગધેડો આ દુનીઆમાં બીજો કોઇ નહિ હોય. અરે આ ચક્રમને સાક્ષી બનાવી શકતે, તો મેજીસ્ટ્રેટને પુરેપુરો વિશ્વાસ બેસત.

(યોગેશનો પ્રવેશ)

યોગેશ—આ જુગલ જોડી કોણુ છે? તમેજ રમેશના ઇષ્ટદેવતા કે? જતા કેમ રહો છો? કૃપા કરીને દર્શન દીધા છે તો જીવ તો જોડી જાવ. જતા નહિ, જતા નહિ, જદુને આણી આપુ છું. પટકીને મારી નાખો.

(સૌનું પ્રસ્થાન)

પ્રવેશ છઠ્ઠો.

સ્થળ—પોલીસ કોર્ટ.

[મેજીસ્ટ્રેટ, દુભાષીઓ, વકીલો, સુરેશ, શિવશંકર, સ્વરૂપચંદ મારવાડી, પીતાંબર, જમાદાર, સિપાઇઓ અને કોર્ટ ઇન્સ્પેક્ટર વગેરે.]

સિપાઈ—એય ! ચુપ રહો ! ચુપ ! ચુપ !

દુભાષીઓ—સુરેશ, સ્વરૂપચંદ તથા શિવશંકર આરોપીઓ.

૧ વકીલ—I appear for the first-prisoner આઇ એપીઅર ફોર ધી ફર્સ્ટ પ્રીઝનર.

૨ વકીલ—I for the second prisoner આઈ ફોર ધી સેકન્ડ પ્રીઝનર.

૩ વકીલ—I appear for Shivshanker આઇ એપીઅર ફોર શિવશંકર.

જમાદાર—સાહેબ ! ઘરમાં બોકસ તોડીને સુરેશ (આરોપી નં. પહેલાએ) વાળીની ચોરી કરી અને આરોપી નં. બીજા સ્વરૂપચંદ મારવાડીને ત્યાં વેચી.

દુભા૦—બ્રેકીંગ બોકસ, સ્ટીલીંગ ઇઅરરીંગ.

મેજી૦—આઇ અંડર સ્ટેન્ડ.

દુભા૦—સાક્ષીને બોલાવો.

(રમેશનો પ્રવેશ)

દુભા૦—કહો કે જે કહીશ તે ઇશ્વરને હાજર જામીન જાણીને જે કહીશ તે સાચે સાચું કહીશ.

રમેશ—ઇશ્વરને હાજર જામીન જાણી જે કહીશ તે સાચેસાચું કહીશ.

દુભા૦—તમારૂં નામ શું?

રમેશ—રમેશચંદ્ર.

સુરેશ—રમેશભાઇ? જુઠું બોલવાની કંઈ જરૂર નથી. મને કેદ કરાવવો છે, તો કરાવો. હું મારી મેળેજ ગુન્હો કબુલી લઉંછું. ધર્માવતાર! રમેશભાઈના ઓરડામાં લાકડાના બોકસમાં એ વાળીઓ હતી. તાળુ તોડીને મેં એ વાળીઓ કાઢી લીધી અને સ્વરૂપચંદ મારવાડીને ત્યાં ગીરો મૂકી છે.

(રમેશનું પ્રસ્થાન)

પીતાં૦—હજુર! ધર્માવતાર! મારે એક વાત કહેવાની છે!

મેજી૦—તુમ કોન હે!

(દુભાષીઓ મેજીસ્ટ્રેટના કાનમાં કહે છે)

મેજી૦—ઓહ! ઈઝ ઇટ? ક્યા કહના ચાહતે હો!

પીતાં૦—હજુર! આ આરોપી બહુ સારા કુટુંબનો છે. આરોપીની ભોજાઈ રમેશચંદ્રની સ્ત્રીએ-એ વાળીઓ આરોપીને આપી હતી, પણ ભાભીને કોર્ટમાં સાક્ષી પૂરવા આવવું પડે એ ડરથી પોતાને માથે ગુન્હો ખેંચી લે છે. એણે ચોરી કરી નથી. એ વાળીઓ તો એની ભોજાઇએ આપી હતી.

મેજી૦—અચ્છા! એનો પુરાવો લાવો કે વાળીઓ ભોજાઇએ આપી હતી.

સુરેશ—હજુર ! ધર્માવતાર ! મારી અરજ સાંભળો. મારી ભાભીએ મને વાળીઓ આપી નથી. હું દગો કરીને–ચોરી કરીને–લાવ્યો છું. હું સાચું કહું છું. આમાં રતીભાર પણ જુઠું નથી. મને સજા કરો; આ પીતાંબર મારા ઘરના જુના મુનીમ છે ! મને બચાવવા માટે જુના પ્રેમને લીધે જુઠું બોલી રહ્યા છે, અને ધર્માવતાર ! એક બીજી પણ અરજ છે ! મારા દોસ્તદાર શિવશંકરના ઉપર ચોરીનો જે દાવો છે તે તદ્દન જુઠો છે. એ બીનગુન્હેગાર છે. નોટ મેં ચોરી છે.

મેજી૦—અરે જુવાનીઆ ! જોઇ વિચારી સમજીને બોલ.

દુભા૦—તું એકરાર કરશે, તો તને સજા થશે.

સુરેશ૦—સજા કરો, મારૂં તો મરવુંજ ઠીક છે. જયારે મારો સગો ભાઈ મને ફસાવવા માટે જુઠી સાક્ષી પુરવા માટે પણ તૈયાર છે, જુઠું બોલી રહ્યા છે, જયારે આ વાત જાણ્યા છતાંયે મોટાભાઇએ રમેશભાઇને વાર્યા નહિ, જાતેય ન આવ્યા, ત્યારે હું સમજી ગયો કે હુંજ બધાની આંખે ખટકતો કાંટો છું. એ કાંટો તો કાઢી નાખેલોજ સારો. તમે મારા ઘરની વાત જાણતા નથી. મારી મા સાક્ષાત સાવિત્રી છે ! મારા મોટા ભાઈ સાક્ષાત્ શંકર છે ! મોટી ભાભી અન્નપૂર્ણા છે ! ભાભી તો લક્ષ્મીનો અવતાર છે ! રમેશભાઇ વકીલ છે ! હુંજ એક નકામો નાલાયક છું. ઘરમાંથી મારે ટળી જવું એજ બહેતર છે.

વકીલ—He is speaking under Police Persuation

[હી ઇઝ સ્પીકીંગ અંડર પોલીસ પરસ્યુએશન.]

મેજી૦—No help. I have warned him. જો તું તારા શબ્દો પાછા નહિ ખેંચી લેશે, તો તને સજા થશે.

સુરેશ—ધર્માવતાર ! સજા કરો. એજ મારી માંગણી છે. મારા જેવા નરાધમને ચોર લુટારૂઓ સાથે રહેવા શિવાય બીજો કંઇ છુટકો છે? હું એક વેપારી શરાફને તથા મિત્રને લઇને ડુબું છું. મેં મારા નિર્મળ કુળમાં કલંક લગાડયું છે. મને કુળાંગારને સજા કરો.

મેજી૦—નોટની ચોરી સંબંધી શું કહેવું છે?

જમાદાર—સાહેબ ! એ કેસનો કોઇ સાક્ષી નથી.

સુરેશ—સાહેબ ! એ કેસમાં પણ હું ગુન્હેગાર છું. મારા પ્રાણથીયે પ્યારામિત્રને મેં નીચ શેતાનોનીસંગતે લઇ જઇને ચોરીનો આરોપી બનાવ્યો.

મેજી૦—જાઓ. પંદર દિવસની સખત મજુરીની કેદ. Mr. Pearson! I discharge your client.

૩ વકીલ—Thanks your worship.

જમાદાર—(સુરેશને) તું કેવો બેવકુફ છે! જા, જેલમાં!

શિવ૦—જમાદાર સાહેબ, જરા ઉભા રહો! ઉભા રહો! મારા મિત્રને મળી લેવા દો. ભાઇ સુરેશ! તારી આ દશા! હું જાણું છું કે તું સારી ચાલચલગતનો છે. પણ હું એ નહિ જાણતો હતો કે તું મિત્રને માટે પ્રાણ પણ આપી

શકે છે. મિત્રતા કોને કહે છે તે હું આજે તારી પાસે શીખ્યો. તારા આ ઉમદા મિત્રકાર્યને હું આ જન્મે તો નહિજ ભૂલું. અને બનશે તો આ ઋણને બહુ નહિ, તો થોડું પણ ચુકવવા હું મહેનત જરૂર કરીશ. ભાઇ સુરેશ! જરા ભેટી લે! મારામાં કંઈ ગુણ નથી! હું તારા ઉપર શું ઉપકાર કરી શકવાનો હતો? પણ તું એ ખાત્રીથી માનજે કે જો મારા પ્રાણ પાથરવાથી તારૂં રતી માત્ર પણ કલ્યાણ થતું હશે, તો હું તેમ કરવાને તૈયાર છું. જો મારી પાસે નાની ઝુંપડી હશે, તો તેમાં અડધી તારી, જો એક મુઠ્ઠી અનાજ હશે, તો અડધો ભાગ તારો રહેશે. ભાઇ! હું સમજી ચુક્યો, કે તારા ભાઇજ તારા કસાઈ છે! પણ ભાઇ! હું આજથી તારો નાનો ભાઇ છું તારો ગુલામ છું!

સિપાઈ—ચાલો, ચાલો, બહુ બકબક નહિ કરો.

જમાદાર—અરે ઉભો રહે! ઉભો રહે.

સુરેશ—ભાઇ! મારી તને એક વિનંતિ છે તે માનજે. મારા જેવા કુછંદીઓની સોબત છોડી સુધરી જજે. ભણવા ગણવામાં ધ્યાન રાખજે. માણસ બનવાનો પ્રયત્ન કરજે. હું મારી ઘરડી માને હૈયે પત્થર મૂકીને જાઉં છું—મેં મારા કુળને કલંક લગાડયું છે. ભાઇ! તારા સદાચારથી તું તારી માને પ્રસન્ન રાખજે! અને જો હું તને કદાપિ મળું, તો મોઢું ફેરવીને ચાલ્યો જજે. મારો છાંયડો સરખોયે ન લેતો, મારા ભાઇઓનો વાંક નથી! તેમણે તો મને

વારંવાર સુધરવા કહ્યું, હુંજ મૂર્ખ હતો તે ન સુધર્યો! વળી બીજી મારી એક વિનંતિ છે. તારી બાને એકવાર મારી ઘરડી મા પાસે મોકલજે. તેજ મારી માનું સાંત્વન કરશે. પ્રફુલ્લ ભાભીને જઇને કહે કે તેનો કંઇ વાંક નથી. મેં તો મારા પાપને લીધે સજા મેળવી છે. તે ખાવુંપીવું છોડી દેશે, તારી બા તેનું મન મનાવશે, મારા ઘરમાં હાહાકાર મચી રહેશે, કોઈ જોવા સાંભળવા સમજાવવાવાળું નહિ રહે. બની શકે તો જદુને આનંદમાં રાખજે. ભાઇ! જાઉં છું!! જમાદાર સાહેબ લઇ ચાલો! પીતાંબર! તમારા ઋણને હું કદીયે નહિ ચુકવી શકું. મારા જેવા નાલાયક કુળાંગાર માટે રડો નહિ!

સૌનું પ્રસ્થાન)

ખાદી પહેરો

અને

પહેરાવો.

અંક ત્રીજો.

મહમદ પેગંબર

હિંદુ-મુસ્લીમ એકતાના આ યુગમાં પ્રત્યેક સાચા હિંદુની ફરજ છે કે તે પોતાના ભાઇબંધ મુસલમાન કોમના ધર્મના સ્થાપકનું જીવન અને ધર્મસિદ્ધાંત જાણી લે. કોઇ પણ સાચો મુસલમાન આ પુસ્તક વાંચ્યા વગર નજ રહેવો જોઇએ.

સાહિત્યકુંજ ગ્રંથમાળા-નડીઆદ.

પ્રવેશ પહેલો.

સ્થળઃ—પીતાંબરના ઘરની સામેનો રસ્તો.

(કાળીદાસ અને પીતાંબર.)

કાળી૦—જ્યારથી મેં તમને જોયા છે, ત્યારથી મારૂં ચિત્ત તમારામાંજ છે. તમે બહુ સજ્જન અને મોટા મુરબ્બી છો.

પીતાં૦—સાહેબ! તમારે મારૂં શું કામ છે?

કાળી૦—હું તમારો ભાઇબંધ થવા માંગું છું, તમારી સાથે દોસ્તી બાંધવા હું બહુ ઇંતેજાર છું. તમે બહુ ભલા છો.

પીતાં૦—આપ કંઈ કહેવા માંગો છો?

કાળી૦—રાજલક્ષ્મી તમારા ઘરમાં અચળ થઇને રહે એ મારી મોટી ઇચ્છા છે.

પીતાં૦—એ તો આપની કૃપા છે! બીજું કાંઇ કહેવું છે?

કાળી૦—આજ સુધી કામ કરી કરી તમે ઘરડા થયા છો, હવે તમને અનાયાસે કંઇ દલ્લો મળી જાય અને તમારા ગામમાં સુખે જીંદગી ગુજારી શકો તેમજ નિરાંત થઇને મોતને શરણે જઈ શકો એવો રસ્તો બતાવવા હું આવ્યો છું.

પીતાં૦—આપે એવો શો ઉપાય શોધ્યો છે?

કાળી૦—મારે ઘેર આવવાની તમે મહેરબાની કરી શકશો?

પીતાં૦—આવીશ કે નહિ તે તો પછીથી કહીશ, પણ પહેલાં તમે કારણ કહો.

કાળી૦—ઠીક ત્યારે, ઠીક ત્યારે. હું મૂળ વાત ઉપર આવું. હું તમને પાંચસેં રૂપીઆ અપાવી શકું છું.

પીતાં૦—અપાવો.

કાળી૦—ઠીક ત્યારે હું. પણ જુઓ? આમ તો કશુંયે નહિ બને, તમારે એક કામ કરવું પડશે. કંઇ મહેનત નહિ પડે.

પીતાં૦—શું કામ છે? કહો.

કાળી૦—અરે નહિ જેવું કામ છે. કંઇ મહેનત નહિ પડે. તદ્દન હરામના રૂપીઆ મળશે. હું તમારા ઉપર ખુશ થયો છું. તેથી આમ કહું છું.

પીતાં૦—તમારી મૂર્તિ જોઇનેજ હું પહેલેથી સમજી ગયો હતો કે કંઇ હરામનું કામ કરાવવા આવ્યા છો.

કાળી૦—કેમ સમજી જાવ નહિ? કેમ સમજી જાવ નહિ? તમે તો બડા મુરખ છો.

પીતાં૦—પાંચસો રૂપીઆ કોણ આપશે?

કાળી૦—હું આપીશ. આજથી હું તમને મારા મિત્ર બનાવું છું તમને દગો નહિ દઉં. મારી વાત સાચી માનજો.

પીતાં૦—પણ તે કામ શું છે? કહો.

કાળી૦—તમે તમારા ગામ જાવ. બસ! બીજું કંઈ નહિ. ત્યાં જઇને જમીન વેચાતી લો, ખાઇ પીને મઝા કરો.

પીતાં૦—તમારી એવી ઈચ્છા છે કે હું યોગેશને છોડીને ચાલ્યો જાઉં? એમજ ને? એ નહિ બને. હું એની સ્ત્રી પાસે દાવો મંડાવીશ. રમેશભાઇને કહજો કે ભલે હું કંઇ નહિ કરી શકું, પણ કોર્ટમાં તો એમની દગાબાજી જરૂર બહાર પાડીશ.

કાળી૦—જાણે કશાનો ડર નહિ હોય તેમ તમે તો કહ્યું!

પીતાં૦—ડર કેમ નહિ? બહુ મોટો ડર છે, તેથીજ આમ કરૂં છું.

કાળી૦—આમ કરવાથી તમને શું ફાયદો થશે?

પીતાં૦—હું મારા અન્નદાતા અને પાલણકર્તાનું રક્ષણ કરીશ, દુર્જનને દંડાવીશ; એ ફાયદો.

કાળી૦—ઠીક પાંચસો રૂપીએ મન નહિ માનતું હોય, તો હું તમને એક હજાર રૂપીઆ અપાવીશ.

પીતાં૦—તમે તમારે રસ્તે પડો, ભાઇ! તમે તમારે રસ્તે પડો. અહીં તમારૂં કંઇ પણ નહિ સુધરે!

કાળી૦—જુઓ! તમે નાહક દુકાનદારવેડા કરો છો. જે રૂપીઆ કેસ લડતા થાય, તે તમને અપાવી દઉં. લો બીજા બસો ઉપરથી.

પીતાં૦—નકામા શા માટે માથું ફોડો છો? ચાલ્યા જાવ.

કાળી૦—તમે તો છેક બુડથલ જણાવ છો! આ હાથમાં આવેલ લક્ષ્મી શા માટે જવા દોછો!

પીતાં૦—(સ્વાગત) અરે આ બલા કયાંથી વળગી! (પ્રકટ) જો તમારૂં ભલું ચાહતા હો, તો ચાલ્યા જાવ. ઓ ભગવાન! સવારે કયા શેતાનનું મોઢું જોયું હતું!

કાળી૦—ઠીક ત્યારે જાઉં છું. જોઇ લઇશ. વકીલની સાથે બાથ ભીડી રહ્યા છોને! યાદ રાખજો! પાછળથી પસ્તાશો! સીવીલ, ક્રીમીનલ. બે જાતના કેસ મંડાશે. તેમાં પાયમાલ થઈ જશો

(રમેશનો પ્રવેશ)

કાશી૦—રમેશભાઇ ! આ કંઇ માનતો નથી.

રમેશ—પીતાંબર ! તમે શું કરતા ફરો છો ? સાભળ્યું છે કે ભાભીને નામે તમે મારા ઉપર કેસ માંડવાના છો ? તમે તો કુંભાર કરતાં ગધેડા ડાહ્યા જેવા જણાવ છો ! શું તમારી મરજી એવી છે કે મોટાભાઇ દારૂ પીવામાં બધું ઉડાવી દે અને તેમના પછી છોકરાં છૈયાંને ખાવા પીવા અને પહેરવા ઓઢવાના સાંસાં પડે ?

પીતાં૦—જેની કમાઇ છે તે ઉડાવશે. તમે કેમ ફેરવી આપતા નથી. ?

રમેશ—પાછી લેવી હો, તો તેમ કરો, ત્રીજોભાગ મળશે. હું રીસીવર નિમાયો છું. જદુ જય રે ઉંમર લાયક થશે, ત્યારે રીસીવર પાસેથી પોતાનો હિસ્સો લઇ લેશે.

પીતાં૦—રમેશ ભાઇ ! ભલું ચાહતા હો, તો પાછું સોંપી દો ! નહિ તો તમારા કરતુતો કોરટમાં બહાર પડશે. તમે બહુ ખરાબ આદમી છો, નહિ તો સગા ભાઇને જેલમાં મોકલતે ?

રમેશ—સાંભળો ડોકટર સાહેબ ! સાંભળો. હું ખરાબ આદમી છું.

પીતાં૦—રમેશભાઇ ! તમે દુનીઆને મોઢું શી રીતે દેખાડો છો તેનોજ હું તો વિચાર કરૂં છું. એક ભાઈને કેદ પકડાવ્યો, જે મોટાભાઈએ બાપની પેઠે તમારૂં પાલણપોષણ કર્યું તેનું ચાકર પાસે અપમાન કરાવ્યું. ઘરમાં આવવા ન દીધા ? ધિક્કાર છે !

રમેશ—તમારી તો અક્કલ એવી રહી ! ઘરમાં રહીને દારૂપીને

તોફાન કરે અને હું કંઇ પણ નહિ કહું? વળી ઘર પર એનો હક કયાં છે? ઘર તો એણે વેચી નાખ્યું છે. મેં તે ખરીદી લીધું છે.

પીતાં૦—રૂપીઆ આપ્યા નહિ, કંઇ નહિ અને મકાન બીજાનું થઇ ગયું?

રમેશ—રૂપીઆ આપ્યા નથી. એમ તમે કહો છો? તમારી ઉપર ડેફેમેશનનો દાવો માંડી શકાય છે. રજીસ્ટ્રારની ઓફિસમાં લખાણુપઢાણુ જોઈ આવો. ચીઠ્ઠી ઉપર રૂપીઆ લીધેલા તે વધી જવાથી તેણે આ લખાવી લીધું.

પીતાં૦—તમારી સાથે ચર્ચા કરવાની જરૂર નથી. તમારે ફાવે તેમ કરો મને ફાવશે તેમ હું કરીશ.

રમેશ—પીતાંબર! મારૂં કહેવું માનો!

પીતાં૦—હવે વધારે સમજાવવા માંગતો નથી. તમને તો કાઢી મૂકી નહિ શકું, હુંજ જાઉં છું.

રમેશ—પીતાંબર! સાંભળો! હું તમને પાંચહજાર રૂપીઆ આપું!

પીતાં૦—તમે નરાધમ છો! શેતાન છો! (પીતાંબરનું પ્રસ્થાન.)

કાળી૦—એની આટલી બધી ખુશામત કેમ કરોછો? મેં સાંભળ્યું છે કે તમારી ભાભી તો તમારી માને લઇને ચાલી ગઈ છે. અત્યારે તો ઘર ઉપર કબજો તમારો છે. કબજો કરીને બેસી રહો. પછી સૌ પડશે તેવા દેવાશે. જે મકાન ભાડે અપાએલા છે તેનું ભાડું વસુલ કરીલો. બધા ઉપર કબજો કરીલો. મોટાભાઈ માટે બેફીકર રહો. તે તો

દહાડો ને રાત દારૂ ઢીંચવામાં પડેલા છે. મા તો કંઇ કરવાની નથી, એક સગીર ભત્રીજો અને ભોજાઈ છે; તે કંઇ કરી શકશે નહિ. મુદ્દાના માલપાણીજ એમની પાસે નથી પછી નાહકના પાંચ હજાર પીતાંબરને શા માટે આપો છો? એજ રૂપીઆ ખરચીને એના ગામમાં એના ઉપર કોઈ પાસે દાવો મંડાવોને? એના પિત્રાઇ સાથે ઝગડો છે એવું સાંભળ્યું છે.

રમેશ—ગમે તેમ હોય, કંઇને કંઇ કરવું તો પડશે.

(બંનેનુ પ્રસ્થાન.)

પ્રવેશ બીજો.

સ્થળઃ પ્રેસીડન્સી જેલ.

કેદીઓ અને મેટ.

૧ કેદી—રડે છે શા માટે ? છ મહીના તો જોત જોતામાં વીતી જશે. હું પાંચ વરસ થયાં અહીં છું. થોડા દહાડા જરા અડચણ પડશે, ખટકશે પછી તો ગોઠી જશે. મારી પેઠે તું પણ મોટો થશે.

૨ કેદી—અરે એ સાળાને હજી આઠ દહાડા થયા છે એટલામાં રડી દે છે.

૩ કેદી—માર સાળાને એક લાત ! માર સાળાને એક લાત !

મેટ—સાળા ! મોઢા સામું શું જોઇ રહ્યો છે? પત્થર ફોડ. (મારે છે)

સુરેશ—ઓ મારે !

મેટ—અહાહા ! અહીં તો મા પણ નથી ને બાપ પણ નથી, ફોડ સાળા ! પત્થર ફોડ. જોર કરીને ઘા માર ! આ ઢગલો ફોડવો પડશે.

સુરેશ—ભાઇ હવે નથી ફોડાતું ! હાથમાં છાલા પડી ગયા છે ?

૨ કેદી—જુઓ ! જુઓ ! શેઠ સાહેબના હાથે છાલા પડી ગયા છે ! અહાહા !

૩ કેદી—તારા ભાગમાંના અડધા પત્થર ફોડી આપે, તો શું આપશે ?

સુરેશ—મારી પાસે કંઇ નથી. રૂપીઆ હતા, તે તો અહીં દાખલ કરતી વખતે છીનવી લીધા.

મેટ—સાળા! તું તો કહેતો હતો કે મારે ભાઇ છે-મા છે, ઘેરથી રૂપીઆ મંગાવને, રૂપીઆ મંગાવીને સુખેથી હોસ્પિટાલમાં રહે.

સુરેશ—પણ ઘેર કેવી રીતે કહેવડાવું?

મેટ—તેની ગોઠવણ હું કરી આપું છું. મને સોળ રૂપીઆ આપજે, ત્યાર પછી જે આપણે મળી સમજીને રહીશું, તો રૂપીઆ મંગાવી આપીશ પછી કેવી મઝાથી રહે છે તે જોજે. સાસરૂં તે સાસરૂં! દારૂ પી, ગાંજો પી, મરજીમાં ફાવે તેમ કર. અને જો સારો માણસ થઇને રડશે કકળશે, તો પત્થર ફોડયા કરજે! અને મારા હાથના ફટકા ખાયા કરજે.

(જેલર, રમેશ અને કાળીદાસનો પ્રવેશ.)

જેલર—એય કેદી! તારા વકીલ આવ્યા છે.

સુરેશ—મોટાભાઇ! શું મને આવી રીતે સજા કરાવવી છાજે છે? મને બચાવો! હું મરી ચાલ્યો!

રમેશ—ગુપચુપ સાંભળ! જો તું મારૂં કહ્યું માને, તો હું કાલેજ તને અહીંથી છોડવી લઇ જાઉં.

સુરેશ—મને જે કહેશો, તે માનીશ. હું રોજ નિશાળે ભણવા જઇશ. ઘર બહાર રખડવા નહિ જાઉં.

રમેશ—જોજે જો!

સુરેશ—નહિ રમેશભાઇ! હવે હું તોફાનમસ્તી નહિ કરૂં.

રમેશ—ઠીક, આ કાગળ ઉપર સહી કરી આપ—જોઉં, અપીલ

કરીને તને છોડવવો પડશે બેરિસ્ટર માટે રૂપીઆની તજવીજ કરવી પડશે.-ચાલ સહી કર.

(સુરેશ સહી કરે છે.)

રમેશ—કાળીદાસ ક્યાં ગયા? સાખ દસ્કત કરો.

સુરેશ—ભાઈ! તમારી સાથે કાળીદાસ કેમ આવ્યા છે?

રમેશ—સાક્ષી થવાને

સુરેશ—શેના સાક્ષી? ઉભા રહો! જે કામમાં કાળીદાસ હોય, તેમાં જરૂર કંઇ દગો ફટકો હોવો જોઇએ, મને જેલ મોકલી એ કાળેપાણી મોકલવાનું કરતો હોવો જોઇએ.

રમેશ—નહિ, નહિ કાળીદાસની સાક્ષી તને પસંદ નથી, તો તેમ લાવ, બીજા કોઈની પાસે સાખ દસ્કત કરાવીશ.

સુરેશ-હમણાં નહિ આપું. પહેલાં એ કહો કે આ લખાણ શાનું છે?

રમેશ—બીજા શાનું? તારો હિસ્સો ગીરે મૂકીને રૂપીઆની વ્યવસ્થા કરવી પડશે. તે રૂપીઆ વડે બેરિસ્ટર રોકીશ.

સુરેશ—મારો હિસ્સો કેવો?

રમેશ—તું નથી જાણતો, મોટાભાઇએ આપણ બંનેને અંધારામાં રાખી દગાથી મીલ્કત ભેગી કરી છે, તે મીલ્કતમાં તારો પણ ભાગ છે, અને મારો પણ ભાગ છે.

સુરેશ—મોટાભાઇએ દગો દીધો! તમે જુઠું બોલો છો! રમેશભાઈ! ધીમે ધીમે મને બધું સમજાયછે, તમને કાળીદાસની સાથે જોઇને હું થોડુંઘણું સમજી શક્યો છું. હવે

હું સમજ્યો કે મને સુધારવાની દાનતથી કંઇ જેલ મોકલવામાં નથી આવ્યો! માજણ્યો સગો ભાઇ આ દુઃખ નહિ જોઈ શકે! માના જણ્યા સગા ભાઇની શું વાત? પણ માથાનો વાઢનાર દુશ્મન પણ આવું કામ નહિ કરે! મને જેલ મોકલીને માને શું કહ્યું? અને તેને કેમ સમજાવી તેનોજ હું તો વિચાર કરૂં છું, મોટાભાઇને શી રીતે સમજાવ્યા? ભાભીને શી રીતે સમજાવી? મોટી ભાભીને શું કહ્યું? નહિ, નહિ, તમેંજ તરકટ કરીને મને કેદ પકડાવ્યો છે. તમે મારા ભાઇ નથી, પણ શત્રુ છો, કસાઇ છો! મને લાગે છે કે મોટા ભાઇ પણ જીવતા નહિ રહ્યા હોય, અથવા જીવતા હશે તો તમારી જાળમાં ફસાઇને કોઇ પણ વિપત્તિમાં પડયા હશે. એમ નહિ હોય તો, તો મારો ભાગ ગીરો મૂકીને અપીલનો ખર્ચ કરવાની જરૂર પડતે નહિ. ખરેખરૂં કહો ઘરની શી ખબર છે?

રમેશ—સુરેશ! તું શું ગાંડો થઈ ગયોછે? લાવ, લાવ, કાગળ આપ.

સુરેશ—ધીરે ધીરે મને એમ પણ લાગે છે કે તમે મને કેદમાંથી છોડાવવા આવ્યા નથી, પણ તમારી મુરાદ પાર પાડવા આવ્યા છો! મારો હિસ્સો લખાવી લેવા આવ્યા છો, પણ રમેશ ભાઇ! સાંભળો! મારો ભાગલાગ તો છેજ નહિ. છતાંયે જો હોય, તો તેમાંથી ફુટી બદામ પણ તમને મળવાની નથી. હું જેલમાં સડીને મરી જાઉં, ચાહે તો કાળાપાણી જાઉં, ફાંસીયે લટકું તે કબુલ મંજુર છે, પણ કાળીદાસના મિત્રને હું મારો હિસ્સો લખી આપી શકતો

નથી. તમારા મનમાં શું શું દગોફટકો હશે, તે ભગવાન જાણે! મોટાભાઇનું કેવું સત્યાનાશ વાળ્યું છે તે તો એક ઇશ્વર જાણે છે! જાવ ભાઇ! પાછા જાવ. એ કાગળ તમને નહિ મળે.

રમેશ—ભાઇ! સુરેશ! તેં નથી સાંભળ્યું કે આપણું સત્યાનાશ વળી ગયું છે. બેંકે દેવાળું કાઢયું છે. મોટાભાઇ પાસે રૂપીઆ નથી. મારી પાસે પણ નથી.

સુરેશ—રમેશભાઇ ઠીક સમજાવી રહ્યા છો! મોટાભાઇ પાસે રૂપીઆ નથી, તમારી પાસે રૂપીઆ નથી અને જેણે એક પાઈ પણ કદી પેદા કરી નથી તે સહી કરી આપે કે રૂપીઆ મળી જાય! તમે મારા કરતાંયે જુઠા છો! મારાથી શા માટે! અરે કાળીદાસથી પણ વધારે! તમે એકજ માના પેટથી પેદા થએલા મોટાભાઇના સગા ભાઇ છો એથી હું અજબ થાઉં છું.

કાળી૦—ભાઇ! નાદાની નહિ કર. રમેશભાઇ તારા ભલા માટેજ આવ્યા છે.

સુરેશ—મારા ભલાને માટેજ પોલિસમાં રિપોર્ટ કરવામાં આવ્યો હતો, મારા ભલાને માટે તમારા ઘરમાંથી કેદ પકડાવવામાં આવ્યો હતો, મારા ભલાને માટેજ જુઠા સાક્ષી પુરવા ગયા હતા, મારા ભલાને માટેજ સજા કરાવી છે, અને મારા ભલાને માટેજ ભાગ લખાવી લેવા આવ્યા છો, એ હું બરાબર સમજું છું! કાળીદાસ! હવે બહુ થયું! હવે વધારે ભલાઇ કરવાની જરૂર નથી. હું આ કાગળ ફાડીને

ફૂંકી દઉં છું. તમારા જેવા સેતાનોના આવવાથી તો આ જેલની ભૂમિ પણ થરથરી રહે છે!

રમેશ—ત્યારે તો જેલમાં પડયો પડયો સડયા કર.

સુરેશ—ભાઈ! તમને બહુ નિરાશ થવું પડયું! દગાબાજ! દગાબાજના સાથી! તમને જેલની સજા કેમ નથી થતી તે જાણો છો? હજી સુધી તમારે લાયક જેલ તૈયાર નથી થઇ.

રમેશ (જેલરને) હું વાતચીત કરી રહ્યો. હવે એને મોકલીદો.

(રમેશ અને કાળીદાસનું પ્રસ્થાન.)

રમેશ—(સિપાઇને) લઇ જાવ.

સિપાઇ—**ચલબે ચલ! તેરે કામ પર ચલ.**

મેટ—**કામ પર ચાલ, સાળા! બેસી કેમ રહ્યો છે!**

(સુરેશને મારે છે)

સુરેશ—ઓ મારે! હવે તને કયારે મળીશ!

(ડોકટરનો પ્રવેશ.)

મેટ—ડોકટર સાહેબ! જુઓ તો! એના મોઢામાંથી લોહી વહે છે.

ડોકટર—હા, બહુ લોહી નીકળે છે હોસ્પિટલમાં લઈ જાઓ.

(સુરેશને લઇને મેટનું પ્રસ્થાન.)

જમાદાર—ખાવાનો ઘંટ વાગ્યો. ચાલો લાઈનમાં ઉભા રહો.

(સૌનું પ્રસ્થાન.)

પ્રવેશ ત્રીજો.

સ્થળઃ જ્ઞાનદાના ઘરની બહારનો ભાગ.

(ઉમાસુંદરી અને પીતાંબર)

ઉમા૦—પીતાંબર ! સાચું કહો મારા સુરેશને સજાબજા તો નથી થઇ ગઇને ? એને અહીં લાવીને મને દેખાડો ! રાતની મારી છાતીમાં જાણે આગ સળગ્યા કરે છે. જીવ જાણે ઉડી જાય છે ! જો જરા આંખ મીંચું છું, તો જાત જાતના સ્વપ્નાં આવે છે. તમને શું કહું ? કોણ જાણે કેવા કેવા સ્વપ્નાં આવે છે ! ભાઈ પીતાંબર ! મને સાચું કહો ! તે જીવતો જાગતો છે ?

પીતાં૦—માજી ! તમને શી રીતે સમજાવું ? મેં સોગંદ ખાઇને કહ્યું છતાં વિશ્વાસ નહિ બેઠો ? કોર્ટમાંથી છુટતાંજ તે ગાડીમાં બેસીને ચાલ્યો ગયો. મેં કેટલુંયે કહ્યું કે માજીને મળીને જાવ, પણ માન્યું નહિ. બધા ભાઇબંધોની સાથે સહેલ કરવા ઉપડી ગયા સુરતમાં ગોકળઆઠમનો જે મેળો ભરાય છે ને ? તે જોઇને આવવાનું કહી ગયા છે.

ઉમા૦—ત્યારે ભાઇ કોઇ માણસને મોકલો કે તેને જલદી લઇ આવે ! જો હવે બેત્રણ દહાડામાં હું એને જોઇશ નહિ, તો હું બચીશ નહિ.

પીતાં૦—માજી ! તમે શું કહી રહ્યા છો ! શું મેં માણસ મોકલ્યો નથી ? મોટીવહુને પૂછી જોજો ! મેં મારા મોટાભાઇને મોકલ્યો છે. તેણે લખ્યું છે કે છડીનોમ અને હડીઆદશેમનો

મેળો છે, તથા સોમવારે કતારગામમાં મેળો છે તે જોઇને ચાહ્યા આવશે.

ઉમા૦—ત્યારે ભાઇ! મને ત્યાં લઇ જા. હું એને એકવાર જોઉં તો ખરી; પછી જોઇએ તો બીજા પંદર દિવસ તે ત્યાં રહે!

પીતાં૦—માજી! એટલે બધે દુર તમે શું કરવા જશો? મેળાની ભીડાભીડમાં તમારો શું આસરો! વળી ત્યાર પછી ત્રણ-ચાર દિવસમાં તો ભાઇ આવી પહોંચશે.

ઉમા૦—ભાઇ! તારૂં કલ્યાણ થશે! ગમે તેમ કરી મને ત્યાં નહિ લઇ જાવ? મારો સુરેશ બહુ લાડકો હતો, રમેશના જન્મ પછી નવ વર્ષ સુધી કંઇ છોકરાંછૈયાં નહિ થયાં ત્યાર પછી સુરેશનો જન્મ થયો. એ જયારે ચાર વર્ષનો હતો ત્યારે એને શરદી થઈ હતી; અંબામાની બાધા રાખી અને કેટલા ઉજાગરા કર્યા, ત્યારે આરામ થયો. લોક કહે છે કે મારો સુરેશ બહુ ઉત્પાતીઓ અને તોફાની થઈ ગયો છે પણ તે હજી સુધી કંઇ જાણતો નથી. મારા વગર તો તે ખાવા બેસતો નથી તે એકલો ઉંઘે છે, તો રાતે હું વારંવાર જોઇ આવું છું. એજ સુરેશને મેં આજે પાંચ દહાડા થયા જોયો નથી મારૂં હૈયું જાણે સુનુ સુનું લાગે છે. પીતાંબર! મારૂં કહેવું માનો. મને જરા એનું મોઢું તો દેખાડો.

પીતાં૦—ઠીક ત્યારે. આજે હું સુરેશભાઇની ઉપર તાર કરૂં છું. જો આવશે નહિ, તો કાલે રાતે તમને લઇને જઇશ. હમણાં કામકાજની ધમાલ એટલી બધી વધી ગઈ છે કે માથું ઉચકીને કોઇની સામે જોવાની પણ ફુરસદ નથી.

ઉમા૦—તમારાથી નહિ આવી શકાય, તો ભાઇ ! કોઈ આદમી સાથે મોકલો ! હું તેની સાથે જાઉં.

પીતાં૦—ઠીક ત્યારે તેમ કરૂં છું. તમે હવે જઇને પૂજા કરો.

ઉમા૦—ભાઇ ! પૂજા શું કરૂં ? પૂજા કરવા જાઉં છું, ત્યાં પણ સુરેશની યાદ ભૂલાતી નથી. ખાવા બેસું છું, ત્યાં પણ સુરેશ જણાય છે. હેં ! ભાઈ, તમે શું સાચું કહો છો ? મારો સુરેશ જીવતો જાગતો તો છે ને ? ભાઇ તમારી આંખમાં આંસુ કેમ ભરાયા છે ? શું મારો સુરેશ હવે આ દુનીઆમાં નથી ?

પીતાં૦—ઘડપણમાં આંખમાંથી પાણી ગળવાનો રોગ થાય છે ને ! મને પણ તેજ રોગ થઇ આવ્યો છે.

ઉમા૦—ભાઇ ! હું જેને પુછું તે નારાજ થઈ જાય છે. ભયની મારી યોગેશ પાસે જઇ શકતી નથી. મને જોતાંજ ઉંડો નિસાસો મૂકી તે ઉઠીને ચાલતા થાય છે. મોટીવહુ વાત ઉડાવી દે છે; કોઇ ઠેકાણે મારે હૈયું ખોલવાનું રહ્યું નથી. ભાઇ ! મેં કેવા કાળ ચોઘડીઆમાં રમેશનું કહેવું માન્યું ? મેં યોગેશને શા માટે કહ્યું કે રજીસ્ટર કરાવી આપ ! અધર્મથી ડરીને ચાલવાવાળો મારો યોગેશ એ ખ્યાલથીજ દારૂ પીવા લાગ્યો છે કે બધા એને દગાબાજ તરીકે જાણી ગયા છે. હવે કોને મોઢું બતાવે ? હું મુઇ અભાગણી આ બધાનું મૂળ છું. અંતરના દુઃખથી જો યોગેશની આ દશા નહિ થતે, તો રમેશની મગદુર શું કે તે સુરેશને પકડાવતે ? હાય ! હાય ! મોટી વહુ છોકરાનો હાથ ઝાલી ઘર

બહાર નીકળી ગઇ, નિર્દોષ બિચારો જદુ! તે કહે છે કે મા આપણું ઘર છોડીને આપણે શું કરવા જઇએ? ભગવાન! મને આમ અવળી મતિ કેમ સુઝાડી! મા થઇને મેં યોગેશને ધર્મમાંથી ચૂકવા કેમ કહ્યું? જન્મી ત્યારથી હજી સુધી હસવામાં પણ હું જુઠું બોલી નથી. મા, થઇને હું કાળી નાગણ કેમ બની? ધર્મ છોડવાથીજ મારી આ દશા થઈ! મારા ધર્મપરાયણ ઘરમાં પાપ આવી ભરાયું છે. ભાઇ! તેથીજ મને ચેન પડતું નથી. સારીમાઠી જે ખબર હોય તે કહો, શું સુરેશને સજા થઇ છે?

પીતાં૦—રવિવારે તો હું અંબામાને નાળીએર વધેરી આવ્યો છું. સજા થાય તો કોઇ નાળીએર વધેરે? તમારી તો વાતજ એવી! તે વાત ઉડાવી દે છે. તમે તો રાતને દહાડો બકવા કરો છો, કયાં સુધી એ લોક તેનો જવાબ આપ્યા કરે? હું તો કહું છું ને કે કાલે તમને લઇ જઇશ.

ઉમા૦—લઇ જશેને ભાઇ!

પીતાં૦—હા, માજી હા.! મોટી આપદા છે. આ ડોશી કયારે મરશે?

ઉમા૦—ભાઈ! મારૂં તો મોત આવે તેજ સારૂં. હું મરી જાઉં તેજ સારૂં. પણ મોત આવતું નથી.

પીતાં૦—જાવ પૂજા કરો.

ઉમા૦—ઠીક ત્યારે.

(ઉમાનું પ્રસ્થાન)

(જ્ઞાનદાનો પ્રવેશ)

જ્ઞાન૦—પીતાંબર કાકા ! કેમ રડો છો ?

પીતાં૦—વહુ ! માજીની વાતો સાંભળીને તો પત્થરનું કલેજું હોય, તો તેયે ફાટી જાય ! તેને દમદાટી દઇને હમણાં અંદર મોકલી છે ખાય પીએ તો છે ને ? મને લાગતું નથી કે તે હવે બહુ જીવે. દશ દહાડા શી રીતે કાઢશે ?

જ્ઞાન૦—કાકા ! હું શું કરૂં ? કંઇ સમજી શકાતું નથી. જો ખાવા બેસે છે, તો ઘડીમાં રોટલાનો કકડો ભાંગે છે, વળી એમને એમ થાળી રહેવા દઇને ઉઠી જાય છે; અને રડવા લાગે છે, રાતે પલક પણ આંખ મીચાતી નથી. ઘડીમાં છાતી ધડકવા લાગે છે, તો ઘડીમાં સાસ સમાતો નથી. સ્હેજ ચુપ રહેવાથી હું એમ માનું છું કે સાસુજી સુઇ ગયા, પણ એમને ઉંઘ નથી. મારૂં મન મનાવવાને આંખો મીંચીને પડી રહે છે. થોડીવારે આવીને જોઉં છું તો બેઠાબેઠા રડે છે અને લાંબા શ્વાસ લે છે.

પીતાં૦—ત્યારે વહુ ! શું થશે ? દશ દહાડા શી રીતે વીતશે ? મેં સૌથી પ્રખ્યાત બેરિસ્ટરને કાગળપત્ર દેખાડયા હતા. તેણે જવાબ દીધો કે અપીલ થઇ શકતી નથી.

જ્ઞાન૦—ત્યારે તમે પત્થર ફોડવાનું બંધ કરાવી નહિ શકયા ?

પીતાં૦—કેવી રીતે કરાવું ? ચાર હજાર રૂપીઆ લઇ જઇને બહુ મહેનત કરી, પણ કંઇ વળ્યું નહિં. દુઃખની શું વાત કરૂં ? કોઈ વકીલ આવીને જેલરને ધમકાવી ગયા છે કે પત્થર ફોડાવવાનું બંધ કરતા નહિ એમ જમાદારે જણાવ્યું છે, તે વકીલ કોઇ નહિ, પણ હું ધારૂં છું કે રમેશ ભાઇજ છે.

જ્ઞાન૦—ઓઃ શું ? તે પુરેપુરો સેતાન થઇ ગયો ? તમે હજી વધારે રૂપીઆ આપવાને કહો, તે બહુ નાજુક બાંધાનો દુબળા દેહનો છે; પત્થર કોડવાની મજુરી કરવાથી તે નહિ જીવતો રહે.

પીતાં૦—રમેશ તો સેતાનથીયે અધમ છે, અને હવે બીજા વધારે રૂપીઆ મારી પાસે નથી. વહુ ! તમે ઘરેણા ઉતારીને આપ્યા, તે જોઇને મારૂં હૈયું ફાટી ગયું. તે ઘરેણાને ગીરો મૂકીને ચાર હજાર રૂપીઆ જલદીથી લઇ ગયો હતો. વળી તે શાહુકાર વધારે રૂપીઆ આપવા માગતો નથી, કારણ કે કોઈએ એને ભંભેર્યો છે કે દાગીના ઓછી કિંમતના છે.

જ્ઞાન૦—મારી પાસે બીજા પણ ઘરેણા છે તે હું તમને આપું છું. જદુને પહેરવાના ઘરેણા રાખ્યા છે, તે પણ લઇ જાવ.

પીતાં૦—ઠીક. ત્યારે કંઇક કરી જોઉં. પણ એમ જણાય છે કે એ ઘરેણા લેવાનો વખત નહિ આવે એક સારી વાત સંભળાઈ છે કે-

જ્ઞાન૦—શું ?

પીતાં૦—તે વાત હમણાં ચર્ચાઇ જાય તે ઠીક નહિ. એમ સમજાય છે કે બેંકમાંથી રૂપીઆ મળી શકશે. બેંક દેવાળું નહિ કાઢે.

જ્ઞાન૦—બેંકમાંથી રૂપીઆ મળે, તો તો સારીજ વાત છે. પણ તમે હવે વાર લગાડો નહિ, પહેલાં પત્થર ફોડાવવાનું બંધ કરવાની કોશીશ કરો. હું તે દાગીના પણ આપું છું. કાકા ! તમને શું કહું ? તમે તો મારા બાપ જેવા છો પણ એક દહાડો પણ તમારી સામે આવી નથી. આજે મનમાં એમ

થાય છે કે જેલરની પાસે જઇને તેને ચરણે માથું મુકું! કાકા એમના હાલહવાલ જોઇને હૈયા સઘડી હતી, તેમાં સુરેશના દુઃખથી તો છાતી ચીરાઇ જાય છે.

પીતાં૦—ઠીક ત્યારે દાગીના મોકલજો. એટલીવારમાં હું જલદીથી જમી લઉં.

(પીતાંબરનું પ્રસ્થાન)

(પ્રફુલ્લનો પ્રવેશ.)

જ્ઞાન૦—બ્હેન! તું શી રીતે આવી! નાસી છુટીને તો નથી આવીને?

પ્રફુલ્લ—નહિ બ્હેન! એમણે મોકલી છે. કહે છે કે એ સુરેશભાઇને છોડાવી લાવશે. એકવાર સાસુજીને ત્યાં જવું પડશે. એમના જવાથી સુરેશનો છુટકારો થશે.

જ્ઞાન૦—માના જવાથી શું થશે!

પ્રફુલ્લ—સુરેશભાઈ એક કાગળ ઉપર સહી કરી આપે, તો બસ છુટી જાય! તેમ કરી આપવાને ના પાડે છે. જો એમના કહેવાથી સહી નહિ કરી આપે, તો સાસુજી સહી કરી આપવા કહે. સાસુજીના કહેવાથી તે સહી કરી આપશે અને તરત છુટકારો થશે. બ્હેન! તમે તો ઘર છોડીને ચાલ્યા આવ્યા. મને એકલીને ગમતું નથી, સુરેશ યાદ આવે છે કે જીવ ચુંથાય છે. હાય! મેં એને શા માટે વાળીઓ આપી?

જ્ઞાન૦—રડ નહિ ચુપ! સાસુજી સાંભળશે.

પ્રફુલ્લ—સાસુજીને નહિ કહું ?

જ્ઞાન૦—ના ના ખબરદાર ! કહેતી નહિ.

પ્રફુલ્લ—ત્યારે સુરેશભાઇ શીરીતે છુટશે ?

જ્ઞાન૦—સાસુજીને એ વાતની ખબર નથી. જો એ વાત જાણે તો તરતજ શોકને લીધે મરી જાય.

પ્રફુલ્લ—સાસુજી મરી જાય ! ઠીક થયું કે મેં તમને વાત કરી દીધી. તેમણે તો તમને કહેવા ના પાડી હતી. બ્હેન ! એમણે મને જણાવ્યું હતું કે હું સુરેશને લઈ આવીશ. આજે લાવીશ. કાલે લાવીશ એમ કરી મને સમજાવ્યા કરતા હતા; આથી ગઇ કાલ અને પરમ દહાડા એમ બે દિવસ ભુખી અને તરસી પડી રહી. કંઇ ખાધુંપીધું નહિ, આજે સુરેશને છોડાવી લાવવાનો પાકો વાયદો કર્યો છે, ત્યારેજ હું ઘર બહાર નીકળી છું. હજીસુધી મેં કંઇ ખાધું નથી. સુરેશભાઇ જો આવશે નહિ, તો હું ભુખી રહીને જીવ કાઢીશ. મોટીબ્હેન ! કેટલા દિવસ થયાં સાસુજીને માથે ધુપેલતેલ નથી ઘસ્યું, તમને નથી મળા. એમ કરી શકતે, તોપણ સુરેશને જોયા વગર ખાતે નહિ. સુરેશને જોયા વગર હું નહિ જીવી શકું !

જ્ઞાન૦—કેવો છળકપટવાળો ચંડાળ છે ! પોતાની સ્ત્રીને પણ છેતરે છે. રામાયણમાંના પેલા રાક્ષસનો અવતારજ છે કે શું ?

પ્રફુલ્લ—મોટી બ્હેન ! તમે એમની નિંદા કરો નહિ ! સાસુજી કહે છે કે સ્ત્રીએ પોતાના સ્વામીની નિંદા સાંભળવી ન જોઇએ. બ્હેન ! સુરેશભાઇનું શું થશે ?

જ્ઞાન૦—ચાલ તું ખાઇ લે. સુરેશને લાવવા માટે મેં માણુસ મોકલ્યો છે.

પ્રફુલ્લ—હેં બ્હેન! સુરેશ આવશે ત્યારે તમે બધા ઘેર પાછા આવશોને! જો એમણે મને મારી માશીને ત્યાં મોકલી ન દીધી હોત, તો હું તમને કોઇને ઘર બહાર જવા દેત નહિ. હું જોતે તો ખરી કે તમે બધા કેવી રીતે જતે? જદુને કેડમાં લઇને સાસુજીના પગ પકડીને બેસી રહેતે.

જ્ઞાન૦—હવે કેવી રીતે આવીએ? અમને કાઢી મૂક્યા, હવે શી રીતે આવીએ?

પ્રફુલ્લ—તમને કાઢી મૂક્યા! ત્યારે શું એ કહે છે કે તમે તમારી મેળે ચાલ્યા ગયા તે જુઠું છે? ત્યારે એમનો ભરોસો શી રીતે થાય! બ્હેન! હું નહિ ખાઉં! કંઇ નહિ કરૂં! હું મરી જઇશ!!!

જ્ઞાન૦—નહિ, ચાલ! તું ખાઈ લે. પછી તે ઘેર જઇશું.

પ્રફુલ્લ—તમને કાઢી મૂક્યા છે, શી રીતે આવશો?

જ્ઞાન૦—રમેશે વખતે મશ્કરી કરી હશે!

પ્રફુલ્લ—હા, હા, એમજ કહો. બ્હેન! હું હમણાં નહિ ખાઉં. સાસુજીને તેલ ઘસી આપીને જદુને ખવડાવી પછી હું જમીશ.

જ્ઞાન૦—સાસુજીને તો હજી બહુ વાર લાગશે. તું ચાલ.

પ્રફુલ્લ—નહિ ભાભીજી! હું તમને પગે લાગું છું! નહિ ભાભીજી હું તમને પગે લાગું છું! જુઓ પેલા ભાઇજી આવે છે. ભાભીજી જદુને મોકલજો!

(પ્રફુલ્લનું પ્રસ્થાન)

(યોગેશ અને યાદવનો પ્રવેશ)

યાદવ—બાપા સુરેશ કાકા કયારે આવશે ? કહોને મને ગમતું નથી ?

યોગેશ—તું નિશાળે નથી ગયો ?

યાદવ—નહિ બાપા ! હું ભણવાનું ભૂલી જાઉં છું; માસ્તર સાહેબ મારે છે. જયાં સુધી કાકા નહિ આવે, ત્યાં સુધી મને પાઠ નહિ આવડે. કહોને બાપા ! કાકા કયારે આવશે ?

યોગેશ—રાતે આવશે.

યાદવ—જો હું ઉંઘી જાઉં, તો મને જગાડજો ! મને રાતે બીક લાગે છે, મને રડવું આવે છે. બાપા તમે કેમ રડો છો ? હેં બાપા ?

જ્ઞાન૦—જદુ જા. તારી કાકી આવી છે.

યાદવ—અને સુરેશકાકા કયારે આવશે ?

જ્ઞાન૦—તે રાતે આવશે

યાદવ—બા ! હું રાતે ઉંઘી નહિ જાઉં. હું કાકાને મળીશ.

જ્ઞાન૦—વારુ મળજે. ચાલ કાકીની સાથે જમશેને ?

યાદવ—કાકી ! કાકી !

[યાદવનું પ્રસ્થાન]

યોગેશ—શું પ્રફુલ્લ આવી છે ?

જ્ઞાન૦—હા તમારા સજાત ભાઈએ માજીને ખબર પહોંચાડવા મોકલી છે. મા પાસે કહેવડાવીને કશા ઉપર સહી કરાવી લેવી છે.

યોગેશ—એમ છે કે ? એને પણ શું ખુબ શીખવીને રમેશે તૈયાર કરી છે !

જ્ઞાન૦—રામ રામ ! તમે એમ કેમ કહો છો ? ચંદ્રમામાં કલંક છે, પણ પ્રફુલ્લમાં કંઈ કલંક નથી સુરેશને લીધે તો એણે ત્રણ દિવસ થયાં કંઇ ખાધું પીધું નથી. હજી નાદાન છે. સુરેશ એમ કરવાથી આવશે એ સમજીને ખુશ થતી કહેવા આવી છે.

યોગેશ—તું નથી જાણતી. તને ખબર નથી ! છોકરાને ઝેર દેવા આવી છે.

જ્ઞાન૦—છટ ! એમ કેમ બોલો છો ? વળી પાછું સવારના પહોરમાં પીવા માંડયું ?

યોગેશ—ઓહ ! બધું ભૂલાય છે પણ સુરેશ ભૂલાતો નથી.

જ્ઞાન૦—ત્યારે એને છોડાવવા કંઇ તેવડ કરો.

યોગેશ—શું કરૂં ? મારાથી કંઇ નહિ બને ! પીતાંબર છે, જેમ ઠીક લાગશે તેમ કરશે.

જ્ઞાન૦—અરરર ! તમે કેવા હતા ને કેવા થઈ ગયા ?

યોગેશ—કેવો થઈ ગયો છું, તે તો તું પહેલેથી છેલ્લે સુધી જાણે છે.

જ્ઞાન૦—ભગવાન શું તેં આવું ધાર્યું હતું ?

[બંનેનું પ્રસ્થાન]

પ્રવેશ ચોથો.

સ્થળ-દારૂના પીઠા સામે.

[બે વેપારી.]

૧ વેપારી—આવો માણસ કેવો થઈ ગયો !

૨—ભાઈ ! રૂપીઆની હાય બધા કરતાં વધારે છે પુત્રશોક મટી શકે છે, પણ રૂપીઆનો શોક મટી શકતો નથી.

૧ વેપારી—ઠીક તમને કેમ લાગે છે ? શું પીતાંબર કહે છે તે ખરૂં છે ? દારૂ પીવડાવીને બધી મીલ્કત લખાવી લેવામાં આવી છે ? કે આપણને છેતરવા આ તરકટ ઉભું કર્યું છે.

૨ વેપારી—ભાઈ કેમ કહેવાય ? તરકટ પણ હોય, પરંતુ દારૂ પણ બધું કરાવી શકે. કાલે રમેશ મારૂં લ્હેણું ખરીદી લેવા આવ્યો હતો. ખરેખરો બેવકુફ છે. દશહજાર રૂપીઆનું ખાતુ પાંચસોમાં ખરીદી લેવા માંગે છે. તેને પણ ખબર પડી ગઇ હોય તેમ લાગે છે કે બેંક દેવાળુ નહિ કાઢે-ફરી લેવડદેવડ શરૂ કરશે. તેથીજ ખરીદી લેવા આવ્યો હશે ! બદમાશી તો જુઓ ! એણે કાળુ કરાવ્યું હોય, તો નવાઇ નહિ.

૧ વેપારી—યોગેશને ઘરબાર કાઢી મૂકયા છે એમ સાંભળ્યું છે.

૨ વેપારી—એ પણ તરકટ એમાં પણ કાળુંજ છે.

(બેંકના કેશીયરનો પ્રવેશ.)

કેશીયર—તમે લોક પાછા જશો નહિ. સવારથી તમારા ચેકના રૂપીઆ લઈ જજો.

૧ વેપારી—કેમ સાહેબ! બેંકના દેવાળાની બૂમ ઉડી હતી ને?

કેશીયર—હવે ભય જેવું નથી, સાહેબો.

૨ વેપારી—હવે ભય જેવું નથી એમ કહેવાથી ચાલ્યું? આંધળાને જ્યારે આંખ આવે, ત્યારે ખાત્રી થાય.

૧ વેપારી—સાહેબ! તમારે તો યોગેશ સાથે સારી ભાઇબંધી છે. એમ સાંભળ્યું છે કે રમેશે દગાથી બધી મીલ્કત લખાવી લીધી છે એ વાત ખરી કે ખોટી?

કેશીયર—અફવા નથી, ખરી વાત છે. રમેશ પાકો સેતાન છે.

૨ વેપારી—કેમ સાહેબ! તમે શી રીતે જાણ્યું?

કેશીયર—બેંક દેવાળું નહિ કાઢે એવી ખબર મળતાં બીજેજ દહાડે હું યોગેશને કહેવા ગયો હતો કે બેંક ફરીથી લેવડ દેવડ શરૂ કરશે, માટે કંઈ ઉતાવળું પગલું ભરતા નહિ. રમેશે યોગેશે સાથે મળવા દીધા નહિ. પહેલાંથીજ એવું તરકટ કરવા એનો ઇરાદો હતો.

૨ વેપારી—ઠીક જાણે, સહી તો દારૂની ધુનમાં કરાવી લીધી, પણ રજીસ્ટર કરાવ્યાનું શું! છેતરાયા પણ હશે અને દાળમાં કાળું પણ ખરૂં! યોગેશે જાણી જોઇને અમને ટાઢે પાણીએ નવડાવવા પોતાની મીલ્કત બીજાને નામે ચઢાવી દીધી છે. બેંક ફરીથી કામજ શરૂ કરવાની ખબર એને મળેલી નહિ, પણ રમેશ તો એનાથીયે ચારચંદા ચઢે તેવા! તેણે તો બધાને બનાવવાનું કામ કર્યું જણાય છે.

(વેપારીઓ અને કેશીયરનું પ્રસ્થાન.)

(યોગેશ અને પીતાંબરનો પ્રવેશ.)

પીતાં૦—શેઠજી ! પછી આવીને જેટલો દારૂ પીવો હોય તેટલો પીજો. જરા બેંક તરફ આવીને એક એફીડેવીટ કરી આપો એટલે થયું. આવતી ફેરો જરૂરથી હું ચાર બાટલી આણી આપીશ.

યોગેશ—બેંકમાં જઇને હવે શું કામ છે?

પીતાં૦—તમે ચેકબુક ફાડી નાખી છે ને? ત્યાંથી એક ચેક બુક લઇ આવજો. બેંકના ઓફિસરો મને નહિ આપે, અને રમેશભાઇને નામે જે રૂપીઆ જમે કરવા જણાવ્યું છે, તેની ના પાડી આવજો, અને બીજું એક કામ છે. એક ચાર હજારનો ચેક લખી આપજો. જેલમાં સુરેશના આસાએશ માટે કંઇ કરી શકું છું કે કેમ તે તો જોઉં.

યોગેશ—આસાએશ કરાવી શકશે ? તેમ થાય તો તો મને કંઈ નહિ જોઇએ. સુરેશની યાદ પલક માત્ર પણ ભુલાતી નથી. પીતાંબર ! જો એટલું ન હોત, તો હું સંસારને મોઢું નહિ દેખાડતે ? ક્યાંયે રાન વેરાનમાં ચાલ્યો જતે. તે નાનપણથી મારા સિવાય બીજા કોઇને ઓળખતો નથી. કેટલોયે તેને ધમકાવ્યો, ડરાવ્યો, માર્યો ધાડયો, પણ તેણે કોઇ દહાડો ઉફ સરખું કર્યું નથી. ઓહ ! કેવી દુર્બુદ્ધિ થઇ? કોનો વાંક કાઢું ? મારીયે બુદ્ધિ કેવી થઇ ગઇ છે ? ગાડી લઇ આવ. ત્યાં વેપારીઓ ઉભેલા છે હું નહિ જાઉં. તેમને શું મોઢું બતાવું ?

પીતા૦—ઠીક ત્યારે ! હું જાઉં છું. નાકા ઉપર કોઇ ગાડી નથી. અહીંજ ઉભા રહેજો. હું ગાડી લેવા જાઉં છું. હમણાં આવું છું. (શિવશંકરનો પ્રવેશ.)

શિવ૦—પીતાંબર કાકા ! મેં સાંભળ્યું છે કે જેલમાં લાંચ આપવાથી ઓછી મજુરી કરાવે એ વાત ખરી છે ?

પીતાં૦—તું કોણ છે ?

શિવ૦—જેને સુરેશે બચાવ્યો હતો તે હું શિવશંકર ! હજાર રૂપીઆની નોટ લઇને હું બે દહાડા સુધી જેલને દરવાજે ગયો અને પાછો આવ્યો, કોને રૂપીઆ આપવાથી કામ સરશે તેની મને ખબર નથી. તમે આ રૂપીઆ લઇને લાંચ આપવાનો પ્રયત્ન કરી જુઓ તો—

પીતાં૦—ભાઇ ! તું સો વરસ જીવતો રહે. તારી પાસેથી રૂપીઆ લેવાની જરૂર નહિ પડે હું રૂપીઆ લઇને જાઉં છું.

શિવ૦—નહિ કાકા ! તમે આ રૂપીઆ લઇ જાવ, હું મારી બા પાસેથી માંગી લાવ્યો છું, મારી બાએ ખુશીથી આપ્યા છે.

(શિવશંકર અને પીતાંબરનું પ્રસ્થાન.)

(બંને વેપારીઓનો ફરીથી પ્રવેશ.)

વેપારી—લો. અહીં યોગેશ ઉભો છે. ધુપાઇશ નહિ. ધુપાઇશ નહિ. અમે જોઇ લીધો છે. વાહ ! ઠીક ધંધો માંડયો છે ! આવો દગો કોઇ કરે કે ? ઘરમાંથી માલનો માલ આપવો અને ચોર બનવું ? ઘરનાં બારણા બંધ કરીને બેસવું અને બહાર રૂમશને અમારા મોઢા આગળ ધરવો ! જો અમારા પૈસા હરામના નહિ હશે, તો કદી નહિ ડુબે ! અમે કયાં કોઇને ગળે છરી ફેરવી છે ?

(બન્નેનું પ્રસ્થાન.)

યોગેશ—ભાગ્યમાં આવુંજ લખ્યું હતું ? ભર રસ્તામાં ગાળો દઈ ગયા ! પણ એમનો શું વાંક ? બેઇમાની મેં કરી છે. જવાદો હવે મોઢું નહિ દેખાડીશ. ચાલો.

(રખડેલ સ્ત્રીનો પ્રવેશ.)

સૈયા ! આ તારા કેવા, અદ્ભુત વિચાર છે !
કંઇયે ખબર ન લેવી, કેવોરે પ્યાર છે !
તુજને પોકારતી હું, ફરૂં છું ગલી ગલીયે—
ન્યાળ્યો ન ક્યાંયે તુજને, જીવન અસાર છે.
મદિરામાં મસ્ત થઇને, ફરૂં છું અહીં તહીં હું.
શા હાલ છે હૈયું અધીર છે.
ગોદ શું બાળ બચ્ચાં ફેંકી, ત્યાંયે નથી તું જોતી.
મમતા ન કૈં તુંમાં, હૈયું આ બેકરાર છે.
હુંયે હવે સદાયે, મદમસ્ત થઈ રહેવાની,
થાયે જે થવાનું—જે થનાર છે

કેમયાર ! તીરછી નજરે તાકી રહ્યો છે ! જરા એક પ્યાલી દારૂ પીવડાવ ?

યોગેશ—જા, જા નાહક હેરાન નહિ કર.

સ્ત્રી—જતી રહું ? કેમ ? કંઇ રસ્તો તારા બાપ બાપનો છે ? તારા જેવા તો બહુ જોયા છે. ભાઇને બીજું કોઇ મળ્યુંજ નહિ ! લે ઉભો રહે. હું જાઉં છું.

(સ્ત્રીનું પ્રસ્થાન.)

યોગેશ—મને ધિક્કાર છે ! આ આ ગલીમાંની નીચ વેશ્યાને પણ ખબર પડી ગઈ કે હું દગાબાજ છું ? તે પણ ધિક્કાર વરસાવી ચાલી ગઈ ? હવે કંઇ પરવા નથી ! જેના નસીબમાં જેમ લખ્યું હશે, તેમ થશે. સુરેશ જેલમાં છે ! હું શું કરૂં ? હું દારૂ પીઉં છું તેમાં શું એનો વાંક છે ? શું તે મારા વાંકને લીધે જેલમાં ગયો છે ? જવા દે-કોણ કોને માટે મરે છે ? કોણ કોને માટે જીવે છે ? મરવાનું હોય તે મરે. હવે મારે પાછળ હઠવાની કંઇ જરૂર નથી. જે રસ્તે ચાલવા માંડયું છે તે રસ્તેજ ચાલ્યો જઇશ. પાસેજ દારૂનું પીઠું છે. શરમ કોની ? પણ પાસે કંઇ નથી ! વાહ ! કોની ? પણ પાસે કંઇ નથી ! વાહ ! ઘડીઆળ અને અછોડો તો છે ને ? (દારૂના પીઠામાં ઘુસીને) ભાઈ ! આ ઘડીઆળ અને અછોડો લઇને એક બ્રાંડીની બાટલી આપો. સાંજે છોડાવી જઈશ.

કલાલ—અમારી દુકાને ચીજ ગીરો રાખીને દારૂ વેચાતો નથી.

યોગેશ—આપ ! ભાઇ આમાં વધારે નહિ, તો અડધીઉં આપો.

કલાલ—આપો ભાઈ એક બ્રાંડીની બાટલી આપો. રોકડેથી તો બીજી દુકાનેથી લે છે, અને ઉધાર લેવા અહીં આવે છે. લે. તું ભલો માણસ જણાય છે. જયારે માંગે છે ત્યારે પાછો કાઢતો નથી. પાછળ પાટલી પડેલી છે. બેસીને પી.

(યોગેશનું પ્રસ્થાન.)

કલાલ—ખેમા આ બહુ સારો ગ્રાહક છે. જે માગે તે આપજે તમાકુ બમાકુ માંગે તો આપજે.

(દારૂડીઆઓ દારૂ પીતાં પીતાં ગાય છે.)

(પીતાંબરનો પ્રવેશ.)

પીતાં૦—ગાડી તો ક્યાંયે જણાતી નથી. શેઠ ક્યાં ગયા ? પીઠામાં ઘુસી ગયા ? ક્યાં છે ! અહીં તો જણાતા નથી. ઘેર ચાલ્યા ગયા કે શું !

કલાલ—કેમ સાહેબ ! પાછા કેમ જાવ છો ? સાંજનો માલ છે ? જો ખપએ તે લો.

પીતાં૦—રામ ! રામ !

(પીતાંબરનું પ્રસ્થાન)

૧ દારૂડીઓ—ચાલો ફરી ગાઇએ.

૨ દારૂડીઓ—ઠીક છે. ચાલો ખુબ મજા પડશે.

(યોગેશનો પ્રવેશ અને દારૂડીઆઓ સાથે નાચે છે)

(પીતાંબરનો ફરીથી પ્રવેશ)

પીતાં૦—કેવો ગજબ છે ! આપણું જોવાનો વખત આવ્યો ! દારૂડીઓ સાથે શેઠ પણ નાચી રહ્યા છે શેઠ ! શેઠ ! શું કરી રહ્યા છો ? ચાલો.

યોગેશ—પીતાંબર ! પીતાંબર ! છોડી દે ? મજા જતી રહેશે મજા જતી રહેશે.

પીતાં૦—મજુરો ? તમને આઠ આનાના પૈસા આપીશ શેઠને પકડી લાવશો ?

મજુર—નહિ શેઠ ! અમારી નહિ બને. એ દારૂના ઘેનમાં છે.

પીતાં૦—(કલાલને) જા ! ! તું બે માણસ આપો મોટા માણુસની બેઆબરૂ થાય છે. તેને પાંચ રૂપીઆ આપીશ.

કલાલ—એઇ રામલા! એઇ નાગલા! જાવતો બંને મળીને લઇ જાવ.

યોગેશ—નાચો! નાચો! છોડી દો! છોડી દો! મજા જતી રહેશે.

રામલો—ચાલો ભાઇ ચાલો! ખુબ મજા પડશે.

યોગેશ—આવો! આવો! તમે બધા આવો! ખુબ દારૂ પીઓ.

(યોગેશ અને દારૂડીઆઓનું પ્રસ્થાન)

પ્રવેશ પાંચમો.

સ્થળ: યોગેશના ઘરની બહારનો ભાગ.

(જ્ઞાનદા અને પ્રફુલ્લ)

જ્ઞાન૦—ઇશ્વરની મીઠી રહેમ નજર છે! આજે સવારથી પાછા પહેલાનાં જેવા થતા જણાય છે. પીતાંબર કાકાની સાથે બહાર ગયા છે. કહે છે કે ફરીથી કામકાજ કરીશ જો એ શેતાન શરાબને ન પીએ, તો તેમના જેવા બીજા કોઇ નહિ મળે.

પ્રફુલ્લ—બ્હેન! તમે કેમ પીવા દો છો!

જ્ઞાન૦—હું શું કરૂં બ્હેન! આખા શહેરમાં જ્યાં જુઓ ત્યાં દારૂના પીઠાં છે. જયાં મન થયું ત્યાં લઈને પીધો. હાય! સરકારના રાજ્યમાં આટલું બધું ન્યાય છે પણ જો એ પીઠાં કાઢી નાંખવામાં આવે તો સરકારને ઘેરઘેરથી આશીર્વાદ મળે. અને સ્ત્રીઓ પોતાના સ્વામી અને સંતાન સાથે સુખરૂપ સંસાર ચલાવે.

પ્રફુલ્લ—હેં બ્હેન! ત્યારે દારૂ બનાવવા અને વેચવા સરકાર બંધ કેમ કરાવતી નથી!

જ્ઞાન૦—બ્હેન! તારા મારાના કહેવાથી સરકાર એમ કરે ખરી? કાળમુખા કલાલો દારૂના પીઠાંનો ઇજારો લેવા માટે ઢગલા બંધ રૂપીઆ સરકારને આપે છે એમ મેં સાંભળ્યું છે. સરકાર એટલા બધા રૂપીઆની આવક શી રીતે જતી કરે?

પ્રફુલ્લ—મોટી બ્હેન! જો આપણે રૂપીઆ આપીએ, તો સરકાર એ પીઠાંઓને કાઢી નહિ નાખે!

જ્ઞાન૦—તું તો ગાંડી છે ગાંડી! કેટલા રૂપીઆ આપશે બોલ!

પ્રફુલ્લ—કેમ નહિ આપું! તમે કહો, તો ઘરેણાં વેચીને રૂપીઆ આપું. બસો ચારસો રૂપીઆમાં નહિ થાય!

(જગમણિનો પ્રવેશ)

જગ૦—કેમ બ્હેન! શું કરો છો?

પ્રફુલ્લ—તમે કોણ છો? બ્હેન!

જગ૦—વહુ! મને ઓળખી નહિ! હું તો તમારી કાકીજી થાઉં. હાય! બિચારીઓનાં મોઢાં લેવાઇ ગયા છે.

પ્રફુલ્લ—મોટી બ્હેન! મોટી બ્હેન! જુઓ આ કોણ આવ્યું છે?

જ્ઞાન૦—તમે કોણ છો? તમારો શું વિચાર છે? મરદ થઇને સ્રીનો વેશ લઇને ઘરમાં ઘુસી આવ્યા છો! મારૂં કહ્યું માનો તો સીધા સીધા ઘરમાંથી ચાલ્યા જાવ.

જગ૦—વહુ! આ શું બોલે છે? હું તો તમારી કાકીજી થાઉં?

જ્ઞાન૦—સાચું બોલો! તમે કોણ છો!

જગ૦—વહુ! મારૂં ઘર અહીંઆજ છે હાય હાય! તમારૂં લાખનું ઘર ખાકમાં મળી ગયું. મળવા આવી હતી. માજીની તબીયત કેમ છે? યોગેશની તબીયત કેમ છે!

પ્રફુલ્લ—મોટી બ્હેન! આ કોઈ ડાકણ જણાય છે તમે આઘાં ખશી જાવ.

જ્ઞાન૦—નહિ, બા! તમે કોઇ બીજે વખત આવજો. હમણાં અમારો જીવ ઠેકાણે નથી.

જગ૦—વહુ! હું તમારે ઘેર ચાલી ચલાવીને આવી છું. તમારે ઘેર જે કોઇ આવે, તેની સાથે આમ વર્તો છો! સુરેશ મને ઓળખતો હતો. મારે ઘેર જતો આવતો હતો. કોણ જાણે કેટલીયે ધીંગામસ્તી કરતો હતો. એને કેદની સજા થઈ! હાય! હાય!

જ્ઞાન૦—ચુપ! ચુપ રહો! માજી સાંભળી લેશે.

જગ૦—ચુપ શી રીતે રહું? મારી તો છાતી ફાટી જાય છે. કેવો સુંદર છોકરો હતો. તેના નસીબમાં આવુંજ લખ્યું હશે!

જ્ઞાન૦—હું હાથ જોડું છું. માફ કરો!

પ્રફુલ્લ—મોટી બ્હેન! ઓ મોટી બ્હેન! એમને વિદાય કરો.

જગ૦—હેં વહુ! તમે સુરેશને માટે શું કર્યું? બચ્ચાને છોડાવી લાવવા કોઇને નહિ મોકલ્યો? તમારા મોઢામાં ખાવાનું શી રીતે પેસે છે? છોકરો જેલમાં છે અને તમે નિરાંતે બેસી શકો છો?

જ્ઞાન૦—નિરાંતે બેઠા છે કે ગમે તેમ તેમાં તને શું? નિકળ અહીંથી હરામજાદી! હજી ટળતી નથી? તું તે કેવી બાયડી છે!

જગ૦—હાય! મારા સુરેશ રે!!

જ્ઞાન૦—ચાલીજા, નહિ તો કંઇ નવા જુની થઇ જશે દાસી! દાસી! આ હરામજાદીને ધક્કા મારી બહાર કાઢ!

(ઉમાસુંદરીનો પ્રવેશ)

ઉમા૦—શુ છે વહુ? શું છે?

જગ૦—કોણ ભાભીજી! તમે મને નહિ ઓળખી શકો સુરેશ મને કાકી કહેતો હતો.

જ્ઞાન૦—કહેતો હતો તો કહેતો હતો. દૂર જા અહીંથી કય. ગઇ દાસી! આને બહાર કેમ કાઢી મૂકતી નથી?

ઉમા૦—નહિ વહુ! કોઇનું આમ અપમાન નહિ કરીએ. આપણે ઘેર આવી છે. આવો બ્હેન, આવો! વહુ બેસવા માટે પાથરણું લાવ.

પ્રફુલ્લ—સાસુજી! એ ડાકણ છે. તેને કાઢી મૂકો સાસુજી!

ઉમા૦—ચુપ રહે. જા. પાથરણું લઇ આવ. આવો, બ્હેન, પધારો

જગ૦—હાય! હાય! ભાભીજી! મારી તો છાતી ફાટી જાય છે તમારૂં સોના જેવું ઘર મહી પલીદ થઇ ગયું.

ઉમા૦—બ્હેન! એ સૌ ઇશ્વરની મરજી છે. એમાં હું શું કરી શકવાની હતી અને તમે શું કરી શકવાના હતા?

જગ૦—બ્હેન! તમને એક વાત કહેવા આવી હતી. એકાંતમાં કરીશ

જ્ઞાન૦—(જગમણિને ખાનગીમાં) અરે! તમે જો સુરેશ સંબંધી કંઇ વાત નહિ કરો. તો પાંચ રૂપીઆ આપીશ.

જગ૦—નહિરે! હું કયાં સુરેશ સંબંધી વાત કરી રહી છું? હુ તો બીજી એક વાત કરવા આવી છું. એમની સાથે લેણુદેણ

છે તે સંબંધી વાતચીત કરવા આવી છું. બ્હેન મારે તમને ખાનગીમાં કંઇક કહેવું છે.

ઉમા૦—કહો ત્યારે.

જગ૦—બ્હેન ! તમારૂં મન કંઇ ઠેકાણે જણાતું નથી !

ઉમા૦—અરે બ્હેન ! હમણાં કંઈ સુધસાન રહી છે ? હું તો સુરેશ વગર જેવી જાણે દિવાની થઇ ગઇ છું.

જગ૦—હા એ વાત તો ખરી. હજી તો એ નાદાન બચ્ચા જેવો છે.

જ્ઞાન૦—અરે આ શું કરી રહી છે ?

જગ૦—ગભરાશો નહિ, બ્હેન ! હું એકાંતમાં કહીશ. વહુવારૂ ઓને જરા આઘી કાઢો.

જ્ઞાન૦—કેમ ? જો અમે અહીંઆ રહીએ, તો કંઇ વાંધો છે ?

જગ૦—નહિ વહુ, એ એક ખાનગી વાત છે.

ઉમા૦—વહુ ! જરા ઘરમાં અંદર જાવ તો જોઉં એ શું કહેવા માંગે છે.

પ્રફુલ્લ—આ મોટી બ્હેન ! તમે જશો નહિ. એ ટાકણ છે. સાસુજીને ખાઇ જશે.

ઉમા૦—હજી કેમ ઉભા રહ્યા છો ? તમે જાવ-કોણ જાણે શું કહેવા આવી હશે ? સાંભળવા દો.

જ્ઞાન૦—(પ્રફુલ્લને) ચાલો ત્યારે ભગવાને જે ધાર્યું હશે તે થશે.

પ્રફુલ્લ—આવો મોટીબ્હેન અહીં સંતાઇને જોઇએ. વખતે એ ચુડેલ સાસુજીને પકડીને તો નહિ લઇ જાય !

જ્ઞાન૦—ખરેખર ! તારૂં કહેવું ખોટું નથી આતે સ્ત્રી છે કે રાક્ષસી !

(પ્રફુલ્લ અને જ્ઞાનદા છુપાઇ જાય છે)

જગ૦—બ્હેન ! હું તો મોટી આફતમાં આવી પડી છું. સુરેશ એક દહાડો આને ત્યાં, તો બીજે દહાડે પેલાને ત્યાં ચોરી કરતો હતો. હું તો સિપાઇને લાંચ આપી, જમાદારને લાંચ આપી અમે તેમ કરી જયાં સુધી ચાલતું ત્યાં સુધી તેને બચાવતી હતી આ રીતે તેને બચાવવામાં મેં આશરે પાંચસો રૂપીઆ ખર્ચી નાંખ્યા.

ઉમા૦—હે ! શું કરો છો ? સુરેશ ચોરી કરતો હતો ? મારો છોકરો એવું કામ કરે તેવો નથી.

જગ૦—બ્હેન ! બધાં સંગતના ફળ છે. પેલો જે શિવશંકર નામનો છોકરો છે ને ! તેણે એને વંઠાળ્યો છે.

ઉમા૦—ઠીક બીજું કંઇ કહેવું છે ? કહો—

જગ૦—બ્હેન ! મને એ રૂપીઆની હાય નથી લાગતી પણ તમારા દીએરજી બહુ ધમાલ કરે છે. તેમણે મને ધમકાવીને પૂછયું કે રૂપીયાનું શું કર્યું ? ભયની મારી મેં કહી દીધું કે સુરેશને આપ્યા છે. તેથી તેમણે સુરેશ પાસે આ લખાવી લીધું છે. અત્યાર સુધી હું એમને ગમે તેમ ઉડાવતી હતી હવે તેમ ચલે તેમ નથી હવે કહે છે કે ફરીઆદ માંડીશ કહે છે કે સુરેશના બબ્બે ભાઇ છે તે રૂપીઆ કેમ નથી આપતા ! શું કરૂં બ્હેન ! હું તો મોટી મુશીબતમાં પડી ગઇ છું.

જ્ઞાન૦—આ બધી શેની વાતો થઇ રહી છે ?

પ્રફુલ્લ—હરામજાદી કંઇ મંત્ર બંત્રતો ભણતી નથી ને ? જુઓને તેની આંખો કેવી દેખાય છે !

કુમા૦—જુઓ બ્હેન ! બીજા થોડાક દિવસ નીભાવી લો. સુરેશના દેવાની પાઇએ પાઈ ચુકવીશ એક પાઈ પણ નહિ રાખું હું તો મોટી વિટંબણામાં પડી ગઇ છું પણ ભગવાનની કૃપાથી સાંભળ્યું છે કે બેંક ફરીથી લેવડદેવડ શરૂ કરશે. સગવડ થતાં તરતજ હું વ્યાજ સાથે રૂપીઆ પહોંચાડીશ એના ભાઈ નહિ આપશે, તો મેં જેને ધીર્યો છે, તેમની પાસેથી લઇને તમને આપીશ. હું તમને બોલાવીને હાથોહાથ આપીશ તે વિષે બે ફીકર રહેજો.

જગ૦—પણ એતો હવે રૂપીઆ રાખવા માંગતા નથી. તે કહે છે કે શા માટે એના રમેશભાઈજ નહિ ચુકવી આપે? બસ સુરેશ એક કાગળ ઉપર સહી કરી આપે કે રૂપીઆ વસુલ થઈ જશે.

કુમા૦—સહી શેની? શેના ઉપર !

જગ૦—તે તો કોણ જાણે બ્હેન ! રમેશભાઇએજ કહ્યુ છે

કુમા૦—ના બ્હેન ! હવે સહી બહી કરવાની જરૂર નથી હુજ બધું ચુકવી દઇશ એ મારો દીકરો નહિ, પણ દુશ્મન છે. રમેશ કોણ જાણે શું કરવા બેઠા છે? કોણ જાણે ક્યા કાગળ ઉપર સહી કરાવી લઇને મારા યોગેશને ગાંડો બનાવ્યો છે. સુરેશને આવવાદે પછી જેટલા રૂપીઆ હશે તે બધા હું ચુકવી આપીશ.

જગ૦—બ્હેન ! એ વાત પણ કહેવા આવી છું કેવા સુકુમાર છો કહેશો ! હજીદશ દિવસ બાકી છે ?

કુમા૦—દશ દિવસ નહિ પણ બ્હેન ! તેણે કાગળ લખ્યો છે. પરમદહાડે આવશે.

જગ૦—કોણે કાગળ લખ્યો છે ?

ઉમા૦—પીતાંબરના ભાઇયે સુરતથી કાગળ લખ્યો છે. સુરેશને તેડી લાવવા ગયો છે.

જગ૦—સુરત ક્યાં ગયો છે ? કોણે કહ્યું ?

ઉમા૦—ત્યારે ક્યાં ગયો છે ?

જગ૦—બ્હેન ! તમને ખબર નથી ના બ્હેન ! હું નહિ કહું બહુ આધું કહેવા મનાઇ કરી છે.

ઉમા૦—ના કહે. જલદી કર! મારો જીવ ગભરાય છે શું તે નથી ? શું મારો સુરેશ નથી ?

જગ૦—છે કેમ નહિ ? એવું ન બોલો એમણે બરાબર કહ્યું કે અજાણતા નથી જુના જમાનાની છે. ગમે તેમ સમજાવી પટાવીને રાખી છે.

ઉમા૦—શું છે ? શું છે! જલદી કરો.

જગ૦—આ બ્હેન ! તમે કોઈનું કહ્યું નહિ માનો તમે તમારા વહાલા છોકરાના કહ્યા પ્રમાણે ચાલો તેના કહેવા પ્રમાણે ચાલો સમજાવી પટાવીને સુરેશને સહી કરી આપવા કહો જે થવાનું હશે, તે થશે. તમે કોઇનું કહેવું સાંભળતા નહિ છોકરો બચશે, તો સૌ બધું મળી રહેશે.

ઉમા૦—જલદી કરો, જલદી કરો ! મારો સુરેશ ક્યાં છે ? કહો, કહો, તમને પગે લાગું બ્હેન મને કહો જોઇશું રહ્યા એ મારો જીવ જાય છે ? કહો કહો.

પ્રફુલ્લ૦—મોટી બ્હેન ! સાસુજીને શું થયું ? જુઓ.

જ્ઞાન૦—અરે ! બાશું થયું ?

(જ્ઞાનદાસને પ્રફુલાનું બહાર નીકળી ઉમા પાસે જવું)

જ્ઞાન૦—સાસુજી ! સાસુજી ! આ શું કરો છો ? તું ચાલી જા નીકળ અહીંથી હરામ જાદી.

ઉમા૦—કહો, કહો ! જલદી કહો. કેમ સ્ત્રી હત્યા જોઇ રહ્યા છો તમે જુના જમાનાના છો. સ્ત્રી હત્યનું પાપ વ્હોરશો નહિ કહો બ્હેન ! કહો ! મારો જીવ બચાવો મારો સુરેશ મને મળશે, તો ખરોને ?

જગ૦—બ્હેન ! શું કહું ? એને તો સજા થઇ છે. ત્યાંતે પત્થર ફોડે છે.

ઉમા૦—હેં ! સજા થ૦ !

જ્ઞાન૦—નહિ સાસુજી ! જુઠી વાત છે. એ સ્ત્રી નથી પણ ડાકણ છે દુર જા ! નીકળ અહીંથી ડાકણ !

ઉમા૦—હેં ! સજા થઇ ! પત્થર ફોડે છે ? રામ (બેભાન થઇ જાય છે.

જ્ઞાન૦—સાસુજી ! શું થયું રે ! કેવો કેર વરતાયો સાસુજી ! સાસુજી ! ખોટી વાત છે ! સાસુજી ! સાંભળો સાસુજી ! ડાકણ કહીંની ! જા અહીંથી હજી ગઇ નથી કે ?

જગ૦—(સ્વાગત) ના, કંઇ નહિ વળ્યું. મારા પાસા પોબાર પડયા નહિ બેભાન થઇ ગઇ. કાલે ફરીથી આવીશ કેવી બેવકુફ છે. બે ભાન થવાને માટે બીજો વખતજ નહિ મળ્યો. કામને વખતેજ બેભાન થઇ ગઇ.

જ્ઞાન૦—દાસી ! દાસી! ડાકણને ગરદનમાંથી પકડીને બહાર કાઢ.

જગ૦—આજે જવાદું ઉમા રોજ સ્નાન કરવા જાય છે. ત્યાંજ કામ પાર પડશે. (જગમણિનું પ્રસ્થાન).

પ્રફુલ્લ૦—સાસુજી ! ઉઠો ઉઠો !

ઉમા૦—અં: મર સુતેલી છું. ઉંઘમાંથી કેમ જગાડે છે?
કેમ શોરબકોર મચાવે છે? હું નહિ ઉઠું.

પ્રફુલ્લ૦—મોટી બ્હેન! જુઓ! સાસુજી શું કહે છે?

જ્ઞાન૦—સાસુજી ! સાસુજી ! શું કરો છો ? ઉઠો.

ઉમા૦—અડાકણી છું હમણાં નઈ આવાની.

જ્ઞાન૦—સાસુજી ! તમે શું કરી રહ્યા છો ? ઉઠો !

ઉમા૦—સુઇ રહેવા નહિ દે કે? યોગેશને જઇને કહી દઇશ
આવી દાસીને મોકલી તોબા પરમેશ્વર એનાથી તો.

જ્ઞાન૦—હાય હાય! પ્રફુલ્લ સત્યાનાશ વળી ગયું. સાસુજી ગાંડા
થઇ ગયા હોય તેમ જણાય છે.

ઉમા૦—ક્યાં છે મારો સુરેશ ક્યાં છે? ભાઇરે! શું તને પત્થર
ફોડવા માટે મેં નવ મહીના પેટમાં રાખ્યો હતો ? અને
ભાઇરે ! શું હવે મને પાછો આવીને મોઢું દેખાડશે? ફરીથી
મા કહીને બોલાવશે? તું તો મારો લાડકવાયો આંખનો
તારો, ઘડપણનો આશરે હતો. દેવદેવીની બાધા પાખડી-
ઓથી ઉછર્યો હતો. એજ મારો સુરેશા હાય! એ આજે
પત્થર ફોડે છે એ મારે! છાતી ફાટી જાય છે! છાતીફાટી
જાય છે! છાતી ફાટી જાય છે! (બેભાન થઇ જાય છે)

જ્ઞાન૦—કેવું સત્યાનાશ વળી ગયું! હવે શું થશે? પહેલા
દાસીને જલદી ડોક્ટરને તેડીલાવવા મોકલી.

(પ્રફુલ્લનું પ્રસ્થાન)

જ્ઞાન૦—ઓ સાસુજી ઉઠો આમ કેમ પડી રહ્યા છો ? સાસુજી !

ઉઠો. સુરેશભાઇ આવતા હશે. તેમને પત્થર નહિ ફોડવા પડે. સાંભળો છો સાસુજી! સાસુજી!

ઉમા૦—ના, મા. તને પગે લાગું. હું સાસરે નહિ જાઉં હું સાસરે નહિં જાઉં મને ત્યાં નહિ મોકલો. મોટાભાઇના આવ્યા પછી જઇશ. મોટાભાઇને જોઇને જઇશ.

જ્ઞાન૦—સાસુજી! તમે કોને મા કહો છો? હું તો તમારી વહુ છું.

ઉમા૦—ઓહો-હો-હો-હો! શું થયું! શું થયું! ભાઇરે! સુરેશરે! ભાઇ! તને પકડી રાખ્યો છે! દીકરા! તેથી નથી અવાતું દીકરા! ભાઇ! તને તો મા વિના ઘડી પણ ચાલતું નહિ! આહા! હા! હા! શું થયું! છાતી ફાટી જાય છે.

(બેભાન થઈ જાય છે)

(નેપથ્યમાં યોગેશ-પીતાંબર! મૂકી દે. મૂકી દે. મજા નહિ આવે મજા નહિ આવે. પી લે શરાબ મજેદાર! જાની શરાબ અર્ગવાની શરાબ આધા ડાલું તુજે પેટમે)

(યોગેશ અને પીતાંબરનો પ્રવેશ)

યોગેશ—છોડી દે સાબ! હું નાસીશ. આ મારી વહુ છે. આ કોણ પડયું છે? મા છે. કેમ ઉઠાડે છે? કેમ ઉઠાડે છે? પડી રહેવા દે. દારૂ પીઓ કે પડી રહો. વહુ! તું દારૂ પી. હું દારૂ પીઉં પીતાંબર! તું દારૂ પી.

પીતાં૦—માજી! શું થયું?

જ્ઞાન૦—શું કહું! કાકા, સત્યાનાશ વળી ગયું! એક બીએ આવીને સુરેશને સજા થવાની વાત સાસુજીને કહી દીધી.

યોગેશ—પીતાંબર! પીતાંબર! દારૂ લઈ આવ. બસ પીને પડી રહું સત્યાનાશ વળી ગયું છે.

પીતાં૦—શેઠજી ! માજી બેભાન થઈને પડયા છે. જોતા નથી !
યોગેશ—તારૂં શું જાય છે? તું કેમ બેભાન થઈ પડતો નથી? આવો માજીને પથારીમાં લઈ સુવાડીએ, માજી! માજી!
ઉમા૦—કોણ છેરે! મા બાપુજી આવે છે કે! રસોડામાં જાઉં! ત્યાં જાઉં?

(ઉમા અને જ્ઞાનદાનું પ્રસ્થાન)

(નેપથ્યમાં) જ્ઞાનદા—ઓ પીતાંબર કાકા! અહીં આવો જલદી આવો વળી પાછા એ બેભાન થઈને પડી જશે.
યોગેશ—કયાં જાય છે? આમ! બૈરાંઓની પાછળ પાછળ કયાં જાય છે?
પીતાં૦—જવાદો, શેઠજી! દારૂની ધુનની વાત બીજા વખતે કરજો.
યોગેશ—ચુપ રહે, સુવર! હું દારૂના ઘેનમાં છું? જો ઘરના અંદર જતો નહિ તારૂં ભલું ચાહતો હોય તો બહાર નીકળ સાળો અંદર જઈને બૈરાંઓની પાછળ ફરે છે.
પીતા૦—શેઠજી! માજીનો જીવ જાય છે.
યોગેશ—જવાદે તારા બાપનું શું!
(નેપથ્યમાં) જ્ઞાનદા—પીતાંબર કાકા, જલદી આવો, જલદી આવો.
પીતાં૦—આવું છું. વહુ! અહીં એક આફતમાં આવી પડયો છું.
યોગેશ—સામો વળી પાછો જાય છે!

(ઇંટ લઈને પીતાંબરને મારે છે!

પીતાં૦—(માથું પકડીને) અરે બાપરે!—મારી નાખ્યારે। મારી નાખ્યારે બાપલીયા.
યોગેશ—પકડો સાળાને! ચોર! ચોર! ચોર!

———— (બન્નેનું પ્રસ્થાન)

અંક ચોથો.

લગ્ન કે જિંદગીની જેલ ?

લગ્ન, પુનર્લગ્ન, દેહલગ્ન, સ્નેહલગ્ન
ફારગતિ, એ બાયડી કરવાનો ચાલ
ઇત્યાદિ હિંદુ સંસારના અટપટા
પ્રશ્નોની આજ સૈમટે બગોલી
મોહક દિલજીત નવલકથા.

પ્રવેશ પહેલો.

સ્થળ: શિવશંકરનું ઘર.

(સુરેશ અને શિવશંકર.)

સુરેશ—ભાઇ શિવશંકર ! તમે મારી બાને અહીં લઈ આવો. મને જોતાં વેંતજ એનું ગાંડપણ જતું રહેશે. હું પણ હવે સારો થયો છું.

શિવ૦—તે તો હું લઇ આવીશ, પણ તું એટલી બધી દીનતાથી કેમ વાત કરે છે ? તને બચાવી શકીશ કે કેમ એજ મને તો શંકાજનક લાગતું હતું. જો તારી આશા હોત, તો બાને હું રમેશને ઘેર જવા દેત ખરો ? પણ ફીકર નહિ. મારી બા રોજ જઈને તમારી બાની ખબર અંતર લઇ આવે છે. તારી પ્રફુલ્લ ભાભી જે સેવા ચાકરી કરે છે તેની શું વાત કરૂં ? મારી બા તો કહે છે કે એવી વહુ તો કોઇનીયે નહિ હોય !

સુરેશ૦—ભાઈ! તારા આ ઉપકારનો બદલો હું શી રીતે વાળીશ ?

શિવ૦—આમ તું સેંકડોવાર કહી ચુકયો છે. પણ ખરી વાત તો એ છે કે તારો મારા ઉપર મોટો ઉપકારનો બોજો છે. તું જેલમાં ગયો અને મને બચાવી લીધો ?

સુરેશ—ભાઇ જ્ઞાનદા ભાભીની કંઇ ભાળ લાગી ?

શિવ૦—ના, ભાઇ ! તેમનો તો પત્તોજ લાગતો નથી. ઘરબાર વેચીને કોણ જાણે કયાં ચાલ્યાં ગયાં છે. મેં જાહેર છાપાઓમાં નોટિસ છપાવી છે. છુપી પોલીસોને પણ રૂપીઆ આપી શોધી કાઢવા જણાવ્યું છે, હું જાતે પણ રોજ તપાસ કરૂં છું, પણ પત્તો લાગતો નથી.

સુરેશ—ત્યારે તો ભાઇ ! હવે એ જીવતાં નહિ રહ્યા હોય ' મોટાભાઈની શી ખબર છે ?

શિવ૦—ભાઇ શું કહું ? રમેશભાઇએ તેમને થોડાક દારૂડીઆ વળગાડયા છે તેની સાથે દારૂ પીએ છે અને ગલીએ ગલીએ રખડતા ફરે છે. મેં સુધારવા માટે બહુયે પ્રયત્ન કર્યો, પણ ધુળ ઉપર લીંપણ !

સુરેશ—રામ ! મારો ઘરસંસાર સ્મશાનવત થઇ ગયો. કેવા માઠા ચોઘડીયે રમેશભાઇનો જન્મ થયો હતો ! મોટાભાઇના આવા હાલ થશે એમ મેં સ્વપ્નેય ધાર્યું ન્હોતું ! કદીયે તે જુઠું બોલ્યા નથી. કદીયે પારકી સ્ત્રી તરફ નજર કરી નથી. ભાઇ ! આ જોવા કરતાં તો હું મરી ગયો હોત તો ઠીક થાત. મોટાભાઇના આ હાલ હવાલ જોવા મારે વખત આવ્યો !

શિવ૦—ભાઇ ! શા માટે દુઃખી થાય છે ? સૌ સારા વાના થશે. જરા તું આરામ લે. હું રૂપીઆ ખરચીને લડીશ. હવેજ જોજે ને કે તારા રમેશભાઈના તરકટ માટે કેવા મજા ચખાડું છું ને ! મારી બા કહે છે કે ઘર વેચી નાખવું પડે, તો ભલે, પણ તારા રમેશભાઇને તો કરણીનાં ફળ ચખાડયા વિના રહેવું નહિ.

સુરેશ—વારૂ, પણ પીતાંબર તરફના શું સમાચાર છે?

શિવ૦—તેણે જવાબ લખ્યો છે કે જલદીથી આવીશ. માંદગીથી નબળાઇ વધી છે. જરા શક્તિ આવતાં તરતજ આવીશ. ભાઇ ! એના જેવા નોકર મળવા મુશ્કેલ છે. મોટાભાઇએ દારૂની ધુનમાં ને ધુનમાં ઇંટ વડે માથું ફોડી નાખ્યું હતું. તાવથી કંપી રહ્યો હતો, મેં બહુયે ના પાડી હતી, તો પણ તારા છુટવાના દિવસે મારી સાથે ત્યાં આવ્યા હતા. આહા રસ્તામાં બિચારાને ચક્કર આવ્યા. તને સંભાળું કે એમને એમ વિટંબણામાં હું તો પડી ગયો હતો.

સુરેશ—મને તો એ વાતની ખબર નથી.

શિવ૦—ભાઇ ! ત્રણ મહીના થયાં તું બેહોશ થઇને પડેલો છે એટલે શેની ખબર હોય !

સુરેશ—ભાઈ, આ ત્રણ મહીના શી રીતે ગયા તે મને ખબર નથી. મને તો બધું સ્વપ્ન જેવું લાગે છે. મને જેલમાંથી અહીં કોણ લઇ આવ્યું તેયે ખબર નથી. જયારે મને ભાન આવ્યું ત્યારે મેં જોયું કે મારી પાસે તારી બા બેઠેલા છે અને તું પણ બેઠેલો છે. ભાઈ ! જેલમાં જતાં જતી વખતે તું મને ભેટયો હતો, આજે ફરીથી ભેટી લે. હું ભગવાનને પ્રાર્થના કરૂં છું કે જન્મેજન્મ મિત્ર મળે તો તારા જેવા આપજે !

શિવ૦—સુરેશ ! આપણે મિત્ર નથી. મારી બા કહે છે કે તમે બન્ને ભાઇ છો. મારે કોઇ ભાઇ નથી. તમે મારા ભાઇ થયા છો. તે દિવસની પોલીસની વાત યાદ જયારે જયારે

આવે છે, ત્યારે ત્યારે મારા રૂંવાડા ઉભા થઇ જાય છે. તેં આપ ભોગ આપીને ઉગાર્યો છે–મારૂં રક્ષણ કર્યું છે. ભાઈ, મેં તારા ઉપદેશને ગૃહણ કર્યો છે–હવે હું સુધરી ગયો છું. હવે નઠારાની સંગતે હું જતો નથી.

(ડૉક્ટરનો પ્રવેશ.)

ડૉક્ટર—સુરેશભાઇ સુરેશભાઈ, તમારા ભાઇ સાહેબ (રમેશ) પૂછતા હતા કે સુરેશની તબીયત કેમ છે? મેં કહ્યું કે એ તો મરી ગયો! એ સાંભળતાંજ તે તો ખુશ ખુશ થઈ ગયા! રસ્તામાં પેલો બદમાશ કાળીદાસ મળ્યો તેને પાગલે એમજ કહ્યું એ સામા ગધેડાને ભરોસો પણ બેઠો છે પણ તેના કારસ્તાને પોતાની બૈરીને એ વાતનો વિશ્વાસ આવતો નથી. તે તો એ વાતમાં ભળી માથું ધુણાવવા લાગી એના જેવા ચાલાક અને બાર મરદને પણ પહોંચી વળે તેવી ચબરાક બાપડી તો કયાંયે જોઈ નથી. શિવશંકર તમારા મિત્રને હેરફેર કરાવેથી ફાયદો થશે.

શિવ૦—ફેરવું તો છું. આ ઓરડામાં રોજ પાંચ દશ મિનિટ આંટા મરાવું છું.

ડૉક્ટર—એમ પાંચ દશ મિનિટ આંટા મરાવવાથી નહિ ચાલે. હવે તો સવારસાંજ ફરવા જવું જોઇએ. ચાલો ત્રણે જણ ફરી આવીએ.

(સૌનું પ્રસ્થાન.)

પ્રવેશ બીજો.

સ્થળઃ—કાળીદાસ ડોકટરનું દવાખાનું.
[રમેશ કાળીદાસ અને જગમણિ]

કાળી૦—બસ હવે કંઇ ચિંતા નથી. હવે નચિંતે રામના રાજ્ય ભોગવો. કેમ સાહેબ! મેં કહ્યું'તું ને કે પીતાંબર કુટુંબનો સરદાર છે! તમે તો તેને રૂપીઆ આપવા માંગતા હતા. પાંચહજાર આપતાં છતાંયે તે સમજ્યો નહિ, પણ મેં તો બેહજાર ખરચીનેજ તેને ફોજદારીમાં પકડાવ્યો. હમણાં તો સડયા કરે. પછી કેસમાં જે થવાનું હશે તે થશે. તેના પિત્રાઇ ભાઇ બહુ લાયક માણસ છે. આનો જેવો જડસુ નથી તે દિવસનો ખેલ પણ જોવા જેવો હતો.

રમેશ—કયા દિવસનો?

કાળી૦—જે દહાડે સુરેશ છુટયો, તે દહાડે તમારા મોટાભાઇએ પીતાંબરને ઇંટ છૂટી મારી હતી તે તો તમે જાણો છો. પીતાંબર સામો એવો પાજી છે કે તાવ ભરાયો હતો. કેટલા દિવસ થયા પથારીમાંથી ઉઠી શકાતું નહિ, છતાંયે સુરેશના છુટવાના દિવસે ગાડી ભાડે કરીને જેલને દરવાજે ગયો હતો.

રમેશ—તે તો સાંભળ્યું છે પણ પાછી શું થયું?

કાળી૦—સુરેશ પણ મુડદા જેવો થઇ રહ્યો હતો, પીતાંબર પણ મુડદા જેવો થઇ રહ્યો હતો, કોણ કોને સંભાળે? પીતાંબર તો ચક્કર આવવાથી ગાડીમાં પડી ગયો અને સુરેશ પણ તમ્મર ખાઇને પડી જવાની તૈયારીમાં હતો.

રમેશ—તેમ થતે તો તેજ દહાડે બન્નો બખેડો મટી જતે તેને ત્યાંજ રામશરણ પહોંચાડી દેતે, પણ કોણ જાણે ક્યાંથી ભુતની પેઠે ત્યાં શિવશંકર ફુટી નીકળ્યો.

કાળી૦—અરે હાંરે! એજ સાળા પાજીએ બધી બાજી બગાડી દીધી બંનેના મોઢા ઉપર પાણી છાંટયું અને પંખો નાખ્યો અને બંનેને હોસમાં લાવીને ઘેર લઇ ગયો.

જગ૦—હું! હું!! મેં તો પહેલાંથીજ કહ્યું હતું ને કે શિવશંકરની સાથે બગાડ કરશો નહિ. એને તો દબાવેલોજ રાખજો નહિ તો કામ નહિ બને, જો એ આપણા હાથમાં હતે તો આટલી બધી પંચાતી પડતે નહિ સુરેશ હોસ્પિટલમાં સડીસડીને મરી જતે. બધાને દાબ દબાણમાં રાખ્યા કામના છે. બધાની સાથે મીઠાસથી બોલ્યામાં મઝા છે તું તો મદનને તદ્દન ચક્રમ સમજી નકામનો ગણતો હતો બોલ! હવે તુંજ કહે એનાથી કેટલું કામ કાઢી લીધું? જો તે ગાંડો નહિ હતે, તો શું એ કાગળપત્રો તું ચોરવા જતે કે હુ ચોરી કરી લાવતે? જ્ઞાનદા મહા પાતાળ જંત્રી છે. તેને મારા ઉપર ભરોસો બેસતેજ નહિ. અને કોઇનેયે ઘરમાં રાત રહેવા દેતે નહિ.

કાળી૦—તે ગાંડો તો ખરેખર ઘણો ચાલાક નીકળ્યો. કેવો શોધી સાધીને પેટી તોડીને કાગળો લઇ આવ્યો!

જગ૦—હું રોજ એની પાસે કેમ જતી હતી તે હવે સમજાયો? રમેશ ભાઇ! તમે વકીલ હો, ગમે તે, મારી પણ સલાહ લઇને કામ કર્યા કરો. હજી તમારી ઉંમર નાની છે તેથી બીકને લીધે કોઇ સાહસના કામ કરી શકતા નથી, જો

બનાવટી કરાવીને ચોગેશભાઇને કેદ નહિ પકડાવતે, તો તમારી ભોળાભાઇ હજાર રૂપીઆમાં ઘર વેચતે ખરી કે? કાગળપત્ર ખોવાઈ ગયા, તેથી શું? રજીસ્ટ્રારને ત્યાંથી નકલ આણતે!

રમેશ—ખરેખર! તમે સ્ત્રી છો, પણ મરદોના પણ કાન પકડાવે તેવા છો! નકલી ચોગેશ થઇને બીજી બાજુએ ડિક્રિ કરાવીને મોટાભાઇને કેદમાં પકડાવવું મને તો નહિજ સુઝતે. અને જો સુઝતે તો તેમ કરવાની હિંમત પણ થતે નહિ જો તો દગો દેવાનો કેસ માંડતે, તો મહોકાણ મંડાતે.

જગ૦—પણ તેમ બનેજ શી રીતે? ત્યારે તમે તમારા રૂપીઆ ખરચીને એની પાછળ વળગાડેલા દારૂડીઆઓ શું કામના! તમારા રૂપીઆ ખરચીને તમે દારૂ શું કામ મંગાવતે? દહાડે કે રાતે આંખ ઉઘાડીને કંઈ જોઈશું? તો કોર્ટમાં જઇને ઉભા રહેને! ત્યારે મુકદમો ચલાવવા પામેને?

રમેશ—ઠીક ભાભી ઘર વેચીને રૂપીઆ પતાવશે એવી ખબર શી રીતે પડી હતી?

જગ૦—હું તો માણસને એકવાર જોતાંવાર તેની પારખ કરી લઉં છું. એ બધી કુળવંતી નારીઓ પતિને માટે પ્રાણ પણ માંગો તો આપી દે તેમ છે.

કાર્જી૦—ઘરની કિંમતો બહુ વધી ગઇ છે. જો કાગળો હાથ ઉપર ન ચઢી ગયા હોત, તો ઝગડામાંજ પડયું હોત. તેના હાથમાં થોડા ઘણા રૂપીઆ આવી જતે. તે ખરચીને તમારી ભાભી લઇતે, તમારી પાસે દસ્તાવેજ વગેરે જોઇને ખરીદનારો નાઠા.

જગ૦—એમ નહિ હોતે, તો એકહજાર રૂપીઆમાં ઘર હાથમાં આવશે નહિ. પેલા ગાંડા પાસે ખત કબાલા તો મંગાવી લીધા કે વળી શું શું કામ કઢાવી લઉં છું તે જોજો. તમારી ભાભી એમ માને છે એ કામ કોઈ ચોરનું છે. એ ચક મે તફડાવ્યા છે એવો તો તેને ખ્યાલ માત્ર પણ નથી; એમ જણાય છે કે એની પાસે બસો ત્રણસો રૂપીઆ છે, હવે તમે તમારા પૈસાનો દારૂ મગાવવો બંધ કરો. બેંકમાંથી તો રૂપીઆ મળતા અટકી ગયા છે ને?

રમેશ—હા તેની તો ચોક્કસ વ્યવસ્થા થઇ છે. લેણદારોને ચૂકવ્યા પછી બાકીના એડમીનીસ્ટર જનરલના હાથમાં સોંપાયા છે મોટાભાઇને એ રૂપીઆ હવે મળી શકશે નહિ પીતાંબર તો પકડાયો છે. હવે મને ચિંતા રહી નથી.

જગ૦—તમે તે એડમીનીસ્ટર જનરલને કેવી રીતે તમારી સાથે મેળવી લીધો?

રમેશ—તે લોક તો એક શોધતાજ ફરે છે. રૂપીઆ લેવામાં અને આપવામાં કંઇને કંઈ ચેરીમેરી મળે છે. મેં દરખાસ્ત ભરી કે એ રૂપીઆ અમારા ત્રણ ભાઇઓના છે અને એક ભાઈ દારૂમાં બધા ઉડાવી દે છે. પણ પીતાંબરે તે સામે વાંધો ઉઠાવ્યો હતો.

કાળી૦—હવે તો એ ફોજદારી ગુન્હામાં સપડાયો છે, એટલે કોણ એનો બાપ વાંધો ઉઠાવવા આવવાનો છે? હવે તે એને એના જીવની પડી છે, પણ, હા એ રૂપીઆમાંથી બહુ થોડા હાથમાં આવશે. એકવાર એડમીનીસ્ટ્રેટરના

પેટમાં પડયા કે પછી તેમાંથી કંઇ પણ બહાર નીકળતાજ નથી.

રમેશ—પણ ત્યારે કરવું શું ? બધી બાજુ સાચવવું અસંભવિત હતું. એ રૂપીઆનો મેં ઝાઝો લોભ રાખ્યો નથી. સો છેવટે થઇ થઇ રહેશે. આ વખતે જો એમના હાથમાં રોકડ રૂપીઆ આવી જતે, તો કેસ લડતે બસ, પીતાંબરનોજ ખટકો રહ્યો છે.

કાળી૦—તેની ફીકર ન કરો. સામો જયારે ફોજદારીમાં સપડાયો છે ત્યારે બેડો પાર થઇ ગયોજ સમજોને. શિવશંકરે ડોકટર લાવીને પ્રોટેસ્ટ કઢાવ્યો કે જો પીતાંબરને લઇ જવામાં આવશે, નો રસ્તામાં મરી જશે. પણ પીતાંબર તો પેલો પિત્રાઇ બહુ સારો માણસ છે. હવાલદારને એ રૂપીઆ આપીને કહ્યું કે મરી જાય તો તેનું જોખમ મારે માથે, તમે તમારે લઇ ચાલો. કેસ કંઇ જેવો તેવો નથી.

જગ૦—કેવો કેસ છે. કોઈ દહાડો મને તો વાતજ કરી નહિ ? તમે લોક એમ સમજતા હશો કે અક્કલનો ઇજારો મરદોએજ લીધો છે ! આ બે વેઠમાંથી છુટું તો બતાવી આપું કે સ્ત્રીઓની ખુબી પણ મરદ કરતાં ચાર ચંદા ચઢે તેવી છે.

રમેશ—તમે તો જે નહિ કરો તે ઓછું.

જગ૦—શું છે ? કહો તો ખરા.

કાળી૦—પીતાંબરે એક ખેતર રાખ્યું હતુંને ! થોડા રૂપીઆ આપીને એકને અધસુઓ કરીને તેના પિત્રાઇએ તેના ઉપર

ફોજદારી માંડી છે કે પીતાંબરે તેના નોકર પાસે એને મરાવ્યો છે.

જગ૦—અહીંજ છક્કડ ખાધી છે ને! જેને માર પડયો છે તેજ પીતાંબર તરફ સાક્ષી પુરશે, એટલે ઉલટો પીતાંબરનો ભાઈ ફસાશે.

કાળી૦—અરે રૂપીઆના લોભે એણે રાજીખુશીથી માર ખાધો છે અને બરાબર સાક્ષી આપશે અને વળી પીતાંબરને એવો ગડદાપેચ કરતો લઇ જવામાં આવ્યો છે અડધે રસ્તેજ વખતે પતી જશે.

જગ૦—ત્યારે તો બરાબર છે; ગામના લોકજ એવા. ખરેખરા તે લોક સુખી છે. મેં પણ એ ઉપાય શોધ્યો હતો, મેં તને કહ્યું હતુંને કે શિવશંકરને હેરાન કરવો હોય તો માથું ફોડીને પોલીસમાં હાજર થઇ જા. તારાથી નહિ બને તો હું માથું ફોડું, પણ તેં કયાં માન્યું?

રમેશ—સુરેશની કંઇ ખબર મળી?

કાળી૦—કંઇ સમજાતું નથી જે ડોકટરે એને તપાસ્યો હતો તેને પૂછયું તેણે કહ્યું કે તેને મરી ગયાને આજે ત્રણ દહાડો થયા. પણ એ વાતનો જગમણિને ભરોસો પડતો નથી.

રમેશ—મને પણ ડોકટરે એમજ કહ્યું પણ ખરી બીના શું છે કે તેના મનમાં શું છે તે હું કળી શકયો નહિ.

જગ૦—એ જુઠી વાત છે. હું તો ડોકટરનું મોઢું જોતાંજ સમજી ગઇ છુ. કોઇની પણ વાત ઉપર ભરોસો રાખીને કંઇ કામ નહિ કરતા હજી બને તો આજે, નહિ તો કાલે જયારે

બને ત્યારે તમારી આબરૂ તેમજ જદુને પકડી લાવીને તમારા ઘરમાં કેદ કરો.

કાળી૦—એમને કેદ કરવાથી શું લાભ થવાનો છે?

રમેશ—ના, ના, જગમણિ કહે છે તે બરાબર છે. હજી બધી વાતનો ઉકેલ થયો નથી. કોઇ વળી એમને બહેકાવીને કેસ ચલાવે તો પાછા એ રામ એના એ.

જગ૦—વળી બીજી વાત, આ દવાખાનું તૈયાર છે. એમાં કંઇ દવાથી જો બીજા કશાથી નહિ બન્યું, તો દવાખાનું રાખવાનું કામજ શું?

રમેશ—એટલે?

જગ૦—સૌ ધીરે ધીરે સમજાશે. પહેલાં લાવો તો ખરા.

રમેશ—પણ એ લોક છે ક્યાં? ઘર વેચીને રાતોરાત કોણ જાણે ક્યાં ચાલ્યા ગયા છે કે કંઇ પત્તોજ નથી.

જગ૦—હું શોધી કાઢીશ.

રમેશ—અહીં નકામી વાતમાં બહુ વખત વીતી ગયો. હવે કામની વાત કરવી જોઇએ. તમારા ભાણેજને શીખવી રાખો, કાલે હું દસ્તાવેજને રજીસ્ટર કરાવવા લઇશ. રજીસ્ટ્રાર બહુ ચુંધીખોર છે. બહુ ઝીણવટથી માણી તપાસ કર્યા વિના નોંધતોજ નથી. ખુબ સારા પેઠે શીખવીને તૈયાર રહેજો.

જગ૦—તમારે ફાવે તો તમેજ શીખવી તૈયાર કરી લોને. આ અહીંઆજ છે પોપટ! એ પોપટ! [illegible] મરી ગયો! પથારીમાં પડતાંજ સુઇ જાય છે. [illegible] મરી જાય છે. ઓ પોપટ!

(પોપટનો પ્રવેશ.)

પોપટ—મર. ફુઘવાએ નથી દેતો જરા આંખમીંચાઇ કે પોપટ પોપટ!! પોપટ!!! જાણે પોપટ તો એના બાપનો ગુલામ.

જગત—પોપટ દીકરા કાલે તારે રજીસ્ટારની ઓફિસમાં જવાનુ છે.

પોપટ—કંઇ ફીકર નહિ જઇશું.

રમેશ—જયારે રજીસ્ટ્રાર પુછે કે તમે શું કરો છો ત્યારે કહેજે કે હું જમીનદાર છું ચરોતરમાં મારી જમીન છે અને નામ કહેજે પશાભાઇ જાગીરદાર.

પોપટ—રાવ બહાદુર પશાભાઇ જાગીરદાર.

રમેશ—નહિ, નહિ, રાવ બહાદુર કહેતો નહિ.

પોપટ—બસ જાગીરદાર બનાવ્યો! કંઇ ફીકર નહિ, રાતના વાસ્તે રૂપીઆ લાવો.

કાળી૦—કાલે બધા રૂપીઆ લેજે.

પોપટ—મામા તમે મને બેવકુફ નાદાન બચ્ચો સમજયા કે? રોજ રૂપીઆ જોઇએ, ત્યારે આ કામ બનશે.

રમેશ—ઠીક આને પાંચ રૂપીઆ આલો.

પોપટ—શું હં હં હં! જાગીરદારની પાસે પાંચ રૂપીઆનું નજરાણું લાવ્યા છો? નહિ બને, કંઇ નહિ તોયે ઓછામાં ઓછા આજની રાત માટે પચાસ રૂપીઆ જોઇએ, હિસાબ સાંભળો પાંચ રૂપીઆનો બકરો, એક બાટલી દારૂની તેની સાડા સાત અને ૨૫ રૂપીઆથી ઓછે તો રંડી નહિ પતે, બાકીનો તો પરચુરણ ખર્ચ. ચાલો પચાસ રૂપીઆ ખખડાવવા માંડો મામા મામીને જે આપવું હોય તે જુદું. તેમ હોય તો હું પશાભાઇ જાગીરદાર છું નહિ તો પોપ-

ટનો પોપટ રહીશ. કપડાલત્તા, ઘડીઆળ અછોડો હીરાની વીંટી તો તમારે આપવીજ પડશે હું મુછ ઉપર તાવ દઇશ. વળી એકાદ તોલો ફાંકડું અત્તર જોઇશું! .

રમેશ— ઠીક દશ રૂપીઆ લે.

પોપટ—દશ રૂપીઆનું કામ દશ રૂપીઆ જેવું. રમેશ, વનમાળી કાછીઓ બનવાનું કહો તો પાંચજ રૂપીઆ લઉં પણ પશાભાઇ જાગીરદાર બનવાને તો પચાસ રૂપીઆથી ઓછી ફી નહિ ચાલે.

કાળી૦—ઠીક વીસ રૂપીઆ લે.

પોપટ—બેવકુફ જેવા બકબક નહિ કરો! જાગીરદાર સાથે બજાજી કરે છે!

રમેશ—ઠીક, મારી સાથે ચાલ પચાસ રૂપીઆ આપીશ.

પોપટ—આ તો જાણે બાનાના થયા. હવે કામનું શું આપશો? મારે બહુ નહિ જોઇએ. મુંબઇમાં ફણસવાડીમાં મારી એક ગુલાબ નામની વેશ્યા છે તેણે રૂપીઆને લીધે કાઢી મૂક્યો છે. બસો રૂપીઆ વગર દાખલ નહિ થવા દે. એ બસો રૂપીઆ ગાડી ભાડું અને મને બીજું શું આપશો?

રમેશ—ઠીક એ બધું થશે

પોપટ—ત્યારે તમે પણ બેફીકર રહો. જાગીરદાર તરીકેની મારી ચાલતો જો જે આમ મુછપર તાવ દઇ આમ પગ રાખીશ. આમ ઇશારાથી વાતો કરીશ. જેવો કહો તેવો બેવકુફ થઇ શકીશ. ગધેડાની પેઠે ઉંધી કલમ પકડીશ કાગજ પણ અવળો પકડીશ. જાગીરદાર લોક જેવા બેવ-

કુક આવે છે તેવો બેવકુફ બની જઇશ. કંઇ ફીકર નહિ–
રૂપીઆ લઇ આવો.

રમેશ—કેટલીક વાતો સમજાવવાની છે (રૂપીઆ આપે છે)

પોપટ—આજે રાતે દારૂ પીશ. ગાંજાનો દમ મારીશ બધી વાત યાદ નહિ રહે. કાલે એ વખતેજ કહેજો બેડો પાર ઉતારી દઇશ. બસ !

(પોપટનું પ્રસ્થાન)

રમેશ—છોકરો ચાલાક જણાય છે.

કાળી૦—ખુબ ચાલાકીવાળો છે !

જગ૦—ભાઈ ! અમારે માટે શું કર્યું છે ? એક ઘર અને દશ હજાર રૂપીઆ આપવા કહ્યું હતું તે પણ સાથે સાથે રજીસ્ટર કરાવી નાખો ને ?

રમેશ—તેની કંઇ ફીકર જેવું નથી તે તો છે જ ને,

(રમેશનું પ્રસ્થાન)

જગ૦—આ ગધેડાને કેટલા દહાડા થયા કહું છું કે ઘર લખાવી લે. જયાં સુધી ચોટલી હાથમાં છે ત્યાં સુધી કામ કાઢી લે, કારજ સરી જતાં ઝાડુ મારીને કાઢે.

કાળી૦—કયાં સુધી ઉડાવશે, આજ કાલમાં કર્યા વગર છુટકો છે.

જગ૦—ઠીક, થોડા દહાડા તારી અક્કલ પ્રમાણે કામ કરૂં છું. જો કંઇ ગડબડ સડબડ થઈ, તો તને પણ પકડાવી દઇશ, એને પણ પકડાવીશ અને હું તાજ તરફની સાક્ષી બની જઇશ. એમ નહિ બનશે, તો બધા જેલમાં જઇશું અને

ચક્કી પીશાશું. હું તો સલાહ બતાવું છું તું નહિ માનશે તો હું ફસાવાની હતી ? પોપટમાં જેટલી અક્કલ છે તેટલીયે તારામાં નથી !

કાળી૦—અરે એ આપણને નહિ દાદ દે.

જગ૦—હું એમ કહું છું કે એવે વખતે તમને બન્નેને પકડાવી દઈશ. વિધાતા મળતી નથી, નહિ તો હું તેને મોઢે દેવતા મૂક તે. કોણ જાણે ક્યાંથી હું તારે પાને પડી ! મારે લાયક જો કોઇ હોય, તો એ રમેશ છે. !

કાળી૦—ચાલ, ચાલ, ભૂખ લાગી છે.

જગ૦—શું ખાશે ? કપાળ ! હું તો મંદીરે દર્શન કરવા જાઉં છું. આજે અગીઆરશ છે. કદાચ રમેશની ભોજાઇ દર્શન કરવા આવે, તો હું તેની પાછળ પાછળ જઇ ને ઘર શોધી કાઢું. નહિ તો પછી નદીએ જઇને તપાસ કરવી પડશે.

કાળી૦—ઠીક, એ લોકને તું શું કામ શોધે છે ? એમને ફાવે ત્યાં રહે, તેમાં તારે શું ?

જગ૦—અરે ! એ કામ ચાલીશ હજારનું છે. તું શું સમજે ! મને ફાવશે તેમ કરીશ. બકબક નહિ કર.

કાળી૦—જા, મર, મને તો ભુખ લાગી છે.

(બન્નેનું પ્રસ્થાન)

પ્રવેશ ત્રીજો.

સ્થળઃ—ભાંગ્યું તુટયું ઘર.

[યોગેશ અને જ્ઞાનદા.]

યોગેશ—વાહ ! વાહ ! અહીં નાસી આવી છે ! મારાથી નાસતી છુપાતી ફરે છે ! કેમ કેવી શોધી કાઢી ? ભલું ચાહતી હો, તો કુંચી આપી દે. આજે બે દહાડા થયા એ લોક દારૂ પીવાને આપતા નથી.

જ્ઞાન૦—હવે તમે શું કરવા આવ્યા છો ? જદુ શી રીતે ભુખનો માર્યો તરફડી તરફડીને મરે છે તે જોવાને આવ્યા છો ?

યોગેશ—હું કંઇ જોવા કે સાંભળવા આવ્યો નથી, દારૂ નથી. દારૂ જોઇએ, રૂપીઆ લાવ. હું હમણાં જાઉં છું. કોઇનું મોઢું જોવા માંગતો નથી. કોઇને દેખાડવા માંગતો નથી. મને તો દારૂ જોઇએ, બસ !

જ્ઞાન૦—તમને જરાયે શરમ નથી લાગતી ? જદુ ખાધા વગર મરવા પડયો છે. ઘરવાળીને જો કાલે ભાડું નહિ આપું, તો તે ઘર બહાર કાઢી મૂકશે. ઘર વેચવાથી આવેલ રૂપીઆમાં વધેલા ત્રણસો એ ત્રણસો તો તમે ચોરી ગયા. હવે હું ક્યાંથી લાવું ? તમે શું લેવા આવ્યા છો ? ધિક્કાર છે તમને ?

યોગેશ—ધિક્કાર એકવાર નહિ લાખવાર છે, મને ધિક્કાર છે, તને ધિક્કાર છે માને ધિક્કાર છે, જદુને ધિક્કાર છે અને જે જે છે તે બધાને ધિક્કાર છે ધિક્કાર છે ! ધિક્કાર છે ! ધિક્કાર છે ! લાવ, બસ પેટી ઉઘાડ.

જ્ઞાન૦—જરા ભાન રાખો. કયાંયે ઉભા રહેવાની જગા રહી નથી. ગઇ કાલે ભાડાના રૂપીઆ આપવાનો વાયદો હતો તે નહિ અપાયા. કોણ જાણે કયારે ઘર બહાર કાઢી મૂકશે. જદુ ખાવાનું ખાવાનું કરતાં ભુખ્યો સુતો છે. શું તમારા હૃદયમાં સ્હેજ પણ દયા નથી ! પશુ પક્ષી પણ પોતાના બચ્ચાઓ માટે દાણા શોધી લાવે છે. ઘરમાં લોટ નથી. હમણાં જદુ ભુખનો માર્યો રોટલા માંગતો આવશે. તમે દારૂને માટે રૂપીઆ માંગવા આવ્યા છો, તમને તલભાર પણ લાજ શરમ નથી !

યોગેશ—તું તો બહુ મોટી મોટી વાત કરે છે. લાજ શેની ! જે દગાબાજી કરે તેને લાજ હોય ? જે દારૂ પીએ તેને લાજ શરમ હોય ? જે ભીખ ગાંગતો હોય, તેને લાજ હોય ? આજ ત્રણ દહાડા થયા ભીખ માંગીને દારૂ પીઉં છું. અનાજનો દાણો સરખો મોમાં ભાંગ્યો નથી. એક પઇને માટે રસ્તે જતા માણસોની આગળ હાથ ધર્યો છે. હજીયે લાજ લાજ કરી રહી છે ? હવે શાની લાજ શરમ ! લઇ આવ. રૂપીઆ લઈ આવ.

જ્ઞાન૦—તમે તમારે બકયા કરો. હું જાઉં છું.

યોગેશ—જાય છે કયાં ! રૂપીઆ લાવ. રૂપીઆ નહિ લવાય તો કુંચી લાવ હું કાઢી લઉં. પેલી પેટી છે. હું તોડીને લઇ લઈશ.

જ્ઞાન૦—શું કરો છો ! શું કરો છો ? આજે ભાડુ આપવાનું છે, નહિ તો ઘરવાળી ઘર બહાર કાઢી મુકશે; વાસણ

ગીરો મૂકીને ત્રણ રૂપીઆ લાવી છું. તે એને આપીશ નહિ તો તે કાઢી મુકશે તો હું કયાં જઈશ.

યોગેશ—કાઢી મુકશે, તેમાં મારે શું? કોણે મારો વિચાર કર્યો હતો! કોઈ મારો વિચાર કરે છે? હું તો રસ્તે રસ્તે ભીખ માંગતો ફરૂં છું. તમે લોકે ધન, માલ, મીલકત જોયા હતા, તો તેને લઇને રહો. રમેશે દગાબાજી કરીને કેવી મીલકત પોતાના હાથમાં લઇ લીધી છે, હા! હા! હા! કહું છું કે છોડી દે.

જ્ઞાન૦—જરા અક્કલ રાખો. તમને પગે લાગું! જરા તો હોશમાં આવો.

યોગેશ—કહું છું કે છોડી દે. ભલું ચાહતી હોય, તો છોડી દે. નહિ તો ખુન કરી નાખીશ.

જ્ઞાન૦—ખુન કરવું હોય, તો કરી નાખો કે બધી આપદા મટી જાય.

યોગેશ—હરામજાદી! (લાત મારે છે.)

જ્ઞાન૦—ઓ બાપ રે!

યોગેશ—હજી છોડતી નથી? છોડ, હરામજાદી છોડ!

(લાત મારી આઘી ફેંકીને બોકસ લઇને જાય છે.)

(ઘરવાળીનો પ્રવેશ)

ઘરવાળી—ભાડું આપો, કેમ, તું તો કંઇ મોઢેથી બોલતીયે નથી? જો ભલું ચ્હાતી હો, તો ભાડાના રૂપીઆ આપી દે, નહિ તો હવે હું તને મારા ઘરમાં નહિ રહેવા દઉં. મારે માથે ધણી નથી કે છોકરા છૈયા નથી. આ બે ઘર છે. તેના ભાડાથી મારૂં ગુજરાન ચાલે છે. તું કેવા ભલા મા-

ગુસની સ્ત્રી છે! મારેથી તો કંઇ કહેવાતું નથી. રાજ રાણીની પેઠે સુઇ રહી છે. બાપરે! આતો મુડદા જેવી થઇને પડી છે. હિસ્ટીરીઆ આવે છે કે શું? ઓ મારે! કેવી આદમીને ઘર ભાડે આપ્યું છે! શું ખુનનો આરોપ માથે આવશે?

જ્ઞાન૦—ઓ મારે!

ઘરવાળી—કેમ છે? તમને શું થયું છે?

જ્ઞાન૦—કંઇ નથી થયું બ્હેન!

ઘરવાળી—કંઇ નથી તો તેમ, એક દહાડાનું ભાડું આપીને તમે ઘરમાંથી ચાલ્યા જાવ. કોણ જાણે કયારે તું મરી જાય, નાહક મારે હાથકડી પહેરવી પડે.

જ્ઞાન૦—બ્હેન! મારી પાસે કંઇ નથી, મારા છોકરાને આવવા દો. તેને લઇને હું ચાલી જઇશ.

ઘરવાળી—અરે! તું તે કેવી દગાબાજ છે! હજી હમણાં તો વાસણ ગીરો મૂકીને રૂપીઆ લઇ આવી હતી! બ્હેન! મારૂં ભાડું ચુકવીને ચાલીજા. દગાબાજી કરવાને બીજી જગા નહિ મળી.!

જ્ઞાન૦—બ્હેન! હું જે રૂપીઆ લાવી હતી તેને ચોર ચોરી ગયા અને હવે જે એક બે વાસણ છે તેને તમે વેચી દો. મારો છોકરો આવશે કે તેને લઇને ચાલી જઇશ.

ઘરવાળી—એ કંઇ મારાથી નહિ બને. તું તારા છોકરાને લઇને ચાલીજા. બસ, એટલેથી પત્યું.

(ઘરવાળી જાય છે.)

(યાદવનો પ્રવેશ.)

યાદવ—મા, તું આમ કેમ છે !

જ્ઞાન૦—ચાલ ભાઇ ! હવે આપણે અહીં નહિ રહીએ.

યાદવ—ક્યાં જઇશું ? મા !

જ્ઞાન૦—નદી કાંઠે. ચાલ.

યાદવ—મા ! ભુખ લાગી છે, ખાઇને ચાલીશ.

જ્ઞાન૦—ના, ત્યાં જઇને ખાજે.

યાદવ—શું આજે ખાવાનું નથી ?

જ્ઞાન૦—ના, આજે નથી કર્યું.

યાદવ—રસ્તામાં ચલાશે નહિ. બહુ ભુખ લાગી છે. એક પૈસાના ચણા અપાવ.

જ્ઞાન૦—હાય ! ભગવાન,! ભાગ્યમાં શું આ લખાયું હતું ! ભીખ માંગતાયે નથી આવડતી. ક્યાં જાઉં ? કોની પાસે જઇને હાથ ધરૂં ?

(પ્રફુલ્લનો પ્રવેશ)

યાદવ—કાકી આવી પહોંચ્યા ! કાકી આવી પહોંચ્યા.

પ્રફુ૦—બ્હેન ! જદુ ! જા તો. આ પાવલીનું ખાવાનું લઇ આવ. આપણે ખાઇએ.

યાદવ—મા ! જાઉં છું. ખાવાનું લઇને આવું છું.

જ્ઞાન૦—જા ! બેટા જા.

(યાદવનું પ્રસ્થાન.)

પ્રફુ૦—બ્હેન ! તમારી આ દશા !

જ્ઞાન૦—તું અહીં શી રીતે આવી બ્હેન !

પ્રફુલ્લ—મને એમણેજ મોકલી છે. કહ્યું છે કે તમને આંહીં બહુ દુઃખ પડે છે. અમારે ત્યાં આવીને રહો. બ્હેન ! હવે મેં જુઠું બોલવાનું શીખી લીધું છે. તમને તેડી લાવવાનું કહીને આવી છું, પણ બ્હેન ! હું તમને ત્યાં નહિ લઇ જાઉં ! કોણ જાણે એમાંયે શું કાળુંધોળું હશે ! હું તો તમને એ ચેતવવા આવી છું કે તમને તેડવા આવે તો આવતા નહિ. પેલી ડાકણ અને એક મરદ જદુ, જદુ કહીને કંઇ ઘુસપુસ વાતો કરતા હતા. તે સાંભળીને મારો જીવ ઉડી ગયો ખબરદાર બ્હેન ! તમને તેડવા આવે તો આવતા નહિ.

જ્ઞાન૦—બ્હેન ! તને મારી એક વિનંતિ છે, બ્હેન ! એક દહાડો જદુને પેટ ભરીને ખવડાવી પીવડાવી લો. ત્યાર પછી તેનું ગળું દાબીને હું મારી નાખીશ. જો એક દહાડો પણ એને પેટ ભરીને ખવરાવી શકું, તો પછીથી મારી નાખીને હું પણ નદીમાં ડુબી મરૂં. આજ ત્રણ દિવસ થયા એક ટંક પણ પેટ ભરીને જમાડી શકી નથી. રાતે થોડા ચણા ખવાડી સુવાડી દઉં છું. બ્હેન ! મને બીજું કંઇ લાગતું નથી. હું મહા પાપી છું. કોણ જાણે કોનું મેં ઘર સુખે ચાલતું ભગાડ્યું હશે કે મારી આ દશા થઇ. કુમલ જદુ ભુખથી ટળવળે છે. એ દુઃખ મારેથી જોયું જાતું નથી. આજે ઘરવાળીએ મને ઘર બહાર કાઢી મૂકવા કહેલું છે. હું ભાડું નહિ આપી શકી, પછી મને શી રીતે રહેવા દે ? મેં વિચાર કર્યો હતો કે ભીખ માંગીને જદુને ખવાડીને પછી ડુબી મરીશ. હું જતી હતી એટલામાં તું આવી પહોંચી.

પ્રફુલ્લ—બ્હેન ! રડો નહિ મારા આ એરીંગ લો. એને વેચીને કામ ચલાવો. હું તમારી સાથેજ રહેતે, પણ સાસુજીની સંભાળ લેનાર કોઇ નથી. નહિ ખવડાવે, તો હાથે ખાતાં પણ નથી. એટલે શું કરૂં ? મારે પાછા જવું પડશે. તમે આ એરીંગને લો. હું વળી પાછી આવીશ અને જયાંથી બનશે ત્યાંથી તમને લાવીને રૂપીઆ આપીશ.

જ્ઞાન૦—બ્હેન ! તારા એરીંગને લઇને હું શું કરૂં ? એ એરીંગ પણ નહિ રહે. મારા સ્વામી એજ મારા શત્રુ થઇ પડયા છે ! તે દિવસે ઘર વેચીને ત્રણસો રૂપીઆ રાખ્યા હતા, તે પેટી તોડીને લઇ ગયા. આજે ભાડું ચુકવવાને વાસણ ગીરો મૂકીને ત્રણ રૂપીઆ લાવી હતી તે મને લાત મારીને ફેંકી દીધી અને રૂપીઆ લઇને ચાલ્યા ગયા.

પ્રફુલ્લ—બ્હેન ! તમે મને શું પારકી જાણો છો ? હું તો તમારી નાની બ્હેન જેવી છું. પરાઇ નથી. મને કંઇ છોકરાં છૈયાં નથી. જદુનેજ હું મારો છોકરો ગણું છું. મારી પાસે જે કંઇ છે તે જદુનું છું. હું જદુની ચીજ જદુને આપું છું. બ્હેન ! તમે કેમ નહિ લો ?

જ્ઞાન૦—વહુ ! તને હું પારકી નથી ગણુતી. હું પહેલાં કેવી હતી અને આજે કેવી થઇ ગઇ ! મારા ઘરની જે ચીજોને કુતરાં બીલાડાં પણ ખાતા નહિ તે ચીજ પણ આજે જદુના નસીબમાં નથી ? જે સ્વામી મારા મોઢા ઉપર તડકો પડતાં વ્યાકુળ થઇ જતા હતા, તેજ આજે મને લાત મારીને ચાલ્યા ગયા. જે

કપડાં ફાડીને હું મસોતાં બનાવતી, તેવા કપડાં આજે જદુને મળી શકતા નથી! પરપુરૂષ મને જોઇ શકતા ન હતા તે હું આજે નિરાધાર થઇને રસ્તે રસ્તે રખડતી ફરૂં છું.

(યાદવનો પ્રવેશ)

યાદવ—કાકી! કાકી! મારા હાથમાંથી બાપુ પાવલી ઝુંટવી લઈ ગયા!

જ્ઞાન૦—બ્હેન! મારૂં તકદીર જુઓ! હું કયાં જાઉં? મારા સ્વામી એજ મારા શત્રુ થઇને બેઠા છે, ભગવાન! મને કયાં સુધી બાળી રહ્યા છો? શું મારા માટે મોત નથી લખાયું?

પ્રફુલ—બ્હેન! તમે કેમ રડો છો? આમ કેમ ગભરાવ છો?

જ્ઞાન૦—કોણ જાણે મારૂં શરીર શબવત થઇ ગયું છે મને કંઇ સુઝ પડતું નથી. (ફસડાઇ પડે છે.)

(ઘરવાળીનો પ્રવેશ)

ઘરવાળી—હજી ઘરમાંથી તું ગઈ નથી કે? હજી બેઠી છે?

પ્રફુલ—બ્હેન! તમે કોણ છો? શું આ ઘર તમારૂં છે? શું તમે ભાડા માટે કહી રહ્યા છો! બોલો શું ભાડું થયું? હું આપું છું.

ઘરવાળી—આ તમારી શું સગી થાય?

પ્રફુલ—મારી જેઠાણી.

ઘરવાળી—હેં તમારી જેઠાણી છે! ત્યારે એની આવી દશા શી રીતે થઈ!

પ્રફુલ્લ૦—બ્હેન! એ દુઃખની વાતો તો મોટી ભાગવત જેવડી

છે. તમે મારી બ્હેન છો. જો તમે મારી જેઠાણી અને જાદુની સેવા અને રક્ષણ કરો, તો તમે જે માગો તે આપું.

ઘરવાળી—હં હું સમજી. તમે મોટા ઘરની વહુ દીકરી છો. શું કહું બ્હેન? મારી પાસે કંઈ પુંજી નથી આ બે ઘર છે તેના ભાડા વડે ગુજરાન ચાલે છે. જો તેમ નહિ હોત તો આ સારા ઘરની સ્ત્રીને હુ ઘરમાંથી બહાર કાઢી મૂકતે ખરી?

પ્રફુલ્લ—ત્યારે લો બ્હેન! આ હાર આપું છું. એને વેચીને ખર્ચ ચલાવો. મારી સાથે ચાલો, મારૂં ઘર દેખાડું છું. આ રૂપીઆ વપરાઇ જાય, એટલે બીજું કોઇ ઘરેણું આપીશ; તેનાથી કામ ચલાવજો.

ઘરવાળી—ત્યારે મારી પાસે શા માટે મૂકી જાવ છો બ્હેન! તમારે ઘેરજ કેમ નથી લઇ જતા? વળી હું કયાં તમારા દાગીના વેચવા જાઉં? કોણ જાણે કોઇ શું કહે? હું ગરીબ સ્ત્રી રહી, મારેથી એ કંઇ નહિ બને.

પ્રફુલ્લ—બ્હેન! મારેથી ઘેર લઇ જવાય તેવું નથી. ઠીક તમને હું રોકડા રૂપીઆ આપીશ.

ઘરવાળી—તમારા કહેવામાં કંઈ સમજણ પડતી નથી. તમે તમારે મને ભાડું ચુકવી આપો તમારી જેઠાણીને ભાડાના રૂપીઆ આપી જજો. તમે ઘેર જઇને લઈ આવજો.

જ્ઞાન૦—વહુ! બ્હેન! તું આ શું કરી રહી છે, મારા દહાડા ભરાઈ ચુકયા છે, હવે હું નહિ જીવું. જાદુને જોજે! સંભાળજે!

યાદવ—હેં મા! તું કેમ નહિ જીવે? ખેર બોલશો નહિ, મને બીક લાગે છે.

જ્ઞાન૦—વહુ ભોંય ઉપર પડી જવાથી કલેજામાં ધક્કો લાગ્યો છે, મહા મહેનતે શ્વાસ લેવાય છે.

પ્રફુલ્લ—બ્હેન ! તમે કોઇ વૈદ ડાકટરને તેડી લાવો.

ઘરવાળી—નારે બ્હેન ! હું કોઇ વૈદ ડાકટરને નહિ બોલાવી લાઉં. મારા ઘરમાં જો એ મરી જાય, તો કોઇ રહેવા નહિ આવે, તમે તમારે ઘેર લઇ જાવ. બાપરે ! મોઢામાંથી લોહી નીકળે છે. ઉઠો ! ઉઠો ! મરવું હોય, તો બહાર રસ્તામાં જઇને મરો.

પ્રફુલ્લ—વાહરે બાઈ ! તમારામાં રહેજપણ દયાનો છાંટો નથી ! એ તો મરવા પડી છે અને તમે ઘર બહાર કાઢી રહ્યા છો !

ઘરવાળી—હા, બા. હું કંઇ દયા બયાને જાણુતી નથી. ઘરમાં મરી જશે, તો કોઇ ભાડુત રહેવા નહિ આવે. મારૂં ભાડું જાય તો ભલે, તમે તમારી આ બલાને લઈ જાવ.

પ્રફુલ્લ—તમે જે માંગશો, તે આપીશ બ્હેન ! પણ એને ઘર બહાર કાઢશો નહિ. હું તમને બધા દાગીના આપી જાઉં છું.

ઘરવાળી—તમારા ઘરેણાં લઇને પછી હું હાથકડી પહેરૂં.

પ્રફુલ્લ—કેવું સંકટ છે ? કયાં લઇ જાઉ ! શું કરૂં !

જ્ઞાન૦—વહુ ! હવે ગભરાઇશ નહિ. હવે મને ઠીક છે. હવે તબીયત સારી છે. એતો શરીરમાં કમકમી આવી હતી તે જતી રહી. હવે તું તારે ઘેર જા.

પ્રફુલ્લ—બ્હેન ! શું થશે ! તમારી તબીયત તો સારી નથી તમારા હાથપગ તો હજી ધ્રુજે છે.

જ્ઞાન૦—નહિં બ્હેન ! તું ગભરાતી નહિ. મને એમ ચક્કર આવ્યા કરે છે. એ નબળાઇ છે, સાસુજીનું મગજ ઠેકાણે નથી. જા તેમની

પાસે જા. તારી પાસે રૂપીઆ હોય તો મને આપી જા.

પ્રફુલ્લ—હેં, બ્હેન ! તમારી તબીયત ઠીક થઇને? ઠીક ત્યારે હું જાઉં છું. આ લો. (રૂપીઆ આપે છે) જાઉં છું. હું પડોશના દુલભા સાથે રૂપીઆ મોકલાવું છું. તે રોજ આવીને ખબર પણ લઇ જશે.

જ્ઞાન૦—ઠીક બ્હેન ! જા. (પ્રફુલ્લનુ પ્રસ્થાન)

ઘરવાળી—તારા તો ઢંગ જોયા. દેરાણી આવી હતી તેને તો મોકલી દીધી અને ગુપચુપ બેસી રહી છે. નહિ બ્હેન ! હું તને નહિ રહેવા દઉં !

જ્ઞાન૦—જાઉં છું બ્હેન ! તમને ભાડાનું શું આપવાનું છે?

ઘરવાળી—હું તો તારી પાસે એક પાઇ પણ માંગતી નથી. તું તારે જા.

જ્ઞાન૦—આ લો. મારી પાસે એક રૂપીઓ છે. મને આવ્યાને ચાર પાંચ દિવસ થયા હશે. તમે જાવ. હું પણ કપડાં વાસણ લઇને થોડીવારમાં ચાલી જાઉં છું.

ઘરવાળી—જા જલદી જા. પેલો ધોબી ઘાટ છે ત્યાં બહુ કાચા ઘર છે ત્યાં કોઇ ઘરમાં જઇને રહે. (પ્રસ્થાન)

જ્ઞાન૦—જદુ ! દીકરા ! ! રડ નહિ, ચાલ. ભગવાન ! તેં આવું ધાર્યું હતું? ઘરબાર છોડાવ્યું, આજે નિરાધાર પણ કરી ! શરીરમાં તલભાર શક્તિ રહી નથી. રસ્તે ચાલતાં ચાલતાં મરી જઇશ. કોઇ ઉચકીને ફુંકી આવશે. આ અનાથ બાળક કયાં જશે ? હાય ! મારા મરવા પછી એની શું દશા થશે ? (પ્રસ્થાન)

પ્રવેશ ચોથો.

સ્થળઃ રમેશનું ઘર.

(રમેશ અને જગમણિ)

જગ૦—તમારી સ્ત્રી તેને નહિ લાવી શકી?

રમેશ—મને હવે એના ઉપર ભરોસો રહ્યો નથી. હવે તે પહેલાં જેવી ભોળીભટાક રહી નથી. મેં બીજો ઉપાય શોધી રાખ્યો છે ચક્રમ મદનને તેના ઘરને બારણે દરવાન જેવોજ રાખી મૂક્યો છે. જેવો જદુ ઘરમાંથી બહાર આવશે કે તરતજ ફોસલાવીને પોતાની સાથે અહીં લઈ આવશે. જો જદુ હાથમાં આવી જાય, તો બધું કામ પાર પડે. પછી ભાભીને લાવવાની જરૂર નહિ રહે.

જગ૦—જો જદુ હાથપર ચઢી જાય તો ભાભીને અહીં લઇ આવવી સ્હેલ છે. છોકરાને ખાવાનું મળતું નથી. ખાવા પીવાની મઝેની ચીજો આપીને રમાડી પટાવીને અહીં રાખી શકાશે. વળી તમારી ભાભીને પણ જદુને બતાવવાને બહાને લાવી શકાશે. પણ એક આપદા નડશે. જો તમારી ભાભી અહીં રહેશે, તો છોકરાને મારી નાંખવો મુશ્કેલ થઇ પડશે. ખેર! પણ એ સૌ આગળ ઉપર જોઇ લેવાશે. હું હવે ઘેર જઇશ. બહુ મોડું થયું છે.

રમેશ—ચાલો, હું પણ જઇશ. મા ગાંડી થઇ ગઇ છે તે રાતે બરાડા પાડે છે, તેથી મને બીક લાગે છે.

જગ૦—તમે બાગમાં જવાના હશોને? મને પણ મારે ઘેર પહોંચાડી દેજો. (બંનેનું પ્રસ્થાન)

(પ્રફુલ્લનો પ્રવેશ)

પ્રફુલ્લ—મેં જે ધાર્યું હતું તેમજ છે, જદુને લાવીને આ લોક મારી નાંખશે! બિચારો ચણા મમરા ખાઇને જીવતો રહે એટલે થયું! હું એને ઘી દુધ ખવડાવવા નથી માંગતી પરમેશ્વર એને સાજોમાજો રાખે!

(સુરેશનો પ્રવેશ)

સુરેશ—ભાભી! બા કયાં છે?

પ્રફુલ્લ—તમે કયાંથી આવી પહોચ્યા?

સુરેશ—રાતે જે રસ્તેથી ઘરમાં આવતો હતો તે રસ્તેજ આજે પણ આવ્યો છું.

પ્રફુલ્લ—દીએરજી! તમે જદુનો જીવ બચાવો.

સુરેશ—જદુ અને મોટી ભાભી કયાં છે!

પ્રફુલ્લ—દાસીને પૂછો તેમને ત્યાં લઇ ગઈ હતી તમે જદુને લઇને ગમે ત્યાં નાસી જતા રહો.

સુરેશ—હવે તો રાત બહુ વીતી ગઇ છે. મળશે નહિ.

પ્રફુલ્લ—તો કાલે સવારે શોધી કાઢજો.

સુરેશ—ઠીક ત્યારે, બા કયાં છે?

પ્રફુલ્લ—ઉંઘી ગયા છે.

સુરેશ—ત્યારે તમે કેમ હજી અત્યાર સુધી જાગતા બેસી રહ્યા છો!

પ્રફુલ્લ—શું કરૂં? તે ઉંઘતાં ઉંઘતાં ચમકીને જાગી ઉઠે છે. ઉઠીને કોઈ ઠેકાણે ચાલ્યા તો નહિ જાય! એમ મને લાગ્યા કરે છે.

સુરેશ—પણ તમે તો બાને ત્યાં મૂકીને અહીં બેઠા છો. ઉઠીને બીજી બાજુથી ચાલ્યા નહિ જાય?

પ્રફુલ્લ—ના, ઉઠીને અહીંજ આવશે. જયારે જાગી ઉઠે છે. ત્યારે નાદાન બચ્ચા જેવી વાત કરે છે. જાણે નવવધુ સાસરે ગઈ હોય તેવા ચાળા કરે છે. હું તેના પીએરની દાસી છું એમ માને છે. ખાવાનું ખાય છે અને ભૂલી જાય છે અને કહે છે કે હેં દાસી! આજે સાસુજી મને ખાવાનું નહિ આપશે? જયારે ઉંઘી જાય છે ત્યારે કોણ જાણે શુંને શું બકયા કરે છે. ઢંગધડા વગરનું બોલ્યા કરે છે જુઓ આ બાજુ આવે છે આંખમાં પલક પણ મારતાં નથી.

(ઉમાનો પ્રવેશ)

ઉમા૦—સહી કરો! સહી કરો! દારૂ પીશે! પી–મારી મીલકતનુ રક્ષણ થાય. સહી નહિ કરે? રમેશ! રમેશ! એને મારી નાખ. ઓહો! મારા ધર્મના મંદીરમાં પાપ ભરાયું છે!

સુરેશ૦—બા! બા! જુવો! હું તમારો સુરેશ છું.

ઉમા૦—બસ! જલદી રજીસ્ટર કરાવી લે. જલદી રજીસ્ટર કરાવી લે. ફોડ! ફોડ! પત્થર ફોડ! મારા સોનાનું ઘર માટીમાં મળી ગયું, ફોડ! ફોડ! પત્થર ફોડ!! હું તો વૃંદાવન જઇ પહોંચી છું.

પ્રફુલ્લ—સાસુજી! તમે શું કહો છો! આ શું કહો છો! જુઓ સુરેશભાઈ આવ્યા છે. જુઓ!

ઉમા૦—ઓહ! વૃંદાવનમાં કેવું ઘોર અંધારૂં જણાય છે! ધુળ છે ધુળ! કંઇ જણાતું નથી. ફોડ! પત્થર ફોડ! ઉફ! છાતી ફાટી જાય છે.

(બેભાન થઇને પડે છે.)

પ્રફુલ્લ—આમજ બેભાન થઇને પડે છે. હું બચાવવા જાઉં છું તો હું પણ ઉથલઇ પડું છું.

સુરેશ—બા! બા! હું તારો લાડીલો સુરેશ આવ્યો છું. તું આ શું કરે છે! બા! ઉઠ! હાય! શું આ જોવા માટે તેં મને ગર્ભમાં રાખ્યો હતો? શું આ જોવા માટે હું જેલમાંથી જીવતો જાગતો આવ્યો છું? હવે નથી જોવાતું અને સહેવાતું!!

ઉમા૦—ઓ દાસી! દાસી! બપોર થયો મને ખાવાનું નહિજ આપે? મેં ભૂલ કરી તેથી સાસુજી ખીજવાયા હશે. શું તેથી મને આજે ખાવાનું નહિ મળે?

સુરેશ—બા! બા! મને ઓળખી શકતા નથી? હું સુરેશ છું! જરા મારી સામું તો જો!

ઉમા૦—ઓ દાસી! સસરાજીની અક્કલ તો જો! એમને કહે કે આઘા જાય. શું હું હવે કંઇ નાની નાજુકડી વહુ રહી છું કે મને ગોદમાં લઇને ફરે?

પ્રફુલ્લ—સાસુજી! તમે સુરેશભાઇને નથી ઓળખી શકતા? જુઓ સુરેશભાઇ પાછા આવી પહોંચ્યા છે.

સુરેશ—બા! બા! કલેજું કપાઇ જાય છે! તારૂં દુઃખ મારાથી નથી જોવાતું જરા મારી સામું તો જો! જરા મારી સાથે વાતચીત તો કર.

ઉમા૦—દાસી કહેને કે આઘા જાય! હવે હું સમજુ થઈ છું. કહે. કહે. હું જાઉં છું. નથી કહેતી કે? આહોહોહોહો! હૈયું તૂટી જાય છે! છાતી ફાટી જાય છે.

(સૌનું પ્રસ્થાન.)

પ્રવેશ પાંચમો.

સ્થળ રસ્તો.

(એક દારૂડીઓ અને યોગેશ.)

યોગેશ—કેમ ભાઇ! ગરજ સરી ગઇ! હવે દારૂ નહિ આપે?

દારૂડીઓ—હવે દારૂ કયાંથી લાવું? કામ થઇ ગયું હવે દારૂ કયાંથી!

યોગેશ—જશો નહિ. સાંભળો, એક વાત સાંભળો! એક હતો યોગેશ તે તમારા જેવા દારૂડીઆ અને પાજીઓની સામે પણ જોતો નહિ. તમારા લોકોનો છાંયડો પડતા તોયે ન્હાઈ લેતો. તેની એક સ્ત્રી હતી તેને જોતાંજ દિલ ઠરી જતું. એક છોકરો પણ હતો, તેને ગોદમાં લેતો અને રમાડતો. પણ જમાનો પલટાઇ ગયો અને બધી બાજી બગડી ગઇ. યોગેશ પલટાઇને કોઇ બીજોજ આદમી થઇ ગયો! તે યોગેશને કોણ નહિ ઓળખતું હતું! આ યોગેશ કોણ છે તેને ઓળખો છો? આતે યોગેશ છે જે ઘર વેચીને સ્ત્રીએ આણેલા રૂપીઆ લઇ નાસી આવેલો છે છોકરાના હાથમાંથી ખુંચવીને પૈસા લઇને નાસી આવેલો છે! જરાયે દિલમાં દયા નહિ આવી! હવે તેને કોઇ સગું કે વ્હાલું રહ્યું નથી. કહેશો આ યોગેશ કોણ છે? શું એજ પહેલાનો યોગેશ છે?

દારૂડીઓ—છોડ. છોડ. (પ્રસ્થાન)

યોગેશ—ઠીક જા બચ્ચા હું કયો યોગેશ છું! શું તે પહેલાંનો!

(એક માણસનો પ્રવેશ)

યોગેશ—એક પૈસો આપો ! શેઠ ! એક પૈસો આપો.

(તે માણસની પાછળ પાછળ યોગેશનું પ્રસ્થાન)

(શિવશંકર અને પોપટનો પ્રવેશ)

શિવ૦—અરે ! આઘો જા ! આઘો જા ! મારી ઉપર કેમ પડે છે !

પોપટ—કેમ ! તું મને ઓળખતો નથી ? હું પશાભાઈ પટેલ જાગીરદાર છું.

શિવ૦—આ કોઈ ગાંડો બાંડો છે કે શું !

પોપટ—હું કંઇ ગાંડો નથી ! સુરેશભાઇ ક્યાં રહે છે તે બતાવી શકશો ? પેલા સુરેશભાઇ ને શિવશંકર નામના તેમના કોઈ ભાઇબંધને ત્યાં રહે છે તે.

શિવ૦—તમારે તેનું શું કામ છે !

પોપટ—હું તેનો શેઠ છું. જમીનદાર છું મુંછો નથી જોતા ? મુંછો જોઇને પણ ઓળખી શકતા નથી ? ભાઇ ! સુરેશ-ભાઇનું ઠેકાણું બતાવશો ?

શિવ૦—મારૂં નામજ શિવશંકર. તમારે સુરેશનું શું કામ છે ?

પોપટ—સમજયાને ? એ તો તમે સમજી ગયા હશો કે મારા કુટુંબમાં સાત પેઢી થયા કોઇ વતનદાર કે જાગીરદાર નથી. સુરેશભાઇના ભાઇ રમેશચંદ્રે મને જાગીરદાર બનાવ્યો છે. મેં યોગેશભાઇની જમીન ગીરો રાખી હતી. તે રમેશભાઇને નામે ચઢાવી રજીસ્ટર કરાવી આવ્યો છું. હવે હું જમીનદાર છું. ચરોતરનો હું મોટો જમીનદાર છું !

શિવ૦—તમે જમીનદાર છો !

પોપટ—શું જમીનદાર નથી ? રજીસ્ટ્રારે જમીનદાર લખ્યું છે

ને ? ભાઇ ! તમે નહિ સમજી શકો. તમે સીધા સાદા માણસ છો મને સુરેશભાઇ પાસે લઈ જાવ. જો તેયે નહિ સમજી શકશે, તો એક વકીલને બોલાવીશું. હું તેને સમજાવીશ. આખા શહેરમાં એ વાત ચવાઈ ગઈ છે કે રમેશે તેના ભાઇને દગો દીધો છે. તમે વાત નથી સાંભળી ? મને જમીનદાર બનાવીને લઇ ગયા હતા.

શિવ—સમજી ગયો. સમજી ગયો. મારી સાથે ચાલો.

પોપટ—શું જમીનદાર આમજ સાથે આવશે કે ? સવારી લઇ આવ, નેકી પોકાર, તું કેવો નોકર છે ? હું તને બરતરફ કરીશ.

શિવ—ત્યારે આ કાવતરામાં તમે પણ સામેલ છો ? અમે જો કોર્ટમાં કેસ ચલાવીએ, તો તમને પણ કેમ સજા નહિ થાય ?

પોપટ—પણ એટલે બધે સુધી જવાની જરૂરજ ક્યાં છે ! મને લઇને રમેશભાઇ પાસે જતાં તે ધ્રુજી ઉઠશે. જેમ કહેશો, તેમ કરવાને તૈયાર થઇ જશે, ચાલો હું બધું બરોબર પાર ઉતારી આપીશ.

શિવ—પણ તમે પાછા બોલીને ફરી જાવ તો ?

પોપટ—પાછા ફરી જવું હોતે, તો આટલો આગળ વધતેજ શું કરવા ! જો તે છતાંયે ભરોસો નહિ પડતો હોય, તો વકીલને બોલાવી એફીડેવિટ કરાવી લો. હું તમારી પાસે પહેલાંથી તો પાઈ પણ માંગતો નથી. તમારી મીલકત તમને પાછી અપાવી દઉં, તો મને કંઇ આપજો, તમે લોકો પણ તમારી ગઇ મીલ્કત મેળવી અમનચમન કરો અને હું પણ મારી માશુક પાસે જઇને રહું.

શિવ—ઠીક ત્યારે ચાલો.

(બંનેનું પ્રસ્થાન.)

(જ્ઞાનદા અને યાદવનો પ્રવેશ)

જ્ઞાન—જદુ! એક વાત કહું, સાંભળ. આ ચાર રૂપીઆ છે તેને સારી પેઠ જાળવીને છેડે બાંધી લે. કોઇ માંગે, તો આપતો નહિ. આ બેઆનાના છુટા પૈસા છે. બજારમાંથી જે ખાવાનું મન થાય તે લઇને ખાઇ લે. હું અહીંઆ બેઠી છું.

યાદવ—કેમ બા! તું પણ સાથે ચાલને? તેં પણ કંઇ ખાધું નથી?

જ્ઞાન—હું તો ખાઇને પરવારી છું.

યાદવ—હેં બા! આમ કેમ શ્વાસ ચાલે છે!

જ્ઞાન—ચાલવાથી થાકી ગઇ છું. તેથી હાંફ ચઢી છે. તેથી અહીં બેસી પડી છું. તું તારે જા.

યાદવ—ત્યારે તારે માટે પણ લેતો આવુંને!

જ્ઞાન૦—ના, ભાઇ તું જા. લઇને ખા.

(યાદવનું પ્રસ્થાન.)

જ્ઞાન—મારો તો અંતકાળ આવી પહોંચ્યો છે. હવે વાર નથી એટલે ચેતીનેજ જદુને મારી પાસેથી આઘો કાઢયો છે. લલાટે જે લખાયું હતું તે થયું. મરવાથી બધા દુઃખનો છેડો આવી રહેશે. જદુનું શું થશે? મરી ગયા પછી તો જોવા નથી આવવાનીને! આજે તો મારો જદુ પેટ ભરીને ખાશેને?

(યોગેશનો પ્રવેશ.)

યોગેશ—ક્યાંયે વળ્યું નહિ ! આ ચાર પૈસા ભીખ માંગીને ભેગા કર્યા છે. એથી તે કેટલો દારૂ મળે ! આ કોણ ? જ્ઞાનદા પડીછે કે શું ?

જ્ઞાન૦—તમે આવી પહોંચ્યા ? મારો જીવ જવાને હવે વાર નથી. હું કહું તે સાંભળો. મને માફ કરો ! રમેશના ચઢાવ્યાથીજ મેં તમારૂં સત્યાનાશ વાળ્યું. મહાદેવની પૂજા કરીને મહાદેવ જેવા ભોળા સ્વામી મેળવ્યા હતા, પણ મારા ભાગ્યમાં સુખ લખાયું નહોતું ! એમાં તમારો કંઇ વાંક નથી પણ નાથ ! હું તમને કાલાવાલા કરૂં છું કે હજીયે સુધરો ! તમારા પહેલાના દિવસો ફરી આવશે ? જીવતો નર ભદ્રા પામશે ?

યોગેશ—મરવા પડી છે ? રસ્તામાં મરવા આવી છે ? તમારી આટલી અવદશા થઇ ? મારો ફુલ્યો ફાલ્યો બાગ સુકાઇ ગયો ! જદુ પણ મરી ગયો ? ઠીક થયું ! મરી જાય છે ! મરી જા. હું જઇને દારૂ પીઇશ ઘરમાં નહિ મરી શકાયું ? ઠીક. મરી જા. રસ્તામાં મરી જા. શું કરૂં કંઇ ઉપાય નથી ! બસ જઇને દારૂ પીઉં ! મારો સોનાનો સંસાર સ્મશાનવત્ થઇ ગયો.

જ્ઞાન૦—તમે મારા ઉપર એક ઉપકાર કરો, જો તમે મારૂં કહ્યું માનો તો હું સુખે મરૂં. કોઈ પણ રીતે તમે જદુને પીતાંબરને ત્યાં મોકલી દો, અથવા તેના ઉપર કાગળ લખો કે આવીને જદુને લઇ જાય, તો હું નિરાંતે મરી જાઉં.

યોગેશ—તું અહીં રસ્તામાં અને જદુ ત્યાં મરશે એમને ? ઠીક ત્યારે હું જુઠું નહિ કહું. જો બનશે, તો પીતાંબર ઉપર

કાગળ લખીશ. મારા મગજનું ભુત હમણાં નથી જો તે જલદીથી નહિ ભરાશે, તો હું કાગળ લખી શકીશ, પણ જો તે ભરાઈ જશે, તો પછી હું કંઈ નહિ કરી શકું. કેમ! મેંજ લાત મારીને તને મરવા નાખી છે ને?

જ્ઞાન૦—તમારો શું વાંક છે? મને તો ભગવાનેજ મારી છે.

યોગેશ—ના, ના, હજી ભુત ભરાયું નથી. મેં તને મારી નાખી છે. હું શું કરૂં? તે ભુતેજ તને મારી છે કંઈ ઉપાય નથી. મરી જાય છે? મરી જા! મરી જા!

(જ્ઞાનદાનું મૃત્યુ.)

મારો સોનાનો સંસાર સ્મશાનવત્ થઈ ગયો! અહાહા! હા! મારૂં ભર્યુંભાદર્યું ઘર ખાલી થઇ ગયું!

અંક પાંચમો.

સાહિત્યકુંજ ગ્રંથમાળા-નડીઆદ.

[૧] મોહરૂણ
[૨] ગુલબહાર
[૩] સીતાવનવાસ
[૪] પુર્ણિમા
[૫] નૂરજહાં નાટક
[૬] દેશબંધુ દાસ
[૭] નવવલ્લરી
[૮] ધીરજના કાવ્યો
[૯] બેગમ કે બલા ?
[૧૦] ગૌરી
[૧૧] પ્રફુલ્લ નાટક

(બીજા પુસ્તકો છપાય છે.)

પ્રવેશ પહેલો.

(રમેશ અને કાળીદાસ.)

રમેશ—ભાભી મરી ગઈ, સુરેશ પણ મરી ગયો, મેં આજે તે ડોક્ટરને ચોક્કસ કરીને પુછ્યું હતું. સાળો પીતાંબર એને પોતાને ગામ લઈ ગયો હતો ત્યાં એ મરી ગયો. હવે પેલો જદુ ક્યાં ગયો તે શોધી કાઢવાનું રહ્યું. જો તે હાથ પર ચઢી જાય, તો બધી પંચાતી મટી જાય, એડમિનિસ્ટ્રેટની પાસેથી બધા રૂપીઆ કઢાવી લઉં. મોટાભાઈ ગાંડા થઇ ગયા છે. સાળો પીતાંબર જો કેસ માંડવાનો પ્રયત્ન કરશે, તોયે વાંધો નહિ. મારા હાથમાંજ બધું આવશે; માત્ર મોટાભાઈના ગુજરાનનું સાધન કરી આપવું પડશે. તેને તો દારૂ જોઇએ. દારૂ પીતાં પીતાં ફેફસાં બગડી જશે અને એકદહાડો તે પણ મુડદુ થઇને પડશે.

કાળી૦—જગમણિએ તો પહેલાંથીજ કહ્યું હતું કે છોકરાને હાથમાં રાખવાની જરૂર છે. ખરે ! તેની બુદ્ધિના વખાણ કર્યાં વગર ચાલે તેમ નથી.

(જગમણિ યાદવ અને મદનનો પ્રવેશ.)

કાળી૦—જુઓ ! જગમણિ જદુને લઇને આવી.

યાદવ—મદનકાકા ! આ કોણ છે મદનકાકા ! મને બીક લાગે છે. મારી બા ક્યાં છે ? તમે તો કહેતા હતા કે તે મને ખાવા માટે બોલાવે ! ક્યાં છે ! અહીં તો જણાતીયે નથી ! મદનકાકા ! મને બીક લાગે છે !

રમેશ—બીક કેવી ? આવ અહીં આવ. તારી બા ઘરની અંદર છે.
યાદવ—મને મારી બા પાસે લઇ જાવ. મને બીક લાગે છે.
રમેશ—ચુપ ! રડ નહિ.
યાદવ—નહિ, કાકા ! હું નહિ રડું. મને મારતા નહિ.
રમેશ—જા, એમની સાથે જા.
યાદવ—કાકા ! મને બીક લાગે છે. મને તરસ લાગી છે કાકા ! થોડું પાણી પીવાને આપો !
રમેશ—નહિ ! પાણી પીવાનું નથી. તારી તબીયત બરાબર નથી.
યાદવ—નહિ કાકા ! મારી તબીયત સારી છે. મને ભુખ લાગી છે.
રમેશ—ભુખ લાગી છે ! ચુપ, ખાવાનું નામ લેતો નહિ, નહિ તો મારી નાખીશ.
યાદવ—કાકા ! બે દહાડાનો ભુખ્યો છું. હું મારી બાને શોધતો ફરૂં છું. બાએ મને રૂપીઆ બંધાવ્યા હતા તે કોઇ લઇ ગયું. મેં કંઇ ખાધું નથી મને બહુ તરસ લાગી છે. પાણી આપો.
રમેશ—પાણી પીતો નહિ ! જા. એમની સાથે જા.
યાદવ—કાકા ! હવે મારેથી ચલાતું નથી !
રમેશ—(કાળીદાસને) આ ચાવી લો. પેલું ભોંયરૂં બંધ છે તે ઉઘાડીને એની અંદર એને પુરી દો. લઈ જાવ. કેડમાં બેસાડીને લઇ જાવ.
કાળી૦—(યાદવને) ચાલ તને તારી બા પાસે લઇ જાઉં.
યાદવ—હેં ! સાચું કહો છો ? જુઠું તો નથી કહેતાને ?
રમેશ—વળી પાછો કચકચ કરવા લાગ્યો કે ? મારીમારીને

હાડકાં ભાંગી નાખીશ તારી તબીયત સારી નથી. જા. જઈને સુઈ રહે.

યાદવ—તબીયત ઠીક નથી ? ઠીક હું કંઈ નહિ ખાઉં. જરા પાણી તો પીવડાવો !

રમેશ—નહિ જા. જા ! હમણાં થોડીવારમાં પાણી આવશે જા.

યાદવ—ઓ મદન કાકા ! તમે ચાલો.

(યાદવ, મદન અને કાળીદાસનું પ્રસ્થાન)

જગ૦—કામ તો પાર પડયું ! હવે એક અંગ્રેજ ડોકટરને લઈ આવો, તમે એ માંદો છે એમ કહેશો, તો રૂપીઆની લાલચે કોઇને કોઇ રોગ બતાવી દેશે અને ગમે તે દવા લખી આપશે. એટલે તમારા ઉપર કોઇને પણ વહેમ આવશે નહિ. તમારે તો કહેવાનું થશે કે છોકરો ગલીએ ગલીએ નિરાધાર દશામાં રખડતો હતો તે અમે ઘેર લઇ આવ્યા.

(મદનનો પ્રવેશ)

મદન—(જગમણિને) પહેરેવાળા સાહેબ ! પેલા છોકરાને છોડી મૂકોને !

જગ૦—ચુપ ! નહિ તો હમણાં પકડીને લઇ જઈશ.

મદન—ના, ના, મેં તો ચોરી કરી નથી. તમે જેમ કહેશો, તેમ કરીશ. જુઓ તમારા કહેવાથી તો છોકરાને લાવીને હાજર કર્યો. હવે મને છોડી દો. મારા મનમાં ફાવે ત્યાં ચાલી જઇશ. મને પકડીને લઇ જતા નહિ.

જગ૦—ચુપ ! અહીં ચુપચુપ બેસી રહે. (રમેશને) આ ચક્રમને અહીં થોડા દિવસ સમજાવીને રાખી મૂકો. કોણ જાણે

બહાર જઇને વખતે કોઇને બધી વાત ન કરી દે. ચક્રમ તો છેજ. વળી દવા પીવામાં કાંઇ ઉલટ સુલટ થયું છે એમ જણાવવાની જરૂર પડી, તો પણ એને આગળ ધરી શકાશે. કહેવાશે કે ગાંડાએ દવામાં ગડબડ કરી નાખી. બધોયે વાંક એને માથે ઢોળી શકાશે.

રમેશ—ઠીક ત્યારે. મદન કાકા ! તમે જવાને માટે કહી રહ્યા છો, અને મેં તો તમારે માટે એક સોળ વરસની સુંદર કન્યાનું નક્કી કર્યું છે તમે ક્યાં જાવ છો !

મદન—હેં ભાઇ ! ખરેખર ! સાચું કહો છો ? ચોકઠું બેસાડી રહ્યા છો ?

રમેશ—સાચું નહિ, ત્યારે શું જુઠું બોલું છું ?

મદન—તેજ કહું છું, તેજ કહું છું. વંશ લોપ થાય છે ! વંશ લોપ થાય છે. !

રમેશ—બહુ સુંદર છોકરી સાથે નક્કી કર્યું છે.

મદન—ત્યારે ભાઈ ! જેમ બને તેમ લગન કરાવી આપો. વંશ વૃદ્ધિ થશે વંશ વેલો વધશે ! !

રમેશ—જેવી તેવી નથી. બહુ સરસ છોકરી છે, લાખમાં એક જેવી છે. ઠીક ત્યારે બહાર જઇને બેસો.

મદન—કેમ ભાઈ ! (જગમણિને બતાવીને) આ સુંદરી સાથે તો લગન નહિ કરાવોને ?

રમેશ—એમ કેમ કહો છો કાકા ?

મદન—તે જોને ભાઇ એક વાર વેશ્યાની છોકરી સાથે લગન થયા હતા તે વખતે મહા મહેનતે-જયારે બંને કાન પકડીને

ફુઠબેસ કરી ત્યારે-ન્યાતમાં દાખલ થયો. વળી પાછું તે વખતની માફક કંઇ ઝોડ નહિ વળગાડી દેના.

રમેશ—નહિ મદન કાકા ! તે તો બહુ ખાનદાન ઘરની ખુબસુરત છોકરી છે. દીવો લઇને જોશો તોયે એવી છોકરી નહિ મળે.

મદન—તેજ કહું છે ને ! વંશ વૃદ્ધિ ! વંશ વૃદ્ધિ !

(મદનનું પ્રસ્થાન)

જગ૦—ત્યારે જાવ. અને ડોકટરને તેડી લાવો. બે દિવસ થયા જદુએ કાંઇ ખાધું પીધુ નથી. વગર ખાધે પીધે વળી બીજા બે દિવસ વધારે જીવી શકશે.

(જગમણિ અને રમેશનું પ્રસ્થાન)

(પ્રફુલ્લનો પ્રવેશ)

પ્રફુલ્લ—એ લોકોએ ઘુસ પુસ કરીને શું વાત કરી તેની કંઇ ખબર પડી નહિ શું જદુ એમના હાથમાં આવી ગયો ? આજે મારૂં મન આમ કેમ થાય છે ? મારા મનમાંથી ગભરાટ મટતો નથી. કયાંયે પણ જરા શાંતિથી બેસી શકતી નથી. જાણે રડું રડું થાય છે. ખુબ તરેહથી પેટ ભરીને રડી લઉં એમ મનમાં થાય છે, પણ રડાતું નથી. આંખના આંસુ જાણે સુકાઇ ગયા છે ! હૈયામાં જાણે હાહાકાર મચી રહ્યો છે ! દીયરજી પણ પાછા આવ્યા નથી. શું કરૂં ?

(દાસીનો પ્રવેશ)

દાસી—ચાલો હવે તો જમી લો. આખા દહાડામાં તમે અનાજનો દાણો સરખોયે ખાધો નથી. નહિ ખાશો, તો જીવશો શી

રીતે? તમારા જેવી તનમનની દરકાર નહિ રાખવાવાળી વહુવારૂ તો મેં ક્યાંયે ન જોઇ! ચાલો જે ભાવે તે બે કોળીઆ ખાઇ લો.

પ્રફુલ્લ—જો જમના! હવે આ ઘરમાંથી મારૂં ખાવાપીવાનું પરવારી ગયું છે. કોણ જાણે આજે મારો જીવ ઠેકાણે નથી. જો આમજ ચાલશે, તો હું નહિ જીવું. કોઈ જાણે મને પોતાની પાસે બોલાવી રહ્યું છે મારૂં અંતઃકરણ જાણે અંદરથી રડયા કરે છે. પણ મારેથી મન મૂકીને રડાતું નથી. મારો શ્વાસ જાણે રોકાઇ ગયો છે.

દાસી—એ કંઇ નથી. નહિ ન્હાવું, નહિ ખાવું પીવું. આખો દહાડો ગાંડી સાસુની પાસે બેસી રહેવાનું આ પરિણામ છે.

પ્રફુલ્લ—નહિ બ્હેન! મારૂં કોઈ રીતે સત્યાનાશ વળી રહ્યું છે. મારૂં મન રહી રહીને એમ પોકારી રહ્યું છે, તેથીજ મન ગભરાય છે. હું તને એક વાત કહું છું જો મને કંઇ થઇ જાય, તો મારા ઘરેણાં તું લેજે. અને તે વેચવાથી જે રૂપીઆ આવે, તેમાંથી મારી સાસુજીને ખવડાવજે પીવડાવજે. તે ખરેખર અભાગણી છે! મારા સિવાય તેને કોઇ જોવા સંભાળવાવાળુ કોઇ નથી.

દાસી—રામ રામ! તમે આ શું બકો છો? એના ત્રણ ત્રણ દીકરા છે આવી લક્ષ્મી જેવા તમે વહુ છો. કોઇ કેમ નથી? સો વરસની તમારી આવરદા થાય!!

પ્રફુલ્લ—નહિ દાસી! આ દેશમાં એવી કોઇ કમનસીબ સ્ત્રી થઇ નથી, ને થવાની નથી, તું મને વચન આપ કે સાસુજીને

મૂકીને બીજે કોઈ ઠેકાણે નહિ જાય. તેની દેખરેખ કરશે. તું ખાત્રીથી માનજે કે હું હવે જીવવાની નથી મારો જીવન દીપક હવે બુઝાવાની તૈયારીમાં છે.

દાસી—તમે નથી માનતા, ત્યારે તમારૂં કહ્યું તેમ કરીશ. હવે તમે ચાલો મારૂં કહેવું માનીને જરા ખાઇ લો. જરા જરા ખાયા પીયા કરો. જરા આરામ લો. શું ત્યારે જાણી જોઇને જીવ આપી દેશો ?

પ્રફુલ્લ—બ્હેન ! હવે મને જીવવાની સ્હેજ માત્ર પણ ઇચ્છા રહી નથી. મારી કમનશીબ સાસુને માટે રહી રહીને રડવું આવે છે. મારી બા મારા નાનપણમાં જ મરી ગઇ હતી. સાસરે આવતાં મને મા મળી હતી તે મારી માની આ દશા થઇ ! અમારો સોનાનો સંસાર ધુળધાણી થઇ ગયો !

દાસી—શું કરીએ બ્હેન ! એ કાંઇ આપણા હાથની વાત છે ! ભગવાનની એવીજ મરજી હશે ! ચાલો.

પ્રફુલ્લ—ચાલ. (પ્રસ્થાન.)

પ્રવેશ બીજો.

સ્થળઃ—મસાણ કાંઠો.

(શિવશંકર, સુરેશ અને પોપટ.)

શિવ૦—ભાઇ સુરેશ ! બહુ શોધ કરી પણ જદુનો પત્તો લાગતો નથી. આખી રાત પોલીસ ગેટે ગેટ ફરી વળ્યો. પાંચ માણસને આખા શહેરની ગલીએ ગલીએ મોકલ્યા. કોઇ

પણ કહી શકતું નથી કે મેં એ છોકરાને જોયો છે.

સુરેશ—ત્યારે ભાઇ સત્યાનાશ વળી ગયું! જદુ હવે જીવતો નહિ રહ્યો હોય! રમેશભાઇએ તેનું કાટલું કાઢી નાખ્યું હશે?

શિવ૦—રમેશ ભાઇએ! શામાટે!

સુરેશ—શામાટે કેમ? પ્રફુલ્લભાભી પાસેથી વાત સાંભળી હતી કે એ લોક જદુને મારી નાંખવાની વેતરણમાં છે તે વાત તો મેં તમને કરી હતી. ભાઇ શિવશંકર! મારા કલેજામાં રહી રહીને ભડકવા લાગે છે. જો જદુનો પત્તા નહિ લાગશે, તો પછી હું પણ મારો જીવ આપીશ. આવું જોવાને હું જનમ્યો હતો? ભાઇ! કોઈ મારા જદુને શોધીને લાવી આપો. જદુ વગર હું આ મસાણકાંઠથી દિવસ સુધી રાહ જોઇશ, પછી નદીમાં પડીને આપઘાત કરીશ.

પોપટ—બેવકુફ તદન બેવકુફ! સુરેશભાઇ! તમે જો બૈરાંની પેઠે રડશો અને કહેશો કે ફલાણું નહિ મળશે, તો મરી જઇશ અને ઢીકણું નહિ થશે, તો મરી જઇશ, તો પછી કામ કેમ ચાલશે? આમ કરવાથી તો દહાડામાં બસોવાર મરવું પડશે શું તમે એમજ સમજો છો કે દુઃખ તમારા એકલા પરજ પડયા છે? અને બીજા કોઇ ઉપર પડયા નથી. જો તમારે રડવુંજ હોય, તો રડીલો, પણ રડવા કકળવાથી શું વળવાનું હતું?

સુરેશ—ભાઇ! મારા જેવો કમનસીબ માણસ બીજો કોઇ નહિ હોય! મારી અન્નપૂર્ણા જેવી મા સાનભાન વગર ગાંડા જેવી થઇને પડી રહી છે. ઇંદ્રના જેવા પુરૂષાર્થવાળા મારા

મોટાભાઈ ગલીએ ગલીએ ભીખ માંગતા ફરે છે, લક્ષ્મીના અવતારરૂપ જ્ઞાનદાભાભી રસ્તામાં ભુખ અને તરસની મારી તફડી તફડીને મરી ગઇ, આજે અનાથ સ્ત્રીની પેઠે તેનો અગ્નિસંસ્કાર કરવો પડયો. પ્રફુલ્લભાભી દહાડે દહાડે સુકાતી જાય છે. આજે મારા વંશનો એકનો એક છોકરો ખોવાઇ ગયો છે, હું જેલ જઇને આવ્યો છું, તેનું મને દુ:ખ નથી, મને તો રહી રહીને જદુ યાદ આવે છે અને મારી છાતી ફાટી જાય છે.

પોપટ—યાદ કરવા બેસીએ, તો બહુ બહુ દુ:ખીઆ માણસો જડે. મારે તો ઇંદ્રિ, ચંદ્ર, વાયુ, વરૂણ જેવા નહિ, પણ એક ગૃહસ્થ બાપ હતા. હંમેશાં હસતા મોઢાવાળી મા હતી. ભાઇ હતા મને ખવડાવ્યા વગર ખાય નહિ એવી બ્હેન હતી. એક દિવસે શેરીમાંથી રમીને ઘેર આવ્યો, તો ઘરમાં રડારોળ ચાલી રહેલી જોઇ. પૂછ્યું તો ખબર મળી કે જમીનદારે મારા બાપને પકડીને ખુબ માર મરાવ્યો છે. મોઢામાંથી લોહી વહી રહ્યું હતું, અને કલેજું ધબકી રહ્યું હતું; તેજ રાતે તે મરી ગયા. ત્યાર પછી તે કાળા કરમના કરનાર જમીનદારે મારા ઘરને આગ લગાડી છોકરા છૈયાને લઇને મારી બા ઘરમાંથી નીકળી નાઠી, દેશમાં દુકાળ ચાલતો હતો. ભીખ પણ માંગવા છતાં મળતી નહિ, જે કંઇ મળતું તે અમને ખવડાવતી. આ રીતે ભુખમરો વેઠીને છેવટે એક દહાડો ઝાડની નીચે મરી ગઇ.

સુરેશ—હાય ! હાય !

પોપટ—અરે પુરી કરમકથા તો સાંભળી લો. વચ્ચે હાય હાય શું કરો છો? ભાઈ પણ એક પછી એક મરી ગયા. બ્હેનને એક સ્ત્રી છીનવી લઇ ગઇ. બ્હેન રડવા લાગી અને હું પણ રડવા લાગ્યો. હું કંઇ નહિ કરી શક્યો. પછી તેનો પત્તોયે નહિ લાગ્યો કેમ? મારે માટે કંઇ દુખના રોદણાં રડવાની વાત નથી?

સુરેશ—હા, ભાઇ! તું પણ દુ:ખીઓ છે.

પોપટ—પછી મામાને ઘેર આવ્યો. ત્યાં ગાયનું છાણ વાસીદું કાઢવું, વાસણ માંજવા, ચુલો સળગાવવો, રાંધવું, મામાનો માર અને મામીની ગાળ સહેવી એ કામ તો જાણે ગણવાનાજ નહિ એકવાર જેલ જાત્રા પણ જઇ આવ્યો છું.

(એક માણસનો પ્રવેશ.)

આદમી—કોઇ કંઈ પત્તો બતાવી શકતું નથી. એક સુખડીઆએ એટલું કહ્યું કે તમે કહો છો તેવો એક છોકરો ખાવાનું લેવા આવ્યો હતો. એક ડોસાએ આવીએ કહ્યું કે "જલદી ચાલ તારી બા બોલાવે છે." પણ એ ડોસો કોણ હતો તેની ખબર નથી.

સુરેશ—ભાઈ! તમે પાછા જાવ અને જમે તે રીતે શોધી કાઢો હાય! હાય! એ ફુલ જેવા જદુએ કોઇ દહાડો દુ:ખ શું તે જોયું નથી. કોઇ દહાડો બહાર નીકળ્યો નથી. કોઇ દહાડો પગે ચાલ્યો નથી. હમેશાં કેડમાંજ રહેતો હતો. કોણ જાણે હમણાં કેવા હાલહવાલ થયા હશે!

પોપટ—ઉભા રહો, ગડબડ નહિ કરો. ડોસો તેડી ગયો છે? બસ! ત્યારે તો પત્તો મળ્યો. તમારા સજાત ભાઈનાજ બધા કરતુત છે, એ ડોસો મારી મામીનો માણસ છે. સુરેશ ભાઇ! જરા છુપાઈ જાવતો! હું હમણાં શોધી કાઢું છું. જુઓ! તમારા ભાઇ ગાડીમાંથી ઉતરી રહ્યા છે. વળી તે બીજે ક્યાંક જવાના હતા. લોહચુંબક જેમ લોઢાને ખેંચી રાખે, તેમ મેં તેમના ઉપર અસર કરી છે. મને જોતાં જ તે બીજે કશે નહિ જાય. જરા જલદીથી છુપાઇ જાવ તો! જો આપણને સાથે જોશે, તો કામ બગડી જશે.

(સુરેશ અને શિવશંકર પાસે જ છુપાઇ જાય છે.

(રમેશનો પ્રવેશ.)

પોપટ—કેમ છો શેઠ સાહેબ? અહીં કેમ પધારવું થયું? કેમ છો? મઝામાં તો ખરાને?

રમેશ—કેમ? હજી તમે ગયા નથી?

પોપટ—અમે લોક તો જાગીરદાર પડયા, જતાં જતાં બે ચાર દહાડા વહી જશે.

રમેશ—વળી બીજા રૂપીઆ જોઇએ છે કે?

પોપટ—આપની મહેરબાની છે.

રમેશ—ઠીક, ચાલો, હું ફર્સ્ટ કલાસની એક ટીકીટ કઢાવી આપું છું, અને એક પત્ર લખી આપું છું.

પોપટ—જવાના છે જરૂર—પણ હું કેમ રોકાઇ ગયો છું તે જાણો છો? તમે બીજું કંઇ કામકાજ સોંપો તે આશાએ રોકાઇ ગયો છું.

રમેશ—હમણાં તો તમારે લાયક કોઇ કામકાજ નથી. જ્યારે હશે, ત્યારે તમારા ઉપર કાગળ લખીશ.

પોપટ—તે તો લખજો. જ્યારે ભાઇબંધી થઇ છે, ત્યારે કાગળ પત્ર તો લખતાજ રહેજો. પણ જુઓ જે કામ હું કરી શકું તેમ છું, તેને માટે બીજો માણસ શું કામ શોધો છો?

રમેશ—હું ખરૂં કહું છું. હમણાં મારી પાસે કંઈ કામ નથી.

પોપટ—હમણાં નહિ હશે; તો એક બે દહાડામાં થશે? જો તમારો ભત્રીજો મરી જાય, તો તેને માટે એક જમીનદાર સાક્ષી જોઇએ. તે કહે કે છોકરો માંદો પડયો હતો. હું જમીનદાર તો છુંજ અને તમારે ત્યાં આવતો જતો પણ છું.

રમેશ—ભત્રીજો! ભત્રીજો કયો?

પોપટ—તમારા ભાઇનો છોકરો યાદવ?

રમેશ—તમે શું કહી રહ્યા છો?

પોપટ—આવો, સુરેશ ભાઈ આવો, પત્તો લાગ્યો.

રમેશ—સુરેશ હજી જીવે છે! સાળા પાજી ડૉકટરે જુઠું કહ્યું.

પોપટ—અરે જતા કેમ રહો છો? જતા કેમ રહો છો? જરા ભાઈ સાથે વાતતો કરતા જાવ.

(રમેશનું પ્રસ્થાન)

(શિવશંકર અને સુરેશનો પ્રવેશ)

સુરેશ—કેમ ખબર મળી? શું પત્તો લાગ્યો? હજી જીવે છે કે?

પોપટ—હજી એમ જણાય છે કે જીવે છે. જલદી ચાલો રમેશને ઘેર ચાલો.

શિવશ—ઘેર જવું છે? જો ઘરમાં દાખલ નહિ થવા દે તો?

પોપટ—મારી સાથે સુરેશભાઇ આવશે અને બારણું તોડી નાખશે, તોયે તે કંઇ કરી શકનાર નથી! ઘરમાં કેમ નહિ દાખલ થવાદે?

(સૌનું પ્રસ્થાન.)

(એક આદમી ગાતો ગાતો આવે છે.)

(યોગેશનો પ્રવેશ)

યોગેશ—મારો ફુલ્યો ફાલ્યો બાગ કરમાઇ ગયો! શું કરૂં! સુકાઇ ગયો! હવે શું કરૂં? મારો સોનાનો સંસાર માટીમાં મળી ગયો. આહાહા! સત્યાનાશ વળી ગયું!!! સત્યાનાશ વળી ગયું? વળી જવાદો. મારો ફુલ્યો ફાલ્યો બાગ કરમાઇ ગયો. હેં ભાઇ! તમે મુડદુ બાળવા આવ્યા છો?

આદમી—હા.

યોગેશ—દારૂબારૂ નથી પીતા?

આદમી—આ કોણ છે! (નાસી જવાને તૈયાર થાય છે)

યોગેશ—કહો, કહો, મને જે કહેશો તે કરીશ, પણ દારૂ આપો, બહુ નહિ, તો થોડોક. નહિ હોય, તો પૈસા આપો હમણાં લઇ આવું. મારો ફુલ્યો ફાલ્યો બાગ કરમાઇ ગયો! કરમાઇ ગયો! હવે શું કરૂં? (તે માણસનું પ્રસ્થાન)

યોગેશ—આહા! મારો ફુલ્યોફાલ્યો બાગ કરમાઈ ગયો! આ કોણ! લોકો મુડદુ બાળીને ચાલ્યા જાય છે! એ લોક થાક ઉતારવાને થોડો દારૂ નહિ પીએ! એમની પાસે જાઉં! કદાચ દારૂ મળી જાય. મારો ફુલ્યો ફાલ્યો બાગ કરમાઇ ગયો! (પ્રસ્થાન)

પ્રવેશ ત્રીજો.

સ્થળ: યોગેશના ઘરનો એક ભાગ.

(મદન અને પ્રફુલ્લ)

મદન--ના, ના; મારાથી નહિ બને, મારાથી નહિ બને, છોકરાને મારી નાખશે, છોકરાને મારી નાખશે, મને સંતાડી દો. મને સંતાડી દો. છોકરાને મારી નાખશે, છોકરાને મારી નાખશે ! વંશનાશ કરવા માગે છે ! વંશનાશ કરવા માગે છે

પ્રફુલ્લ—મદન કાકા ! તમે આ શું કહી રહ્યા છો ! કોણ કયા છોકરાને મારી નાખશે !

મદન—અરે વંશ નાશ કરશે ! વંશ નાશ કરશે ! છોકરાને મારી નાખશે. પહેરાવાળો છોકરાને મારશે. હાયહાય ! હું એની સાથે શા માટે પરણ્યો ?

પ્રફુલ્લ—મદન કાકા ! મદન કાકા ! જલદીથી ખુલાસાવાર કહો. કયા છોકરાને મારશે ?

મદન—ના, ના, હું નહિ કહું. મને એ લોક પકડી જાય ! જમાદાર પકડી જાય. હું કયાં સંતાઉં ? કયાં છુપાઉં !

પ્રફુલ્લ—મદન કાકા ! તમારે બીવા જેવું કંઇ નથી તમે તમારે કહોને !

મદન—અરે નહિ, તે જેવો તેવો જમાદાર નથી તે પકડી જશે. મને બીક લાગે છે.

પ્રફુલ્લ—જલદી કરો ! કોણ પકડી જશે ? છોકરાને કોણ મારશે ?

મદન—ના, ના, હું નહિ કહું. તેના ધાકે તો હું પેટીમાંથી કાગળ પત્રો ચોરી ગયો હતો, તેના ધાકે તો હું છોકરાને ફાસ-

લાવીને લાવ્યો, તો પણ તેણે મારો કેડો મૂક્યો નહિ. તે છોકરાને મારી નાખશે, ભુખે રીબાવીને મારી નાખશે. મને કહે છે કે ઝેર આપો. મેં તે છોકરાને જરા દુધ આપ્યું હતું. જરા પાણી પીવા આપ્યું હતું. તેથી એ જીવી રહ્યો છે, ના, ના, દુધ નથી આપ્યું, હું નાસી જાઉં હું સંતાઈ જાઉં !

પ્રફુલ્લ—મદન કાકા, ચોકખે ચોકખું કહો. કોને પકડયો છે! જ ને !

મદન—હા, હા, ના, ના, હું નહિ, પેટી તોડીને મેં કાગળપત્ર ચોર્યા છે, મને પકડાવી દેશે. હાયહાય ! લગનના લોભે ફસાયો ! લગનના લોભે ફસાયો ! હું એ જમાદાર સાથે શા માટે પરણ્યો ? તેણે મને ધમકાવીને કાગળપત્ર ચોરી લાવવા કહ્યું. મેં તે કાગળપત્ર લાવીને આપી દીધા. એ જમાદાર મને પકડાવી દેશે. હવે શું થશે ? છોકરાને મેં દુધ પાયું છે એવી ખબર મળતાંજ તે મને પકડી જશે હું નાસી જાઉં.

પ્રફુલ્લ—મદનકાકા ! ઉભા રહો !

મદન—ના, ના; નહિ ઉભો રહું. મને પકડી જશે કહો કયાં જઇને સંતાઉં ?

પ્રફુલ્લ—મદનકાકા ! ગભરાશો નહિ ! કોઈ નહિ પકડી જાય ! કહો જદુ કયાં છે ?

મદન—અરે બાપરે ! મને પકડી લઇ જશે ! !

પ્રફુલ્લ—તમે કેમ ગભરાવ છો ! બોલો, જદુ કયાં છે ? હું છોકરાનો જીવ બચાવીશ કાકા ! જલદી કહો. કયાં છે ?

મદન—આ ઘરમાં ભોંયરામાં છે મને જવાદો. નાસી જાઉં !

સંતાઈ જાઉં. જો કંઇ સાંભળી લેશે તો મને મારી નાખશે.

પ્રફુલ્લ—મદન કાકા! તમારૂં ઘડપણ તો પુરૂં થવા આવ્યું છે હજીયે મરવાની બીક લાગે છે?

મદન—ના, ના. મારેથી નહિ મરાય. મને મરવું નહિ ગમે. મને છોડીદો. છોડીદો.

પ્રફુલ્લ—ધિક્કાર છે તમને! સાસુજી કહેતા હતા કે તમે સાધુ છો! શું તમે આવા સાધુ છો? શું તમારામાં એટલીજ બુદ્ધિ છે! એટલીજ સમજ છે! આ તુચ્છ જીવનને માટે તમે અધર્મ કરવા તૈયાર થયા છો? મરવું પડશે એ બીકે તમે ચોરી કરો છો? ક્ષણભંગુર જીવનના મોહે દુધમલ બચ્ચાને ફોસલાવીને મોતના મોઢામાં ધકેલી દો છો? શું તમે અમરપટો લખાવીને આવ્યા છો? જરા તો વિચાર કરો! તમારે માથે મોતના નગારા તો વાગી રહ્યા છે. જમડા કોઇને છોડતા નથી! જયારે ધર્મરાજા તમને પૂછશે કે બાળકને ફોસલાવી લઇ જઇને તમે રાક્ષસને સોંપ્યો હતો, ત્યારે તમે શું જવાબ દેશો? મદનકાકાં! એ ભયાનક દિવસને યાદ કરો. હવે કર્યા પાપનું પ્રાયશ્ચિત કરો. બચ્ચાનો જીવ ઉગરે તે માટે કંઇ કરો. આ જીંદગી કંઇ સદા રહેવાની નથી. ધર્મજ અંતકાળે તો સાથે આવવાનો છે. માટે ધર્મની રક્ષા કરો. ધર્મજ આ લોક અને પરલોકમાં સહાય કરનાર છે. ધર્મ છોડશો નહિ! મદનકાકા! જે બનનાર હતું તે બની ગયું, હવે તે થયું ન થયું થવાનું નથી. પણ મને ચોકખેચોકખું કહી દો કે મારો જદુ કયાં છે? હું એને ગોદમાં લઇને બેસું, અને જોઉં તો ખરી

કોણ એને મારી નાખે છે! કોણ મારી પાસેથી લઇ જાય છે? હજી પણ પત્તો નથી આપતા? શું આમ કરવાથી તમે મોતના પંજામાંથી બચી જશો? આ મહાપાપની સજા તમારે નહિ ભોગવવી પડે કે? જો તમે તમારૂં ભલું અને કલ્યાણ ચાહતા હો, અને ઘોર નરકમાંથી બચવું હોય, તો ધર્મને શરણે જાવ. જમડા તમને દંડ દેવા પાછળ પાછળ ભમી રહ્યા છે પણ તમને તેની ખબર નથી.

મદન—હેં! હેં! યમરાજ!

પ્રફુલ્લ—હા! યમરાજ તમારી પાછળ છે. જો એ મહા ભયમાંથી બચવું હોય, તો હિંમત રાખો, મારી પાછળ પાછળ આવો અને જદુને બતાવો. એક અબળાથી તમે ડરો છો! અને યમરાજથી ડરતા નથી! નિર્દોષ કુસુમ જેવા બચ્ચાને ફસાવ્યો છે, છતાં તમારૂં અંતઃકરણ ડંખતું નથી! તમારા પ્રાણના લોભમાં તેનો જીવ બચાવવાનો ઉપાય કરતા નથી! તમારા એ જીવતરને તેમજ તેવી મમતાને ધિક્કાર છે! તમારા જન્મ્યાને ધિક્કાર છે!

મદન—ઠીક ત્યારે ચાલો. હું બતાવું છું. ધર્મરાજ! બચાવો! ધર્મરાજ બચાવો! પણ જો તે પકડી જાય તો–

પ્રફુલ્લ—હજીયે તેનો ભો રહ્યો છે? જ્યારે યમરાજના જમડા આવીને બાંધશે ત્યારે શું કરશો? હજીયે ધર્મને શરણે જાવ! અને ખોટા ભયને છોડો.

મદન—ચાલો, ચાલો, આમ ચાલો, મરવું પડશે, તો મરીશ પણ જદુને બતાવીશ ધર્મરાજ બચાવો! બચાવો!

(બંનેનું પ્રસ્થાન)

પ્રવેશ ચોથો.

સ્થળઃ યોગેશના ઘરનો એક ભાગ.

(યાદવ, રમેશ, કાળીદાસ અને જગમણિ)

યાદવ--ઓ કાકા ! થોડુંક પાણી આપો. મારા પેટમાં જાણે આગ લાગે છે. જાણે આગ સળગે છે !

રમેશ--પાણી આપું છું. પહેલાં આ દવા પીલે.

યાદવ—નહિ કાકા ! પેટમાં લાહ્ય બળે છે ! બળી જાઉં છું. મને પાણી આપો.

જગ૦—(રમેશને) શું આપું ?

રમેશ--ટારટર એમીટિક આપો, નિકાલ થઇ જશે ડૉક્ટર આવીને તપાસી લેશે.

જગ૦—ના ના, પેટમાં કંઇ નથી. શું પડશે ? એની મેળેજ પડી જશે ડૉક્ટર કહેશે કે કંઇ ખાવાનું આપો. પહેલાંની દવા આપો. જુઓ હવે બહુ તળવળાટ કરે છે.

યાદવ—અરે એ દવા ન પાશો ! કાકા ! હું સાંજ સુધીમાં તો મારી મેળેજ મરી જઇશ. હવે નાહક દુઃખ નહિ દો. મારા શરીરમાં જાણે કોઇ સોયા ભોંકે છે. કાકા ! કાકા ! હું તમને પગે લાગું છું.

રમેશ—ડૉક્ટર આવે છે.

(ડૉક્ટરનો પ્રવેશ)

ડૉક્ટર—ગુડમોર્નિંગ કેમ છે ?

જગ૦—છોકરો છેક લથડપથડ થઇ ગયો છે.

કાળી૦—ડોકટર સાહેબ! બચશે તો ખરોને? શેઠને કાંઇ છોકરૂં છૈયું નથી. બસ આ એકજ ભત્રીજો છે.

યાદવ—ડોકટર સાહેબ! મને કંઇ થયું નથી. થોડું પાણી પીવડાવો. નહિતો હું મરી જઇશ.

ડોકટર—આપો. આપો પાણી આપો.

જગ૦—ડોકટર સાહેબ! શું કહું? પાણી ગળેથી નીચે ઉતરતું નથી!

યાદવ—અરે પાણી નહિ, તો થોડું દુધ પીવા આપો! મેં કંઇ ખાધું પીધું નથી!

ડોકટર—આટલું બધું દુધ અને કાંજી છે, તે તને નથી આપવામાં આવતું?

યાદવ—નહિ ડોકટર સાહેબ મને કંઇ મળતું નથી.

ડોકટર—જુઠું બોલે છે.

જગ૦—ડોકટર સાહેબ! કોઇ ઉપાય કરો એને ગળેથી નીચે કંઇ ઉતરતુંજ નથી.

રમેશ—(ગજવામાંથી ફીના રૂપીઆ કાઢીને આપે છે) ડોકટર સાહેબ! આ તમારી ફી લો.

ડોકટર—પ્લેસ્ટર લગાડો.

યાદવ—નહિ, ડોકટર સાહેબ નહિ! હવે પ્લેસ્ટર નહિ લગાડો મારા પેટમાં હજીયે બળતરા બળે છે. જુઓ આ છાલ પડી ગયા છે.

(ડોકટર અને રમેશનું પ્રસ્થાન)

ઓ મા રે ! ઓ બાપરે ! જરા તો જુઓ ! ઓ મા રે ! તું ક્યાં છે ! બળી જાઉં છું ! બળી મરૂં છું ! જરા તો જુઓ.

(રમેશનો પ્રવેશ)

રમેશ—ડૉક્ટરને બહાર મૂકવા ગયો, તો પોપટ, સુરેશ, શિવશંકર અને પીતાંબર ચારે ચંડાળો ઉભા ઉભા કોણ જાણે શું ઘુસપુસ કર્યા કરતા હતા. એમ જણાય છે કે એ લોક ઘરમાં ઘુસવા માગે છે.

જગ૦—પણ બીવાનું શું છે ? આ પલસ્ટર લગાડયું કે ખેલ ખલાસ !

યાદવ—હું તમને પગે લાગું. જોઇએ તો ગળું દાબીને મારી નાખો, પણ આ રીતે મને નહિ મારો ! બળી મરૂં છું ! બળી મરૂં છું ! કાકા ! મને પાણીમાં ડુબાડીને મારી નાખો. હું જરા પાણી પીને મરી જાઉં. કાકા ! કાકા ! હું તમને પગે લાગું છું.

રમેશ—આપો ! થોડુંક પાણી આપો.

જગ૦—ના, ના, પાણી આપવાથી પાંચદશ મિનિટ વધારે લાગશે.

યાદવ—નહિ, હું પાણી પીને તરતજ મરી જઇશ. જુઓ મારા શરીરમાંથી મરેલા ઉંદરના જેવી ગંધ મારે છે. શરીરમાં જાણે વન્હિ વન્હિ સળગે છે.

જગ૦—(રમેશને) ચાલો જરા જોઇએ. પોપટની સાથે સુરેશ હોય તો જરા પંચાતીમાં પડવું પડશે. મેં તો તમને

પહેલાંથીજ ન્હોતું કહ્યું કે એ સાળો ડૉક્ટર ખડો લુચ્ચો છે? સુરેશના મરણુની એણે ખોટી ખબર આપી હતી.

(રમેશ, કાળીદાસ અને જજમણિનું પ્રસ્થાન)

યાદવ—ઓ મા રે! તું ક્યાં ગઇ! હવે મારૂં મોત ક્યારે આવશે?

(પ્રફુલ્લનો પ્રવેશ)

પ્રફુલ્લ—બેટા, જદુ! બેટા! દીકરા!?

યાદવ—કોણ કાકી! આવી પહોંચ્યા! મને થોડુંક પાણી આપો.

(પ્રફુલ્લ પાણી આપે છે)

યાદવ—મને ખાવાનું મળતું નથી. પાણી પણ આપતા નથી. કાકી મને ખાવાપીવાનું નહિ આપીને કાકાએ મારી નાખવા માંડ્યો છે.

પ્રફુલ્લ—ઓ પ્રભુ! આ શું કર્યું? લે બેટા! આ દુધ પી.

યાદવ-નહિ પીવાય, ગળું રૂંધાય છે. જોયું? આ પાણી પણ પેટમાં ન પહોંચ્યું. કાકી! મારી બા હજી જીવે છે? જો તે જીવતી હોય, તો શોધીને પણ મારી પાસે આવ્યા વગર રહે નહિ. જો તે જીવતી હોય, અને તમને મળે, તો તેને એમ નહિ કહેતા કે હું ભુખથી રીબાઇને મરી ગયો છું. મને અડધે પેટ જમાડવાને તો બા રડીરડીને જીવ આપવા તૈયાર થતી, તે જો મારા ભુખમરાની વાત જાણે તો હૃદય બંધ થઇને મરી જાય. કાકી! કહેજો કે માંદો પડીને મરી ગયો.

પ્રફુલ્લ—દીકરા ! તારૂં દુઃખ લઇને હું મરી જાઉં ! ભાઇ ! એવું નહિ બોલ. જદુ ! જદુ ! ભાઇ ! ભગવાન સારૂં કરશે ! ભગવાન મારા જદુને બચાવો !

(મદનનો પ્રવેશ)

મદન—ધર્મરાજ બચાવો ! બચાવો ! લો, આ પારાની ભસ્મ લો. મને એક મહાત્મા સાધુએ આપી હતી. તે ખવડાવી દો. મેં મારે માટે રહેવા દીધી હતી તે એને ખવડાવી દો. મેં મારે માટે રહેવા દીધી હતી તે એને ખવડાવી દો. કંઇ ફીકર કરવા જેવું નથી. ધર્મરાજ બચાવો! બચાવો!

(પ્રફુલ્લ પારાની ભસ્મને દુધની સાથે ખવડાવી દે છે)

મદન—હવે હું ગાંડો નથી ! ધર્મરાજ ! બચાવો !! બચાવો !!

(રમેશ-કાળીદાસ અને જગમણિનો પ્રવેશ)

જગ૦—કયાં છે ! કોઇ તો નથી ! તમને તો ઝાડના પાંદડા પવનને લીધે ખખડે તેથીયે બીક લાગે છે ! તમને બીક લાગતી હોય, તો હું જદુને ગાડીમાં બેસાડીને મારે ઘેર લઇ જાઉં.

પ્રફુલ્લ—કોણ છે તું રાક્ષસી ! માની ગોદમાંથી બાળકને છીનવી લઇ જવા આવી છે ! તારી મગદુર શું છે ? રાક્ષસી ! દુર થા ! નરકમાં તારા જેવી જેટલી રાક્ષસી છે તે બધી ભેગી મળીને પણ નહિ લઇ જઇ શકે. દુર થા ! દુર થા !

કાળી૦—આ તો બહુ ખોટું થયું.

રમેશ—તું અહીં કેમ આવી છે ? અહીંથી જા. જદુ બહુ ભયંકર માંદગીમાં સપડાયો છે તેની દવા કરવામાં આવે છે

પ્રફુલ્લ—હજીયે દગાબાજી નથી છોડતા? તમને વધારે તે શું કહું? તમે કોને માટે આ સત્યાનાશ વાળી રહ્યા છો? તમે કોને માટે માજણ્યા સગાભાઇને રસ્તાનો રખડતો ભિખારી કર્યો છે? કોને માટે નાના ભાઇને જેલમાં મોકલ્યો છે? કોને માટે કુળના એકનાએક છોકરાને ખાવાપીવાનું નહિ આપીને મારી નાખવા માંડયો છે? તમે કોને માટે રૂપીઆ લેવા માંગો છો? કોને માટે તમે તમારી માને ગાંડી બનાવી છે? મેં સાંભળ્યું છે કે તમે વિદ્વાન છો! હું અસહાય અબળા જાતિની છું. મને કહેશો કે આ ઘોર પાપ કરવાથી તમને શું લાભ થવાનો છે? પરલોકની વાત જવા દો. આ દુનીઆમાંજ તમને શું સુખ ભોગવવાનું રહ્યું છે! શંકર જેવા ભોળા મોટાભાઇ દારૂડીઆ થઇને રવડે છે. મા ગાંડી થઇ ગઇ છે. નાનો ભાઇ જેલ ભોગવી આવ્યો છે. કુળનું નામ-વંશનો વેલો-એકનોએક છોકરો મોતના મોઢામાં પડયો છે. જ્યારે તમને આ ભયાનક દ્રશ્ય યાદ આવશે, ત્યારે તમે કેવી રીતે સુખ ભોગવી શકશો તે હું સમજી શકતી નથી!

રમેશ—એ નાને મોઢે મોટી વાત નહિ કર. ભલું, ચાહતી હોય, તો ચાલી જા. નહિ તો હું તને મારી નાખીશ.

પ્રફુલ્લ—તમે શું એમ સમજો છો કે મને જીવતર બહુ વહાલું છે, આ નાદાન અણસમજ નિર્દોષ બચ્ચાને રાક્ષસના હાથમાં સોંપીને શું હું જીવ બચાવવા નાસી જઇશ?

જીંદગીના લોભમાં પડી શું સ્વામીને પિશાચનું કામ કરવા દઇશ? મેં સદા સર્વદા ધર્મનો આશ્રય લીધો છે ધર્મમાં માનતી આવી છું. મને જીંદગીમાં એટલો બધો મોહ રહ્યો નથી. ખાત્રીથી માનજો કે તમારી મહેનત હવે ફોકટ છે. બધાનીયે હદ હોય છે. તમારા કુકર્મની પણ હદ થઇ ગઇ. ધર્મે બહુ સહન કર્યું છે. હવે નહિ સાંખી રહે! માટે સાવધાન થઇ જાવ. હું સતી છું. મારૂં કહેવું સાંભળો! જો તમે તમારૂં ભલું ચાહતા હો તો ધર્મનો વિરોધ છોડી દો. આ ખ્યાલને છોડી દો. તમે કદી પણ જદુની હત્યા નહિ કરી શકો!

મદન—નહિ! હત્યા નહિ કરી શકે! ધર્મરાજ બચાવો! બચાવો!! નહિ, નહિ, હત્યા નહિ કરી શકે! હવે હું ગાંડો નથી.

જગ૦—ત્યારે કેમરે મુડદા! તુંજ રસ્તો બતાવીને તેડી લાવ્યો છે કે!

મદન—હા! હા! હુંજ બારણું તોડીને તેડી લાવ્યો છું. ધર્મરાજ બચાવો! બચાવો! જમાદાર! હવે હું તારાથી ગભરાતો નથી! પહેરાવાળા! હવે હું તારાથીયે બીતો નથી. ચપરાસી! હવે હું તારાથીએ ડરતો નથી! ધર્મરાજ બચાવો! બચાવો!!

રમેશ—કહું છું કે ચાલી જા! ભલું ચાહતી હો, તો ચાલી જા.

પ્રફુલ્લ—મારે બીજું શું ભલું ચાહવાનું છે? આ સંસારમાં બીજું મારૂં શું ભલું છે? હું મારૂં ભલું ચાહતી નથી! તમારૂં

ભલું ચાહું છું અને તેને માટે પરમેશ્વરની પ્રાર્થના કરૂં છું. હું આજ સુધી સાસુજીને માટે વ્યાકુળ હતી. આજે તમારે માટે વ્યાકુળ થઇ રહી છું.

જગ૦--(રમેશને) શું જોઇ રહ્યા છો! આને (પ્રફુલ્લ અને મદનને) ધક્કો મારી હડસેલીને જદુને લઇ ચાલો.

મદન—ખબરદાર! ખુન કરી નાખીશ! હાથ પણ અડકાડયો, તો હતા નહિ હતા થઇ જશો! ધર્મરાજ બચાવો! બચાવો!!

રમેશ—(પ્રફુલ્લને) હું ખરેખર તને મારી નાંખીશ. હજી ખસી જવું હોય, તો જતી રહે.

યાદવ—કાકી! તમે જતા રહો! તમને મારી નાખશે, મને મરવા દો! તમે જાવ.

પ્રફુલ્લ—(રમેશને) શું તમારૂં હૈયું વજ્રનું બનેલું છે! આ દુધ-મલ્લ દુલારા બચ્ચાને ભુખમરાથી રીબાવીને મારી નાંખવા ધાર્યો છે? છી! છી! છી! તમને ધિક્કાર છે! મારી વાત સાંભળો. હવે બીજા મહાપાપમાં ન પડો. ફરી કહું છું કે ધર્મે બહુ સાંખ્યું છે, હવે નહિ સાંખે! તે નહિ સાંખે!!

રમેશ—નથી માનતી? તો લે મર.

(પ્રફુલ્લનું ગળું પકડીને જોરથી દબાવે છે.)

(કાળીદાસ અને જગમણિ બંને યાદવને ઉઠાવી લેવા જાય છે.)

મદન—છોડી દે ! રાક્ષસી ! છોડી દે પાજી ! ધર્મરાજ ! બચાવો !! બચાવો !!!

(સર્જન, જમાદાર, ઇન્સ્પેક્ટર, સિપાઇ વગેરે સાથે સુરેશ શિવશંકર; પીતાંબર, ડૉક્ટર, પોપટ વગેરેનો પ્રવેશ)

પીતાં૦—અરે નીચ ! નરાધમ ! સ્ત્રી અને બાળકની હત્યા કરી રહ્યો છે.

(પીતાંબર રમેશને પકડી લે છે)

(રમેશ, કાળીદાસ અને જગમણિને પોલીસ કબજામાં લે છે)

ડૉક્ટર—શિવશંકર ! ગભરાવા જવું નથી. છોકરો જીવે છે. બે ત્રણ દિવસમાંજ તબીયત સુધરી જશે. ગભરાવા જેવું નથી.

મદન—હા, હા, હું રોજ રાતે દુધ પીવડાવતો હતો પારાની ભસ્મ પણ આપી છે; ગભરાવા જેવું નથી. ધર્મરાજ બચાવો ! બચાવો !!

સુરેશ—ડૉક્ટર સાહેબ ! જુઓ ! ભાભીના મોંઢામાંથી લોહી વહી રહ્યું છે.

ડૉક્ટર—હેં !

સુરેશ—ભાભી ! ભાભી !

પ્રફુલ્લ—સુરેશભાઇ ! આવી પહોંચ્યા ? હવે જદુને સંભાળો. મારી જીંદગીના દહાડા તો ભરાઇ ચૂકયા છે. મારે માટે કંઈ કોશિશ કરશો નહિ. સાસુજીને લીધે હું જીવી રહી હતી, આજે નિરાંતે મરી શકીશ, તમને વાળીઓ આપી તેથી હું જ આ બધા સત્યાનાશના મૂળમાં છું. મને માફ કરજો ! આ સંસારમાં આટલી બધી દગાબાજી ભરેલી છે

એમ હું જાણતી ન હતી. ભગવાન મને સારો જગાએ લઈ જઇ રહ્યા છે-જયાં દગાબાજીનું નામ નિશાન નથી હું તેની દુ:ખી દીકરી છું. મેં બહુ દુઃખ વેઠયું છે. આજે દયા કરીને મને પોતાની પાસે તેડી રહ્યા છે. (રમેશને) તમે મારા સ્વામી છો, તમારી નિંદા નહિ કરૂં.! ઇશ્વર કરેને મારા મરવાથી તમારા પાપનું પ્રાયશ્ચિત થઇ જાય! તમે સૌથી વધુ કમનસીબ છો. દુનીઆમાં તમે કદી કોઇને આસરો આપ્યો નથી. મરતી વખતે મારી એ પ્રાર્થના છે કે જગદીશ્વર તમને માફ કરે! સુરેશભાઇ! આ અભાગણીને માફ કરજો! રામ! (મૃત્યુ)

સુરેશ—ભાભી! ભાભી! પ્રફુલ્લ ભાભી! શિવશંકર! શિવશંકર! શું થઈ ગયું? રમેશ ભાઇ! મારે હવે તમને કંઇ કહેવાનું નથી.

પીતાં૦—(રમેશને) નરાધમ! તારા કરતુતને જો!

પોપટ—રમેશભાઈ! મેં તમને કહ્યું હતું ને કે એક જમીનદાર સાક્ષી રાખી મૂકો. જો મારા કહ્યા પ્રમાણે કરતે, તો આ વખત નહિ આવતે! હવે આ લોઢાના કંકણો પહેરો!

(ઇન્સ્પેકટર રમેશને હાથકડી પહેરાવે છે)

રમેશ—જુઓ! ગેરકાયદે ચાલો નહિ-પહેલાંથી ચેતાવું છું કે ગેરકાયદે નહિ ચાલો!

પોપટ—રમેશભાઇ! એમાં ગેરકાયદે કંઇ નથી! આતો ખુનનો કેસ છે! બબ્બે ખુન છે. એમાં તો હાથે અને પગે બંને ઠેકાણે બેડી પહેરવી પડે છે.

જગ૦—મને પકડતા નહિ મને પકડતા નહિ! મને છોડી દો.

જમાદાર—ચુપ હરામજાદી !

જગટ—જુઓ ! હું તમારા ઉપર કેસ માંડીશ. સારા ઘરની વહુ દીકરીઓને ગાળ દઇને તમે અપમાન કરો છો ?

પોપટ—(કાળીદાસને) મામા ! તમારે કંઇ દાદાગીરી નથી બતાવવી ? ગેરકાયદે નથી કહેવું ? આટલો બધો વખત વકીલને ત્યાં નોકરી કરીને શું કર્યું ? કોઇ સેકશન શોધી કાઢો ! કંઇ બોલો તો ખરા ! મેં બહુયે બદમાશી જોઇ છે, અને કરી પણ છે; પણ મારા મામા-મામીએ તો તે બધાને ભુલાવી દીધી !

જમા૦—(રમેશને) કેમ શેઠ ! આ વખતે કંઇ ધર્મની વાત નહિ કરી ? જયારે ભાઇને કેદ કરાવ્યો, ત્યારે તો બહુ ધર્મની વાતો કરી હતી !

પોપટ—સાહેબજી ! રમેશભાઇ ! સાહેબજી ! ધર્મની વાત કરી શકો છો ? તમે તો મારા મામા-મામીથીયે વધ્યા ! ખરી વાત તો એ છે કે મેં એમને મોંઢેથી કોઇ દહાડો ધર્મનું નામનિશાન પણ સાંભળ્યું નથી.

ઇન્સ્પેકટર—રમેશભાઇ ! બહુ ચાલાકી કરી હતી ! પણ આખરે નહિ ફાવ્યા. પણ જો અહીં પણ ફાવ્યા હોત, તો ઇતિહાસમાં લખવાલાયક ચરિત્ર થાત.

પોપટ—રમેશભાઈ ! સૌ જુદી જુદી વાત કરે છે. તમે એકવાર બરાબર તૈયાર થઇને ધર્મ ઉપર ભાષણ કરો. તમારે મોઢેથી ધર્મની વાત સાંભળીને બધાનું જીવતર સફળ થશે.

યાદવ—કાકી ! કાકી !

ડૉકટર—ગભરાતો નહિ. કંઈ ગભરાવા જેવું નથી. આ તારી કાકી છે. ગભરાવા જેવું શું છે ? તું આ દુધ પી.

યાદવ—મારી બા જીવે છે!
ડૉક્ટર—તારી કાકી છે. ગભરાતો નહિ.
પીતાં૦—નરાધમ! નરપિશાચ! તેં તારા ઘરનું કેવું નિકંદન કાઢયું છે તે જો!
પોપટ—તમે આમ કેમ કહો છો? આવો ખાનદાનીથી કુટુંબ વહેવાર ચલાવનાર બીજો મળવાનો નથી. દુનીઆમાં આબાલવૃદ્ધ બધા સ્ત્રીપુરૂષ એને યાદ કરશે! જમરાજા એને નરકના જમાદાર બનાવશે. મામા મામી! તમે પણ કયાં કમ છો? તમારા ત્રણમાં કોણ કોનાથી ઉતરે તેનો નિર્ણય તો સ્વયં વેદ વ્યાસ વિના બીજાથી થાય તેમ નથી. આવું વજ્ર હૈયુ મેં જોયું નથી મેં તો શું પણ મારા બાપે પણ નહિ જોયું હોય-આ દુધમલ બચ્ચાને કેવી બેરહમ રીતે મારી નાખતા હતા! તમારી એ બહાદુરી છે એમાં શક નથી. તમારા આ કાળા કામ જોઇને મારા જેવા પાજીની આંખમાંથી પણ આંસુ નીકળી પડે છે.
મદન—વહુ! વહુ! તું કયાં ગઇ! જુઓ આટલા બધા સિપાઇ અને જમાદાર છે! હવે હું ગભરાતો નથી. વહુ! હું તને નહિ બચાવી શકયો એજ દુઃખ રહી ગયું હું ગાંડો નથી ધર્મરાજ બચાવો! બચાવો!!
પોપટ—ના, તમે હવે ગાંડા નથી. હું તે ભાર દઇને કહી શકું છું. મા! તમારા પ્રભાવથી આ ગાંડો વળી પાછો માણસાઇમાં આવ્યો છે! આશીર્વાદ આપો કે તમારા મૃત્યુથી મારી દુર્બુદ્ધિ પણ મટી જાય મામા-મામી! રમેશભાઈ! જો હું જજ હોત, તો જરૂર તમને માફી બક્ષતે. તમે ખરેખરા કમનસીબ છો! (ઉમાનો પ્રવેશ)

ઉમા૦—બાપરે ! છાતી ફાટી જાય છે ! છાતી ફાટી જાય છે !
(મૂર્ચ્છિત થઇ જાય છે)

સુરેશ—ભાઇ શિવશંકર ! જુઓ ! મારૂં ઠેવું સત્યાનાશ વળી ગયું ! મા ! મા ! તારા અભાગી સુરેશને જરા ગોદમાં તો લે. માડી ! તારી હાલત જોઇને તો મારો જીવ ઉડી જાય છે.

પોપટ—નીતિ શાસ્ત્રમાં લખ્યું છે કે सर्वनाशे समुत्पन्ने अर्धं त्यजति पण्डितः । જો બધાનો નાશ થતો જણાય, તો અડધું પણ બચાવી લે એજ સમજદારી છે. સુરેશભાઇ! તમારૂં નિકંદન નીકળી જતું હતું. જદુ બચી ગયો તેજ લાખોવાના સમજો અને હવે વધારે રડવા કકળવાનું મૂકી દો, જે થવાનું હતું તે થઈ ગયું. તે કંઇ થયું ન થયું થવાનું નથી. (યોગેશનો પ્રવેશ)

યોગેશ—મારાજ ઘરમાં બધા ભેગા થયા છે. મુડદું બાળી આવીને બધા ભેગા થયા છે. આ જદુ છે પેલો રમેશ છે, પેલી મા છે, જુઓ છો શું ! જુઓ ! મરતી વખતે પણ જુઓ. જુઓ ! મારો ફુલ્યો ફાલ્યો બાગ કરમાઈ ગયો ! મારો ફુલ્યો ફાલ્યો બાગ કરમાઈ ગયો. (યવનિકા પતન.)*

સમાપ્ત

* ગિરિચંદ્રઘોષના નાટક ઉપરથી.

આવા બીજાં સુંદરરસ ભર્યાં
નાટકો, જીવનચરિત્રો, વાર્તાઓ,
નવલકથાઓ, કાવ્યો વગેરેના
પુસ્તક વાંચવા માટે સાહિત્યકુંજ
ગ્રંથમાળાના ગ્રાહક થવા અત્યારે
જ કાગળ લખી દેજો.

નયે વર્ષકી ખુશીમેં નિચે લિખા માલ સસ્તે દામહાપર દેના નિશ્ચય કીયા હૈ!

નયા માલ અભી તૈયાર હોકર આયા હૈ.

બિક્રી ધડાધડ હો રહી હૈ, સ્ટાકમેં બહોત કમ માલ બચાહૈ; શિઘ્રતા કિજીયે પિછે યે મોકા હાથ ન આયેગા.

—ગર્મીકી બહાર—

મહફિલ ફેશન-ઈત્ર

કીમત શીશીકે રૂ. ૦ાા દર્જનકા ૪) રૂપીયા. દર્જન મંગાનેસે હરકિસ્મકી ૧ શીશી ભેજી જાયગી.

અર્ક ઇલાયચી—કીં. છોટી શીશીના ૦ાન્ન દર્જનકા રૂ. ૩ાા. બડી શીશી ૧ દર્જનકા ૧૦) રૂપીયા.

સેન્ટ—કીં. શીશી ૦ાન્ન દર્જનકા રૂ. ૩)

બાલ ઉડાનેકા શાહી તેલ—કીંમત શીશીના આઠ આના. દર્જનકા ૨ાા રૂપીયા.

દુરબીન—મીલોકી ચીજે સામે નજી આ જાતી હૈ ઓર બડી દિખને લગતી હૈ કીંમત રૂ. ૪)

ખુશબોદાર તેલ—કીંમત એક બોતલકા જીસમેં ૩૦ તોલા તેલ રહતા હૈ. રૂ. ૨) દર્જનકા રૂ. ૧૮)

વેસલિન—આજકલકે જેન્ટલમેનોંને હમેં બારે વેસલિનકે તંગ કરા દીયા ઇસે બાલોમેં લગાનેસે બાલ સુન્દર હોતે હૈ વો ચેહરેમેં મિલનેસે ચેહરા ગોરા દિખને લગતા હૈ. કીંમત શીશીકા રૂ. ૦ાાા દર્જનકા રૂ. ૭.

રાતકી બહાર-બિજલીકા સામાન—સિર્ફ બટનરા દબાતેહી એક દમ તેજ રોશની હો જાતી હૈ. કમીજકે ૩ બટનકા સટકી રૂ. ૭) ૯) રેશમી ફુલ કીં. ૪) ૫) કાલરપિન કિ. રૂ. ૩ાા ૪) ૫) બિજલીકા પોકેટ લેમ્પ કીં. ૩) ૪) ૫) ૬) ૭) ૮) ૯) ૧૦) ૧૧) ૧૨) સ્પેર બેટરી રૂ. ૧)

રેશમી ફેન્સી કોસેકા કપડા—ચૌગઇ ૩૬ ઇંચ દર રૂ. ૪) ૫) ૬) ૭) ગજ. ચૌગઇ ૪૦ ઇંચ દર ૫) ૬) ૭) ૮) ગજ. ઇસકે કોટ કુડતે કમીજ સબહી બનતે હૈ.

ફેન્સી ફુલેલા રૂમાલ—કીંમત નંગ ૬ ની રૂ. ૧) દર્જનકે રૂ. ૧૦)

ફેન્સી નર્મદા રૂમાલ—કીંમત નંગ ૧ ના રૂ. ૨ાા દર્જનકા રૂ. ૫)

मैनेजर, रामकृष्ण कार्यालय.

पो. चांपा जी. बिलासपुर सी. पी.

જીવન ગુટિકા.

આ ગુટીકાનું હમેશા જો માણસ સેવન કરે તો તેને એક માસમાં વૃદ્ધાવસ્થારૂપ નાની ઉમરમાં આવેલાં પળીઆં દુર કરે, બે મહીના સેવન કરનારને ૮૦ જાતના વાયુ રોગને દુર કરી મોરના જેવી જઠરાગ્નિ સતેજ કરે ત્રીજે મહીને અખુટ વીર્યની વૃદ્ધિ કરી ધાતુને ભરી નપુશકતા દુર કરે છે. આ ગોળી અત્યંત બળને આપનાર અખુટ શક્તિને વધારનાર છે તે ઉપરાંત લાંબા વખત સેવન કરે તો અઢાર જાતના કોઢ સઘળી જાતના પ્રમેહ મહા જોર ઉપર આવી ગએલો ક્ષયરોગ, ખરોળ, શ્વાસ, અંડ, વૃદ્ધિ, મુત્ર, કચ્છ, મૃગી, વાઇ, દીવાનાપણું હમેશાં શરીરમાં રહેતો તાવ વિષમ જવર એ સરવે નાશ પામે છે બહેરાપણું અને આંખોના તમામ દરદો નાબુદ કરી આંખોનું તેજ વધારે છે આ ગોળી હરહમેશ સેવન કરનાર માણુસ નીરોગી અને ઘણાજ બળવાન પણે અખુટ સો વરસનુ આયુષ્ય ભોગવે છે અને પરાક્રમી થાય છે. વિશેષમાં આ ગોળી ખાતી વખતે કોઇ જાતની પરેજ નથી આ ગોળી નાના બાળકોથી તે વૃદ્ધ માણુસો સુધી ખાઇ શકે છે. આ ગોળી તદન વનસ્પતીથી બનાવેલી છે હમેશાં સેવન કરનાર માણુસો સ્ત્રીઓને. ઘણુાજ પ્રિય થાય છે તેમ આ ગોળી ખાનારને વીંછીનું ઝહેર ચઢતું નથી. આ દવા અમોએ ઘણા માણસોને આપી અનુભવ મેળવેલો છે બાદ પંદર વરસના અનુભવમાં આવ્યા પછી જાહેરમાં મુકી છે, હમેશાં ફક્ત બે પૈસા કરકસર કરી બચાવો અને જીંદગી સુધારો અને વૈદ્ય, ડાકટરોના બીલ ભરવાના બચાવો, ૩૦ ગોળીનો ફક્ત રૂપીઆ ૧–૦–૦ બાર માસની ગોળીના ફક્ત ૧૨–૦–૦ રૂપીઆજ છે. મળવાનું ઠેકાણું:—

વૈદ્ય સાંકળચંદ ચુનીલાલ મુ. વાસદ–ઠે. બજારમાં.

શહેનશાહી અમ્બર પિલ્સ સોનાના વર્કવાલી

આ યુનાની દવા અમ્બર તથા સોનાના વરખ તથા બીજી યુનાની તબીબોની ખરેખરી પૌષ્ટીક કીમતી દવાઓથી ઘણીજ નહેનતે તઇયાર કરવામાં આવે છે.

હસ્તદોષ અગર બીજા ગમે તે કારણથી તાકાત ખોઇ બેઠેલા નીરાશ નામરદ સખસોનું નપુશકપણું આ અમ્બર પિલ્સથી દુર થઇ પુરૂશાતન પ્રાપ્ત થાય છે. આ અમ્બર પિલ્સની બબે ગોળી રીતસર વાપરતાં તેનો ગુણ વીજળી વેગે શરીરમાં પ્રવેશ થઇ ચાર છ કલાકમાં મરદાઇની તાકાત પેદા કરે છે. ધાતુક્ષય અને વીર્ય-શ્રાવ તેમજ તેથી ઉત્પન્ન થતાં દરદો મગજ અને જ્ઞાનતંતુઓની નબળાઇ, છાતીની મુંઝ, શ્વાસ ગભરાટ, દમ્મ, ખાંસી, માથાનું દરદ, અજીર્ણ, કબજીયાત, કળતર, કમરનો દુખાવો, વાંસાની ફાટ વીગેરે આ અમ્બર પિલ્સથી દુર થાય છે.

આ અમ્બર પિલ્સ વૃદ્ધાવસ્થાના લોકોને નવી જુવાનીની તાકાત બક્ષે છે, જુવાનોને તેથી પુરજોશ તાકાત પેદા થઇ ડબલ મરદાઇની તાકાત ઉત્પન્ન થાય છે.

નામદાર મુંબઇ સરકારની ગવરમેન્ટ લેબોરેટરીમાં આ શહે-નશાહી અમ્બર પિલ્સ એનેલાઇઝ થઇ તે સંબંધી સરટીફીકેટ મળેલ છે. કી. ગોલી ૪૦ ના રૂા. ૧૦ દશ.

શહેનશાહી તિલા (લેપ).

આ દવા ઘણીજ કીમતી યુનાની દવાઓથી બનાવેલ છે તે દરરોજ લગાડવાંથી એક અઠવાડીયામાં ઇંદ્રિયની રગો નસોની કમજોરી તથા નબળાઇ અને સુસ્તી દુર થઇ સંપુર્ણ જોસ અને સખતાઇ આવે છે.

કીંમત—શીશી ૧ ના રૂ. ૫ પાંચ, ૦–૧–૦ ટીકીટ બીડી અમારૂં પ્રાઇસલીસ્ટ મંગાવો, વાંચો ઘણો લાભ થશે.

હકીમ નુરમહમદ બી. એચ. મોલવી. એન્ડ કાજી
અબાસી દવાખાના, જેતપુર–કાઠીયાવાડ.

દેશી વૈદ્યો, જુનાની હકીમો, ડોકટરો તથા ધર્માદા દવાખાનાવાળાઓ માટે

એક અમૂલ્ય તક. ખાસ વૈદ્યોપયોગી પદાર્થો.

૧ અમૃતાસત્વ (ગળોનું સત્વ) આ સત્વ ક્ષયમાં, તાવની નબળાઇમાં, સાધારણ અશક્તિમાં, અને પેશાબના તમામ દરદોમાં ઘણું સારૂં કામ કરે છે. કિ. રતલ ૧ ના રૂ. ૫.

૨	ગળોનું ઘન(ગળોની રસક્રિયાનો ગોળો) કિંમત રતલ ૧ ના રૂ. ૪.	આ ઘનમાંથી સંશમની નં. ૧ લો, ૨ જો અને ૩ જો બનાવવામાં આવે છે.
૩	,, (ગળોની રસક્રિયાનું ચૂર્ણ) કિંમત રતલ ૧ ના રૂ. ૭.	

૪ સંશમની નં. ૩ જો. આ ગોળીઓ જીર્ણજ્વર, વિષમજ્વર, મંદાગ્નિ અને ઉધરસ પર સારૂં કામ કરે છે. બાળાગોળી તરીકે પણ આ ગોળીઓ અપાય છે. કિંમત રતલ ૧ ના રૂ. ૭ પોસ્ટેજ તથા પેકીંગ ચાર્જ દવા મંગાવનારને શિર છે. વિશેષ દવાઓ માટે તદ્દન મફત મળતું કયાટલોગ મંગાવો

અથવા લખોઃ—

વૈદ્ય કાલીદાસ વિ. પોપટભાઇ
C/o. આરોગ્ય ઔષધાલય
ઠે. પોસ્ટ ઓફીસ પાસે—મુ પાટણ.
(નોર્થ ગુજરાત)

વૈદ્ય મણિશંકર વિ. પોપટભાઇ
ઠે. મહાલક્ષ્મીના મંદિર પાસે,
મુ. લીંબડી (કાઠીઆવાડ.)

વૈદ્ય સી. પી. ચતુર્વેદી
મેનેજર શ્રી ગુરૂરાજ ફાર્મસી.
જામનગર (કાઠીઆવાડ)

હિંદુ અનાથ આશ્ર

નડીઆદ

માં દોઢસો ઉપર બાલક, બાલીકા, અશ
ગેર પોશાય છે. તેમને બચાવવા માટે દ
દીના રૂ. ૪૦૦) કાયમી અન્ન દાનના
કાયમી મોહન ભોગના રૂ, ૨૫) ચંદાના
રૂ. ૧૫૦) આંકના રૂ. ૨૫) પાલકના રૂ.
વાર્ષિક મેમ્બર થવાના રૂ. ૫) લેવાય છે

નાનામાં નાની રકમ પણ દાનમાં લેવા

દરેક દાનની પાવતી મળે છે.

લખો:—

મંત્રી— હિંદુ અનાથાશ્ર

નડીઆદ